કુમાર

સંસ્થાપક - રવિશંકર રાવળ
વર્ષ ૪૯મું • અંક ૧૦મો   ઑક્ટોબર '૭૨ • તંત્રી • બચુભાઈ રાવત



શ્રી લક્ષ્મીનાં વિવિધ સ્વરૂપોનાં શાસ્ત્રોક્ત વર્ણનોનો સમન્વય કરી ચિત્રકાર વાસુદેવ સ્માર્તે કરેલું આ સુંદર ચિત્ર વકીલસ'નાં કલામય અભિનંદનપત્રો (જુઓ આ અંકની કલાવાર્તા)માંનું એક છે. (ચિત્રકાર તથા પ્રકાશકના સૌજન્યથી)

અંક ૫૮૬

કુમાર

ફેબ્રુઆરી ૧૯૭૨ • અંક ૫૭૮

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦: પરદેશ: રૂ. ૨૮: યા પા. ૧-૬૦ યા ડૉ. ૪ છૂટક નકલ: રૂ. ૧-૭૫

વાચકો લખે છે...

દીપાવલી–મંગલમ

प्राणयन् वै विना तैलं, निर्धूमां वर्तिका वहन् ।
ज्वलन् ज्ञान-दीपो त्वं, भासयन् भुवन-त्रयम् ॥
दयनीय-प्रभा रम्या, अन्तःप्रज्ञा प्रकाशनाम् ।
सौमनस्यं सदाचित्तं, लोके क्षेमं प्रकल्पनाम् ॥
दिव्यं सारस्वतं तेजः, दीपयेद् बुध-मानसम् ।
पुनुनाममारनेभव्यं, धवलां संस्कृति प्रज्ञाम ॥
भामिजात्यं प्रसादं च, सुरुचेः संपदां सदा ।
वागीशा कमलाभयाद्, मांगल्याय गृहं गृहं ॥

(પોરબંદર) — ચન્દ્રદેવ વિદ્યાલંકાર

❦

મે અંકમાંના 'તારુણ્યની તકલીફો' લેખ ઘણો જ ગમ્યો તેમજ સમજવા જેવો હતો. યુવાની પેઢી માટે આવા લેખો માર્ગદર્શનરૂપ સાબિત થાય છે. આ બાબત ઉપર વાચકોના પણ ઘણાં લખાણો બહાર પડે છે. 'ઊર્મિની ઓળખ', 'બર્ટ્રાન્ડ રસેલ', 'ત્રણ પ્રવાસી' વગેરે પણ સરસ છે. એકંદરે આખું 'કુમાર' ઘણું જ રૂપ-રંગી તેમજ રસપ્રદ વાચન આપે છે. આભાર સાથે અભિનંદન આપું છું.

(સાન્તાક્રુઝ) — ગીતા આશર

❦

જૂનના 'કુમાર'માં શ્રી બી. કે. મજમુદારનો પરિચય રસપૂર્વક વાંચ્યો અને પ્રતિભાની એક આછી ઝલક બતાવતો એક પ્રસંગ યાદ આવી ગયો.

વલસાડમાં કેટલાક કલાપ્રેમી ભાઈઓએ વાર્તાકાર સંમેલન 'આલાપેલું' એના સ્વાગત પ્રમુખ તરીકે શ્રી મજમુદારે એક ટૂંકા અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપેલું કે અમારામાંના એક જણે સ્થાનિક ભાઈને પૂછેલું પણ ખરું, કે આ વ્યાખ્યાન કોનું લખી આપેલું છે. એના જવાબમાં જાણવા મળેલું કે તેઓ માત્ર ઉદ્યોગ સંચાલક જ નથી પરંતુ સાહિત્ય અને કળાના ઊંડા અભ્યાસી છે. એની પ્રતીતિ અમને બીજે જ દિવસે થઈ. અમને સૌને અતુલની મુલાકાતે જઈ ત્યાં ભોજન લેવાનું આમંત્રણ હતું. આ વિશાળ કારખાનાના સ્થળની પસંદગી અને એનું આયોજન કોઈ કલારસિક આત્મા સિવાય આવા નયનાભિરામ સર્જનસમું ભાગ્યે જ કોઈ કરી શકે. નજરે જોયા સિવાય એનો અંદાજ ન આવી શકે.

(ખાર મુંબઈ) — ચીમનલાલ જે. ઠાકર

❦

દર માસે 'કુમાર'માં છપાતી શ્રી મધુસૂદન પારેખની 'અંગ્રેજી સાહિત્યનું આચમન' લેખમાળા વાંચી આનંદ થયો. શ્રી પારેખ ઐતિહાસિક સામગ્રી, લેખકોની જીવનકથા અને સાહિત્યકૃતિઓના રસદર્શનની ઉચિત સમતુલા જાળવી શક્યા છે. એ સિદ્ધિની પાછળ રહેલાં મહેનત, રસવિવેક અને આયોજનશક્તિનું માપ અંગ્રેજી સાહિત્યના અભ્યાસીઓને સહેજે મળી રહેશે. હવે પછી આવવાનાં પ્રકરણો સપ્ટેમ્બર અંકમાં છપાએલા કવિ ચોસર ઉપરના લેખનું સ્તર જાળવી રાખશે તો શ્રી મધુસૂદનની લેખમાળા ગુજરાતી અંગ્રેજી સાહિત્યના અભ્યાસીઓ માટે એક ઉત્તમ માર્ગદર્શક બની રહેશે એ વિશે મને શંકા નથી.

શ્રી મધુસૂદનનો ઉપક્રમ હું એક બીજા કારણસર પણ વધાવી લઉં છું. આપણી યુનિવર્સિટીઓમાં અંગ્રેજીના અભ્યાસક્રમો, નથી અંગ્રેજી સાહિત્યનું પૂરું જ્ઞાન આપી શકતા, કે નથી અંગ્રેજી ભાષા શીખવામાં ઉપકારક થતા. એ અભ્યાસક્રમોને સ્થાને અંગ્રેજી ભાષાના તથા અંગ્રેજી સાહિત્યના અભ્યાસ માટે, એમ બે ભિન્ન અભ્યાસક્રમો ઘડાય તે અતિ આવશ્યક છે. એમ થતાં અંગ્રેજી સાહિત્યના અભ્યાસ પરત્વેનો આપણો અભિગમ પણ સમૂળગો બદલવો પડશે. જે દૃષ્ટિથી અંગ્રેજ વિદ્યાર્થીઓ એમના સાહિત્યનો અભ્યાસ કરે તે દૃષ્ટિથી એ સાહિત્યનો કરેલો અભ્યાસ ભારતીય વિદ્યાર્થીઓને બાબાગાડીથી ગોખણપટ્ટીમાંથી બહાર લાવવાનો વધુ યોગ્ય માર્ગ છે. મારી દૃઢ માન્યતા છે કે આપણા મોટા ભાગના વિદ્યાર્થીઓએ અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ, સંસ્કૃત સાહિત્યના અભ્યાસની જેમ, ગુજરાતી ભાષા દ્વારા જ કરવો જોઈએ. એવી રીતે કરેલા અભ્યાસ દ્વારા અંગ્રેજી સાહિત્યમાં પ્રગટ થતાં એ પ્રજાનાં જીવનને રસમૂલ્યો આપણા વિદ્યાર્થીઓ વધારે સૂક્ષ્મતાથી સમજી શકશે ને આત્મસાત કરી શકશે. એવા વિદ્યાર્થીઓમાંથી ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં પણ નવીન પ્રદાન કરી શકે એવા લેખકો ઉત્પન્ન થશે એવી મારી શ્રદ્ધા છે. શ્રી મધુસૂદનની લેખમાળા એ શ્રદ્ધાને પોષે છે.

(અમદાવાદ) — ચી. ન. પટેલ

❦

આ પ૮૬ (ઓગસ્ટ, ૧૯૬૦)માં શ્રી મ.ના ખત્રીએ ગણિત જંગલમાં કોઈ પણ આકાર...

ફોટોગ્રાફી-હરીફાઈ નવા સ્વરૂપે

'કુમાર'ની ફોટોગ્રાફી હરીફાઈ પુનઃ જારી કરવાની ગયા અંકમાં આપેલી જાહેરાતથી પ્રેરાઈ તેને વધુ ઉત્તેજન આપવાની ભાવનાથી વિલેપાર્લેના શ્રી લાલચંદ બગલાણીએ ચાલુ હરીફાઈમાં ઈનામને પાત્ર ઠરેલાં ચિત્રોની એક વાર્ષિક હરીફાઈ યોજવા તથા તેમાં આ વિષયના પ્રોત્સાહક તરીકે પોતાના તરફથી ૧૦૦/ રૂપિયાનાં ખાસ ઈનામો આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. આનંદ સહ તેનો સાભાર સ્વીકાર કરતાં ચાલુ હરીફાઈ અંગે થોડા જરૂરી ફેરફાર સાથે તેના નિયમો ફરીથી પ્રકટ કરીએ છીએ.

(૧) આ હરીફાઈ હવેથી દર બે માસે, એટલે કે વર્ષમાં છ વખત યોજાશે. (૨) હરીફાઈ માટેનાં ચિત્રોના વિષય અગાઉથી જાહેર કરવામાં આવશે. અને એ વિષયનાં (૩) નાનામાં નાના ૮ × ૧૦ સે.મી. તથા મોટામાં મોટા ૧૫ × ૨૦ સે. મી.ના કદનાં, બ્લૅક ઍન્ડ વ્હાઈટ અને માત્ર ગ્લૉસી પ્રિન્ટ જ મોકલવાના રહેશે. (૪) ત્રણથી વધુ ચિત્રો મોકલી શકાશે નહિ. (૫) દરેક ફોટા પાછળ મોકલનારનું પૂરું નામ-સરનામું લખેલું હોવું જરૂરી છે. (૬) એક હરીફને એક જ ઈનામ અપાશે. (૭) પહેલું ઈનામ ૧૦ રૂ., બીજું ૫ રૂ. અને ત્રીજું ૫ રૂ.નું રહેશે. (યોગ્ય જણાશે ત્યારે ઉત્તેજના ઈનામ પણ અપાશે.) **(૮) આ દ્વિમાસિક હરીફાઈમાં જે ચિત્રો જે કક્ષામાં ઈનામ પામ્યા હશે તે તે કક્ષામાં એ ચિત્રોને વર્ષને અંતે વાર્ષિક હરીફાઈ માટે લેવામાં આવશે અને તેમાં પ્રથમ ઈનામ રૂ. ૫૦, બીજું રૂ. ૩૦ અને ત્રીજું રૂ. ૨૦નું અપાશે.** (૧૦) જે ફોટા 'કુમાર'માં પ્રકટ થશે તે પ્રિન્ટની માલિકી 'કુમાર'ની ગણાશે (ચિત્રના કૉપીરાઈટ ફોટોગ્રાફરના જ રહેશે). અને (૧૧) એ સિવાયના પ્રિન્ટ, જો મોકલનારે પૂરતાં પોસ્ટેજ ચોડી પોતાનું નામ-સરનામું લખેલું યોગ્ય કદનું કવર મોકલ્યું હશે તો જ તેમને પાછા મોકલી અપાશે. તે સિવાય બાકી રહેતા પ્રિન્ટની કોઈ જવાબદારી 'કુમાર'ની રહેશે નહિ.

આગામી હરીફાઈનો ચિત્રવિષય : નિસર્ગદૃશ્ય

ફોટો મોકલવાની છેલ્લી તારીખ : ૩૦ નવેમ્બર ૧૯૭૨

સંખ્યાનો વર્ગ કરવાની રીત આપી છે. તે જ રીતથી (થોડા ફેરફાર સાથે) ગમે તેટલા અંકની કોઈ પણ પૂર્ણાંક સંખ્યાનો વર્ગ થઈ શકે.

રીત : કોઈ પણ સંખ્યાનો વર્ગ કરવો હોય તો તે સંખ્યામાં તે જ સંખ્યાના એકમનો અંક ઉમેરી, બાકીનાં અંકોથી ગુણો. પછી તેના છેડે ૦ લખી તેમાં એકમનાં અંકનો વર્ગ ઉમેરો.

દા. ત. (૧) ૩૨ × ૩૨ = (૩૨ + ૨) × ૩ = ૧૦૨. ૧૦૨૦ + (૨)² = ૧૦૨૪

તે જ રીતે, (૨) ૨૦૫ × ૨૦૫ = (૨૦૫ + ૫) × ૨૦ = ૪૨૦૦; ૪૨૦૦૦ + (૫)² = ૪૨૦૨૫.

(વલ્લભવિદ્યાનગર) —પ્રફુલ્લ જાની

'કુમાર'ના ઘણા અંકો વિષે લખવું હતું તે રહી ગયું. પણ 'ભગવાન પરશુરામ અને મહારથી કર્ણ'ના લેખકને અભિનંદન નહિ અપાય ત્યાં સુધી મનમાં એક અજંપો રહ્યા કરશે. એ લેખ (કે વાર્તા?) ખૂબ ગમ્યો. લેખકની શુદ્ધ તર્કશક્તિ અને સહજ શૈલી સાચે જ પ્રશંસાપાત્ર છે.

બર્ટ્રાન્ડ રસેલ વિષેનો ચરિત્રલેખ પણ ઘણો ગમેલો. રાજા રામમોહન રાયના લેખમાં સતી થવાના ચાલ સામેની ઝુંબેશનો ફકરો (પાન ૨૪૮) ખૂબ જ અસરકારક બન્યો છે. બાકી, લેખ સહેજ લંબાયો છે અને ક્યાંક લખાણ સહજ લાગવાને બદલે artificial બની ગયું છે.

'કુમાર'ના કલેવર વિષે જાણીને આનંદ થયો. 'કુમાર'ના ગ્રાહકોની સંખ્યા વધે તે ખૂબ જરૂરી છે. દરેક ગ્રાહક અંગત રીતે પ્રયત્ન કરે તો થોડો ફરક જરૂર પડે.

(વડોદરા) -'નિશીથ'

'કુમાર હમેશાં કુમાર કેમ નથી લાગતું?' આજથી વર્ષો પહેલાં એકથી વધુ વખત છપાઈ ગયેલાં ગણ્યાંગાંઠ્યા ચિત્રકારોનાં ચિત્રો જ કેમ છાપે છે? જે પ્રચાર ચિત્રકારો જેવા કે સર્વશ્રી રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, રવિશંકર રાવલ કે એવા પ્રચાર.

આજે દુનિયા અને આપણો દેશ દરેક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે. આજના કિશોર કે કુમાર માટે દરેક વિષય માટે ક્ષેત્ર કેટલું વિશાળ બની રહ્યું છે! મારો કહેવાનો અર્થ (ચિત્રમાંડે) આજના 'ઍબસ્ટ્રૅક્ટ'ના નામે (થતી) દેખાદેખી કે આંધળી દોટને માત્ર બિરદાવવાનો જરા પણ નથી, પરંતુ આજના સમયમાં કલાક્ષેત્રમાં થઈ રહેલા અવનવા પ્રયોગો રજૂઆત, મા

ધ્યમ વગેરે-માં ક્યાંક તો તથ્ય હશે જ ને! તો એવા ચિત્રકારો પાસેથી એમનાં ચિત્રો કે અન્ય કૃતિઓ વિષેના વિચારો, મંતવ્ય કે અન્ય જરૂરી માહિતી 'કુમાર' કુમારો સુધી પહોંચાડી કુમારત્વ જાળવી રાખે તો કેવું?

આમાં ચિત્રકારોની બે પેઢીની સરખામણી કે એકબીજાની નિંદા કરવાનો નહિ, પરંતુ કુમારોને યોગ્ય અને વર્તમાન પરિસ્થિતિથી વાકેફ રહેવાની તક સાથે નવો દૃષ્ટિકોણ મળે તે માત્ર જ છે.

તમે કદાચ બીજું કશું ન કરો તો ભલે, પરંતુ છપાઈ ગએલાં ચિત્રો અવારનવાર ન છાપો તો સારું.*

(અમદાવાદ) —'ભારગવ'

[* જૂના કલાકારોની સાથે નવાઓને પણ અમે સન્માનતા જ રહ્યા છીએ. છેલ્લા દોઢેક વર્ષના અંકો જોતાં જણાવશે કે એમાં મોહિની બક્ષી, મોહન સામંત, નારાયણ બેન્દ્રે, વાસુદેવ સ્માત, શ્યાવક્ષ ચાવડા, હરીશ રાઉત, કૃષ્ણ હેબ્બાર, દીનાનાથ દલાલ, સનત ઠાકર, જગુભાઈ શાહ, લક્ષ્મણ પૈ, યામિની રાય, ભરત પંડ્યા, અમૃતલાલ વેગડ વગેરેની વિવિધ શૈલીની કૃતિઓ છે, જેમાંની ઘણીખરી નવી, અને અવનવી આધુનિક શૈલીની છે અને જેનો રસાસ્વાદ કરાવવાનો અમે યથાશક્તિ પ્રયાસ પણ કર્યો છે. 'કુમાર'ના વાચકોનો અમુક ટકા ભાગ એવી નવી પેઢીનો છે કે જેમને માટે જૂનાં ચિત્રો પણ નવાં હોય; ઉપરાંત કેટલાક જૂના વાચકોએ પણ તે ફરી વાર જોવા મળવા માટે તૃપ્તિ અનુભવી છે.]

જુલાઈ અંક ૫૮૩માં શ્રી રસિકલાલ પરીખનું ચિત્ર 'નોધારાં' જોયું. આનંદ થયો. સાથે આંચકો પણ લાગ્યો. શ્રી રસિકભાઈએ પોતાની નિજી શૈલી વિસારીને અર્વાચીન અસર નીચે ચિત્રો કરવાની શરૂઆત કરી તે અસહ્ય લાગે છે. વિદ્યાર્થીઓ ઉપર જુદી જ અસર લાવે છે. પોતાની અંગત શૈલીમાં રજૂ થએલાં ચિત્રો કરતાં આ ચિત્રમાં એકાએક ફેરફાર અનુભવાય છે. અલબત્ત, પહેલાં જેટલું મનોરંજક તો નથી જ.

શ્રી રવિભાઈએ પણ આવું અર્વાચીન સર્જન કર્યું હોય તો 'કુમાર'માં પ્રગટ કરશોજી.

(પોરબંદર) —અરવિંદ જોષી

'કુમાર'ના ૫૮૪મા અંકમાં શ્રી મધુસૂદન ઢાંકીનો 'કૌન્તલીય પદ્મશિલાઓ' લેખ ખૂબ જ ગમ્યો. વાસ્તુકલાના શોભનમાં મોખરે રહેલા 'પદ્મ'નાં વૈવિધ્યપૂર્ણ સ્વરૂપો, પ્રદેશ કાળ અને સંપ્રદાય અનુસાર પ્રગટ્યા તેની સચિત્ર માહિતી વાચકની રુચિને બેહદ વધારી જાય તેવી છે. ઈલોરાની પદ્મરચના અને લકકુંડીનાં સહસ્રદલ કમલની રચના શિલ્પસ્થાપત્યના રસિકને તેના રસમાં તરબોળ કરી દે તેવી છે.

એક સૂચન કરું તો તે અસ્થાને ન જ લેખાશે. ૬૦૦મા અંકમાં આવા શિલ્પસ્થાપત્યોનો સંગ્રહ ખીચોખીચ ભરશો કે જેથી વાચકો રસાસ્વાદ માણી શકે, સંગ્રાહકો સંગ્રહી શકે ને સ્થાપત્ય રસિકો તેના રસને વેગ આપી શકે.

(કોસંબા) —જીતુભાઈ ચૌહાણ

અંક ૫૮૪માં કનુભાઈ જાનીના લેખમાં પાદટીપમાં મેઘાણીની જન્મસાલ ૧૮૯૬ કે ૧૮૯૭ તેની ચર્ચા છે. જ્યારે અમુક પ્રસંગ બન્યાની તારીખ અને તિથિ નિશ્ચિત હોય અને સાલમાં થોડી અનિશ્ચિતતા હોય ત્યારે સાલ ચોક્કસપણે નિશ્ચિત કરવાની એક રીત પ્રત્યે હું આપનું તથા 'કુમાર'ના વાચક મિત્રોનું ધ્યાન ખેંચવા માગું છું. અમુક દિવસે જે તારીખ અને તિથિ હોય છે તે જ તારીખ અને તિથિ બરાબર ૧૯ વર્ષે ફરી એક જ દિવસે આવે છે. આવો સંયોગ દર ૧૯ વર્ષે થાય છે, એટલે કે તે સંયોગ ૧૯, ૩૮, ૫૭, ૭૬, ૯૫...વર્ષે આવે છે.

મેઘાણીની જન્મતારીખ ૧૭મી ઑગસ્ટ અને તિથિ શ્રાવણ વદ પાંચમ તો નિશ્ચિત છે. જો સાલ ૧૮૯૬ હોત તો ત્યાર પછી ૭૬ વર્ષે ૧૯૭૨માં (એટલે કે આ સાલ) ૧૭મી ઑગસ્ટ અને શ્રાવણ વદ પાંચમ એક જ દિવસે આ-

વત. પણ આ વર્ષે તેવું બન્યું નથી. તેથી મેઘાણીની જન્મસાલ ૧૮૯૬ હોઈ શકે નહિ. આવતા વર્ષનું પંચાંગ જોતાં જણાશે કે ૧૯૭૩માં ૧૭મી ઑગસ્ટે જ શ્રાવણ વદ પાંચમ છે. અને ૧૯૭૩–૭૬ = ૧૮૯૭; તેથી ૧૮૯૭માં એ તારીખ અને તિથિ સાથે હતાં.

અંક ૫૮૪માં જ 'આ માસ ઇતિહાસમાં' માં જણાવ્યું છે કે ૨૨–૮–૧૯૪૬ને દિવસે દેશમાં મધ્યવર્તી સરકાર રચાઈ. હું માનું છું કે આ એક ભૂલ છે. મને યાદ છે ત્યાં સુધી મધ્યવર્તી સરકાર ૨–૯–૧૯૪૬ને દિવસે રચાઈ હતી.

(અમદાવાદ) —અરૂણ મ. વૈદ્ય

સપ્ટેમ્બર અંકમાં પૃ. ૩૬૫ ઉપર પ્રકટ થએલી 'ગણિતગમ્મત'માં '૨૧૭૮ને ૨ વડે ગુણવાથી ૮૭૧૨ આવે' એમ છપાયું છે તેને બદલે '૪ વડે ગુણવાથી' જોઈએ.

(વડોદરા) —મ. ના. ખત્રી

'કુમાર'નો અંક હમણાં જ મળ્યો. એમાં બગસરા દરબારને માટે 'ઠાકોર' શબ્દ વાપર્યો છે; પણ કાઠી દરબારોને 'ઠાકોર' ન કહેવાય, 'હિઝ હાઇનેસ' પણ ન કહેવાય. એમને માત્ર 'દરબારશ્રી' કહેવાય, એ આજ સુધીનો રજવાડી શિરસ્તો છે.

(અમદાવાદ) —મનુભાઈ જોધાણી

આ વિષયમાં લેખકનો ઉત્તર:

શ્રી મનુભાઇનો 'ઠાકોર'વાળો મુદ્દો : મેઘાણીભાઈએ એમણે સૂચવેલ અર્થમર્યાદામાં રહીને એ પ્રયોગ નથી કર્યો; લોકસાહિત્યમાં પણ એ અર્થમર્યાદા જળવાઈ નથી. દા. ત. 'પરકમ્મા'ની બીજી આવૃત્તિના પૃ. ૬૫ ઉપર એક ગીતની પંક્તિઓ છે:

રામાવાળા ઠાકોર, રામાવાળા કાઠી,
રામાવાળા દરબાર!
ડુંગરડા તારે દોયલા વિયા.

(અમદાવાદ) —કનુભાઈ જાની

અક્ષયપાત્રસમા શ્રી ટાગોરના ગ્રંથો

શ્રી ટાગોર ગ્રંથાવલી

કવિવર રવીન્દ્રનાથે નવલકથા ક્ષેત્રે જેમ બંગાળી સાહિત્યમાં નવો યુગ પ્રવર્તાવ્યો, તેમ ટૂંકી વાર્તાના ક્ષેત્રે પણ તેમણે જ પહેલ કરી. અને તેમણે જ તેની ટોચ પણ દેખાડી. રવીન્દ્રનાથની ટૂંકી વાર્તાઓ કલા ગુણે જેમ શ્રેષ્ઠ છે, તેમ વાચકને ઊર્ધ્વગામી થવાને પ્રેરે તેવાં વિરલ તત્ત્વોથી તે ભરપૂર છે. તેમાં રસની સાથે મહત્ત્વ છે. ઊંડાણની સાથે ગાંભીર્ય છે. એક વાર વાંચીને ભૂલી જવા જેવી એ સહજ નથી, પણ ચિત્તને કાયમ ચિંતનનું–ભાથું આપે એવી તાકાત એમાં ભરી પડી છે. રવીન્દ્રનાથનાં કેટલાંયે પુસ્તકો દુનિયાની અનેક ભાષામાં પ્રગટ થયાં છે.


આ ગ્રંથો કેવલ ઘરની શોભા નથી, જીવવાનું ભાથું છે; અક્ષયપાત્ર છે. એક વાર વાંચીને ભૂલી જવા જેવા નથી. માનવજીવનનાં મહામૂલ્યોનું એમાં દર્શન છે. અને એ જ ચિરંજીવ તત્ત્વ છે.

આ "ટાગોર ગ્રંથમાળા"માં ૧૨ પુસ્તકો તૈયાર કર્યાં છે. જેમાં ટાગોરનાં તમામ પુસ્તકો આવી જાય છે. પુસ્તકાલય તથા શાળાઓ પોતાના બજેટમાં આ પુસ્તકો જરૂર ઉમેરે એ ભલામણ છે.

ટાગોર ગ્રંથાવલી

૧. ચોખેરવાલી	ર. ટાગોર	૧૦–૦૦
૨. નૌકાડૂબી	,, ,,	૯–૦૦
૩. વરમાળા	,, ,,	૬–૦૦
૪. વર–કન્યા	,, ,,	૬–૦૦
૫. ગીરીબાળા	,, ,,	૬–૦૦
૬. હાસ્ય કૌતુક	,, ,,	૬–૦૦
૭. હૈમન્તી	,, ,,	૬–૦૦
૮. મહામાયા	,, ,,	૬–૦૦
૯. માશી	,, ,,	૬–૦૦
૧૦. ગુપ્તધન	,, ,,	૬–૦૦
૧૧. ચારિત્ર પૂજા	,, ,,	૬–૦૦
૧૨. ગોરા ભાગ ૧–૨	,,	૨૦–૦૦

શ્રી હરિહર પુસ્તકાલય
ટાવર રોડ, સૂરત



આકાશ-દર્શન · ૧૧ · ઑક્ટોબર-નવેમ્બર

જેના છેદાએલા મસ્તકમાંથી દેવતાઈ ઘોડો 'પેગાસસ' (ખગાશ્વ) પેદા થએલો, એ મેડૂસાનું મસ્તક લઈ જતા પર્સીઅસ (Perseus)–યયાતિનાં દર્શન આ દિવસોમાં લભ્ય છે. દેવયાનીની બાજુમાં 'શર્મિષ્ઠા' (Cassiopeia)ના તારાઓ અંગ્રેજી મૂળાક્ષર M કે Wના આકારે છે. સપ્તર્ષિની બરાબર સામે ધ્રુવની આ તરફ એ હોઈ જ્યારે શર્મિષ્ઠા દેખાય ત્યારે સપ્તર્ષિ દેખાતા નથી. આ શર્મિષ્ઠાની પાસે જ ઈ. ૧૫૭૨માં એક વિરાટ તારા વિસ્ફોટ થએલો, જેનું તેજ ધીરેધીરે વધતું જઈ, શુક્ર ગ્રહ જેટલું તેજસ્વી બની, દિવસના આછા અજવાળામાં પણ દેખાતું. બે વર્ષ બાદ એની સમાપ્તિ થઈ. ¶ શર્મિષ્ઠા પછી 'યયાતિ'ના તારા છે. એનો એક ચળકતો તારો અલ્ગુલ (Algol) રૂપવિકારી છે. નરી આંખે યે એના તેજની એ વધઘટ દેખાય છે. પર્સીઅસે મારેલી મેડૂસા રાક્ષસીનું એ મસ્તક કહેવાય છે. અલ્ગુલ યુગ્મ તારો હોઈ તેના તેજસ્વી તારાની આસપાસ એક કરોડ ત્રીસ લાખ માઈલ દૂર રહીને એક બીજો ઝાંખો તારો એની પ્રદક્ષિણા કરે છે. દર ત્રણ દિવસે એ પ્રદક્ષિણા પૂરી થાય છે. અલ્ગુલના તેજની વધઘટનું આ જ કારણ છે. આ બંનેમાંનો તેજસ્વી તારો સૂર્ય કરતાં કદમાં ત્રણ ગણો મોટો છે અને ઝાંખો તારો તો એથી યે મોટો! ¶ યયાતિની નીચે બે નાનાં તારામંડળો છે : ત્રિકોણ (Triangulum) અને ભરણી. ત્રિકોણની બાજુમાં જ 'મે ૩૩' નિહારિકા છે. ¶ દક્ષિણમાં મકર પછી કુંભ (Aquarius) રાશિના ઝાંખા તારાઓ છે એ તો શોધીશોધીને જ જોઈ શકાશે. દર ૨૭ દિવસે કુંભ અને મીન રાશિમાં–એટલે કે અર્ધું શ્રવણ, ધનિષ્ઠા, શતતારા, પૂર્વા ભાદ્રપદા અને ઉત્તરા ભાદ્રપદા તથા રેવતી; એમ પાંચ નક્ષત્રોમાં ચંદ્ર આવે, ત્યારે એ પાંચ દિવસ 'પંચક'ના ગણાય છે.

પિયેર ગામના જૂના ચંદ્રને / ઉશનસ

·શિખરિણી·

અહીં આ પાષાણી ઊંચી ઊંચી ભીંતોના નગરમાં
જુઓ ને, હાવાં તો મળી પણ શકાતું નથી પૂરું.
વીતે છે દ્દહાડાઓ વણમિલનના એમ જ, અને
કહેવાયે ત્યારે 'ઉભય વસીએ એક જ સ્થળ!'

અહીં તો કો' વારે ઘરપછીત વાડે અધખૂલાં
કમાડોની આડે નજર જતી યે કાતર ઊંચે,
અને તું હર્મ્યોની ટૂક ઉપર ડોકાયલ ખડો,
મળી જાયે આંખો જરીક ચમકી એ જ; પછી તો...

પછી તો શું? પાછું તરત ઘરકામે વળી જવું,
ભીડી દેવાં દ્વારો તરત કંઈ સાવેગ ભયથી.
મળાતું 'તું કેવું સરલ અમ એ ડુંગર-ખીણે!
અને હાવાં આવું ક્વચિત, પછીતે, કાતરપણે...

રહ્યું કોનું બારે દિવસ સરખું પિયરપણું?
ઘણું યે મારે તો—અહીં ક્યહીંક તું;—એ પણ ઘણું.

શૈશવ-સ્મૃતિ / મહેશ જોશી

·મિશ્ર·

મારો બધો શૈશવનો ખજાનો;
કોડી, લખોટી, છીપલાં, ચણોઠી,
હજુ ય છે બદ્ધ સ્મૃતિ તળે રહ્યા;

જે ગ્રીષ્મની કોઈ બપોર વેળા
ઉત્તાલ સૂરે ઉપન્યો હતો તે
વિહંગનો કંઠધ્વનિ, અચિંત;

ને પદ્મના કોશ મહીં પ્રસુપ્ત
કો રાજકન્યા તણી વારતાને
મૂકી અધૂરી નતનેત્ર દાદા
ઝૂક્યા (ઝૂલે ખાટ હજુ ય), ને જે
કીચૂડ કરો લય બદ્ધ;—તે સ્મરું.

મારી બધી શૈશવની સ્મૃતિ અરે
આ વહીલની ઘર્ઘરમાં ન વિસ્મરું.

જવા દે! / 'ચાતક'

·ગઝલ·

ફરી જવા દે—સમયની સાથે ફરે છે તેને ફરી જવા દે!
ન ધ્રુવનો હો સિતારો, એને ગગનથી તારા ખરી જવા દે!!

તને ડુબાવી તરી જવા જે ચહે તું તેને તરી જવા દે,
કે તારી તુર્બત ઉપર ઈમારત કરે કોઈ તો કરી જવા દે,

હૃદયને છોડી નયનમાં આવી ઊભાં,—હવે એ થયાં પરાયાં.
એ આંસુ પર શો અધિકાર તારો? એ આંસુને તું ખરી જવા દે.

પરાયા તેજે પ્રકાશનારા શું અન્યના અંધકાર ટાળે?
સ્વયં સહારો સફરમાં શોધે, એ સૌને પાછા ફરી જવા દે.

મુસીબતોને ય માણવાનું તો મરજીવા મર્દ કોક જાણે,
કે મોત પહેલાં મરી જનારાને મોત પહેલાં મરી જવા દે.

કોણ / મનસુખ વાઘેલા

·ગઝલ·

લે, તને આપી દીધી મારી તરસ,
કોણ મૃગજળને છતાં દોર્યા કરે?

છે હજી સુશાલયો અકબંધ ને
કોણ કોરા જામને કોર્યા કરે?

રેખમાં અંકુર ન એકે છે છતાં
કોણ વેઠે ફૂલ યે મ્હોર્યા કરે?

શબ્દનું એકે ય મૃગ તો છે નહિ
કોણ કસ્તૂરી સમું ફોર્યા કરે?

હું જ 'મનસુખ' છું બધાને છે ખબર
કોણ મારા નામને ચોર્યા કરે?

'પિયેર ગામના જૂના ચન્દ્રને'—નાનકડા પિયેર ગામમાં ચંદ્રદર્શનનો ભરપટ્ટે આનંદ માણનારને, શહેરમાં આવી પડ્યા પછી, ક્વચિત જ, ઊંચા આવાસો પાછળથી પલભર જોવા મળતા ચન્દ્રથી જાગતી સ્મૃતિનું, સ્વાભાવિક વાતચીતની બાનીમાં આલેખાએલું વિષાદરંગી ચિત્ર. આમ છતાં ય, શહેરના પાષાણો વચ્ચે ય ક્યાંક ચન્દ્ર છે તેનું આશ્વાસન લઈ મન મનાવ્યું છે. કોઈ આને શહેરમાં વસતા છતાં ક્વચિત જ અલપઝલપ નજરે પડતા પ્રિયજનના દર્શનને લાગુ પાડી શકે. ¶ 'શૈશવ-સ્મૃતિ': શહેરી જીવનની યંત્રચૂડમાં જાગતી, બાળપણમાં માણેલાં સુખોની સ્મૃતિને, પ્રસાદ-મધુર હૃદયસ્પર્શી બાનીમાં વાગોળતી નાની-નમણી કૃતિ. પંક્તિ ૪-૫ અને ૭-૮નું કવિતાસૌન્દર્ય જુઓ. ¶ 'જવા દે' દુનિયાની બેવફાઈ, વિઘ્નસંતોષીપણું, કપટ, માટીપગાપણું આદિ સંસાર-સફરમાં આવતી અડચણોને ઉવેખીને સફર ચાલુ રાખવા પ્રેરતી-પ્રબોધતી ગઝલ. ¶ એવો જ ગઝલી મિજાજ ધરાવતી ચોથી કૃતિ 'કોણ'માં જગતનાં અનુકૂળ-પ્રતિકૂળ પરિબળોની ચોટદાર અદ્યતન શૈલીમાં અભિવ્યક્તિ છે.

છેક છેલ્લા શ્વાસ સુધી માતૃભૂમિનો મુક્તિમંત્ર રટનાર અને અંગ્રેજ હકૂમતની જડ

ખળખળ વહેતી ચંબલના તટ પર વસેલા એક ગામમાં રામપ્રસાદ 'બિસ્મિલ'ના વડવા રહેતા, પણ કંઈક કુટુંબકલેશને કારણે પિતામહ નારાયણલાલજી, એ જનમભોમકા ત્યજીને પત્ની તથા બે પુત્રો—આઠ વર્ષના મુરલીધર અને છ વર્ષના કલ્યાણમલ સાથે શાહજહાંપુર આવી વસેલા. રામપ્રસાદ મુરલીધરના પુત્ર. 'બિસ્મિલ' એમનું તખલ્લુસ.

દાદા શાહજહાંપુર આવ્યા ત્યારે ત્યાં ભયંકર દુકાળ પ્રવર્તતો હતો. અનેક ઠેકાણે ભટક્યા પછી અંતે નારાયણલાલજીને એક અત્તરિયાની દુકાને મહિને ત્રણ રૂપિયાના પગારની નોકરી મળી હતી. ત્રણ રૂપિયાના પગારમાં ચાર જણનો નિર્વાહ કરવા નારાયણલાલનાં પત્ની અરધાં ભૂખ્યાં રહી પુત્રોને પેટપૂર ખવડાવતાં. અન્નનાં જ જ્યાં સાંસાં હતાં ત્યાં વસ્ત્રો અને ઘરભાડાનો જોગ કેમ થતો હશે? ગરીબીની એ નાગચૂડમાંથી છૂટવા કોઈ સારા ઘરમાં ઘરકામ શોધવા માંડ્યું, પણ દુકાળનાં એ વર્ષોમાં અનાજ ચોરાઈ જવાની બીકે આ અજાણ્યાં માણસોને દળણું આપતાં લોકો અચકાતા. ઘણી મહેનતને અંતે એકાદ બે મોટા ઘરની સ્ત્રીઓ પોતાને ત્યાં બોલાવી અનાજ દળાવવા તૈયાર થઈ. અને એમ ત્રણચાર કલાક ઘંટી ફેરવીને રામપ્રસાદનાં દાદીએ દોઢ-બે પૈસાની આવક વધારી. ઉપરાઉપરી નબળાં વરસોમાં આવી મુશ્કેલીઓથી અકળાઇને નારાયણલાલને દેશ ચાલ્યા જવાનો વિચાર આવતો, પણ પત્ની કહેતી: 'જેને કારણે આપણે ઘરબાર છોડી આવા કપરા દિવસો વેઠવા પડે છે એમની જ પાસે શા માટે પાછા જવું? એ કરતાં તો મરી જવું બહેતર છે! આવા દિવસો કંઈ કાયમ નહિ રહે.' અને એમની શ્રદ્ધા ફળી પણ ખરી. ધીરે-ધીરે ગામમાં પરિચય વધતો ગયો; નારાયણલાલનો પગાર પણ વધતો-વધતો સાત રૂપિયા જેટલો થયો; અને પછી તો એ નોકરી છોડી દઈ સ્વતંત્ર ધંધો કરી તેઓ રોજના સાત-આઠ આના રળવા લાગ્યા.

આમ, પિતાની સ્થિતિ સુધરતાં મુરલીધર થોડું શિક્ષણ પણ પામ્યા. નાનપણમાં જ એમનાં લગ્ન પણ થઈ ગયાં અને નગરપાલિકામાં એમને પંદર રૂપિયાના પગારની નોકરી પણ મળી. પરંતુ એમને એ બહુ જચી નહિ અને નોકરી છોડી એમણે સરકારી ટિકિટો વેચવા ઉપરાંત નાની નાની ધીરધાર કરવા સાથે ધીરેધીરે બેત્રણ બળદગાડી વસાવીને ભાડે આપવાનો વ્યવસાય શરૂ કર્યો.

આ મુરલીધરને ત્યાં સં. ૧૯૫૩ના જેઠ સુદ ૧૧ના દિવસે (ઈ. ૧૮૯૭માં) રામપ્રસાદનો જન્મ થયો. સાત વર્ષની ઉંમરે એમનું શિક્ષણ શરૂ થયું. હિન્દી તો મુરલીધર ઘરમાં જ શીખવતા અને ઉર્દૂ શીખવા તેમને એક મૌલવીના મદરેસામાં મૂકવામાં આવ્યા. એ જમાનામાં હિંદુ-મુસલમાન સૌને જીવનવ્યવસાય માટે ઉર્દૂ શીખવું જરૂરી હતું.

રામપ્રસાદના શિક્ષણ અંગે પિતાનો આકરો કડપ હતો. ભણવામાં જરાક ભૂલ થતાં મેથીપાક મળતો જ. અને રામપ્રસાદ તો પાછા તોફાની પણ હતા, એટલે એમને માર પણ સારીપેઠે ખાવો પડતો. એક વાર આપેલા પાઠ કરવાના રહી જવાના કારણે પિતાએ એમને લોખંડના ગજથી એવા મારેલા કે ગજ વળી ગયો હતો! એ જ રીતે એક વાર કોઈના બગીચાનાં ફળ તોડવા માટે જે પીટાઈ થઈ તેને લીધે બેત્રણ દિવસ સુધી તેઓ ઊઠી પણ શક્યા નહોતા. પણ આવે સમયે દાદાજીની સોડમાં એમને આશ્વાસન મળતું. રામપ્રસાદે લખ્યું છે કે: 'આવી મારપીટ છતાં મારી અળવીતરાઈ ગઈ નહોતી. પણ નાનપણમાં આવો માર ખાવાથી જ મારું શરીર સહનશીલ ને મજબૂત બન્યું હતું.'

પાંચમા ધોરણમાં ભણતા ત્યારે રામપ્રસાદને ઉર્દૂ નવલકથાઓ અને ગઝલો વાંચવાનો નાદ લાગ્યો. બીડી અને ક્યારેક ભાંગ પીવાની લત પણ લાગી. અને એ બધાં માટે પિતાની પેટીમાંથી પૈસા ચોરી જવાની કુટેવ પણ પડી. પણ એક દિવસ માએ એની ચોરી પકડી પાડી. એમની પેટીની જડતી લેવાઈ. એમાંથી રૂપિયા અને વાર્તા તથા ગઝલની ચોપડીઓ નીકળી. પિતાએ પૈસા લઈ લીધા ને ચોપડીઓ ફાડીને ફેંકી દીધી. પીટાઈ પણ થઈ જ હશે, કેમ કે મુરલીધરનો ગુસ્સો ગજબનો હતો. પણ આ પછી રામપ્રસાદમાં ઘણો ફેર પડવા લાગ્યો—મારને કારણે નહિ, પરંતુ ઘર પાસેના એક મંદિરના પૂજારીના પરિચયનું એ પરિણામ હતું. રામપ્રસાદ નિયમિત એ મંદિરે જતા. ત્યાં પૂજારીની પવિત્ર ભાવનાઓ અને એના સત્સંગથી ધીરેધીરે સિગારેટ પીવા સિવાયની રામપ્રસાદની બધી કુટેવો છૂટી ગઈ. દિવસમાં પચાસ-સાઠ સિગારેટો એમને ત્યારે પીવા જોઈતી; પણ અંગ્રેજી શાળામાં દાખલ થયા પછી સુશીલચંદ્ર સેન નામના એક વિદ્યાર્થીની સંગત થયા પછી એ ટેવ પણ નીકળી ગઈ.

જે મંદિરે રામપ્રસાદ પૂજાદર્શને જતા ત્યાં મુનશી ઈન્દ્રજિત નામના એક બીજા સજ્જન સાથે એમને પરિચય થયો. એમણે એમને સ્વામી દયાનંદ સરસ્વતીનું 'સત્યાર્થ પ્રકાશ' વાંચવા સૂચન કર્યું. એ વાંચીને તો રામપ્રસાદનું સમગ્ર જીવન જ બદલાઈ ગયું. બ્રહ્મચર્યના કડક પાલન માટે એમણે લાકડાની પાટ ઉપર માત્ર એક કામળા પર સૂવા માંડ્યું. વહેલા ચાર વાગ્યે ઊઠી, સ્નાનપૂજા કરી વ્યાયામ કરવા માંડ્યો. રાતનું ભોજન પણ છોડી દીધું, અને કોઈના કહેવાથી દાળશાક પણ માત્ર બાફેલાં જ લેવા માંડ્યાં. મરચાં ને ખટાશનો બિલકુલ ત્યાગ કર્યો અને આ બધાંને પરિણામે એમનો સીનો જ બદલાઈ ગયો. એમનું લાલઘૂમ ખડતલ શરીર જોનારને દંગ કરી દે તેવું બની રહ્યું. આની સાથે તેઓ આર્યસમાજના રંગથી પણ વધુ ને વધુ રંગાતા જઈ એનાં સભા-સંમેલનોમાં પણ ભાગ લેવા લાગ્યા. પિતાને એમના આ નવા ઢંગની જાણ થતાં આર્યસમાજનો છંદ છોડી દેવા આજ્ઞા કરી; પણ રામપ્રસાદ પોતાના વિચારોમાં મક્કમ રહ્યા, અને પરિણામે મુરલીધરે ગુસ્સાના આવેશમાં સંભળાવ્યું: 'આર્યસમાજ નહિ છોડે તો આજે તને ગોળીથી મારી નાખીશ. કાં આર્યસમાજ છોડી દે, કાં ઘર છોડી દે!'

અને રામપ્રસાદ એ જ વખતે પિતાની ચરણરજ લઈ પહેર્યે કપડે ઘર છોડી નજીકના જંગલ તરફ ચાલી નીકળ્યા. જંગલમાં એમણે ઝાડ પર બેસી રહીને રાત ગાળી અને નજીકના ખેતરમાંથી લીલા ચણા તોડી ખાઇને ભૂખ ભાંગી. બીજે દિવસે આર્યસમાજી પં. અખિલાનંદજીનું વ્યાખ્યાન હતું તે સાંભળવાની લાલચ તેઓ રોકી શક્યા નહિ. દૂર એક ઝાડ તળે ઊભાઊભા તેઓ એ વ્યાખ્યાન સાંભળતા હતા ત્યાં પિતા બે માણસો લઇને આવ્યા અને એમને પકડી ગયા અને એમની શાળાના હેડમાસ્તર પાસે લઈ ગયા. પણ એ ગુરુજીએ મુરલીધરને સમજાવ્યું કે 'છોકરો હવે મોટો થઈ ગયો છે. એને હવે મારવો ઠીક ન લાગે.' અને રામપ્રસાદને પણ એમણે થોડી શિખામણ આપી. ત્યાર પછી મુરલીધરે ક્યારે ય હાથ ઉપાડ્યો નહિ, તેમજ રામપ્રસાદે પણ ભણવામાં એવું ચિત્ત લગાડ્યું કે આઠમી શ્રેણીમાં એ પહેલે નંબરે પાસ થયા!

આ જ અરસામાં રામપ્રસાદ પર સોમદેવ નામના એક આર્યસમાજી સાધુના પરિચયની પણ સારી અસર પડી. આ જ રીતે માતાની સત્યનિષ્ઠા, હિંમત અને વાત્સલ્યની પણ ઊંડી છાપ હતી. આ બંને જણે રામપ્રસાદમાં ધર્મભાવના અને રાષ્ટ્રભાવના ખીલવી હતી. રામપ્રસાદે આત્મકથામાં પોતાનાં માતાની ખૂબ જ પ્રશંસા કરી છે. અગિયાર વર્ષની વયે જ્યારે એ પરણીને સાસરે આવેલાં ત્યારે એમને લખતાં વાંચતાં તો શું, પણ રાંધતાં યે આવડતું નહોતું! પણ દાદીમાએ એને રાંધતાં શીખવ્યું અને લખતાંવાંચતાં એ પોતાની મેળે જ શીખ્યાં. રામપ્રસાદના ક્રાંતિકારી જીવનમાં પણ એ માતાની સહાય રહેતી. રામપ્રસાદ લખે છે:

ઉખેડવાની દઢ પ્રતિજ્ઞાના પાલન માટે હસતે મુખે ફાંસીએ લટકનાર, ક્રાંતિકારીઓની પ્રબળ પ્રેરણામૂર્તિ, સરફરોશ શહીદ

રામપ્રસાદ 'બિસ્મિલ'

લેખક: મનહર શાહ અને રવીન્દ્ર અંધારિયા

'માતાના સદ્‌વ્યવહાર અને પ્રોત્સાહનને લીધે મારા જીવનમાં એવી દઢતા પેદા થઈ કે કોઈ પણ સંકટ કે આપત્તિને વખતે મેં મારો સંકલ્પ છોડયો નથી. મારા ક્રાંતિકારી જીવનમાં તેણે મને, મૅઝિનીને એની માતાએ આપેલી તેવી, સહાય આપી છે. માત્ર એની સૌથી મોટી આજ્ઞા એ હતી કે ગમે તે કરજે, પણ કોઈની પ્રાણહાનિ થાય એવું કંઈ કરતો નહિ.'

સાધુ સોમદેવ ધાર્મિક વાતોની સાથે રાજકીય ચર્ચાઓ પણ કરતા. લાહોર કાવતરા કેસ ત્યારે ચાલતો હતો. એમાં ભાઈ પરમાનંદને થએલી ફાંસીની સજાના ખબર વાંચી રામપ્રસાદના શરીરમાં આગ વ્યાપી ગઈ. અંગ્રેજોના અત્યાચારો અને જુલ્મો સામે તેઓ ઊકળી ઊઠયા. પ્રતિહિંસાની આગથી એમનું હૃદય સળગી ઊઠયું. એ જ વખતે એમણે મનમાં પ્રતિજ્ઞા કરી કે 'આનો બદલો હું જરૂર લઈશ. અંગ્રેજી રાજની હસ્તી જડમૂળથી નાબૂદ કરવા હું જીવનભર મથ્યા કરીશ.' પોતાની એ પ્રતિજ્ઞાની જાણ સોમદેવને એમણે કરી ત્યારે તેમણે કહ્યું કે 'પ્રતિજ્ઞા કરવી સહેલી છે, પણ એને નિભાવવી મુશ્કેલ છે.' ત્યારે રામપ્રસાદે એમને પ્રણામ કરીને જવાબ આપ્યો કે 'આપની કૃપા હશે તો એ પ્રતિજ્ઞા હું પૂરેપૂરી નિભાવીશ.'

અને ત્યાર પછી રામપ્રસાદના જીવનમાં ખરેખર નવો ઝોક દેખાવા લાગ્યો. એમનું વાચન હવે દેશભક્તિનાં પુસ્તકો પર કેન્દ્રિત બની ગયું. દેશની કંગાલિયત અને લોકોની યાતના એમને સમજાવા લાગી અને એ દુ:ખ દૂર કરવા એમની સેવામાં લાગી જવાની ભાવના એમના હૃદયમાં ઊઠવા લાગી. એ જ વર્ષે લખનૌમાં કૉંગ્રેસની વાર્ષિક બેઠક મળી તેમાં પણ એમણે સક્રિય ભાગ લીધો. અહીં એમને ઘણું નવું જાણવાનું મળ્યું. દેશની દશાનું એમને વધુ અને સાચું જ્ઞાન થયું અને એ દુર્દશાનું કારણ અંગ્રેજી હકૂમત જ છે એ પણ તેમને સમજાયું. આ સાથે એમને એ પણ ખબર પડી કે દેશમાં એક ક્રાંતિકારી સમિતિ પણ છે અને તે ક્રાંતિને માર્ગે પરદેશી સત્તાને નાબૂદ કરવાનો ઉદ્દેશ રાખે છે. એક મિત્ર દ્વારા એ સમિતિમાં રામપ્રસાદે પ્રવેશ મેળવ્યો ને આગળ જતાં એની કારોબારી સમિતિનું સભ્યપદ પણ મેળવ્યું.

સમિતિને એ સમયમાં પૈસા ને હથિયારોની ખૂબ જ જરૂર હતી. એ માટે રામપ્રસાદે 'અમેરિકાને સ્વાતંત્ર્ય કઈ રીતે મળ્યું?' એ વિષે એક પુસ્તક લખ્યું. ધંધો કરવાના બહાને મા પાસેથી બસો રૂપિયા મેળવી એ પુસ્તક છપાવ્યું. એની બધી પ્રતો ખપી ગઈ અને ઉપરથી બસો રૂપિયા નફો થયો. એ પછી 'દેશવાસીઓને સંદેશ' નામે એક પત્રિકા છપાવી. એ વખતે પંડિત ગેંદાલાલ દીક્ષિત નામના એક બ્રહ્મચારી દેશભક્તની એમના સાથીઓ સાથે ગ્વાલિયરમાં ધરપકડ થએલી, એથી વિદ્યાર્થીઓમાં ઠીકઠીક જુસ્સો વ્યાપી ગએલો. એમણે ખૂબ ઉત્સાહથી જિલ્લે જિલ્લે એ પત્રિકા પહોંચાડી દીધી. સંયુક્ત પ્રાંતની (આજના ઉ. પ્ર.ની) સરકારે એ પત્રિકા તથા 'અમેરિકાને સ્વતંત્રતા કેમ મળી' એ પુસ્તક બંને જપ્ત કરેલાં.

પં. ગેંદાલાલ શિક્ષક હતા. એમણે 'શિવાજી સમિતિ' રચીને થોડાક યુવાનો ને ડાકુઓને સંગઠિત કર્યા હતા. એ કાળે બંગાળમાં યે ક્રાંતિકારી આંદોલન જોરમાં હતું. ગેંદાલાલનું દળ એથી સ્વતંત્ર હતું. રામપ્રસાદ આ દળમાં જોડાયા. ગેંદાલાલની ધરપકડ પછી એમને છોડાવવા પંદર વિદ્યાર્થીઓને લઇને રામપ્રસાદે પોતાની જ જવાબદારી પર પહેલી ધાડ પાડી.



'સર ફરોશાને વતન ફિર દેખ લો મકતલ મેં હૈ,
મુલ્ક પર કુરબાન હો જાને કા અરમાં દિલ મેં હૈ.
તેગ હૈ જાલિમ કી યારો ઔર ગલા મજલૂમ કા,
દેખ લેંગે હૌસલા કિતના દિલે કાતિલ મેં હૈ.
સોરે મહશર ભી હૈ બરપા માર કા કે ધૂમ કા,
વલવલે જોશે શહાદત હર રગે 'બિસ્મિલ' મેં હૈ.'

"**આ**જ ૧૬મી ડિસેમ્બર ૧૯૨૭ના દિવસે આ પંક્તિઓ ટાંકી રહ્યો છું, ત્રણ દિવસ પછી, એટલે કે ૧૯મી તારીખે સોમવારે સવારે સાડા છ વાગ્યે આ દેહને ફાંસી પર લટકાવવાનો હુકમ અપાઈ ગયો છે."

જેલની એક કાળકોટડીને અજવાળવા તેલનું કોડિયું ટમટમી રહ્યું છે. બહાર પહેરો ભરતા સંત્રીનાં ભારે પગલાંનો અવાજ આવી રહ્યો છે. ઝનઝનઝન તમરાં બોલી રહ્યાં છે. ઝરઝર રાત વીતી રહી છે. ત્યારે સર સર સર દોડતી કલમે એક ક્રાંતિવીરના આ શબ્દો આકાર લઈ રહ્યા છે:

"મા! આ સંસારમાં મને કોઈ પણ જાતના ભોગવિલાસની કે ઐશ્વર્યની કામના નથી. એકમાત્ર ઇચ્છા એ છે કે એક વખત શ્રદ્ધાપૂર્વક તારાં ચરણોની રજ માથે ચડાવી હું મારા જીવનને સાર્થક કરી લઉં. પરંતુ એ ઇચ્છા પૂરી થાય એ પહેલાં તો તને મારા મૃત્યુના દુ:ખદ સમાચાર સાંભળવા મળશે. મા! તારો આ પુત્ર માતાઓની માતા—ભારતમાતાની મુક્તિ કાજે આઝાદીની વેદી પર બલિ બની ગયો હશે. તેણે તારી કૂખને લજવી નથી એમ સમજી તું ધૈર્ય ધરશે એવી મને શ્રદ્ધા છે. મને ખાતરી છે કે જ્યારે સ્વતંત્ર ભારતનો ઇતિહાસ લખાશે ત્યારે તેના કોઈ એકાદ પૃષ્ઠ પર તારું નામ પણ સુવર્ણાક્ષરે જરૂર લખાશે.

મારી જન્મદાત્રી! મને આશિષ આપજે કે છેલ્લી પળે પણ મારું હૃદય કોઈ રીતે વિચલિત ન થાય અને હું મનોમન તારાં ચરણમાં પ્રણામ કરતો અને પરમાત્માનું સ્મરણ કરતો આ દેહનો ત્યાગ કરું."

જેના ત્યાગ અને બલિદાનને આપણે ક્યારે ય ન ભૂલીએ એ અમર શહીદ પંડિત રામપ્રસાદ 'બિસ્મિલ'ની આ એક અંતિમ ઇચ્છા હતી.

આ ધાડ માટે એમણે પૂરી યોજના વિચારી લીધી હતી. મિત્રના લગ્નમાં જવાના બહાના તળે એમણે એક દિવસને માટે પિતાજી પાસેથી ગાડી માગી લીધી હતી. મુરલીધરને પુત્રના કાવતરાની જરા સરખી યે ગંધ નહોતી. ગાડી મળી એટલે સાંજના ઊપડયા. થોડી રાત વીત્યે એક

જણને ગાડી સોંપી બાકીના સૌ સાથે તેઓ પગપાળા ઊપડ્યા. ગામમાં ધાડ પાડી તેઓ માલ એકઠો કરે ત્યાં સુધીમાં ધીરે ધીરે ગાડી આવી પહોંચે અને બધી લૂટ એમાં ભરી સૌ રાતોરાત ગાડીમાં પાછા ભાગી નીકળે એવી યોજના હતી.

ગામ નાનું હતું એટલે સમીસાંજમાં સોપો પડી ગયો હતો. ગામમાં દાખલ થઈ અગાઉથી નક્કી કરેલા એક માલદારના મકાન પાસે સૌ પહોંચી ગયા. રામપ્રસાદે ત્રણ વિદ્યાર્થીઓને એ ઘરના છાપરે ચડી અંદરથી બારણું ખોલી નાખવા મોકલ્યા. કાચી ઉંમરના વિદ્યાર્થીઓ છાપરે તો ચડી ગયા, પણ અંદર કૂદી પડવાની હિંમત ચાલી નહિ. રામપ્રસાદે એમને જરા ધમકાવીને વાર ન કરવા આજ્ઞા કરી, પણ છતાંય ત્રણમાંથી કોઈ ચસક્યું નહિ ત્યારે રામપ્રસાદે ગોળી છોડીને એક જણનો સાફો ઉડાડી દીધો. અને ત્રણ જણે આઘુંપાછું જોયા વિના કૂદી પડીને અંદરથી બારણું ઉઘાડી નાખ્યું.

રામપ્રસાદ સૌને જુદું જુદું કામ સોંપી પોતે છાપરા પર ઊભા રહી ચોકી કરવા લાગ્યા. પણ આ દરમિયાન ગામલોકોને ખબર પડી ગઈ અને સૌ એકઠા થઈ ગયા ને પથ્થરનો વરસાદ વરસાવવા લાગ્યા. વિદ્યાર્થીઓ તો આથી ગભરાઈ જ ગયા, પણ રામપ્રસાદે એમને એમનું કામ જારી રાખવાનું કહેવા સાથે જો કોઈ પોતાની જગ્યાએથી છટકે તો એને ગોળીએ દઈ દેવાની ધમકી આપી, અને પછી ગામલોકોને પણ ચેતવ્યા કે 'ઈંટો ફેંકવી બંધ કરો, નહિતર ગોળીએ વીંધાઈ જશો.' પણ ઈંટોનો મારો ચાલુ રહ્યો, એટલું જ નહિ પણ એક ઈંટ રામપ્રસાદની આંખ પાસે વાગીને લોહીની ફૂટ થઈ. પણ એથી ન ગભરાતાં એમણે હવામાં એકબે ગોળીબાર કર્યા એટલે ઈંટો આવવી બંધ પડી ગઈ. અંતે કામ પૂરું કરી, માલ લઈ તેઓ સફળતાથી ગામ બહાર નીકળી ગયા.

આમેય વિદ્યાર્થીઓને સફરનો થાક તો લાગ્યો જ હતો. એમાં આ લૂટ પછી એમના પગ ઢીલા પડી ગયા. રસ્તામાં એક વિદ્યાર્થી થાકથી લોથપોથ થઈ પડી ગયો. જરા વારે ભાનમાં આવતાં એણે કહ્યું: 'મારામાં ચાલવાની શક્તિ નથી. તમે સૌ મારે સારુ તમારો જાન જોખમમાં શા માટે નાખો છો! તમે મને છોડીને આગળ વધો. સાથે મારું માથું વાઢીને લેતા જાઓ એથી મને કોઈ ઓળખી શકશે નહિ અને તમે બધા સલામત રહી શકશો.' આ સાંભળી સૌ ગળગળા થઇ ગયા. આંખ પાસે વાગવાથી ભારે દર્દ થતું હોવા છતાં રામપ્રસાદે પેલા વિદ્યાર્થીને પોતાના ખભા પર ઊંચકી લીધો અને જ્યાં ગાડી લાવી રાખવાનો સંકેત હતો ત્યાં સુધી ઉપાડી લાવ્યા. ત્યાર પછી તો સગવડ હતી એટલે સૌ ગાડીમાં બેસી શહેરમાં પહોંચી ગયા ને પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. બીજે દિવસે પિતાએ આંખ પરનો ઘા જોઈ પૂછ્યું તો બળદોએ તોફાન કરતાં ગાડી ઊંધી વળી જવાથી વાગેલું એમ કહી રામપ્રસાદ છટકી ગયા.

આ જ અરસામાં દિલ્હીમાં કોંગ્રેસની બેઠક મળી. સૌએ નક્કી કર્યું કે યુ. પી. સરકારે જપ્ત કરેલી ચોપડીઓ એ વખતે વેચી નાખવી. પૅન્ડૉલની બહાર યુવાનો 'અમેરિકાને સ્વાતંત્ર્ય કેમ મળ્યું?'ની બૂમો પાડતા છડેચોક પેલું જપ્ત થએલું પુસ્તક વેચવા લાગ્યા. થોડી જ વારમાં છૂપીપોલીસના માણસોએ આખા કૅમ્પને ઘેરી લીધો. સામે જ આર્યસમાજની છાવણી હતી ત્યાં એક તંબૂમાં એ ચોપડીની ૨૦૦ જેટલી નકલો પડી હતી. રામપ્રસાદ તુરત ત્યાં પહોંચી જઈ, એક ઓવરકોટમાં એનાં બંડલ સંતાડી પોલીસની સામેથી જ બેધડક બહાર નીકળી ગયા.

દિલ્હીથી પાછા ફર્યા ત્યારે ખબર પડી કે પં. ગેંદાલાલના 'માતૃવેદી' નામના પેલા ગુપ્ત સંગઠનમાં જે જે માણસો જોડાએલા હતા તે બધાની પોલીસ તપાસ કરી રહી હતી. રામપ્રસાદના નામનું પણ વૉરંટ હતું, એટલે એમણે તુરત જ શાહજહાંપુર છોડી દીધું અને ગુપ્ત વેશે એક ગામડામાં રહી ખેતમજૂરી કરવા લાગ્યા. આ અજ્ઞાતવાસ દરમિયાન માતાપિતાએ ઠીકઠીક સહાય કરી, પણ બીજી બાજુ સરકારે મુરલીધરને ચેતવણી આપી કે તમારા પુત્રને પકડવા માટે જે ખર્ચ થઈ રહ્યું છે એ બધું તમારી બધી મિલકત હર્રાજ કરીને વસૂલ કરવામાં આવશે. આથી ગભરાઇને પિતાએ બે હજારનું મકાન આઠસો રૂપિયામાં વેચી નાખ્યું ને બીજી ઘરવખરી તથા સરસામાન પણ સસ્તામાં કાઢી નાખી તેઓ શાહજહાંપુર છોડી ગયા. આમ, ઘેરથી મળતી મદદ બંધ થતાં રામપ્રસાદ વધુ મુશ્કેલીમાં મુકાઈ ગયા. મિત્રો પાસેથી ક્વચિત બે-ચાર રૂપિયા મળી જતા તો એમાંથી ચણા ખાઇને દિવસો કાઢતા. આખરે લાચાર થઇને એમણે પોતાની પ્રિય રીવૉલ્વર અને બંદૂક પણ વેચી નાખી. એ પછી કંઈક આવકની આશાથી અને સાથોસાથ ક્રાંતિના વિચારો પ્રસારવાના હેતુથી એમણે એક બંગાળી પુસ્તક 'નિહિલિસ્ટ રહસ્ય'નો હિંદીમાં 'બોલ્શેવિકોં કી કરતૂત' નામે અનુવાદ કર્યો.

આ અનુવાદ વિષે તેઓ લખે છે: 'જે રીતે આ અનુવાદ મેં કર્યો છે તેનું સ્મરણ થતાં હસવું આવી જાય છે. ઘણી વાર ગાયભેંસ વગેરે ઢોર ચારવા હું લઈ જતો ત્યારે મારે તદ્દન નવરા જ બેસી રહેવાનું હતું, એટલે હું સાથે જ મૂળ પુસ્તક અને કાગળ-પેન્સિલ લઈ જતો અને ઢોર ચરતાં હોય ત્યારે એક ઠેકાણે બેસી અનુવાદ કરતો. ઢોર બહુ દૂર ચાલ્યાં જાય તો ઊઠીને એમને પાછાં વાળી લાવતો ને પછી પાછો લખવા બેસી જતો. વચ્ચે થોડો વખત એ તરફ એક સાધુની ઝૂંપડી હતી ત્યાં પહોંચી જતો ને લખતો. આખો દિવસ વગડામાં રહેવાનું હોઈ ખાવાનું પણ ત્યાં જ કરી લેતો. સાથે થોડો લોટ રાખતો, ને ઈચ્છા થાય ત્યારે મંગાળો માંડી જાતે ખાવાનું બનાવી લેતો. પરંતુ આ લેખનમાં નફો તો બાજુએ રહ્યો, પણ ગાંઠના પાંસસો જેટલા રૂપિયા યે ખોવા પડ્યા!

પણ આ મુશ્કેલી જારી હતી એવામાં બધા રાજદ્વારી કેદીઓને છોડી મૂકવામાં આવ્યા. રામપ્રસાદ પરનું વૉરંટ પણ પાછું ખેંચી લેવાયું અને તેઓ બેધડક શાહજહાંપુર પાછા ફર્યા. પણ રોટીનો પ્રશ્ન સામે ઊભો હતો. એ માટે એક વણકર પાસે તેઓ વણાટકામ શીખવા લાગ્યા. પેલો જોકે પૂરું કામ શીખવતો નહોતો, છતાં તે થોડુંઘણું વણતાં શીખી ગયા. એવામાં એક કારખાનામાં વ્યવસ્થાપકની જગ્યા ખાલી પડી. પણ એ માટે ૫૦૦ રૂપિયાની જામીનગીરી આપવાની મુશ્કેલી હતી, અંતે એક મિત્રની સહાયથી નોકરી મળી ગઈ ને ઘરની હાલત કંઈક ઠીક થવા લાગી.

કામની સાથોસાથ રામપ્રસાદે ફરી કલમ ચલાવવા માંડી. રશિયાની એક ક્રાંતિકાર નારી 'કૅથરીન' અને 'સ્વદેશી રંગ' વિષે બે પ્રચારલક્ષી પુસ્તકો એમણે લખ્યાં. આ સિવાય 'ક્રાંતિકારી જીવન' નામે એક પુસ્તક પણ એમણે લખી રાખેલું. પણ કોઈ પ્રકાશક તે છાપવાની હિંમત કરી શક્યો નહિ. છેવટે એમણે 'રામ' અને 'અજ્ઞાત' એવાં ઉપનામથી જુદા જુદા લેખોના રૂપમાં એ છપાવ્યું, જેને વિષે ત્યારે ખૂબ જ ચર્ચા ચાલી હતી. ગણેશશંકર વિદ્યાર્થી દ્વારા સંપાદિત 'પ્રભા' નામની પત્રિકામાં પણ એમણે ઘણા લેખો લખ્યા હતા. ગેંદાલાલ દીક્ષિતના ત્યાગી જીવનનો ખરો ખયાલ પણ એમણે જ પોતાના લેખો દ્વારા લોકોને આપેલો.

એ કાળે ક્રાંતિકારીઓને મન ક્રાંતિકારી જીવન એક પ્રકારની યોગસાધના જેવું હતું. ક્રાંતિકારી યુવકો વિવેકાનંદ, અરવિંદ ઘોષ ને લોકમાન્ય તિલકના લેખો વાંચ્યા કરતા. રામપ્રસાદે પણ અરવિંદ ઘોષના પુસ્તક 'યૌગિક સાધના'ને હિંદીમાં ઉતાર્યું હતું. એક પ્રકાશકને તે છાપવા માટે આપેલું, પણ થોડા દિવસો પછી એ પ્રકાશક જ ધંધો બંધ કરી ક્યાંક ચાલ્યો ગયો—અને સાથે પેલો અનુવાદ પણ! 'બોલ્શેવિકોં કી કરતૂત' તથા 'મન કી લહરેં'ની થોડી નકલો વધી હતી તે રામપ્રસાદે કલકત્તાના એક વિક્રેતા દીનાનાથને મોકલેલી, તે પણ એ મહાશય બધી જ હડપ કરી ગયા! રામપ્રસાદે નોટીસ આપી અને પછી એની સામે ચારસો રૂપિયાનું હુકમનામું પણ મેળવ્યું, પણ તે દરમિયાન દીનાનાથ ક્યાંક છટકી ગયો. આમ લેખન-પ્રકાશનનો રામપ્રસાદને બહુ સારો અનુભવ ન થયો.

આ દરમિયાન એમણે નોકરી છોડી રેશમી કાપડ વણવાનું સ્વતંત્ર કારખાનું ચાલુ કરેલું. તેમાં સારી સફળતા પણ મળી. પરંતુ અંગ્રેજી સત્તા નાબૂદ કરવાની પેલી પ્રતિજ્ઞા તેઓ ભૂલ્યા નહોતા. દેશની દુર્દશાનો વિચાર એમને સતાવતો રહેતો; અને એટલે જ ઉત્તર પ્રદેશમાં ફરી એક ક્રાંતિકારી સંગઠન ઊભું થયાની જાણ થતાં જ તેમણે એમાં ઝંપલાવ્યું.

એ જ અરસામાં ગાંધીજીના અસહકારના આંદોલનનો આરંભ થએલો. બધા ક્રાંતિકારીઓ દેશહિતની આ નવતર લડતના પ્રભાવને પોતાની પ્રવૃત્તિઓ થંભાવીને નીરખી રહ્યા હતા. પરંતુ ચૌરીચૌરાના હિંસક કાંડથી ગાંધીજીએ આંદોલન પાછું ખેંચી લેતાં તુરત સૌ ઉદ્દામવાદીઓ ફરીસંગઠનમાં લાગી ગયા. શચીન્દ્રનાથ સન્યાલના નેતૃત્વમાં ઉત્તર ભારતમાં ફરી ક્રાંતિદળ ઊભું થઈ ગયું. પોતાના સાથી અશફાકુલ્લા ખાં, રોશનસિંહ, પ્રેમકૃષ્ણ ખન્ના વગેરેની સાથે રામપ્રસાદ પણ એમાં જોડાઈ ગયા. હથિયારોની પરખ ને એ ચલાવવાની આવડત તથા ધાડ પાડવાના એમના અનુભવોને કારણે થોડા જ સમયમાં તે એ નવા હિંસક વિભાગના નેતા બની ગયા. 'હિંદુસ્તાન રીપબ્લિક એસોસીએશન' નામના એ દળનો ઉદ્દેશ દેશમાં 'ધર્મનિરપેક્ષ, વર્ગ વિહીન સમાજવાદી પ્રજાતંત્ર' સ્થાપવાનો હતો. સુરેશચંદ્ર ભટ્ટાચાર્ય, દામોદરસ્વરૂપ શેઠ, રાજેન્દ્રનાથ લાહિડી, વિષ્ણુશરણ દુબલિસ વગેરે અન્ય મુખ્ય સભ્યો હતા. દળની પ્રવૃત્તિ અંગેના બધા નિર્ણયો એક કેન્દ્રીય પરિષદ કરતી હતી.

પણ આ નવા દળની યે આર્થિક સ્થિતિ તો કફોડી જ હતી. આ ગાળામાં ગુપ્ત રીતે પરદેશથી કેટલાંક ભારે કિંમતનાં સારાં હથિયારો આવેલાં. ક્રાંતિકારીઓને તે બહુ જ ઉપયોગી હતાં. પણ અન્નવસ્ત્રનાં યે જ્યાં સાંસાં હતાં ત્યાં એ હથિયારો કેમ ખરીદવાં? કોઈ પણ રીતે પૈસા મેળવ્યા સિવાય છૂટકો જ નહોતો. શરૂમાં થોડી ધાડ પાડી જોઈ, પણ અનુભવે જણાયું કે એમાં ક્યારેક નિરર્થક જાનહાનિ થતી ને જહેમતના પ્રમાણમાં ખાસ કંઈ ધન મળતું નહિ. વળી, આ પ્રવૃત્તિથી બીજા કેટલાક લૂટારુ વૃત્તિના માણસોને પણ ઉત્તેજન મળતું ને પરિણામે ક્રાંતિકારીદળ વિષે સામાન્ય જનસમાજમાં ગેરસમજ ફેલાવાનો ભય રહેતો. એટલે એ માર્ગ પડતો મૂકવામાં આવ્યો.

થોડો સમય તો ક્રાંતિદળની પ્રવૃત્તિ સ્થગિત થઈ ગઈ. પરિણામે એમની સ્થિતિ પણ કથળતી ગઈ અને નાણાંની ખેંચ વધતી જવાથી સૌ સમસમીને બેસી રહ્યા હતા. એવામાં દળના નેતા રામપ્રસાદને એકાએક લોકોના બદલે સરકારી ખજાના પર જ હાથ મારવાનો વિચાર સ્ફૂર્યો! એ માટે એક ગુપ્ત બેઠક મળી ને તેમાં એમના પ્રસ્તાવ પર લાંબી ચર્ચા બાદ રામપ્રસાદના વિચારને અનુમોદન આપવામાં આવ્યું. આ કામ પાર પાડવાના નેતૃત્વમાં અશફાકુલ્લાખાં, રાજેન્દ્ર લાહિડી, મન્મથનાથ ગુપ્ત, શચીન્દ્ર બક્ષી, મુરારિ શર્મા, મુકુન્દીલાલ, બનવારીલાલ અને કેશવ ચક્રવર્તી વગેરેને ચૂંટવામાં આવ્યા. પં૰ ગેંદાલાલની ધરપકડ પછી ફક્ત ઓગણીસ વર્ષની વયે રામપ્રસાદે વિદ્યાર્થીઓનો સાથ લઈ જે પહેલી ધાડ પાડેલી ત્યારથી એમની આવા કાર્યમાં નેતૃત્વ કરી શકવાની લાયકાત અંગે યુવાન ક્રાંતિકારીઓમાં પૂરી શ્રદ્ધા બેસી ગઈ હતી અને એટલે આવે પ્રસંગે એમનું નેતૃત્વ નિશ્ચિત થઈ ગયું હતું.

નવમી ઑગસ્ટ ૧૯૨૫ના દિવસે સહરાનપુરથી એક ટ્રેઈન લખનૌ જવા ઊપડી. ગાડીમાં સરકારી તિજોરી ઉપરાંત એક બીજી પણ તિજોરી હતી અને તે બંનેની સલામતી માટે હથિયારબંધ પોલીસો અને બે ગોરા મેજર પણ સાથે હતા. ગાડી શાહજહાંપુર પહોંચી ત્યારે ત્યાંથી દસેક પ્રવાસીઓ તેમાં ચડ્યા. સાંજ થવા આવી. ઝરમર ઝરમર વરસાદ પણ વરસતો હતો. કાકોરી સ્ટેશન આવ્યું ત્યાં થોડી મિનિટો થોભીને ગાડી આગળ ચાલી. લખનૌ હવે બહુ દૂર નહોતું. કાકોરીથી થોડે દૂર ગાડી પહોંચી ત્યાં અચાનક બીજા વર્ગના ડબામાંથી સાંકળ ખેંચાઈ. ગાડી ઊભી રહી ગઈ. એકાએક શું થયું તે જોવા ડબ્બામાંથી લોકો ડોકિયાં કરવા લાગ્યા. એમણે જોયું કે ગાડીની બંને બાજુએ અને બંને છેડે હાથમાં ભરી પિસ્તોલે ચાર જણ ઊભા હતા ને બૂમ પાડીને કહી રહ્યા હતા: 'કોઈ ગાડીમાંથી નીચે ઊતરશો નહિ. ઊતરશે તે જાનથી જશે. અમારે લોકોને લૂટવા નથી, માત્ર સરકારી તિજોરી જ લૂટવી છે!' આ ચેતવણી સાથે તેઓ થોડીથોડી વારે ધાક બેસાડવા હવામાં ગોળીબાર કરતા જતા હતા.*

ચાર જણ આમ ચોકી કરી રહ્યા હતા ત્યારે બીજી તરફ ગાડી ઊભી રહેતાં જ બે માણસોએ ગાર્ડના ડબ્બા પાસે પહોંચી જઈ, પિસ્તોલ બતાવી એને જમીન પર ઊંધે મોંએ સૂઈ જવાની ફરજ પાડી હતી. દળના બીજા સભ્યોએ સરકારી તિજોરી ડબ્બામાંથી બહાર કાઢી નાખી એને તોડવા છીણી હથોડા લઈ મચી પડ્યા. પણ ધાર્યા કરતાં યે એ તિજોરી વધુ મજબૂત નીકળી. સમય પસાર થતો જતો હતો ને યુવાનો વધુ ને વધુ ઉતાવળા થતા જતા હતા. બહુ મહેનત છતાં યે તિજોરી તૂટતી નથી એ જોઈ અશફાકુલ્લાખાંએ પોતાની પિસ્તોલ એક સાથીદારના હાથમાં આપીને પોતે હથોડો ઉપાડ્યો. એમના મજબૂત હાથના ધડાધડ ઘા પડતાં આખરે તિજોરીમાં બાકોરું પડ્યું. તુરત જ અંદરથી એક પછી એક રૂપિયા ભરેલી ચામડાની થેલીઓ બહાર કાઢી, ચાદરમાં નાખી, ત્રણ જુદીજુદી ગાંસડી બાંધી દીધી. પંદર-વીસ મિનિટમાં તો આ બધું કામ પતી ગયું. ગાર્ડને છૂટો કરવામાં આવ્યો અને ક્રાંતિકારીઓ પેલા રૂપિયાનાં પોટલાં લઈ ખેતરોમાં થઈ નાસી ગયા. લખનૌ ત્યાંથી બહુ દૂર નહોતું. વરસતા વરસાદે આડે માર્ગે થઈ સૌ ઝપાટાબંધ ત્યાં પહોંચી ગયા ને યોજના મુજબ છૂટાછવાયા વિખેરાઈ ગયા.

કાકોરીની ધાડથી પોલીસતંત્ર એકદમ સચેત થઈ ગયું. લૂટની તપાસ માટે એક ખાસ અમલદારની નિમણૂક થઈ. સંખ્યાબંધ સ્થળે તપાસ કરતાં કરતાં દોઢ મહિને પોલીસ પાસે પૂરતી માહિતી આવી રહેતાં, છૂપી પોલીસના ખાસ અમલદાર મિ. હાર્ટને બનારસ, અલ્લાહાબાદ, કાનપુર, લખનૌ, શાહજહાંપુર, મેરઠ, આગ્રા વગેરે શહેરોમાં એકસામટા દરોડા પાડી ચાળીસેક જણાની ધરપકડ કરી.

ધીરેધીરે વધુ બાતમીઓ એકઠી થતાં તેના આધારે અંતે રામપ્રસાદ બિસ્મલની ગિરફતારીની તૈયારીઓ થવા લાગી. આની જાણ થતાં કેટલાક મિત્રોએ રામપ્રસાદને ચેતવી દીધા, પણ એમને વિશ્વાસ હતો કે જો એમની ધરપકડ થશે તો યે એમની વિરુદ્ધ કોઈ પુરાવા હાથ લાગશે નહિ.

એક દિવસ પરોઢે નિત્યકર્મથી પરવારી રામપ્રસાદ પૂજાપાઠની તૈયારી કરતા હતા. ત્યાં બારણાં ખખડ્યાં. તે સમજી ગયા કે પોલીસ આવી ગઈ પણ તે નિશ્ચિંત હતા. બારણું ખોલતાં જ અમલદારે એમને ગિરફતાર કર્યા. ઘરની જડતી લેવામાં આવી, પણ કંઈ વાંધાવાળું મળ્યું નહિ. એમનાં પોતાનાં ખિસ્સાં પણ તપાસાયાં અને એમાંથી એક પત્ર હાથ લાગ્યો.

આગલે દિવસે જ એમણે ત્રણચાર પત્રો લખેલા, પણ ટપાલ નીકળી ગઈ હોઈ એ પત્રો ખિસ્સામાં જ રાખેલા. આમાંનો એક કાગળ ગોઝારો નીવડ્યો. પોલીસની સાથે જતાં પહેલાં રામપ્રસાદે પિતાની ચરણરજ લઈ કહ્યું: 'પિતાજી, મને ક્ષમા કરજો.' માતાના પગ પર માથું રાખી બોલ્યા: 'મા, હું તમારી કંઈ સેવા કરી શક્યો નથી. તમે શાંતિ રાખજો.' નાના ભાઈ સુશીલચંદ્રને ભેટીને કહ્યું: 'હું જાઉં છું. પાછો આવું કે ન પણ આવું. દેશસેવા માટે મારે ભલે પ્રાણ આપવા પડે, પણ મારું કાર્ય તો

* ક્રાંતિકારીઓનો ઈરાદો કોઈનું ય ખૂન કરવાનો ન હતો, પણ છતાં બહાર જ્યારે તેઓ હવામાં ગોળીબાર કરી રહ્યા હતા ત્યારે બાજુના એક ડબ્બામાં બૂમો પાડતી પોતાની પત્ની પાસે જવા એક માણસ ડબ્બાની બહાર નીકળ્યો. અકસ્માત એને ગોળી વાગતાં એ ઘાયલ થયો. પાછળથી એનું મૃત્યુ થએલું.



કાકોરી કાવતરા કેસના અન્ય મુખ્ય આરોપીઓ. એમાં પહેલા ત્રણ–અશફાકુલ્લાખાં, રાજેન્દ્ર લાહિડી અને રોશનસિંહને રામપ્રસાદ બિસ્મિલ-ની સાથે ફાંસીની સજા થએલી. ચોથા મન્મથનાથ ગુપ્તને ૧૫ વર્ષની કેદની (અને જેનું ચિત્ર અહીં નથી આપી શકાયું તે શશીન્દ્રનાથને કાળા-પાણીની) સજા થએલી. છેલ્લા ચંદ્રશેખર આઝાદ પણ આ મુકદ્દમાના એક મુખ્ય આરોપી હતા પણ તેઓ પોતાના નામ પ્રમાણે ખરેખર જીવનના અંત સુધી 'આઝાદ' રહેલા.

એ જ રહેશે. મોતનો મને ડર નથી, જેલનો પણ નથી. સિંહને જ પિં-જરામાં પૂરવો પડે છે, ગધેડાને નહિ!'

જુદેજુદે સ્થળેથી પકડાએલા બધા આરોપીઓને લખનૌની જેલમાં લાવી, સૌને એકબીજાથી અલગ રાખવામાં આવ્યા, એ રીતે દરેક પાસેથી ફોસલામણી, પટામણી, ડર ને ધાકધમકી વડે ગાડી લૂટવાના કાવતરા અં-ગેની વિગતવાર માહિતી મેળવવાની નેમ હતી, અને એમાંથી કોઈ ફૂટે તો એને તાજનો સાક્ષી બનાવવાનો હતો. સામ, દામ, ભેદ અને દંડની એ નીતિ રામપ્રસાદ પર પણ અજમાવાઈ. પરંતુ ફાંસીની ધમકી યે એમ-ને ચળાવી શકી નહિ. ખુદ જિલ્લા કલેક્ટરે પણ પ્રયત્ન કર્યો, પણ કંઈ કારી ફાવી નહિ. પણ બનારસીલાલ તથા ઈન્દ્રભૂષણ જેવા કાચી હિંમતના યુવાનો પહેલી પરીક્ષામાં જ કથીર નીવડ્યા. ને પોલીસજાળમાં ફસાઈ જતાં તાજના સાક્ષી બની બેઠા. પછી તો શચીન્દ્રનાથ બક્ષી અને અશ-ફાકુલ્લાખાં પણ પકડાઈ ગયા. છૂટા રહ્યા એક માત્ર ચંદ્રશેખર આઝાદ. અને એમના નામ પ્રમાણે તેઓ જીવનના અંત સુધી આઝાદ જ રહેલા.

કલમ ૧૨૧ અ–શહેનશાહની સરકાર વિરુદ્ધ યુદ્ધ જાહેર કરવું, ૧૨૦ બ–રાજદ્રોહ, ૩૦૨–ખૂન તથા ૩૯૬-ધાડ લાગુ કરી દરેક ઉપર અનેક આરોપો મૂકવામાં આવ્યા. સરકાર તરફથી રોજના રૂ. ૫૦૦ના વેતને પં. જગનારાયણ મુલ્લા આ મુકદ્દમો લડતા હતા. ક્રાંતિકારીઓ તરફથી પં. મોતીલાલ નેહરુની અધ્યક્ષતામાં પં. જવાહરલાલ, ગણેશશંકર વિદ્યાર્થી, શિવપ્રસાદ ગુપ્ત, શ્રીપ્રકાશ, આચાર્ય નરેન્દ્રદેવ વગેરેના સહયોગથી એક રાષ્ટ્રીય સમિતિ રચવામાં આવેલી. આરોપીઓ તરફથી કલકત્તાના બૅ-રિસ્ટર બી. એમ. ચૌધરી લડતા હતા અને ગોવિંદ વલ્લભ પંત, ચંદ્રભાણ ગુપ્ત, મોહનલાલ સકસેના વગેરે પ્રખ્યાત વકીલો એમને સહાય કરતા હતા.

ભારતીય ક્રાંતિકારી ચળવળના ઇતિહાસમાં 'કાકોરી કાવતરા કેસ' તરીકે વિખ્યાત એ મુકદ્દમો ચાલુ થયો ત્યારે આરોપીઓને રોજ રોજ મોટરમાં બેસાડી અદાલતમાં લાવવામાં આવતા. એ વખતે હાથમાં પહેરાવેલી બેડીના ઝંકાર સાથે તેઓ દેશભક્તિ ને શહીદીનાં મસ્તીભર્યાં ગીતો લલકારતા આવતા. અદાલતના આંગણે ઊતરતાં 'વંદેમાતરમ્', 'ભારત માત કી જય' કે 'ભારત પ્રજાતંત્ર કી જય'ની જયઘોષણાથી તેઓ વાતાવરણ ગજાવી મૂકતા. અદાલતનું કામ આરંભાય તે પહેલાં ને એ પૂરું થવા પછી 'સર ફરોશીકી તમન્ના અબ હમારે દિલ મેં હૈ' 'મેરા રંગ દે બસંતી ચોલા' જેવા રાષ્ટ્રપ્રેમ ને વીરતાભરેલી ફનાગીરીનાં ગીતો ગાઈ ને તેઓ એકઠા થએલા માનવસમુદાયને પોતાના રંગમાં રંગી દેતા.

બચાવપક્ષમાં નામી વકીલો હોવા છતાં પં. રામપ્રસાદ બિસ્મિલ પોતાનો બચાવ પોતે જ કરતા હતા. કાયદાકાનૂનના શિક્ષણ વિના પણ એમની દલીલો સાંભળી મોટા વકીલો પણ અંજાઈ જતા. ચુકાદો આવતાં પહેલાં એમણે કોર્ટમાં નિવેદન કર્યું : 'જજ સાહેબ, અમે જાણીએ છીએ કે અમને શી સજા મળશે. આજે જે હોઠમાંથી આ શબ્દો નીકળી રહ્યા છે એ હોઠ ફાંસીની સજાથી થોડા દિવસ બાદ સદાને માટે બંધ થઈ જશે તેની પણ અમને જાણ છે. એ એક તદ્દન સાફસાફ હકીકત છે કે અમારું બોલવું, ચાલવું, કામ કરવું, અરે શ્વાસ લેવાનું પણ આ સરકાર-ના હિત વિરુદ્ધનું છે. એટલે ન્યાયના નામે અમારું ગળું દબાવી દેવામાં આવશે. પણ એથી શું? સરકારનો હેતુ શું એ રીતે પાર પડશે? ભારત-માતાની છાતી પર શું આ જ રીતે વિદેશીઓનું તાંડવ ચાલ્યા કરશે? કદાપિ નહિ. ઇતિહાસ એનો સાક્ષી છે. હું મરીશ છતાં સ્મશાનમાંથી બેઠો થઈ ફરી બહાર આવીશ અને માતૃભૂમિનો ઉદ્ધાર કરવા મથીશ.'

અઢાર મહિના એ મુકદ્દમો ચાલ્યો. સેંકડો સાક્ષીઓની જુબાની લેવાઈ ને દિવસો સુધી તેમની ઊલટતપાસ ચાલી. બંને બાજુના વકીલો-એ પોતપોતાના પક્ષે દલીલો કરવામાં કશી મણા રાખી નહિ. છેવટે સુના-વણી પૂરી થઈ. ઈ. ૧૯૨૭ની ૬ઠ્ઠી એપ્રિલે ફેંસલો સંભળાવવાનો હતો ત્યારે, લગભગ સાડા અગિયાર વાગ્યે 'સરફરોશી કી તમન્ના' ગાતા આરોપીઓને અદાલતમાં લાવવામાં આવ્યા. 'વંદેમાતરમ્'ના ઘોષથી અદાલતનો ખંડ ગાજી ઊઠ્યો. અને પછી ફેંસલો સાંભળવા સૌ શાંતિથી ઊભા રહ્યા. ત્યારે એમના કોઈના યે ચહેરા પર વ્યગ્રતા કે ગભરામણ નહોતી; ઊલટું એક પ્રકારનું હાસ્ય ત્યાં ફરકતું હતું.*

સેશન્સ જજે ફેંસલો વાંચવા માંડ્યો. પંડિત રામપ્રસાદ બિસ્મિલ, અશફાકુલ્લાખાં, રાજેન્દ્ર લાહિડી અને રોશનસિંહને ફાંસી; શચીન્દ્ર સન્યાલને કાળા પાણીની અને મન્મનાથ ગુપ્તને પંદર વર્ષની તથા અન્ય આરોપીઓને ઓછીવત્તી કેદની સજા ફરમાવવામાં આવી.

ચુકાદો વંચાઈ રહેતાં ક્રાંતિકારી દળના સૌ સભ્યોએ એક પછી એક આગળ આવીને રામપ્રસાદની ચરણરજ માથે ચડાવી. એ જ રીતે પછી ફાંસીની સજા પામેલા અશફાકુલ્લાખાં, રાજેન્દ્ર લાહિડી ને રોશનસિંહને પણ પ્રણામ કર્યા. દોઢદોઢ વરસના સાથે ગાળેલા જેલવાસ પછી આજે

---

* કાકોરી કાવતરા કેસ અઢાર મહિના ચાલ્યો તે દરમિયાન ક્રાંતિકારી-ઓ માટે રાજદ્વારી કેદીઓને મળતી સગવડો મેળવવા તે બધા આરોપીએ સોળ દિવસ ઉપવાસ પર ઊતરેલા. છેવટે સરકારે નમતું જોખ્યું, પણ તેમાં એણે ફૂટનીતિ અપનાવી હતી, જેની ખબર તો પછીથી પડી. આ-રોપીઓને જે અમુક વિશેષ સગવડ અપાઈ હતી તે મેડિકલ ગ્રાઉન્ડ પર આરોગ્ય સંબંધી અપાઈ હતી. મુકદ્દમો પૂરો થતાં આરોપીઓને અલગ-અલગ જેલમાં મોકલી દેવામાં આવ્યા ત્યારે, એ સહાયનું કોઈ કારણ નથી રહેતું એવા બહાના તળે એ બંધ કરી દેવામાં આવી, પરિણામે ફરી ભૂખ હડતાલ પડી જેમાં જતીન દાસ શહીદ થયા.

હવે એમને જુદા પડવાનું હતું. દરેકના હૃદયમાં ભાવનાનાં પૂર ચડયાં હતાં. સૌ એકબીજાને પ્રેમથી ભેટયા અને અદાલતની બહાર નીકળતાં સૌએ એક સાથે છેલ્લીવાર 'વંદેમાતરમ્'નો બુલંદ જયઘોષ કર્યો. બહાર નીકળતી વખતે સૌથી આગળ ચાલતા રામપ્રસાદ 'હૈ ફનાજિસ પે કો હમ તૈયાર થે મર જાનેકો'ના ક્રાંતિગીતની લીટીઓ લલકારતા હતા. 'વંદેમાતરમ્' અને 'ભારતમાતા કી જય'ના નાદથી વાતાવરણ ગાજી રહ્યું.

'દરો દીવાર મે હસરત સે નજર કરતે હૈં,
ખુશ રહો અહલે વતન હમ તો સફર કરતે હૈં'.

ગાતાં સૌએ જનમેદનીની વિદાય લીધી.

દેશભરમાં આ ફેંસલાથી ખળભળાટ મચી ગયો. જનતાએ ફાંસીની સજા રદ કરાવવા વિરાટ આંદોલન ઉપાડયું. પ્રાંતીય ધારાસભાના તમામ સભ્યોએ આરોપીઓની યુવાન વયને ધ્યાનમાં લઈ સજા ઘટાડવા માટે ગવર્નરને પ્રાર્થનાપત્ર મોકલ્યો. ૨૯મી ઑક્ટોબરે પ્રાંતીય ધારાસભાની બેઠકમાં પં. ગોવિંદવલ્લભ પંતે આ અંગે સરકારની ખૂબ ઝાટકણી કાઢી. અપીલો થઈ; ગવર્નર ને વાઈસરૉય જ નહિ, છેક સમ્રાટ પંચમ જ્યૉર્જ સુધી પ્રાર્થનાપત્રો પહોંચાડાયાં હતાં. બબ્બે વખત ફાંસીની તારીખ પાછી ઠેલાઈ હતી. પણ અંતે સરકાર અવિચળ જ રહી. છેવટ ૧૯મી ડિસેમ્બરે એ ચાર સરફરોશ દેશભક્તોને ફાંસીએ ચડાવવાનું નિશ્ચિત થયું.

પરંતુ એ અંતિમ દિવસ સુધી પં. રામપ્રસાદે જેલમાં એક બીજું પણ અણમોલ કાર્ય કર્યું હતું. એ છે પોતાની આત્મકથા. એક સહૃદયી વૉર્ડરની સહાયથી એ આત્મકથા જેલ બહાર ગણેશશંકર વિદ્યાર્થી સુધી પહોંચી ગઈ હતી. એમણે એ પુસ્તક પ્રકટ કર્યું કે તુરત જ સરકારે તે જપ્ત કરી લીધેલું. તે પછી બનારસીદાસ ચતુર્વેદીએ અત્યંત શોધખોળ પછી એની એક પ્રત હાથ કરીને ત્રીસ વર્ષ બાદ સ્વાધીન ભારતમાં ઈ. ૧૯૬૨માં તે ફરી પ્રકટ કર્યું. એમના મતે હિંદી ભાષાની એ સર્વશ્રેષ્ઠ આત્મકથા ભાવ અને ભાષાની દૃષ્ટિએ એક અદ્‌ભુત પુસ્તક છે. અન્ય ભારતીય ભાષામાં એ અનુદિત કરવા યોગ્ય પુસ્તકની કમનસીબે ઘણાંને ખબર સુધ્ધાં રહી નથી.

ક્યા હી લજ્જત હૈ કી રગ રગ સે યહ આતી હૈ સદા,
દમ ન લે તલવાર જબ તક જાન 'બિસ્મિલ' મેં રહે!

આવી ખુમારીથી આરંભાતી એ આત્મકથામાં અંતે બિસ્મિલે લખ્યું છે: 'જેલની કોટડીમાં આ અવસર મળી ગયો. મનમાં થયું કે આની તક મળી છે તો લાવ, મારા જીવનની થોડી અંતિમ વાતો લખીને મારા દેશવાસીઓને અર્પણ કરતો જાઉં. સંભવ છે કે મારા જીવનના અધ્યયનથી કોઈનું થોડું હિત થાય.

મહસૂસ હો રહે હૈં બાદે ફના કે ઝોકે,
ખુલને લગે હૈં મુઝ પર ઈસરાર જિંદગી કે;
બારે અલમ ઉઠાયા રંગે નિશાત દેખા,
આયે નહીં હૈ યૂં હી અંદાજ બેહિસી કે.

હવે તો એક જ ઇચ્છા છે.

બહે બહરે ફના મેં જલ્દ યા રબ લાશ બિસ્મિલ કી,
કિ ભૂખી મછલિયાં હૈં જોહરે શમશીરે કાતિલ કી.

ફાંસી પહેલાં થોડા દિવસ અગાઉ એમણે એક મિત્રને પત્ર લખ્યો હતો: '૧૯મી તારીખે જે કંઈ થવાનું છે તે માટે હું બરાબર તૈયાર છું. આ મૃત્યુ શું છે? કેવળ શરીર બદલવાનું જ. મને તો પૂરી શ્રદ્ધા છે કે મારી માતૃભૂમિ અને તેનાં દીનદુઃખિયાંઓની સેવા કરવા માટે હું ફરી ઉત્સાહ ને ઓજસહિત પુનર્જન્મ પામીને આ ભૂમિમાં જ પાછો ફરીશ.'

'યદિ દેશહિત મરના પડે મુજ કો સહસ્રો' વાર ભી,
તો ભી ન મૈં ઈસ કષ્ટ કો નિજ ધ્યાન મેં લાઉં કભી,
હે ઈશ, ભારતવર્ષમેં શત બાર મેરા જન્મ હો,
કારણ સદા હી મૃત્યુ કા દેશોપકારક કર્મ હો,
મરતે બિસ્મિલ, લાહિરી અશફાક અત્યાચાર સે,
હોંગે પૈદા સૈંકડો ઉન કે રૂધિર કી ધાર સે
ઉનકે પ્રબલ ઉદ્યોગ સે ઉદ્ધાર હોગા દેશ કા
તબ નાશ હોગા સર્વથા દુઃખ શોક કે લવલેશ કા.'

ફાંસી મળ્યા પહેલાં રામપ્રસાદ બિસ્મિલનાં માતા જ્યારે એમને મળવા આવ્યાં ત્યારે એમને જોઇને રામપ્રસાદની આંખમાં આંસુ આવી ગયાં. પરંતુ માની આંખોમાં આંસુનું એક પણ બુંદ દેખાતું ન હતું! એમણે મોટે અવાજે કહ્યું: 'હું તો માનતી હતી કે મારો બેટો બહાદુર છે, કે જેના નામથી અંગ્રેજ સરકાર ધ્રૂજે છે! પણ અહીં આવીને જોઉં છું તો તારી દશા કોઈ બીજી જ લાગે છે. જિંદગીભર દેશને માટે આંસુ સારી હવે છેવટે જતાં તું તારી મા માટે રડવા બેઠો છે એ જોઈ મને નવાઈ લાગે છે. તને વીરની માફક હસતાંહસતાં પ્રાણ ન્યોછાવર કરી દેતો જોઈ હું મારી જાતને ધન્ય માનીશ. મારો પુત્ર દેશની આઝાદી માટે પ્રાણ આપી રહ્યો છે એ વાતનો મને પૂરેપૂરો ગર્વ છે. મારું કામ તો તને પાળીપોષીને મોટો કરવાનું હતું. એ પછી તું દેશનો હતો અને એને કામ આવી ગયો. મને એનું લેશમાત્ર પણ દુઃખ નથી!' માતાના આ હિંમતભર્યા શબ્દો સાંભળીને જેલના અમલદારો પણ દંગ થઈ ગયા.

રામપ્રસાદ પણ એ બહાદુર માના જ બેટા હતા. તરત જ તેમણે જવાબ આપ્યો: 'મા, આ આંસુ મોતના ડરતાં નથી, પરંતુ તારા પ્રત્યેની મમતાનાં છે. મા થઇને પણ તું મને સમજી ન શકી. મને મારા મૃત્યુનું જરા પણ દુઃખ નથી. ઘીને અગ્નિ પાસે લાવવામાં આવે ત્યારે એ પીગ-

---

લ ઘુ ક થા

ઉપવાસ

'નિશીથ'

રોજની જેમ એ ઑફિસેથી પાછો ફર્યો ત્યારે, એના મોં પર ઘરે પાછા ફરતાં રોજ જે રાહતનો ભાવ દેખાતો તેને બદલે આજ એ સહેજ ચિંતિત જણાતો હતો. એ શાંત હતો પણ એના ચહેરા પર ઊંડાણોની દુનિયાનાં આંદોલનોનો કંપ વરતાતો હતો. રોજની જેમ જ એ જમવા બેઠો, પણ કોળિયા જાણે ગળે ઊતરતા ન'તા. નિશાએ પૂછ્યું પણ ખરું: 'કેમ, તબિયત બરાબર નથી શું?' તો ય એણે જવાબ ન આપ્યો.

પછી ઘણી વારે એના ચહેરા પર સમાધાનનો કોઈ ભાવ ડોકાયો ને એણે કહ્યું: 'નિશા! કાલે હું નહિ જમું; ઉપવાસ કરીશ.'

નિશા જાણતી હતી—એણે ગાંધીજીની ઉપવાસની ફીલસૂફીનો અર્ક કાઢયો હતો તે: શુદ્ધિ માટે ઉપવાસ. એણે તરત જ પૂછયું: 'પણ કહો તો ખરા, શું થયું?' અને એણે ધીરજપૂર્વક જે વાત કહી સંભળાવી એનો સાર એટલો જ હતો કે ભેટ તરીકે મળતા રૂ. ૩૦૦, જે લાંચનો એક પ્રકાર કહેવાય એમ માનીને, એણે ન લીધા. જરૂરિયાતના પલ્લાની સામે એણે સિદ્ધાંતનું પલ્લું ઝૂકેલું જ રાખ્યું.

વચમાં જ નિશાએ કહ્યું: 'તો તો કાલે મિષ્ટાન્ન કરીને જમીએ!'

પણ એની આંખની સામે માતાની માંદગી, ઘરમાં નવા આવેલા નાનકડા મહેમાનનો ખર્ચો, વધતી જતી મોંઘવારી... જુદાજુદા આકાર લઈ અંધકારની એક દુનિયા રચી રહ્યાં હતાં. જરા રહી એણે ગંભીર સ્વરે કહ્યું: 'નહિ નિશા! એ રૂપિયા ન લીધા પછી ઘેર આવતાં મને બે વાર એવો વિચાર આવ્યો કે એ પૈસા ન લઇને મેં ભૂલ તો નથી કરીને?'

નિશાએ મૂક બની મનોમન ઉપવાસને સંમતિ આપી દીધી!

ળવા માંડે તે જેમ સ્વાભાવિક છે તેમ, બસ, એ પ્રાકૃતિક સંબંધને કારણે તને જોઇને મારી આંખમાં આંસુ આવી ગયાં. બાકી મને કોઈ જાતની બીક નથી, ડર નથી, પશ્ચાત્તાપ નથી. મને મારા મૃત્યુથી પૂરેપૂરો સંતોષ છે, એટલી વાત તને ખાતરીપૂર્વક કહું છું, મા!'

મા-દીકરાનું એ મિલન પથ્થર જેવા હૃદયને પણ પિગળાવી દે તેવું હતું. જેલના અધિકારીઓ પણ પ્રશંસાથી એ જોઈ રહ્યા.

બીજે દિવસે પ્રાતઃકાળમાં વહેલા ઊઠી પ્રાર્થના-પૂજા આદિથી પરવારીને રામપ્રસાદે પોતાના દેશબંધુઓને ઉદ્દેશીને એક પત્ર માતાના સરનામે લખ્યો. એમાં જણાવ્યું: 'જો કોઈના હૃદયમાં જોશ, ઉમંગ કે અરમાન જાગે તો એમને માટે સૌથી સારું એ છે કે ગામડાંમાં જઈ ખેડૂતોની દશા સુધારે. મજૂરોની અને શ્રમજીવીઓની ઉન્નતિ કરવાનો પ્રયત્ન કરે. બની શકે તેટલી આમજનતાને કેળવણી આપે. મારી છેવટની એટલી જ વિનંતી છે કે કોઈ પણ વ્યક્તિને ઘૃણા અથવા ઉપેક્ષાની દૃષ્ટિથી જોવામાં ન આવે, પણ બધાની સાથે પ્રેમભર્યો વર્તાવ રાખવામાં આવે.

મારાં દેશવાસી ભાઈબહેનોને એટલી જ પ્રાર્થના છે કે જો તેમને અમારા ફાંસી ઉપર ચડવાથી જરા પણ દુઃખ થયું હોય તો તેમણે એટલો પદાર્થપાઠ લેવો જોઈએ કે હિંદુ-મુસલમાન બધા એક થાય. આમ જો થશે તો સ્વરાજ્ય દૂર નહિ રહે. નજીકના ભવિષ્યમાં જ અંગ્રેજોને ભારતવાસીઓની માંગણી આગળ માથું નમાવવું પડશે, કારણ કે હિંદુ મુસલમાન એક થાય તો તમામને સ્વરાજ્ય માટે કામ કરવાનો પૂરેપૂરો મોકો મળશે. હિન્દુ મુસ્લિમ એકતા થાય એ જ અમારી અંતિમ ઇચ્છા છે. અમારા મત પ્રમાણે એ જ અમારું સાચું સ્મારક થશે.'

માતાને પત્ર લખ્યા પછી એ બધાં કામથી પરવારી બેઠા ને ફાંસીની રાહ જોવા લાગ્યા. જ્યારે જેલના અમલદારો અને ફાંસીખોરો આવ્યા ત્યારે 'વંદેમાતરમ્' અને 'ભારતમાતા કી જય' કહેતાં જ એ ઊઠીને ઊભા થયા અને જતાંજતાં બોલ્યા:

માલિક તેરી રજા હે ઔર તૂ હી તૂ રહે,
બાકી ન મૈં રહું, ન મેરી આરજૂ રહે.
જબ તક કિ તન મેં જાન રગો મેં લહૂ રહે,
તેરા હી જિક્ર યા તેરી હી જુસ્ત જૂ રહે.

ફાંસીના દરવાજા પાસે પહોંચ્યા ત્યારે એમણે કહ્યું: 'I wish the downfall of the British Empire—હું બ્રિટિશ સામ્રાજ્યનો નાશ ઇચ્છું છું.' પછી ફાંસીના તખ્તા ઉપર ઊભા રહી પ્રાર્થના કર્યા પછી 'ૐ વિશ્વાનિ દેવ સવિતર્ દુરિતાનિ' વગેરે મંત્રનો જપ કરતાં કરતાં ફાંસીને દોરડે લટકી ગયા.

એમને ફાંસી આપવામાં આવી એ વખતે ગોરખપુર જેલમાં કડક જાપ્તો રાખવામાં આવ્યો હતો. ફાંસી અપાયા પછી રામપ્રસાદ બિસ્મિલનું શબ જ્યારે પાછું સોંપવામાં આવ્યું ત્યારે ગોરખપુરની જનતાએ એના પર ફૂલ અને અત્તરનો વરસાદ વરસાવ્યો અને ખૂબ આદરપૂર્વક શહેરના મુખ્ય મુખ્ય લત્તાઓમાં થઈને એમની સ્મશાનયાત્રા કાઢવામાં આવી. એમનાં અંતિમ દર્શન માટે જનસમૂહ પાગલ થઈ પડાપડી કરવા લાગ્યો. રસ્તામાં ઠેરઠેર ફૂલોનો વરસાદ વરસ્યો. ધનિકોએ રૂપિયા લુંટાવ્યા. એમનું પુષ્પાચ્છાદિત શબ જોઈ માતાઓ રડી પડી, વૃદ્ધો ડસકાં ભરવા લાગ્યા, યુવાનોનાં હૃદય આગથી સળગી ઊઠ્યાં. લોકો માટે એ દિવસ મહાશોકનો બની ગયો. રામપ્રસાદની અંતિમ ઇચ્છા મુજબ એમની અંત્યેષ્ટિક્રિયા શહેર બહાર વૈદિક વિધિથી કરવામાં આવી.

ફાંસીના થોડા દિવસ પહેલાં એમણે નીચેનું કાવ્ય લખનૌના 'અવધ અખબાર'માં છપાવ્યું હતું:

મિટ ગયા જબ મિટનેવાલા ફિર સલામ આયા તો ક્યા?
દિલ કી બરબાદી કે બાદ ઉનકા પયામ આયા તો ક્યા?
કાશ અપની જિંદગી મેં હમ યૂં મંજિલ દેખતે,
યૂં સરે તુરબત કોઈ મહશર ખરામ આયા તો ક્યા?
મિટ ગઈ જુમલા ઉમીદેં, જાતા રહા સારા ખયાલ,
ઉસ ઘડી ફિર નામા બર લેકર પયામ આયા તો ક્યા?
એ દિલે નાકામ મિટ જા, અબ તો કૂચે-યાર મેં
ફિર મેરી નાકામિયોં કે બાદ કામ આયા, તો ક્યા?
આખિરી શબ દીદ કે કાબિલ થી 'બિસ્મિલ' કી તડપ
સુબહ દમ ગર કોઈ ભી બાલાએ બામ આયા તો ક્યા?

પં. રામપ્રસાદ બિસ્મિલને ફાંસી મળ્યાના સમાચાર સાંભળી દુઃખના અતિરેકમાં એમની નાની બહેને આત્મહત્યા કરી. પિતા મુરલીધરનું શરીર પણ ભાંગી પડ્યું અને એ હાલતમાં એમનું પણ અવસાન થયું. નાનો ભાઈ અત્યંત બીમાર થઈ ગયો અને ઈલાજ માટે ડૉક્ટરે માગેલા બસો રૂપિયા પણ આપી શકવાની કુટુંબની ત્રેવડ ન હોઈ ચિકિત્સાના અભાવે ક્ષયમાં રિબાઈને એ મૃત્યુ પામ્યો. ગણેશશંકર વિદ્યાર્થી રામપ્રસાદના કુટુંબને મહિને પંદર રૂપિયા મોકલતા તે યે એમનું અવસાન થતાં મળવા બંધ થઈ ગયા. એક નાની બહેન શાસ્ત્રીદેવી વિધવા થતાં પિયરમાં આવીને રહી, તેને યે પથારીવશ માતાની ચાકરી અને કુટુંબના નિભાવ માટે મજૂરી કરવી પડતી. દવાદારૂના પૈસાની તો ઠીક, એક ટંકના ભોજનની પણ ચિંતા રહેતી. શાસ્ત્રીદેવીના પુત્રને ભણાવવા માટે સહાય કરવા રામપ્રસાદનાં માતાએ મોટા નેતાઓને કરેલી વિનતિઓનું પણ કંઈ ફળ મળ્યું નહિ. વિષ્ણુશર્મા જેલમાંથી છૂટી આવ્યા પછી રામપ્રસાદનાં માતાને મળવા ગયા ત્યારે ટાઢીને લીધે તેઓ ધ્રૂજતાં હતાં. વિષ્ણુ શર્માએ પોતાનો કામળો એમને ઓઢાડી દીધો અને પછી યે થઈ શકી તે ચાકરી તેઓ કરતા રહેલા.

ભારત સ્વતંત્ર થયા બાદ રામપ્રસાદનાં માતાને માસિક સાઠ રૂપિયાનું પેન્શન બાંધી અપાયું હતું, જેના પર એમણે સાતઆઠ વર્ષ ગુજારો કર્યો, પણ એમના અવસાન પછી શાસ્ત્રીદેવીની સ્થિતિ કફોડી થઈ ગઈ. એ સમયના પ્રધાનો-ધારાસભ્યોને પુત્રના શિક્ષણ માટે અનેક અરજીઓ કરી, પણ કંઈ વળ્યું નહિ. અને તેઓ પણ આપઘાત કરવા વિચારતાં થઈ ગયાં. પરંતુ એવામાં બનારસીદાસ ચતુર્વેદીને એમના વિષે ખબર પડી ને એમણે ખાસ માણસ મોકલી એમની ભાળ કઢાવી અને પછી લોકોને અપીલ કરીને તથા ઘણી મહેનત કરીને સરકાર પાસેથી એમને માસિક ચાળીસ રૂપિયાનું પેન્શન બંધાવી આપ્યું. હાલ તેઓ મૈનપુર જિલ્લામાં કોસબામાં જીવન ગુજારે છે.

અશ્વિન દેસાઈની વાર્તા

ટેકરીઓ વચ્ચેનું ગામ

અમિતાભે કોઈકને પૂછ્યું: 'અહીંથી પલસાણા કેવી રીતે જવાય?' જવાબમાં તે માણસ અમિતાભને જોઈ રહ્યો.

'મારે પલસાણા જવું છે! અહીં બાજુમાં ક્યાંક પલસાણા કરીને એક ગામ છે ને?' 'કોને ત્યાં જવું છે?' પેલા માણસે શાંતિથી પ્રશ્ન કર્યો.

'ખાસ કોઈને ત્યાં નહિ. જરા ગામમાં જ કામ છે.'

અમિતાભને સ્ટેશનની બહાર દોરી જઈને પેલા માણસે દૂરના રસ્તા તરફ આંગળી ચીંધી: 'ત્યાં જાઓ...કોઈક ગાડું મળી જશે, તો......'

'બસ નથી જતી?' માણસ હસ્યો: 'બસની વાતો પાંચ-છ વરસથી ગામમાં થયા કરે છે ખરી!' 'ઘોડાગાડી?'

'મોડું કરશો તો કદાચ ગાડું મળવામાં પણ તકલીફ થશે!' ઠંડે કલેજે જવાબ આપીને પેલો માણસ હાથ જોડીને ઊભો રહ્યો. અમિતાભ ઝડપથી ચાલી નીકળ્યો. દૂરના ખેતરમાંથી એક ગાડું રસ્તા તરફ આવતું હતું. અમિતાભ ઊભો રહ્યો: 'કાકા, પલસાણા તરફ જાઓ છો?'

કાકાએ બળદના દોર ખેંચ્યા. ગાડું ઊભું રહ્યું.

'કોને ત્યાં જવું છે, ભાઈ?' કાકાની આંખો ફેંટામાં ઝીણી થઈ. અમિતાભ ગાડાની તદ્દન નજીક ગયો. મારું નામ અમિતાભ. પલસાણામાં, ખબર છે, લલ્લુભાઈ મકનજી......?'

'લલ્લુ મકન અંબેટીવાળો?' કાકા એકદમ ઉત્સાહમાં આવ્યા.

'હા. તેમનો હું.........'

'અરે તું જલદી બેસી જા, ભઈલા!' અમિતાભ ચડી ગયો. કાકાએ બળદના દોર ઢીલા મૂક્યા; 'લલ્લુ મકન તો મારો જિગરી! વખત વખતને માન છે, ભાઈ!' તને તો છેક વેંતનો જોએલો!'

'હા, કાકા. વીસેક વર્ષથી તો અમે મુંબાઈ જ છીએ ને!'

'હા. ને તને તો અમે 'અંબુ' કહેતા, ભાઈ!' અમિતાભ હસ્યો. બળદો ઘરે જવાની ઉતાવળ કરતા હતા. 'લલ્લુની તબિયત સારી કે?'

'હા, ઠીક ચાલ્યા કરે. જો કે હવે.........'

'સિત્તેરની લગોલગ!' કાકા અમિતાભ સામું જોઈ રહ્યા, અને 'તમે લોકો પચાસ વરસ કાઢો તો સારુ!' કહી કાકા હસ્યા.

'ખરી વાત છે, કાકા.' અમિતાભ પણ હસ્યો.

'બાને હવે પગે કેમ છે?'

'સારું છે હવે તો. ઑપરેશન કરાવ્યા પછી ઘણો ફરક છે.' ગામ લગભગ આવી ગયું ત્યારે કાકાને યાદ આવ્યું: 'કેમ આવવાનું થયું?'

'પંચાયતની ઑફિસમાં જરા કામ છે. ગામ આવી ગયું?'

કાકા સહેજ નવાઈ પામીને અમિતાભને જોઈ રહ્યા. ચોરા તરફ આંગળી ચીંધી: 'આ આપણો પાદરનો ચોરો! ભૂલી ગયો, કેમ?' અમિતાભ શરમથી સહેજ હસ્યો અને પછી ગાડીમાંથી ઊતરવા ઊભો થયો: 'અચ્છા કાકા, હું અહીં ઊતરી જાઉં.'

'પણ ઘરે તો ચાલ, ભાઈ!' કાકાએ ગાડું થંભાવ્યું.

'કામ છે ને કાકા, એટલે અત્યારે.........'

'પણ પંચાયત તો આજે બંધ હશે! રવિવાર છે!'

'પણ હું જરા ફળિયામાં આંટો મારી આવીશ. બાપુએ કહ્યું છે કે...'

'ભલે, તો પછી આવજે. તારી કાકી પણ તને જુએ તો ખરી!'

'સારું, પણ તમારું ઘર કઈ તરફ છે?'

'લે! તું તો મારું ઘર પણ ભૂલી ગયો!'.

'ઘણાં વરસ થયાં ને, કાકા! હું ક્યાં કોઈ દિવસ આવ્યો છું?'

'સારું, તો કોઈને પૂછીને આવજે.' ગાડું ચાલવા માંડ્યું.

જે હતું અને ન હતું

'પણ તમારું નામ?' કાકાએ બળદના દોર ખેંચ્યા. ગાડું ઊભું રહ્યું: 'અહીં નામ પૂછવાથી કોઈ ઘર નહિ બતાવે, દીકરા! કહેજે કે ફેંટાવાળા કાકાનું ઘર કયું?' બળદના દોર ઢીલા થયા.

ચોરા ઉપર રમતા એકાદ છોકરાને અમિતાભે પૂછ્યું: 'દેસાઈ શેરીમાં કઈ તરફથી જવાય?'

'કોને ત્યાં જવું છે?' છોકરાઓએ રમત બંધ કરી.

'મારે તો દેસાઈ શેરીમાં જવું છે! કઈ બાજુથી જવાય?'

'દેસાઈ-શેરી તો બહુ લાંબી છે! અહીંથી સીધા જઈને ડાબા હાથે વળી જજો. છોકરાઓ ફરીથી રમવા લાગ્યા. ચાલતાં ચાલતાં, દૂરથી એક ઘરડા કાકા આંખે હાથ દઈને આવતા દેખાયા. અમિતાભ એમની નજીક થયો એટલે કાકા રસ્તા ઉપર ઊભા રહી ગયા અને ધારીધારીને અમિતાભને જોઈ રહ્યા. અમિતાભ સહેજ છોભીલો પડી ગયો.

'લલ્લુ મકનનો છોકરો કે?' કાકા સહેજ મોટા અવાજે બોલ્યા. અમિતાભ સહેજ ચમક્યો, પણ પછી ઊભો રહી ગયો.

'હા; પણ તમે ક્યાંથી ઓળખો?' અમિતાભ કાકાની નજીક ગયો.

'તારો સિક્કો જ લલ્લુ મકનનો!' કાકા બોખું હસ્યા.

'હા; પણ અમે તો ઘણા વખતથી......'

'પણ તેથી તમારાં મોઢાં થોડાં બદલાઈ જવાનાં? દુનિયામાં જશો તો ય ચોકઠાં તો પલસાણાનાં જ ને?' કાકા હસ્યા.

'ચાલ ભાઈ, ઘરે. તારા બાપને તો શોધવો પડતો ત્યારે લોકો મારે ત્યાં જ આવતા!' કાકા ધીમે પગલે પાછા વળ્યા.

અમિતાભ પણ સહેજ સંકોચ સાથે એમની પાછળપાછળ ચાલવા માંડ્યો. 'આ તારું ઘર. યાદ છે કે?' કાકાએ એક જૂના ઘર તરફ આંગળી ચીંધી. ઘરનાં બારણાં ખુલ્લાં હતાં, પણ કોઈ દેખાતું નહોતું.

'ના. આ કે?' અમિતાભે સહેજ ધારીને જોયું.

'હા. મેં તારા બાપને ઘણું યે કહેલું કે ઘર ન કાઢ. કોઈ દિવસ છોકરાનો ગામમાં પગ રહેશે. પણ તારો બાપ......'

'પણ અમારે મુંબાઈમાં બ્લૉક લેવાનો હતો ને, કાકા!'

'હા, ભાઈ હા. બાપ-દાદાની મિલકત વેચ્યા વગર આપણાથી કયું કામ થાય?' એટલામાં ઘર આવી ગયું. 'અરે, સાંભળ્યું કે? આપણા લલ્લુનો નાનકો આવ્યો છે મુંબાઈથી!' કાકાએ અંદરના ઓરડામાં બૂમ પાડી.

'કાકા, પંચાયતની ઑફિસ આજે બંધ?'

'હા, ભાઈ. મહેતો એને ગામ જતો રહે છે રવિવારે.'

'તો તો મારે એક રાત તમારે ત્યાં રોકાઈ જવું પડશે!'

'તે એ કંઈ કહેવાનું હોય, ગાંડા! તારો બાપ અહીં બપોરના બેસવા આવતો ત્યારે આ ડામચિયામાંથી તકિયો કાઢીને લંબાવી દેતો! તારી કાકી ચા લઈને આવે ત્યારે લલ્લુ ઊંઘતો હોય!'

અમિતાભ હસી પડ્યો એટલામાં અંદરના ઓરડામાંથી લાલ સાડલાવાળાં ડોસીમા ધીમે ધીમે આગળ આવ્યાં. 'ઓ હો હો હો! નાનકો આવડો મોટો થઈ ગયો? આ તો આખો ભાઈડા જેવો લાગે!'

'હા; તે કંઈ નાનો છે? નાખી દેતાં ય પચીસનો તો હશે જ! કેમ, ખરુંને, ભાઈ?' 'હા, કાકા છવ્વીસમું ચાલે.'

'અમે તો તને આવડો જોએલો!' ડોસીમાએ હાથથી અમિતાભને એનું કદ બતાવ્યું. અમિતાભ હસ્યો એટલામાં કોઈ એક જાડી સ્ત્રી કેડમાં છોકરું લઈને ઘરમાં આવી. 'આને ઓળખ્યો?' કાકાએ સ્ત્રીને ઊભી રાખી.

સ્ત્રી અમિતાભને જોઈ રહી. અમિતાભ પણ એને જોઈ રહ્યો. કાકા મોટેથી હસી પડયા : 'આપણા લલ્લુકાકાનો નાનકો ! ભૂલી ગઈ ?'

'ઓ—હો ! અંબુ ? પણ આ તો કેટલો જુદો લાગે છે !' સ્ત્રી હોઠ ઉપર હાથની આંગળીઓ દાબીને હસી.

'હવે અમિતાભ છું ને, એટલે !' અમિતાભ પણ હસ્યો.

'યાદ છે ? આપણે તો સાથે ભણતાં !' સ્ત્રી ખૂબ ભાવથી બોલી : 'ત્યારે તો કાનજીકાકા કરીને એક લંગડા માસ્તર હતા !' 'કયાં ? અહીં ?'

'હા, અહીંયાં. એ આપણને ભણાવવા આવતા, ત્યારે મને દાખલા નહિ આવડતાં તે કહેતા, ચૂલો ફૂંક, ચૂલો !' સ્ત્રી જોરથી હસી પડી.

અમિતાભ પણ હસ્યો : 'મને તો, કોને ખબર, ખૂબ નાનો હતો કે કેમ, પણ સાલું, કંઈ ગામનું યાદ જ નથી આવતું ! હું કેવડો હોઈશ ત્યારે ?'

'તું પાંચ-સાત વર્ષનો હશે. કેમ દાદા ?'

'તમારું નામ ?' અમિતાભે સ્ત્રીને પૂછયું.

'મંજુ હતું, ને હજી તે જ છે !' સ્ત્રી ફરીથી મોટેથી હસી.

'મંજુ તો સારું નામ છે !' અમિતાભ સહેજ હસ્યો.

'રણછોડદાદા ! રોટલા-શાક ખવાઈ ગયા કે ?' કહેતો ને કોઈ માણસ બધાં બેઠાં હતાં ત્યાં ધસી આવ્યો. 'એ ના ભાઈ, ના. હવે બેસીએ છીએ. આ લલ્લુ મકનનો નાનકો આવ્યો છે ને !'

'કોણ અંબુ ?' આગંતુકે અમિતાભને ધ્યાનથી જોયો.

'હા. તમારું નામ ?' અમિતાભે પૂછયું. 'તું તો શાનો ઓળખે, ભાઈ ?' પણ અમે તો તને મુંબાઈની ભીડમાંથી ય જુદો ખેંચી કાઢીએ !'

'તમારા લોકોની યાદશક્તિ ઘણી સારી કહેવાય !'

'ગામડાંનાં માણસને બીજું યાદ પણ શું રાખવાનું હોય, ભાઈ ? આ પાંચ-પચ્ચીસ માણસનાં મોઢાં જ ને !'

'પણ તમે તમારું નામ તો કહ્યું જ નહિ !'

'તારો બાપ તો મને મંગો કહેતો, પણ મારું નામ તો મંગળ ! તને તો અમે ખૂબ રમાડયો છે, હં !'

'તે પરણશે ત્યારે તને શાલ ઓઢાડશે ને !' ઘરડા કાકા હસ્યા.

'અરે રણછોડદાદા ! ખબર પણ કયા નથુભાઈને પડવાની કે અંબુ મુંબાઈમાં મડમ સાથે પરણી ગયો !' બધાં હસી પડયાં.

પંચાયતની ઑફિસના બારણામાં પાંચ-છ ભેંસ લઈને એક માણસ ઊભો હતો. 'પંચાયતની ઑફિસ આ કે ?' અમિતાભે પૂછવા ખાતર એને પૂછયું.

'હા, આ જ.' માણસે ભેંસોને હઠાવીને રસ્તો કર્યો.

'અંદર આવી શકું ?' અમિતાભ ઊભો રહ્યો. નીચું જોઈને લખી રહેલા કારકુને ઊંચું જોયું. ચશ્માં કાઢીને હા પાડી. અમિતાભ અંદર જઈને ટેબલ સામે ઊભો રહ્યો. 'કયાંથી આવો છો ?'

'મુંબાઈથી.' 'કોનું કામ છે ?'

'તમારું નામ મફતલાલ છે ?' 'ના, મારું નામ દલસુખરામ છે.'

'આ પંચાયતની જ ઑફિસ ને ?' 'હા; પણ અહીં કોઈ મફતલાલ નથી. સ્ટાફમાં હું ને એક પટાવાળો છીએ. પણ પટાવાળાનું નામ તો......'

'પણ મારા બાપુજીએ કહ્યું છે કે પંચાયત ઑફિસમાં મફતલાલને મળજે.'

'તમારા બાપુજીનું નામ શું ?' 'લલ્લુભાઈ મકનજી દેસાઈ.'

કારકુને ચશ્માં પહેરી લીધાં અને થોડી વાર વિચાર કર્યો. પછી પૂછયું : 'લલ્લુભાઈ મકનજી દેસાઈ ?' 'હા. અહીં દેસાઈ-શેરીમાં રહેતા હતા.' 'દેસાઈ-શેરીમાં ? કયાં આગળ ?' 'પેલે નાકેથી લગભગ ચોથું મકાન......' 'હશે. પણ તેનું શું છે ?' 'અમારે એક સર્ટિફિકેટ જોઈએ છે.' 'શાનું ?'

'મારે અમેરિકા જવું છે. પાસપોર્ટવાળા ગ્રામ-પંચાયતનો દાખલો માગે છે કે આ માણસ આ ગામનો વતની છે.'

'તમારું નામ ?'

'અમિતાભ લલ્લુભાઈ દેસાઈ.' કારકુને એક મોટો ચોપડો કાઢયો અને થોડાં પાનાં ફેરવ્યાં. 'દેસાઈ-શેરીમાં તમારું મકાન છે ?'

'હતું; હવે નથી.' કારકુને થોડાં વધુ પાનાં ફેરવ્યાં.

'દેસાઈ-શેરીનાં ઘરોમાં તમારું નામ નથી !'

'પણ ઘર તો મારા બાપુજીને નામે હતું !'

'તમારા બાપુજીનું નામ પણ આમાં દેખાતું નથી !'

'એમ કેવી રીતે બને ? જૂના ચોપડા જુઓ ને !'

કારકુન સહેજ હસ્યો : 'અમારી પાસે તો આ એક જ ચોપડો છે !'

'તો પછી શું કરીએ ? મારે દાખલો તો કોઈ પણ હિસાબે લેવો જ પડશે !' અમિતાભે ચિંતા વ્યક્ત કરી.

'હા; પણ કયા આધારે દાખલો લખીએ ?'

બન્ને જણા વિચારમાં બેસી રહ્યા. પછી એકાએક કારકુન ઝબકીને ટટાર થઈ ગયો : 'હા. એક રસ્તો છે, ભાઈ !'

'હા. હા; તો બોલો ને ?' અમિતાભ એકદમ ઉત્સાહમાં આવી ગયો.

'તમે એક કામ કરો ! વલસાડ પાસે પણ પલસાણા કરીને એક ગામ છે ! ત્યાંની પંચાયતમાં તપાસ કરી, જુઓ ને ! મને લાગે છે, તમે ભૂલથી ખોટા ગામમાં આવી ચઢયા છો !' કારકુને સહેજ હસીને ચોપડો બંધ કર્યો. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૧

કાકડા

'ટૉન્સિલ્સ' નામે ગળાના કાકડાનો રોગ બહુ જાણીતો છે. નાનાં બાળકોમાં તે વધુ જોવા મળે છે. આજે કાકડા જરાક વધતાં કે એમાં સોજો આવતાં એ કપાવી નાખવાનો ચાલ વધી ગયો છે. આ પ્રવૃત્તિ ખતરનાક છે. પેટની ખરાબીને લઇને કાકડા થતા હોય છે. 'કાકડા' થાય કે તુરત તેને મટાડવા માટે પ્રયત્ન કરવા જોઇએ.

ચિકિત્સા

૧) દિવસમાં ચારપાંચ વખત મીઠું નાખેલા ગરમ પાણીના કોગળા કરવાથી કાકડા બેસી જશે. ત્રિફલા ચૂર્ણ તથા ફટકડી નાખેલા પાણીના કોગળા પણ હિતકર છે. ૨) હળદર કાકડામાં રામબાણ છે. હળદરનું ચૂર્ણ આંગળી ઉપર લઈ તેને કાકડા ઉપર દબાવવું. આમ કરવાથી તેનો સોજો તરત જ બેસી જશે. હળદરના ગાંગડાને બાળી તેના કોલસા કરી(રાખ નહિ)તે કોલસાના ચૂર્ણને મધમાં મેળવી ગળામાં લગાવવાથી પણ ખૂબ લાભ થાય છે. ૩) આયુર્વેદનું 'કાલક ચૂર્ણ' નિયમિત લેવાથી પણ કાકડા મટી જશે. ૪) રોજ રાત્રે હરડે લઈ પેટ સાફ રાખવું. ૫) જેઠીમધનું ચૂર્ણ મધ સાથે મેળવી તેને ગળામાં લગાવવું. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**



જનરલ દ બ્વાં

પોતાની આવડત અને શક્તિને કેળવીને ખુમારીભર્યો પુરુષાર્થ કરી તેને યોગ્ય માર્ગે વાળનાર, અને પોતે રળેલા દ્રવ્યને જનહિતાર્થે વાપરનાર ભારતમાં પરાક્રમ કરી ગએલો ફ્રેંચ-ઇટાલિયન નરવીર

જનરલ દ બ્વાં

ઔરંગઝેબ પછીથી ખખડવા માંડેલી મુઘલાઈમાં દિલ્હીના ગાદીપતિના બહુ પ્રભાવ રહ્યો નહતો. અફઘાન સરદારો, રાજપૂતો, જાટ ને મરાઠા વગેરે સૌ પાસે પોતપોતાનું ઓછુંવત્તું સૈન્યબળ હતું અને એના જોરે અરસપરસ વારંવાર લડાઈ-ઝગડા ચાલ્યા કરતા. તેમાં કોઈ કાંડાબળિયો પોતાની તલવારની તાકાતથી ધાર્યું કરાવી સલ્તનતનો મળે એટલે ભાગ વેતરી લેતો. અઢારમી સદીના ઉત્તરાર્ધની અંધાધૂંધીના એ કાળમાં જે રાજખટપટો ને વિગ્રહો ચાલતા હતા તેમાં અનેક પરદેશી સાહસવીરોને પોતાનાં પરાક્રમો બતાવી સારો બદલો મેળવવા માટે પૂરતી તકો હતી. હિંદના પરસ્પરના હરીફ શાસકોને પણ પરદેશી સૈનિકોની સેવા-સહાય ખરીદવી પડતી. એ રીતે બંગાળના નવાબ, મુઘલ દરબાર, ભરતપુરના જાટ ને રાજપૂત રાજવીઓ પાસે અંગ્રેજ કે ફ્રેંચ સૈનિકો તથા અમલદારો હતા. આ વિદેશીઓ પણ પોતાનું મહત્ત્વ જાણતા હતા. જ્યાં વધુ લાભ મળે ત્યાં તેઓ ચોંટી જતા. પણ બહાદુરી બાદ કરતાં તેઓમાંના ઘણાખરા પૈસાની છત અને અમલદારીના તોરમાં છકી જઈ દારૂ અને બજારુ ઓરતોની લતે ચડી જઈ પોતાનું જીવન બરબાદ કરતા ને કરેલી કમાણી ધૂળમાં મેળવતા.

પરંતુ જાત પર કાબૂ રાખી, શિસ્તમય જીવન જીવી, પોતે સેવેલી મહત્ત્વાકાંક્ષાઓની સિદ્ધિને શિખરે પહોંચી, કીર્તિને વરનારા પણ કોઈ કોઈ હતા ખરા. પણ એમાં પોતાના રણકૌશલ વડે હિંદુસ્તાનમાં ખુમારીથી જીવી જનાર જનરલ ડી બ્લૉને આંટી જાય કે એની ફતેહોનો અંશ પણ બતાવી શકે એવો બીજો કોઈ પરદેશી બહાદર કદાચ શોધ્યો નહિ જડે.

ભૂમધ્ય સમુદ્રમાં આવેલા સાર્ડિનિયા ટાપુના સૅવોય પ્રાંતમાં ચામ્બેરી મુકામે આવી વસેલાં ફ્રેંચ માતાપિતાને ત્યાં ઈ. ૧૭૫૦ની ૮મી માર્ચે બેન્વા દ બ્વાંનો જન્મ થએલો. એને ફ્રેંચ કહેવો કે ઈટાલિયન એ પ્રશ્ન છે. એનાં માતાપિતા ફ્રેંચ હતાં. પણ એ જન્મ્યો ત્યારે તેઓ સાર્ડિનિયાની રૈયત ગણાતાં. એ જ્યારે નાનો હતો ત્યારે ચામ્બેરીમાં નોકરશાહી ચાલતી હતી, પણ તેમાં અમલદારીનાં મહત્ત્વનાં પદ બહુધા ઈટાલિયન ઉમરાવજાદાઓ માટે નિશ્ચિત હોઈ દ બ્વાં જેવા એક સામાન્ય દુકાનદારના પુત્ર માટે કશી તક નહોતી. ચડતા લોહીના એના એ કાળમાં એને જો કંઇ રસ હોય તો તે તલવારની પટ્ટાબાજીમાં હતો. સત્તરમે વર્ષે એ સાર્ડિનિયાના એક રાવજાદા સાથે દ્વંદ્વમાં ઊતર્યો, તેમાં પેલાની છાતી સોંસરી તલવાર ઉતારી દઈ એ નાસી ગયો ને પોતાનું નામ દ બ્વાં રાખ્યું.

રાજની સીમા વટાવી એ ફ્રાંસ પહોંચ્યો. ત્યાં પિતાની વગ સાધી શિસ્ત અને શૂરવીરતા માટે જાણીતી એક આઇરિશ લશ્કરી ટુકડીમાં જોડાયો. અહીં એને કવાયત, શિસ્ત ને દાવપેચ વગેનું સારું જ્ઞાન મળ્યું. પણ પોતે આઇરિશ ન હોવાને કારણે એને જવાબદારીભર્યો હોદ્દો મળવાની કોઈ તક નહોતી, એટલે શીખાય એટલું બધું જાણી લઈ, પાંચેક વર્ષ પછી રાજીનામું આપી છૂટો થઇને કાઉન્ટ ઑર્લોફ પર એક પરિચયપત્ર સાથે એ રશિયા ગયો. કાઉન્ટ ઑર્લોફ ત્યારે રશિયાનો કર્તાહર્તા હતો. રાણી કૅથેરીન બીજીની સાથે એને મીઠા સંબંધો હતા. રાણીના પતિનું ખૂન કરાવી એણે કૅથેરીનને ગાદીએ બેસાડી લગભગ બધી જ રાજસત્તા પોતાને હસ્તક રાખી હતી. રાજવહીવટની જવાબદારીઓમાં એ રાણી તરફ પૂરતું લક્ષ આપી શકતો નહિ, એટલે એણે લોલુપ રાણી પાસે આ ખડતલ અને પ્રભાવશાળી નવયુવાન દ બ્વાં ગોઠવી દીધો. અહીંથી એને ઈજીઅન સમુદ્રમાં તુર્કો સામે લડવા જવાનું થયું, જેમાં એ કેદ પકડાતાં એને ગુલામ તરીકે વેચી દેવામાં આવ્યો.

તે પછી સાત મહિના એણે કૉન્સ્ટૅન્ટિનોપલમાં પોતાના માલિક માટે કૂવેથી પાણી સાર્યા કર્યું. અંતે પિતાએ પૈસા ભરીને એને ગુલામીમાંથી છોડાવ્યો ને એ ફરી રાણી કૅથેરીન પાસે પહોંચી ગયો. રાણીએ એને તુરત મેજરનું પદ આપીને મધ્ય એશિયા મોકલી દીધો. એને ટાળવાની આ એક યુક્તિ જ હતી. પણ દ બ્વાંને ત્યાં દેશપરદેશના વેપારીઓ દ્વારા હિંદુસ્તાનની સમૃદ્ધિની અનેક વાતો સાંભળવા મળી, એટલે તે પણ હિંદમાં નસીબ અજમાવવા લલચાયો અને રશિયન નોકરીમાંથી રાજીનામું આપી ઍલેક્ઝાંડ્રિયા જતા એક વહાણમાં ઊપડયો. માર્ગમાં વહાણ ભાંગ્યું અને કેટલાક અરબ લુટારુઓએ એને કેદ કર્યો. પણ એની ગરીબી જોઈ બાન તરીકે પકડી ન રાખતાં એને કાઇરો મોકલી આપ્યો. અહીં એને નોર્થમ્બર્લૅન્ડના ડ્યૂકના પુત્ર અર્લ પર્સી સાથે પરિચય થયો. એની પાસેથી તથા ત્યાંના અંગ્રેજ કૉન્સલ જનરલ મિ. બૅાલ્ડવિન પાસેથી હિંદુસ્તાનમાં કેટલાક લોકો પર પરિચયપત્રો મેળવી એ મદ્રાસ આવ્યો.

મદ્રાસમાં એને અંગ્રેજ લશ્કરમાં સબ લેફ્ટેનન્ટની નોકરી મળી. પણ ત્યાં એક સાથી અમલદારની પત્ની પ્રત્યેનો એનો સદ્ભાવ શંકાની નજરે જોવાતાં એના પર લશ્કરી અદાલતમાં કામ ચલાવાયું. એમાં એ નિર્દોષ ઠર્યો, પણ એણે નોકરી છોડી દીધી. મદ્રાસથી એ કલકત્તા ગયો ને ત્યાં પોતાની પાસેના અર્લ પર્સીના પરિચયપત્ર સાથે વૉરન હેસ્ટિંગ્સને મળ્યો. એણે એને અવધના નવાબ પાસે મોકલ્યો. હેસ્ટિંગ્સના મિત્ર તરીકે નવાબે એને આવકારીને ૧૨,૦૦૦ રૂપિયા અને ખિલઅત (પોશાક) ભેટ





કાઉન્ટ દ બ્વાંનું જ્યાં અવસાન થયું એ એના ઉત્તરકાલનો ભવ્ય આવાસ અને (જમણી બાજુ) એમાંનો વિશાળ દીવાનખંડ. કાઉન્ટના ભારતવાસ દરમિયાનના બે ગાઢ મિત્ર–રાજસ્થાન ઇતિહાસના વિખ્યાત લેખક કર્નલ ટૉડ અને મરાઠા ઇતિહાસના લેખક ગ્રાંટ ડફે દ બ્વાંએ અહીં અનેકવાર પ્રેમથી આવકાર્યા હતા. ઉત્તરાવસ્થામાં ફ્રાંસ અને સાર્ડિનિયાનાં રાજ્યનાં માનઅકરામોના ભોગવટા કરતાંયે દ બ્વાંને આ મિત્રોનું મિલન વધુ આનંદદાયક લાગતું હતું. આ બંને મિત્રોએ પણ દ બ્વાંને પોતાના ગ્રંથોમાં એવી જ લાગણીથી અંજલિ આપી છે.

આપ્યાં. દ બ્વાંએ એ પોશાક વેચી ૪૦૦૦ રૂપિયા રોકડા કરી લીધા.

નવાબ પાસેથી મળેલા પૈસાથી નિરાંત હોઈ એણે ફારસીનો અભ્યાસ કર્યો. પણ આ જીવનમાં તલવારની ધાર વાપરવાની તો કોઈ તક મળતી નહિ. આ જ અરસામાં માધવરાવ સિંધિયા પોતાનું સૈન્ય વધારી રહ્યો હતો. જનરલ ગૉડાર્ડ સામે હારીને એણે ગ્વાલિયર ખોયું હતું; પણ એણે એમાંથી એક પાઠ લીધેલો કે અંગ્રેજો સામે ઝઝૂમવા માટે પોતાના સૈન્યમાં પણ પરદેશીઓ જેવી શિસ્ત અને તાલીમની જરૂર છે. દ બ્વાં નોકરીની તલાશમાં હોવાનું એણે સાંભળ્યું હતું, એટલે એના વિષે પૂરતી માહિતી મેળવવા એણે કેટલાક લુટારા દ્વારા દ બ્વાંના પૈસા અને એની પાસેના કાગળો લુટાવી લીધા, ને એ કાગળો બરાબર તપાસી એની હિલચાલ પર બારીક નજર રાખવા માંડી.

બીજી બાજુ ભિખારી બની ગએલા દ બ્વાંએ ફરી નોકરીની તલાશ આદરી, ને માધવરાવ સામે હારેલા ગોહદના રાણા પાસે એક લાખ રૂપિયાના બદલામાં પાંચ હજાર સૈનિકોનું નવું તાલીમબદ્ધ સૈન્ય ઊભું કરી આપવાની વાત મૂકી. પણ રાણાને આ પરદેશીમાં વિશ્વાસ બેઠો નહિ. આ પછી એ જયપુરના પ્રતાપસિંહને મળ્યો. એને પણ મરાઠાઓની વધતી જતી તાકાતનો ભય હતો. પ્રતાપસિંહે એને માસિક બે હજારના પગારે પોતાના બે હજાર સૈનિકોને યુરોપિયન લશ્કરના જેવી તાલીમ આપવા રોકી લીધો. દ બ્વાંએ આ ખુશ ખબર હેસ્ટિંગ્સને મોકલ્યા. ત્યાં બંગાળની કાઉન્સિલમાંના હેસ્ટિંગ્સના હિતશત્રુઓએ આ ખબરને મોટું અને ખોટું સ્વરૂપ આપી દ બ્વાંને એની ચોખવટ માટે કલકત્તા બોલાવવા કહ્યું. જો કે દ બ્વાં ખુલાસો આપવા જરા યે બંધાએલો નહોતો, છતાં એક નીતિ ખાતર એ ગયો. હેસ્ટિંગ્સને દ બ્વાં પ્રત્યે સારું માન હતું એટલે એણે એને સાચી સ્થિતિ જણાવીને પાછો વાળ્યો. પરંતુ આ દરમિયાન પ્રતાપસિંહનું મન ફર્યું અને એણે દ બ્વાંને દસ હજાર રૂપિયા રાહતના આપી છૂટો કર્યો. દ બ્વાંની ઉપર ચાંપતી નજર રાખી રહેલા માધવરાવ સિંધિયાએ હવે તક ઝડપી અને એને બોલાવી માસિક પંદર હજારના પગારે, કંપની સરકારના સૈન્ય જેવી જ તાલીમ આપીને બે બટાલિયન તૈયાર કરવાનું કામ સોંપ્યું.

દ બ્વાંને હવે ખરી તક મળી ગઈ. જો કે એને સોંપાએલું કામ સરળ તો નહોતું, પણ એનામાં પૂરતી આવડત અને અજોડ આત્મશ્રદ્ધા હતાં. પ્રથમ તો એણે અસંતુષ્ટ ફ્રેન્ચ, ડચ ને અંગ્રેજોમાંથી યોગ્ય અમલદારો શોધી એમને લશ્કરી તાલીમની રીત શીખવી, અને પછી ભરતી કરવા માંડી. દેશી અમલદારોની પસંદગી પણ એ જાતે જ કરતો અને રોજેરોજની કવાયતમાં હાજર રહેતો. બીજી તરફ એણે તોપો અને દારૂગોળો બનાવવાનું કારખાનું ઊભું કરીને શસ્ત્રસરંજામનો પૂરવઠો પણ તૈયાર કરવા માંડ્યો. અને આવી લગાતાર મહેનત તથા કૌશલ્ય વડે એણે બે મોટી શસ્ત્રસજ્જ પાયદળ ટુકડી ઊભી કરી દીધી. આ કામ કંઈ આસાન નહોતું. જર્મનીના મહાન ફ્રેડરિક કે ફ્રાંસના નેપોલિયન બોનાપાર્ટ જેવી કુનેહ અને કાર્યશક્તિની તેમાં જરૂર હતી. એ મધરાત પહેલાં કદી સૂતો નહિ અને વહેલી પરોઢે તો કામે ચડી જતો. અઢાર અઢાર કલાકની એની રોજિંદી એ કામગીરીમાં રજાના એકે દિવસને અવકાશ જ નહોતો.

અને એના એ કાર્યની પરીક્ષાનો દિવસ પણ આવી ગયો. દિલ્હીના પદભ્રષ્ટબાદશાહશાહઆલમને માધવરાવસિંધિયાની સહાયથીફરી ગાદી મળી હતી, તેથી મુઘલ દરબારમાં સિંધિયાનું ઘણું વર્ચસ્વ રહેતું. એક મરાઠા રાજવીના આ મહત્ત્વની અનેક મુસ્લિમ સરદારોને ઈર્ષ્યા હતી. એમની પ્રેરણાથી કેટલાક રાજપૂતોએ શાહી હકૂમત સાથે માથું ઊંચકવા માંડ્યું એટલે એમની સામે શાહઆલમે સિંધિયાની સહાય માગી. સિંધિયા પોતાના આ નવા તાલીમબદ્ધ સૈન્ય તથા શાહી સૈન્યની સરદારી લઈ લડવા ગયા. જયપુર નજીક લાલસોટ પાસે રાજપૂતાનાના રાઠોડોએ એમને આંતર્યા, એટલું જ નહિ પણ લડાઈના આરંભમાં જ મુઘલ સરદાર મહમ્મદ બેગ હમદાની અને તેનો ભત્રીજો ઈસ્માઈલ બેગ પોતાની સમગ્ર સેના સાથે રાઠોડ સાથે ભળી ગયા! બીજાં દળ પણ આ રીતે ફરી બેસે એ પહેલાં સિંધિયાએ હુમલો કરવા આજ્ઞા આપી, પણ ઈસ્માઈલ બેગની ઘોડેસવાર ટુકડીએ એમને વેરવિખેર કરી નાખ્યા, ને પછી તુરત દસ હજાર સૈનિકો સાથે રાઠોડો દ બ્વાંના સૈન્ય પર આક્રમણ કરવા ધસ્યા.

દ બ્વાં તૈયાર જ હતો. વચ્ચે તોપો છુપાવીને એણે એની ચારે બાજુ પોતાના સનિકો રાખ્યા હતા. ધસમસતા આવતા રાઠોડ હયદળને એણે પૂરતું નજીક આવવા દીધું ને પછી એકદમ પોતાની આગલી હરોળ ખુલ્લી કરી નાખી તોપો ધણધણાવી. આ અણધાર્યા તોપગોળાઓએ રાઠોડ ઘોડેસવારોનો ઘાણ વાળી દીધો. તો પણ બહાદુર રાજપૂતો આગળ ધસ્યા. એમના પર હવે ગોળીઓની રમઝટ બોલાવી દ બ્વાંએ જોધપુરના સૈન્યને છિન્નભિન્ન કરી દીધું. રાજપૂતોએ પીછેહઠ કરી. સિંધિયાએ એમનો પીછો પકડવા હુકમ કર્યો, પણ એ મરાઠા સેનાનાયકના હાથ નીચે શાહી લશ્કર લડવા તૈયાર ન થયું એટલું જ નહિ, તેઓ પણ શત્રુપક્ષમાં ભળવા ચાલી નીકળ્યા. પરિણામે મેદાન પર હવે સિંધિયાનું પીંખાઈ ગએલું ને દ બ્વાંનું અણનમ સૈન્ય માત્ર રહ્યાં. આથી સિંધિયાએ ભરતપુરના જાટ રણજિતસિંહની સહાય માગી. એની પાસે પણ લેસ્ટિનૉફ઼્સ



માહાદજી (માધોજી) સિંધિયા: પેશ્વાના એક અદના જાગીરદારનો ગેરકાનૂની પુત્ર. આપબળે એણે મરાઠામંડળના પાંચ મુખ્ય સ્તંભોમાં સૌથી વધુ બળવાન બની એક વાર તો સમસ્ત મુઘલસલ્તનતની લગામ સંભાળી હતી. ખુદ શાહ આલમે એને માટે લખેલું: 'માધોજી સિંધિયા ફરજન્દ જીગરબંદે મન હસ્ત; મસરૂફ તલાફીએ સિતમગારી એ માં.'

નામે એક ફ્રેન્ચ સેનાપતિ હતો, જેણે દ બ્વાંની માફક તાલીમબદ્ધ સૈન્ય તૈયાર કરેલું. ચકસાણા નામના સ્થળે આ નવા સંગઠિત સૈન્યનો ઇસ્માઈલ બેગની સરદારીમાં શાહી સૈન્યે સામનો કર્યો. એમની સાથે રોહિલા ગુલામ કાદિર પણ હતો. એમણે મરાઠા સૈન્યની વ્યવસ્થાને તો ભાંગી નાખી, પણ દ બ્વાં તથા લેસ્ટિનૉક્સના દળને કશું કરી શક્યા નહિ. આમ છતાં એ બંનેએ ભરતપુરમાં આશરો લેવો ઉચિત ધાર્યો. ઈસ્માઈલ બેગ હવે આગ્રા તરફ વળ્યો ને મરાઠાઓ પાસેથી એ કબજે કર્યું. એમાં મળેલી લૂટ લઈ ગુલામ કાદિર રોહિલખંડની પહાડીઓમાં ચાલ્યો ગયો.

શત્રુઓને આમ છૂટા પડી ગએલા જોઈ સિંધિયા આગ્રાને મુક્ત કરાવવા હલ્લો લઈ ગયા. ઈસ્માઈલ બેગે તેનો આકરો પ્રતિકાર કર્યો, પણ દ બ્વાં અને લેસ્ટિનૉક્સનાં તાલીમબદ્ધ સૈન્યોએ શિસ્તબદ્ધ રીતે એના ઘોડેસવારો પર ગોળીઓ છોડ્યે જ રાખી ને એમને વીણીવીણીને માર્યા; ઉપરાંત દ બ્વાંએ ઈસ્માઈલ બેગની છાવણી પર હુમલો લઈ જઈ ને એને છિન્નભિન્ન કરી નાખી. ઈસ્માઈલ બેગ બે ઠેકાણે ઘાયલ થઈ જમના નદીમાં ઘોડો તરાવી નાસીને ગુલામ કાદિરને જઈ મળ્યો.

ગુલામ કાદિરે હવે દિલ્હી પર હુમલો કર્યો અને દગાથી કિલ્લાનાં બારણાં ખોલાવી રાજધાનીમાં પ્રવેશ કર્યો. બાદશાહને કેદ કરી એની આંખો ફોડાવી નાખી અને રાજકુટુંબ પર બે માસ સુધી સતત અત્યાચાર ગુજારી એમની પાસેથી લખલૂટ ખજાનો કઢાવ્યો. ગુલામ કાદિરની આ ક્રૂરતાથી ત્રાસ પામી ઈસ્માઈલ બેગ ફરી માધવરાવને જઇ મળ્યો. તેઓ દિલ્હી પર મોટું મરાઠા દળ લઈ તૂટી પડયા ને શહેર પાછું જીતી લીધું, શહેનશાહને કેદમાંથી મુક્ત કર્યો અને ગુલામ કાદિરનો વધ કર્યો.

આ સમયે પોતાના હાથ તળેના સૈન્યને હજી વધુ વધારવાની માગણી કરવાની તક સમજી દ બ્વાંએ બેના બદલે દસ બટાલિયન ઊભી કરવાની માધવરાવ પાસે વાત મૂકી. પણ સિંધિયાના મરાઠા સરદારોને ગળે એ ઊતરી નહિ. પાણીપતના મેદાનમાં મળેલી હારને તેઓ ઈબ્રાહિમ ગાર્દીના તાલીમબદ્ધ લશ્કરને કારણભૂત માનતા હતા. યુરોપિયન ઢબની તાલીમમાં હજી પણ એમને પૂરી શ્રદ્ધા ન હતી. એટલે એમને નારાજ કરવાનું ઠીક ન લાગતાં સિંધિયાએ દ બ્વાંના પ્રસ્તાવને મંજૂરી ન આપી. આથી દ બ્વાં તુરત રાજીનામું આપી છૂટો થયો અને લખનૌ જઈ પોતાના એક ફ્રેંચ મિત્ર ક્લૉડ માર્ટિન સાથે ગળીના ધંધામાં ભાગીદાર બનીને પોતાની બધી બચત તેમાં રોકી.

પણ સિંધિયાને દ બ્વાંની ખોટ તુરત જણાઈ ગઈ. લેસ્ટિનૉક્સ પાસે ગુલામ કાદિરનો જે ખજાનો હતો તે, તેમજ પોતાના સૈનિકોના પગારની રકમ સાથે એ નાસી ગયો. પરિણામે એના સૈનિકોએ બંડ કર્યું. દ બ્વાંના રાજીનામાંથી એના કેળવેલા સૈનિકો તો નારાજ હતા જ. વળી બીજી તરફ પૂનાના નાના ફડનવીસની બાહોશ રાજનીતિ તથા અહલ્યાબાઈના દત્તક પુત્ર તુકોજી હોલ્કરનો પણ સિંધિયાને ડર રહેતો. આમ, દિલ્હીની ગાદી પર સર્વેસર્વા બનેલા માધવરાવની સ્થિતિ કફોડી થઈ રહી હતી. એટલે અંતે એણે ઈ. ૧૭૮૯માં ખાસ દૂત મોકલી દ બ્વાંને એની ઈચ્છા મુજબ સૈન્ય તૈયાર કરવા દેવાની તથા એ માગે એ પગાર આપવાની તૈયારી દર્શાવી.

દ બ્વાંનો સૈનિક જુસ્સો ફરી જાગી ઊઠયો. આવેલી તકને ઝડપી લેવા ધંધાની બધી જવાબદારી ક્લૉડ માર્ટિનને સોંપી દઈ એ માધવરાવને મળવા મથુરા ઊપડી ગયો. ત્યાં એને પોતાની તૈયાર કરેલી બે બટાલિયનો પણ મળી. લેસ્ટિનૉક્સના પગાર વિના અકળાએલા સૈનિકોને પણ એણે એકઠા કર્યા અને બીજી વધુ સાત બટાલિયનો ઊભી કરવા અવધ, રોહિલખંડ અને ગંગાજમનાના પ્રદેશમાંથી ભરતી કરવા માંડી. આ માટે સિંધિયાએ એને માસિક દસ હજાર રૂપિયાનો પગાર બાંધી આપ્યો અને લશ્કરના ખર્ચ માટે આખો દોઆબ પ્રાંત એના વહીવટમાં મૂક્યો. વાર્ષિક બે લાખ પાઉન્ડની આવકના એ પ્રાંતમાંથી પોતાના સુયોગ્ય વહીવટ વડે દ બ્વાંએ એ આવક ત્રણ લાખ પાઉન્ડ જેટલી વધારી દીધી અને બીજી બાજુ થોડા જ માસમાં પોતાનું લશ્કર પણ તૈયાર કરી નાખ્યું.

ઈ. ૧૭૯૦ની ૨૦મી જૂને ઇસ્માઈલ બેગ અને જોધપુર તથા જયપુરના રાજાનું સંયુક્ત સૈન્ય માધવરાવ સામે ચડી આવ્યું. સિંધિયાના મરાઠા અને દ બ્વાંના નવા લશ્કરે એનો અજબ સામનો કર્યો ને મુઘલ તથા રજપૂતોનું અશ્વદળ નાશ પામ્યું. હારીને તેઓ નાઠા. એમની ૧૦૦ તોપો દ બ્વાંના કબજામાં આવી.

પણ જોધપુર નરેશ એમ હાર માનનારો નહોતો. રાઠોડી સ્ત્રીઓએ પણ એ હારેલા રજપૂતોને મેણાં મારી ફરી સજાગ કર્યા. રાજાએ લડી શકે તેવા બધા જ રજપૂતોને લડવા બોલાવ્યા. ઘોડો, પગરખાં, પાઘ, મૂછ અને તલવાર ખોવામાં નાનમ માનતા એ રાજપૂતો ફરી એકઠા થઈ ગયા. કલંક ઉતારવા કે મરી ફીટવા તૈયાર એવું ૩૦ હજારનું સૈન્ય લઈ ૧૭૯૦ના સપ્ટેમ્બરમાં મેડતા મુકામે ફરી રાઠોડ નરેશ લડવા આવી પહોંચ્યો. કેસરિયાં કરવા તૈયાર થએલા એ મરણિયા સૈન્યને પણ દ બ્વાંએ અજબ યુદ્ધ આપ્યું ને બપોર સુધીમાં તો બાકી રહેલા છેલ્લા ૧૫ જણને પણ ઢાળી દઇ દ બ્વાંના સૈન્યે મેડતા પર કબજો મેળવી લીધો! માધવરાવ તો પોતાના આ સેનાનાયક પર આફરીન થઇ ગયો. અસંખ્ય ભેટસોગાદ ને માનઅકરામથી એણે દ બ્વાંને નવાજીને બીજા દસ હજાર તથા ત્રણ વર્ષ બાદ ત્રીજા દસ હજારનું સૈન્ય તૈયાર કરવા હુકમ આપ્યો. આમ, દ બ્વાં ૩૦ હજારની સેના અને ૧૨૦ તોપના વિશાળ લશ્કરનો અધિનાયક બની રહ્યો.

દ બ્વાંની આવી ફતેહો જોઈ તુકોજી હોલ્કરે પણ ડયુ ડ્રેનેક નામના એક વિદેશી સેનાનાયક દ્વારા ૪ બટાલિયનોને તાલીમબદ્ધ કરી. પણ ઈ. ૧૭૯૩માં દ બ્વાંના વિશાળ સૈન્ય સામે એ નાશ પામી અને માધવરાવ સિંધિયા હિંદુસ્તાનભરમાં મોટામાં મોટો હિંદુ સત્તાધીશ બની રહ્યો. પૂનાની પેશ્વાઈ ને સતારાની ગાદી હાથ કરવી પણ એને માટે હવે મુશ્કેલ નહોતી, પરંતુ એની યોજના આગળ વધે તે પહેલાં તાવમાં સપડાવાથી પૂના નજીક એકાએક તેનું અવસાન થયું. એના પુત્ર દોલતરાવ સિંધિયામાં પિતા જેવું દૈવત નહોતું એટલે દ બ્વાંને પણ હવે વતન સાંભરવા માંડયું.

અઢાર અઢાર વર્ષની પોતાની એકધારી આ કામગીરીમાંથી એ હવે છૂટવા માગતો હતો. એની તબિયત પણ હવે અસ્વસ્થ થવા લાગી હતી. અંતે દોલતરાવની નોકરી છોડી, ચાર લાખ પાઉન્ડ જેટલી પોતાની પૂંજી લઇ એ યુરોપ જવા ઊપડયો. સૅવૉય એ વેળા ફ્રેંચ બળવાખોરોના કબજામાં હતું, એટલે એણે લંડન તરફ પ્રયાણ કર્યું. ઇ. ૧૭૯૭માં એ ત્યાં પહોંચ્યો ત્યારે એની ઉંમર ૪૭ વર્ષની હતી અને હજી એ અપરિણીત હતો. પણ એક ઈરાની સરદારની પુત્રીથી એને બાનુ અને અલીબક્ષ નામે બે સંતાન હતાં. એ પણ એમની સાથે ઇંગ્લૅંડ ગયાં. ત્યાં તેમણે કૅથલિક ધર્મ સ્વીકાર્યો અને એનાં બાળકોએ આન્ના તથા ચાર્લ્સ ઍલેક્ઝાંડર બ્વાં નામ ધારણ કર્યાં. એના પિતાની વગથી એ સૌને સાર્ડિનિયાની રૈયત ગણાવાનો હક્ક પણ મળ્યો.

પણ કમનસીબે દ બ્વાં, ઈ. ૧૭૯૯માં લંડનમાં ધર્માદા માટેના એક સમારંભમાં એક સત્તર વર્ષીય યુવતીનું ગાન સાંભળી એના પર મુગ્ધ થઈ ગયો. અરધા હિંદુસ્તાનને જીતનારો યોદ્ધો એક છોકરીનો ગુલામ બની ગયો. ફ્રાંસથી ઈંગ્લૅંડને આશરે નાસી આવેલા એક ઉમરાવની પુત્રી ઑસ્મૉન્ડના હાથની એણે માગણી કરી. મોટી વયના દ બ્વાં સાથે એનો મનમેળ સંભવિત નહોતો છતાં પિતાને પોતાના દેશમાં ફરી સ્થાન મેળવી આપવાની શરતે ઑસ્મૉન્ડ તેને પરણવા તૈયાર થઇ. દ બ્વાંએ એ મંજૂર રાખ્યું. બંને પરણ્યાં. દ બ્વાં પત્નીને લઈ પારી(સ) ગયો અને બોનાપાર્ટને સમજાવી પોતાના સસરાને ફરી સ્વદેશ આવવાની સવલત કરાવી આપી. આ પછી એ સૅવૉય આવ્યો ને ત્યાં ચામ્બેરી નજીક એક વિશાળ જાગીર ખરીદીને રહ્યો. સ્વાભાવિક હતું તેમ એ પતિપત્ની વચ્ચે હવે મનમેળ રહ્યો નહિ અને માદામ બ્વાં પતિને છોડી પારી(સ) ચાલી ગઈ. જો કે બંને કદી ઝગડયાં નહોતાં. દર વર્ષે એકાદ વાર માદામ બ્વાં પતિને મળવા આવી જતી. વળી પતિની ભૂતકાળની સહુકાઇનો બદલો વાળવા, પોતાના પિતાની લૂઈ ૧૮માના દરબારમાં ચડતી કળા થતાં દ બ્વાંને એણે ૧૮૧૪માં 'શેવાલીઅર ઑવ લૂઇ' અને ૧૮૧૫માં 'શેવાલીઅર ઑવ ધ લીજિયન ઑવ ઑનર'નાં પદ પણ તેણે અપાવ્યાં હતાં.

અહીં એકલા પડી ગએલા દ બ્વાંએ હવે ચાંમ્બેરી ગામના સુધારા પર ધ્યાન આપવા માંડયું. ત્યાં એણે ગરીબોની વસાહત, શાળાઓ, ઇસ્પિતાલો અને અનાથઆશ્રમો પાછળ લગભગ ૧,૨૦,૦૦૦ પાઉન્ડ ખર્ચ્યા. એક સુંદર સ્થળમાં એણે યુરોપભરમાં પ્રથમ એવું એક સુંદર અને સુવ્યવસ્થિત પાગલખાનું પણ બનાવડાવ્યું. એની આ સખાવતોને સાર્ડિનિયાના રાજા વિક્ટર ઈમૅન્યુએલે જાહેરમાં સન્માની. એણે દ બ્વાંને કાઉન્ટનું પદ આપી સાર્ડિનિયાના લશ્કરનો લેફ્ટેનન્ટ જનરલ પણ બનાવ્યો અને સેન્ટ મૉરિસ તથા સેન્ટ લાઝરસનો ક્રૉસ પણ એનાયત કરી એનું બહુમાન કર્યું. પરંતુ આ બધાં માનઅકરામ પછી યે ઉદાસીન રહેતા દ બ્વાંને વધુ પ્રસન્નતા તો હિંદુસ્તાનમાં જેમની સાથે એને મિત્રતા બંધાઈ હતી એ 'રાજસ્થાનના ઇતિહાસ'ના વિખ્યાત લેખક કર્નલ ટૉડ તથા 'મરાઠા ઇતિહાસ'ના લેખક ગ્રાન્ટ ડફની મુલાકાતોથી મળતી હતી. એ બંને જણે પોતાના ગ્રંથમાં દ બ્વાંની યાદગાર નોંધ લખી છે.

ઈ. ૧૮૩૦ની ૨૧મી જૂને આ સાહસવીરનું અવસાન થયું. ચામ્બેરી ગામે ત્રણ દિવસ બજારો બંધ રાખી એનો શોક પાળ્યો. સાર્ડિનિયાના રાજાએ નગરના ગ્રંથાગારના ચોકમાં એની પ્રતિમા મુકાવી અને પાસે જ એના નામનો ફુવારો પણ રચ્યો. એના અવસાન પછી માદામ બ્વાં ૩૬ વર્ષ જીવી. ૧૮૩૦ના બળવા પછી એ લૂઈ ફિલિપની વિરુદ્ધના કાવતરામાં પણ ભળી અને લૂઈનું પતન પણ નિહાળ્યું. ફ્રાંસના બીજા પ્રજાસત્તાકની ચડતીપડતી પણ એણે જોઈ. ઈ. ૧૮૬૬માં એનું અવસાન થયું. ઇતિહાસમાં આવી કંઈક તેજછાયા પલટાઈ, પણ સૅવૉયમાં દ બ્વાંનું નામ ટકી જ રહ્યું.

હિંદુસ્તાનમાંથી પોતાનાં કાર્યો વડે દ્રવ્ય ખેંચી જનારા કલાઈવ અને બીજા અનેકોથી જે ન થઈ શકયું તે પોતાના દ્રવ્યને જનહિતાર્થે વાપરીને દ બ્વાંએ કરી બતાવ્યું. પોતાની આવડત અને શક્તિને કેળવીને ખુમારીભર્યો પુરુષાર્થ કરી તેને યોગ્ય માર્ગે ઉજાળનાર દ બ્વાંનું જીવન કોઈ પણ આપકર્મીને પ્રેરણા આપી રહે તેવું છે.

(અંગ્રેજીને આધારે)

રવિશંકર રાવળ



ટિકિટ-સંચય ગયા માસ સપ્ટેમ્બરની ૧૩મી તારીખે ચાર ખાસ ટિકિટો બહાર પડી છે. એમાંની ૩, ૫ અને ૭½ પેન્સની ટિકિટો પર યુનાઇટેડ કિંગડમના બ્રૉડકાસ્ટિંગના ૫૦ વર્ષ દરમિયાનનો વિકાસ સૂચવતાં આલેખનો છે. એમાં ૩ પેન્સની ટિકિટ પર ઈ. ૧૯૨૨થી અત્યાર સુધીના માઇક્રોફોનનાં બદલાએલાં રૂપનું આલેખન, ૫ પે.ની ટિકિટ પર ઇ. ૧૯૨૦માં સામાન્ય વપરાશમાં લેવાતું લાકડાના ભૂંગળાવાળું લાઉડસ્પીકર અને ૭½ પે.ની ટિકિટ પર છેલ્લામાં છેલ્લી જાતનો રંગીન ટેલિવિઝન કૅમેરા દર્શાવ્યો છે. છેલ્લી ૯ પે.ની ટિકિટ બ્રિસ્ટલ ચૅનાલ પર નવ માઈલ દૂર રેડિયો સંકેત મોકલવાના માર્કોની અને જ્યૉર્જ કેમ્પે કરેલા પહેલા સફળ પ્રયોગની ૭૫મી જયંતી નિમિત્તની છે જેના પર માર્કોનીએ વાપરેલાં ઓસિલેટર અને સ્પાર્ક ટ્રાન્સમીટરનાં ચિત્ર છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી-લંડન)

જગતની મહાસત્તાઓને લલચાવતો
પૃથ્વી પરનો ત્રીજો વિશાળ સાગર

હિંદી મહાસાગર

લેખક · છોટાલાલ ત્રિ. જાની

એશિયા, આફ્રિકા, યુરોપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા જેવા મહાખંડોને ધારણ કરનાર પૃથ્વીનો મહિમા ગાતાં કહ્યું છે કે—

'पृथ्वी त्वया धृता लोका:' પણ પૃથ્વી કેવળ લોકોને જ ક્યાં ધારણ કરે છે? એ તો સમુદ્રો અને મહાસાગરોને પણ ધારણ કરે છે. એ સમુદ્રો અને મહાસાગરોનો મહિમા જેવોતેવો નથી. પૃથ્વીની સપાટીના ૭૧ ટકા ભાગ પર એનાં પાણી વિસ્તરેલાં છે. ગીતામાં સાગરનો મહિમા શ્રી કૃષ્ણના મુખે ગવાયો છે. જગતની દૈવી વિભૂતિઓને ગણાવતાં તેમણે કહ્યું છે. 'सरसामस्मि सागरम्।'

પૃથ્વી પર ત્રણ મહાસાગરો—ઍટલાન્ટિક, પૅસિફિક અને હિંદી મહાસાગર અતિ જાણીતા છે. એમાંથી હમણાં હમણાં હિંદી મહાસાગર પ્રતિ દુનિયાનું, અને એને લીધે આપણું, ઠીકઠીક લક્ષ દોરાયું છે. સમુદ્રો અને મહાસાગરોની સાથે માનવજીવન સદૈવ જોડાએલું રહ્યું છે. એમના પરથી વાતા પવનો વરસાદ લાવે છે. એ વરસાદ પર ખેતીનો અને એ ખેતી પર માનવજીવનનો મોટો આધાર છે. દરિયા પરથી વાતા પવનોની આબોહવા પર જબરી અસર પડે છે. સાગરજળ દુનિયાભરની પ્રજાઓને મીઠું અને માછલાં પૂરાં પાડે છે. આજના અનેક રાસાયણિક ઉદ્યોગો સાગરમાંથી મળતી પેદાશ પર આધારિત છે. સાગરજળના માર્ગો એકબીજા દેશને સંપર્કમાં રાખે છે, તેમ પરસ્પરને અલગ પણ પાડે છે. મીઠાથી માંડી મોતી જેવી ચીજોની પ્રાપ્તિમાં 'રત્નાકર સાગરની મહેર' છે.

પણ માનવી મહાસાગરની સપાટી પર ઘૂમવાથી ન સંતોષાતાં એનાં ઊંડાણના તાગ મેળવવા પણ મથ્યો છે. આપણે જાણીએ છીએ કે ભૂમિ પરનાં ઊંચાઈ-ઊંડાણના માપને સમજવા જે સમુદ્રસપાટીથી આપણે આરંભ કરીએ છીએ એ સમથળ પાણીનાં ઊંડાણ પણ એકસરખાં નથી. મહાસાગરોના અતિ વિશાળ જળરાશિનું સરાસરી ઊંડાણ બે માઈલનું ગણાય છે. ફિલિપ્પાઈન્સ ટાપુઓમાં મિન્ડાનાઓ ટાપુઓ પાસે મહાસાગરનાં જળ સૌથી વધુ ઊંડાં જણાયાં છે. પણ બહુધા સાગરકિનારાનાં પાણી નીચે જમીનનો ઢાળ ધીરેધીરે વધતો જાય છે. ને પછી પાણી એકદમ ઊંડાં જાય છે. સમુદ્રકિનારાનો ૬૦૦ ફૂટ સુધીની ઊંડાઈવાળો ભાગ તો છીછરો ગણાય છે, જેની નીચેની જમીનને 'ખંડીય છાજલી' કહે છે. આ તળ સુધી તો સૂર્યનાં કિરણો પહોંચી શકે છે, એટલે એ વિસ્તારમાં અનેકવિધ વનસ્પતિ અને જળજીવો પેદા થાય છે.

પણ માનવીને તો એથી યે ઊંડા જળમાં શું છે તે જોવા-તપાસવાની ઈચ્છા છે, અને બદલાતા સંજોગોમાં એ જરૂરી પણ છે; એટલે ઈ. ૧૯૫૯માં બ્રિટન, રશિયા, અમેરિકા ને દુનિયાના અન્ય દેશોએ 'ધ ઈન્ટરનૅશનલ ઇંડિયન ઓશન એક્સ્પિડીશન' નામક એક સંસ્થા સ્થાપી હિંદી મહાસાગરનું મંથન કરવા એક સંયુક્ત સાહસનો આરંભ કર્યો. લગભગ છ વર્ષ સુધી ચાલેલાં એ સંશોધનોમાં જાણવા મળ્યું કે પૃથ્વીની સપાટી પર છે એવાં મેદાનો, ઉચ્ચ પ્રદેશો, પર્વતમાળાઓ અને ઊંડી ખીણો હિંદી મહાસાગરના તળિયા પર પણ છે. બીજા મહાસાગરોમાં પણ એવું છે, પરંતુ અહીં આપણો ઉદ્દેશ હિંદી મહાસાગર પૂરતો પર્યાપ્ત છે.

નેવું અંશ પૂર્વ રેખાંશ પર હિંદી મહાસાગરમાં અસાધારણ ઊંચાઈ અને લંબાઈ ધરાવતી એક પર્વતમાળા છે. હજારો માઈલ લાંબી અને સમુદ્રતળથી ૧૩,૦૦૦ફૂટ ઊંચાં શિખરોવાળી એ વિશાળ પર્વતમાળા ઊંધા અંગ્રેજી મૂળાક્ષર 'વાઇ' (⅄) પેઠે હિંદી મહાસાગરનાં પાણીમાં વિસ્તરેલી છે. પૂર્વે મલાયા, ઑસ્ટ્રેલિયા, ટાસ્માનિયા, ને ભારત તથા ઈરાન થઈ પશ્ચિમે ઊતરતાં અરબસ્તાન અને આફ્રિકા થઈને દક્ષિણે દક્ષિણ ધ્રુવખંડ—ઍન્ટાર્કટિકા વચ્ચે ૨,૮૩,૫૦૦ ચોરસ માઈલમાં પથરાએલો હિંદી મહાસાગર છેક પ્રાચીન ભારતના દરિયાખેડૂઓથી માંડી દુનિયાભરના દેશોના નાવિકોથી ખેડાતો રહ્યો છે. પણ અત્યાર સુધી નહિ અને હવે બધાં રાષ્ટ્રોનું, ખાસ કરીને અમેરિકા અને રશિયા જેવી મહાસત્તાઓનું જે ધ્યાન દોરાયું છે તે આજના રાજકારણની બલિહારી છે.

બ્રિટિશ સામ્રાજ્યની બોલબાલા હતી ત્યારે હિંદી મહાસાગર મોટે ભાગે એમના વર્ચસ્વમાં હતો. યુરોપ અને હિંદુસ્તાન વચ્ચે ત્યારે સુએઝના ટૂંકા માર્ગે અવરજવર થતી. એ માર્ગના અને પોતાનાં હિતોના રક્ષણ માટે બ્રિટિશોએ ભૂમધ્ય સમુદ્રમાં જિબ્રાલ્ટર, માલ્ટા ને સાઈપ્રસ પર અધિકાર રાખ્યો હતો. અને એડન, ટ્રીંકોમાલી, સિંગાપોર તથા હૉંગકૉંગમાં પોતાનાં નૌકામથકો સ્થાપ્યાં હતાં. પણ બીજા વિશ્વયુદ્ધ બાદ પરિસ્થિતિ પલટાઇ ગઇ. બ્રિટિશ હકૂમત તળેના દેશો સ્વાધીન બનતા ગયા અને આખરે હિંદી મહાસાગરની રખેવાળીમાં ઘૂમતા બ્રિટિશ નૌકાદળને બ્રિટને પાછું ખેંચી લેવાનો ઇરાદો જાહેર કર્યો.

બ્રિટિશો જતાં હિન્દી મહાસાગર પર પોતાના વર્ચસ્વની લાલચે ઇ. ૧૯૬૩માં અમેરિકાના સાતમા નૌકા કાફલાએ પૅસિફિકમાંથી એમાં પ્રવેશ કર્યો. અમેરિકા આવ્યું એટલે રશિયા પણ શાનું ચૂકે? દક્ષિણ એશિયાના દેશોની 'સદ્‌ભાવનાયાત્રા' માટે એણે પણ પોતાનાં પંદરેક યુદ્ધજહાજો મોકલ્યાં! બ્રિટને ના કહેતાં મૉરિશિયસને મત્સ્યોદ્યોગના વિકાસમાં સહાય આપવા એણે કરાર કર્યા, એટલે ત્યાં સુધીની તેની અવરજવર તો નિશ્ચિત થઇ ચૂકી! સાગરયુદ્ધમાં સહાયક બની રહે એવી સઘળી માહિતી પણ એ આ રીતે એકઠી કરે જ એ સમજી શકાય તેવું છે. વળી, ચન્દ્ર-પ્રદક્ષિણા કરી આવેલાં રશિયન અવકાશયાનોના ઉતરાણ હિન્દી મહાસાગરમાં ગોઠવી એ બહાને એણે અમુક વિસ્તારોમાં બોયાં પણ તરતાં મૂકી દીધાં. પોતાનાં અવકાશ-સંશોધનોનો એણે આ આડકતરો લાભ પણ ઉઠાવવાની તક ઝડપી લીધી!

જાપાને પણ આમાં રસ લેવા માંડયો છે. એને જોઈતા બળતણનો નેવું ટકા ભાગ મલ્લાકાની સામુદ્રધુનીમાં થઈ આવે છે. બીજા વિશ્વયુદ્ધ પછી એના નૌકાદળે દક્ષિણ એશિયાઈ દેશોની ખેપ કરવા સાથે અગ્નિ એશિયામાં નૌકાદળની કવાયતમાં પણ ભાગ લીધો હતો. નૌકાદળના વિકાસની એની યોજના પણ મહત્ત્વાકાંક્ષાઓથી પર નહિ જ હોય. જ્યારે ચીને પણ પોતાનો નૌકાકાફલો ઘણો જ વધારી દીધો છે, જે છેક આફ્રિકા સુધી પોતાની વગ સ્થાપવા મથી રહ્યું છે. બીજી બાજુ, આપણા લક્ષદ્વીપ અને માલદ્વીપ ટાપુઓમાં પાકિસ્તાનને પણ રસ છે, કેમ કે માલદીવની વસતિ મુસ્લિમોની છે. પોતાના નૌકાદળના એક એકમને એણે ત્યાંની મુલાકાતે પણ મોકલ્યું હતું! આ જ દ્વીપના દક્ષિણ છેડે બ્રિટને વિમાન અને નૌકાદળ માટે એક ચોકી તથા સંદેશ ઉપગ્રહ સાથે સંપર્ક ધરાવતું એક કેન્દ્ર ખડું કર્યું છે.

આમ, હિંદી મહાસાગરમાં વિદેશી રાષ્ટ્રોનો પગપેસારો જે સ્વરૂપ લઈ રહ્યો છે તેની પાછળ કેવળ વૈજ્ઞાનિક સંશોધનોનો જ ઉદ્દેશ સ્વીકારી લેવો એ ભૂલભરેલું છે. તાજેતરમાં જ બાંગ્લાદેશના મુક્તિસંગ્રામ વેળા અમેરિકાના સાતમા નૌકા કાફલાની થોડીશી હિલચાલે જે ધાક પેદા કરી દીધી હતી એ પરથી પણ ભારતે આ મહાસાગરમાં પરદેશીઓની

હિંદી મહાસાગર

ચાર મહાસાગરોમાં કુદરતી દૃષ્ટિએ ત્રીજો આવતો—૨,૮૩,૫૦,૦૦૦ ચોરસ માઈલ જેટલો વિશાળ હિંદી મહાસાગર પૂર્વ-પશ્ચિમ ઈસ્ટ ઇંડીઝ ટાપુઓથી આફ્રિકા સુધી, અને ઉત્તરે દક્ષિણ એશિયાની સમગ્ર કંઠારથી લઇ નીચે છેક દક્ષિણ ધ્રુવખંડ સુધી વિસ્તરેલો છે. એમાં હિંદુસ્તાનની તળભૂમિની કંઠાર ઘણી મોટી હોઈ કદાચ એ પરથી જ આ મહાસાગરનું નામ હિંદી મહાસાગર પડ્યું હશે; કે હિંદ આવવા સારુ પશ્ચિમના દેશો માટે એક કાળે આ એક જ જળમાર્ગ હોઈ હિંદના આ સાગરને એમણે એ નામ આપ્યું હશે; અથવા બીજાં પણ કારણો હોઈ શકે. સરાસરી ૧૩,૦૦૦ ફૂટની ઊંડાઈ ધરાવતો અને વધુમાં વધુ ૨૨,૯૬૩ ફૂટ ઊંડો આ મહાસાગર વિષુવવૃત્તના પટા પર હોઈ હૂંફાળો ગણાય છે અને પ્રશાંત (પૅસિફિક) મહાસાગર કરતાં વધુ શાંત છે. માડાગાસ્કર-માલાગાસી પ્રજાસત્તાક જેવડા વિશાળ ટાપુથી માંડી, નકશામાં ટાંકણીના માથા જેવડા યે ન થાય એવડા ટચૂકડા કદ સુધીના અનેક ટાપુઓ આ મહાસાગરમાં છે, જેમાં માડાગાસ્કર, ઈસ્ટ ઇંડીઝ ને સીલોન તો મોટા અને સારી પેઠે જાણીતા છે. એ ઉપરાંતના કેટલાક મુખ્ય ટાપુઓ જોઈએ :

મોરિશિયસ અને રીયૂનિયન : માડાગાસ્કરની પૂર્વે લગભગ ૫૦૦ માઇલ દૂરના આ ટાપુઓમાં ગરમ ભેજવાળું હવામાન છે. અવારનવાર ઉષ્ણ પ્રદેશનાં વાવાઝોડાંના એ ભોગ બને છે. મોરિશિયસ ટાપુ ડચ લોકોએ શોધ્યો અને હોલાંડના ઑરેન્જ પ્રાંતના રાજકુમાર મોરિસ પરથી એને આ નામ આપ્યું. એની નીચી કંઠાર પર પરવાળાંના ખડકો છે. અંદરના ભાગમાં ૨૫૦૦ ફૂટની ઊંચાઈ સુધી પહોંચતી જ્વાળામુખીથી સરજાએલી પહાડીઓ છે, જે મોટે ભાગે જંગલોથી છવાએલી છે. ટેકરીઓ વચ્ચેની ફળદ્રુપ ભૂમિમાં શેરડી, તેજાના, વેનિલા ને ચોખાની ખેતી થાય છે. અનેક સરોવરોમાંથી વહેતી નદીની પહાડીઓમાં રચાતા ધોધથી સુંદર નિસર્ગદૃશ્યો સરજાવા સાથે પાણીની અહીં સારી છત રહે છે. પોર્ટ લૂઈ એની રાજધાની. ૭૨૦ ચો. મા.ના આ ટાપુની વસતિ ઘણી ગીચ છે.

રીયૂનિયન કે બોરબોન ટાપુ મોરિશિયસથી બેવડા કદનો હોવા છતાં પર્વતીય ભૂમિને કારણે ઓછી વસતિવાળો છે. એના પૂર્વ-પશ્ચિમ વિસ્તારને અલગ પાડતી જ્વાળામુખી શિખરોની એક પર્વતમાળા છે, જેનું એક શિખર તો ૧૦,૦૦૦ ફૂટ ઊંચું હોઈ વર્ષ દરમિયાન કેટલાક દિવસોમાં તે બરફથી આચ્છાદિત પણ જોવા મળે છે. પહાડીઓના ઢાળ ગીચ જંગલોથી છવાએલા છે. તળેટીમાં શેરડી અને તેજાના થાય છે. સેન્ટ ડેનિસ તેનું મુખ્ય શહેર છે.

સેશલ્સ ટાપુઓ મોરિશિયસની ઉત્તરે ૧૦૦૦ માઈલ પર છે. ૧૦૦ નાના અને ૬ મોટા ટાપુઓના એ સમૂહમાં ૫૯ ચોરસ માઇલનો 'માહે' ટાપુ સૌથી મોટો છે. ગ્રેનાઈટ અને જ્વાળામુખીય ખડકોવાળી એની ભૂમિ, કંઠારે પરવાળાંના ખડકોથી ઘેરાએલી છે. નાળિયેર, વેનિલા, તેજાના અને કાચબાની ઢાલની એ નિકાસ કરે છે. અહીં કાચબાનું પ્રમાણ ઘણું મોટું છે, જેમાં ભૂમિ પરના મોટા કાચબા પણ છે. નારિયેળી અને એ વર્ગનાં અન્ય વૃક્ષો અહીં મબલખ છે, જેમાં દસ વર્ષે તૈયાર થતી એક વિશિષ્ટ નારિયેળી પણ છે. સાગરમાં એનાં તરતાં ફળો જોઈ જૂના સમયમાં એના વિષે અનેક કલ્પનાકથાઓ રચાતી રહેતી. વિક્ટોરિયા એનું મુખ્ય શહેર. પ્રજા મિશ્ર.

સોકોટ્રા : હિંદી મહાસાગરમાં વાયવ્યે, સોમાલીલૅન્ડની ઈશાને ૧૫૦ માઈલ દૂર આવેલા આ ટાપુની ભૂમિ પણ પર્વતોથી છવાએલી હોઈ ત્યાં બહુ ઓછી વસતિ છે, જેમાં અરબો મુખ્ય છે. ઢોર અને ઘેટાંબકરાંનો ઉછેર અને ખજૂરનો પાક એ એના મુખ્ય વ્યવસાય.

લક્કદીવ ભારતની નૈઋર્ત્યે, અને એની દક્ષિણે **માલદીવ** ટાપુઓ તો આપણા ઠીકઠીક જાણીતા છે. દરિયાની સપાટીથી ભાગ્યે જ વીસેક ફૂટ સુધીની ઊંચાઈવાળી સપાટી એની ભૂમિ છે. નારિયેળનું વાવેતર અને મત્સ્ય-ઉદ્યોગ ત્યાંના મુખ્ય વ્યવસાય. માલદીવની દક્ષિણે ચાગોસ ટાપુસમૂહ છે ત્યાં મોટે ભાગે કોપરાં ને કોપરેલ જ થાય છે.

આંદામાન અને **નિકોબાર** ટાપુઓ તો આપણને ખૂબ પરિચિત છે. બ્રહ્મદેશની આરાકાન પર્વતમાળાના સંધાણમાં દક્ષિણે બંગાળાના ઉપસાગરમાં ઊપસી આવેલા ૨૦૦ જેટલા ટાપુઓના આ સમૂહની ભૂમિ કરચલિયાળા ખડકોની બનેલી છે. કંઠાર પરવાળાના ખડકોવાળી. આંદામાનમાં ૨૪૦૦ ફૂટ ઊંચું જ્વાળામુખી શિખર છે. બધા ટાપુઓ પર નારિયેળ થતાં હોઈ કોપરાં ને કાથીની એ નિકાસ કરે છે. ભારત સરકારે એના વિકાસ માટે ત્યાં નવી વસાહતો ઊભી કરી છે. પોર્ટ બ્લેર એનું મુખ્ય શહેર અને બંદર. અહીંની ઠીંગણી આદિવાસી પ્રજા આજે ય આદિમ દશામાં રહેતી હોઇ અભ્યસનીય છે. પણ એમની વસતિ ધીરેધીરે ઘટી રહી છે.


કૉકોઝ યા કીલિંગ નામે પરવાળાના ૨૩ ટાપુઓનો સમૂહ જાવાથી પશ્ચિમે ૬૦૦ માઇલ છે. એના પર કરેલાં નિરીક્ષણો પરથી ચાર્લ્સ ડાર્વિને પરવાળાના ખડકોના ઉદ્‌ભવનો પોતાનો સિદ્ધાંત બાંધ્યો હતો. નારિયેળી અને એને અનુષંગી ચીજો એ અહીંનો મુખ્ય વ્યવસાય છે.


ક્રિસ્ટમસ ટાપુઓ જાવાની દક્ષિણે ચૂનાના ખડકો પર ઠરેલા લાવાની ભૂમિના બનેલા બે સમૂહ છે, જેમાંનો એક પૅસિફિકમાં ગણાય છે. ચૂનાના ફૉસ્ફેટના ધંધામાં અહીંની વસતિ રોકાએલી છે.

હાજરી પ્રત્યે બેતમા બનવું નહિ પરવડે એટલું જાણી લેવું ખૂબ જરૂરી છે. નિષ્ણાતો ખરું જ કહે છે કે 'હિન્દી મહાસાગર પર જેનું વર્ચસ્વ રહેશે તેનો પ્રભાવ આખા એશિયા પર પડશે.'

એ ખરું છે કે સમગ્ર હિન્દી મહાસાગર પર આપણે કબજો જમાવી શકીએ તે હાલના તબક્કે તો શક્ય નથી જ, પરંતુ આપણા હિતનું રક્ષણ કરવાની આપણી જવાબદારી તો છે જ. આ માટે આપણે આપણા નૌકાદળને વધુ ને વધુ બળવત્તર તો બનાવવું જ રહ્યું. આપણી નૌસેના પણ આ મહાસાગરમાં ઘૂમતી તો રહેવી જ જોઈએ. ૫૫૦૦ કિલોમીટરના આપણી વિશાળ સાગરકંઠારના રક્ષણ પ્રત્યે આપણે સજાગ ન રહીએ એ કેમ પરવડે? સારી વાત છે કે આપણે આપણા નૌકાકાફલાને વધુ ને વધુ સજ્જ કરવા પ્રત્યે યત્નશીલ છીએ. રશિયા પાસેથી આપણે સબમરીનો ખરીદી છે. બ્રિટિશ સહાયથી મઝગાંવ ગોદીમાં લૅન્ડર વર્ગની ફ્રિગેટો તૈયાર કરી રહ્યા છીએ. 'નીલગિરિ' જેવી ફ્રિગેટ તો સાગરમાં ઘૂમતી થઈ ગઈ છે. દરિયામાં ગમે તેટલે ઊંડે તરતી સબમરીનને શોધી કાઢી એનો નાશ કરી શકે એવી તાકાત એ ધરાવે છે. એના પરનાં 'સી-કિંગ' હેલિકૉપ્ટરો પણ એમાં સહાયભૂત થાય એવાં સુસજ્જ છે. પાકિસ્તાન સાથેના છેલ્લા યુદ્ધમાં આપણા નૌકાદળે બતાવેલો પરચો પણ પ્રશસ્ય છે. પણ એટલાથી સંતોષ ન પામતાં આપણે જલમાર્ગે આપણા રક્ષણ ખાતર સતત સજાગ ને પ્રયત્નશીલ રહેવું જ જોઈશે.

રશિયા-અમેરિકા વચ્ચે હમણાં, મધદરિયે યુદ્ધજહાજોની અથડામણ ટાળવા માટે જે કરારો થયા એનો ઉદ્દેશ શુદ્ધ હશે એમ આપણે માનીએ, છતાં એ કરાર અંગે બીજે જ દિવસે રાજ્યસભામાં શ્રી સ્વર્ણસિંઘે સાચું જ કહ્યું છે કે '...આ કરાર અન્વયે પોતપોતાનાં વર્તુલો ઊભાં કરવાની નેમ હશે તો ભારત એનો સંપૂર્ણ વિરોધ કરશે.' પણ માત્ર બોલ્યાથી એ ન જ બને એ સમજી શકાય તેવું છે. 'જાગે તે જીવે' એ ન્યાયે હિન્દી મહાસાગરમાં આપણા હિત પ્રત્યે સતત જાગૃતિ દાખવવી જ રહી.





∆ આઈ. એન. એસ. 'વિક્રાંત'–અદ્યતન વિમાનવાહક જહાજ. દેશની પશ્ચિમ કાંઠાના રક્ષક 'વેસ્ટર્ન ફ્લીટ' (∆)નું એ ફ્લેગશિપ છે.

આપણું નૌકાદળ

'ઈસ્ટ ઇંડિયા કંપની મરીન'ના નામે છેક ઈ. ૧૬૧૨થી આરંભાતા આપણાં નૌકાદળનું ખરું સ્વરૂપ તો સ્વાતંત્ર્ય પછી ઈ. ૧૯૫૦માં 'ઇંડિયન નેવી'ના રૂપમાં જ ઘડાયું. દેશના ભાગલા થતાં હિંદુસ્તાનના નાનકડા 'રૉયલ ઇંડિયન નેવી'નો બે ત્રીજો ભાગ અને ત્રણ તાલીમ-કેન્દ્રો પાકિસ્તાનમાં જતાં બાકી ભારતને ભાગે આવેલા મામૂલી નૌકાદળનું સંરક્ષણની દૃષ્ટિએ ખાસ કંઈ મૂલ્ય નહોતું રહ્યું. પણ પછી તેનો ધીરો છતાં ચોક્કસ વિકાસ થતો રહી, ઈ. ૧૯૫૧માં રાષ્ટ્રપ્રમુખ રાજેન્દ્રપ્રસાદે એનો સ્વતંત્ર ધ્વજ અર્પણ કર્યા બાદ, એક અલગ સંરક્ષણ પાંખ તરીકે તેની પ્રગતિ વધી. ઈ. સ. ૧૯૬૧માં વિમાનવાહક 'વિક્રાંત'ના ઉમેરણથી તેની એક નવી જ હવાઈ શાખા જન્મી. સાત વર્ષ પછી સબ-

હિંદી મહાસાગર

હિંદી મહાસાગરના આ જલરહિત નકશામાં એનાં સમથળ જલરાશિ નીચે ઢંકાએલી પર્વત-આચ્છાદિત તળભૂમિનું આલેખન છે. ૨,૮૩,૫૦,૦૦૦ ચોરસ માઈલનો એનો વિસ્તાર પૃથ્વીનો લગભગ સાતમો ભાગ રોકે છે. આફ્રિકાથી ટાસ્માનિયા સુધી પૂર્વપશ્ચિમ ૬૬૦૦ માઈલ, ને અરબી સમુદ્ર કે બંગાળાના ઉપસાગરથી નીચે છેક દક્ષિણ ધ્રુવખંડ સુધી વિસ્તરેલાં એનાં પાણી પર છેક પ્રાચીનકાળથી, મીસર-મલાયા વચ્ચે, વેપારી તેમજ લડાયક જહાજોના કાફલા ઘૂમતા રહ્યા છે. પણ એ જલમાર્ગોની જાણકારી ઉપરાંત એનો સર્વાંગી અભ્યાસ તો ૧૯૫૯થી ૭ વર્ષનાં ચાલુ સંશોધનોદ્વારા હમણાં થયો.

ઉનાળામાં નૈઋર્ત્યમાંથી વાતા પવનો હિંદી મહાસાગર પરથી ભેજ આણીને ભારતમાં વરસાદ લાવે છે, તે સાથે દરિયામાં નૈઋર્ત્યથી ગોળાકારે ઈશાન તરફ વહેતો એક મહાપ્રવાહ સર્જે છે. શિયાળામાં ઈશાનમાંથી સાગર ભણી ધકેલાતી સૂકી ઠંડી હવા વરસાદને રોકવા સાથે પેલા પ્રવાહને પણ પાછો વાળે છે. જહાજ઼ાત, ખેતી, મચ્છીમારી અને ઋતુઓ પર એની ઊંડી અસર પડે છે, આવા પલટા બીજા મહાસાગર પર નથી. પણ છેલ્લાં સંશોધનોમાં જે જાણવા મળ્યું તેનો થોડો શો ખયાલ આવો છે :


ɑ. બંગાળાના ઉપસાગરથી માંડી વિષુવવૃત્ત પર થઈ છેક ઑસ્ટ્રેલિયા સુધી લંબાએલી ૩૦૦૦ માઈલ લાંબી અને ૧૩૦૦૦ ફૂટ જેટલી ઊંચી કરાડોવાળી રીધીસટ પર્વતમાળ જેવી પહાડી જે આમાં છે તેવી બીજા મહાસાગરોમાં નથી. સિંધુ ને ગંગામાંથી ઠલવાતા કાંપથી સરજાએલા દરિયાતળ પરના અતિવિશાળસમથળવિસ્તારોજેવાં મેદાનપણ આના જેવાં બીજા સાગરતળ પર નથી. :

ɑ. હિંદી મહાસાગર તળેના પર્વતોમાં સૌથી ઊંચું શિખર માડાગાસ્કરની પૂર્વમાં (નકશામાં અ ગોળાકારમાં) છે. છેક તળિયેથી સાગર સપાટી બહાર નીકળતું એ શિખર ૨૬,૦૬૯ ફૂટ ઊંચું છે. જાવા નજીક (નકશામાં વ ગોળાકારમાં) આ મહાસાગરની ઊંડાઈ વધુમાં વધુ-૨૫,૩૪૪ ફૂટ છે.


ɑ. અરબી સમુદ્રથી માંડી ઊંધા અંગ્રેજી મૂળાક્ષર વાય (Y) આકારે છેક દક્ષિણ સુધી વિસ્તરેલી વિશાળ પર્વતમાળ, પૂર્વે પ્રશાંત અને પશ્ચિમે આટલાંટિકમાંની





એવી પર્વતમાળા સાથે સંધાણ સાધતી જણાઈ છે. ɑ. એક કાળે આફ્રિકા, ભારત, ઑસ્ટ્રેલિયા ને દક્ષિણધ્રુવ ખંડની ભૂમિ આ મહાસાગરને સ્થાને જોડાએલી હતી તે માન્યતાને પણ આ સંશોધનોમાં પુષ્ટિ મળી છે. કાળાંતરે એ ભૂમિખંડો ખસતા જઈ અહીં આ મહાસાગર રચાયો. આ રીતે ખસતાંખસતાં ભારતે ઉત્તરમાં



કરેલા દબાણથી હિમાલયની પર્વતમાળા ઊપસી આવી. સાગરપ્રવાહો અને એથી ફેરવાતા ઉષ્ણતામાનથી અહીંની જીવસૃષ્ટિ અને જળજનિત પદાર્થોનાં પ્રમાણ તથા વૈવિધ્ય પર ઘણી અસર હોઇ, ભવિષ્યની અનેક નવીન પ્રાપ્તિનાં દ્વાર પણ આ મહાસાગરનાં સંશોધનથી ખૂલી ગયાં છે. (સં૦)







ના આવતાં દરિયાની અંદર એનું એક પરિમાણ વધ્યું. ઈ. ૧૯૭૧માં એણે મિસાઈલ્સના યુગમાં પ્રવેશ કર્યો. આજે એ કોઈ પણ નૌકાદળ
થી અપેક્ષિત બધી જ કામગીરી માટે સુસજ્જ છે. હજી યે એના વધુ વિકાસ માટે દેશમાં જ યુદ્ધજહાજો બાંધી શકાય તે સારુ દેશના
ઔદ્યોગિક પાયાને સુદૃઢ કરવા પ્રતિ પણ જે લક્ષ અપાઈ રહ્યું છે તેને પરિણામે પૂર્ણતઃ દેશમાં જ બંધાએલી ફ્રિગેટ 'નીલગિરિ' આ વર્ષે
દળમાં ઉમેરાઈ છે, અને વધુ ઉમેરાશે. બીજી બાજુ, નૌકાદળને માનવબળ પૂરું પાડવા અનેક તાલીમકેન્દ્રો પણ ચાલે છે, જ્યાં વિદેશના
અફસરોને પણ શિક્ષણ અપાય છે. આપણી આ સજગતાનું પરિણામ પણ આપણે તાજેતરમાં જોયું. ગયે વર્ષે પહેલી જ વાર યુદ્ધમાં
ઊતરેલા આપણા નૌકાદળે દેશની ૫,૬૦૦ કિ. મી.ની વિશાળ કંઠારનું રક્ષણ કરવા ઉપરાંત, આક્રમક પાકિસ્તાનના છેક ઘરઆંગણે જઈને
ઘા મારી.આવીને પોતાના દૈવતને સિદ્ધ કરી બતાવ્યું છે. અહીં આપણા નૌકાદળનાં કેટલાંક જહાજોનાં ચિત્રો આપ્યાં છે.

અંતિમ અવસ્થાએ પહોંચેલા તારા કૉલેપ્સર

★——————લેખક · ડૉ. સુશ્રુત પટેલ

ડિસેમ્બર, ૧૯૭૦માં કીન્યાના સમુદ્રકિનારેથી ઈટાલિયન વૈજ્ઞાનિકોએ અમેરિકાના 'નાસા' માટે ઍક્સપ્લોરર-૪૨ નામનો જે એક ઉપગ્રહ તરતો મૂક્યો એનું બીજું નામ 'ઉહુરુ' રાખવામાં આવ્યું. સ્વાહિલી ભાષામાં એનો અર્થ થાય 'સ્વતંત્રતા'. આ ઉપગ્રહને આપણે દુનિયાની સૌપ્રથમ ક્ષ-કિરણો ગ્રસતી અંતરીક્ષ-વેધશાળા કહી શકીએ.

અગાઉથી એવી ગોઠવણ કરેલી કે આ ઉપગ્રહ ભૂમધ્યરેખાની નજદીક પ્રદક્ષિણા-પથ પર એવી રીતે ઘૂમે કે જેથી એની અધિકતમ ઊંચાઈ ૩૫૦ માઈલ રહે, જ્યારે ઓછામાં ઓછી ઊંચાઈ ૩૨૦ માઈલ રહે. આ રીતની વિશિષ્ટ ભ્રમણ-કક્ષા ગોઠવવા પાછળનો આશય એવો હતો કે પૃથ્વીની આસપાસ જે વિકિરણના પટ્ટાઓ છે, એનાથી એ દૂર રહી શકે અને આમ 'ઉહુરુ' ખરા અર્થમાં સ્વતંત્ર રહી પોતાનું કાર્ય નિર્વિઘ્ને કરી શકે. અને એણે એ કરી પણ બતાવ્યું. પોતાના ભ્રમણના પહેલા ત્રણ જ કલાકમાં તો એણે આપણી આકાશગંગા (તારાવિશ્વ)માંથી કુલ ૩૩ જેટલા ક્ષ-કિરણ ઉત્સર્જિત કરતાં પિંડો એક ઝપાટામાં શોધી કાઢ્યા, જેમાંના ૧૦ તો આપણે માટે સાવ નવા જ હતા.

અત્યાર સુધી આશરે ૫૦ જેટલા ક્ષ-વિકરણ ઉત્સર્જિત કરતા પદાર્થો અંગે માહિતી સાંપડી છે, જેમાંના મોટા ભાગની વિકિરણ-શક્તિ સૂર્યથી એક હજારગણી વધુ જણાઈ છે. આ સ્રોતો પોતાની ૯૯ ટકાથી પણ વધુ શક્તિ ક્ષ-કિરણોના રૂપમાં ઉત્સર્જિત કરે છે, જ્યારે સૂર્ય પોતાની શક્તિનો લગભગ ૧૦ લાખમો ભાગ જ ક્ષ-કિરણોના રૂપમાં ઉત્સર્જિત કરે છે.

ઈ. ૧૯૬૨માં ઍરોબી નામના એક રૉકેટે, તથા એ પછી ઈ. ૧૯૬૩-માં છોડવામાં આવેલાં રૉકેટોએ દર્શાવ્યું કે આપણી આકાશગંગાના કેન્દ્રમાં તેમ જ વૃશ્ચિક રાશિમાં ક્ષ-કિરણોનો એક જોરદાર સ્રોત આવેલો છે. આ શોધ અનાયાસ તેમજ આકસ્મિક હતી, પણ એણે એક નવી જ કેડી પ્રત્યક્ષ કરી; જેને લક્ષ્યમાં રાખી 'ઉહુરુ'ને તરતો મૂકવામાં આવ્યો. પરિણામે,ક્ષ-કિરણ ઉત્સર્જિત કરતાં પિંડો અંગે ઘણી વધુ માહિતી સાંપડી.

'ઉહુરુ'નાં યંત્રોએ નિયમિતરૂપે ક્ષ-કિરણો સ્પંદિત કરતો એક પિંડ હંસમંડળ (સિગ્નસ, Cygnus) નામના તારામંડળ (constellation)-માં શોધી કાઢ્યો, જેનો સ્પંદન-સમય પરિવર્તનક્ષમ હતો; ને પાછળથી એ પ્રતિ સેકન્ડે ૧૪ વાર સ્પંદન કરતો હોવાનું જણાયું. આને સિગ્નસ ઉપરથી 'સિગ-ઍક્સ-૧' (Cyg X-1) એવું નામ અપાયું. આ પછી તો આવા જ ગુણધર્મ ધરાવતા બીજા બે પિંડો પણ મળ્યા. આ સ્રોતોની શોધ થઈ એ અગાઉ પણ વૈજ્ઞાનિકોએ આવા સ્રોત—પલ્સર—ની શોધ કરેલી ખરી, પણ આ બંને વચ્ચે કેટલોક મહત્ત્વનો તફાવત જણાયો છે.

સામાન્યતઃ કોઈ મોટા તારા-સુપરનોવા-ના સ્ફોટ દ્વારા પલ્સર એના અવશેષરૂપે બચી જતો હોય છે. પણ એવું જણાયું છે કે 'સિગ-ઍક્સ-૧'એ પલ્સર તો છે, પણ કોઈ તારા-વિસ્ફોટનો અવશેષ નથી. અર્થાત્ આ વર્ગના પલ્સર કોઈ વિરાટ સ્ફોટક તારાના ભંગારમાં હોતા નથી. આ ઉપરાંત કર્ક નિહારિકામાંના પલ્સરની જેમ 'સિગ-ઍક્સ-૧'માંથી નથી રેડિયો-તરંગો ઉત્સર્જિત થતા, કે નથી કોઈ દૃશ્ય પ્રકાશ ઉદ્ભવતો. એની આ છેલ્લી લાક્ષણિકતાએ વૈજ્ઞાનિકોને વિચાર-વંટોળમાં ફસાવ્યા છે.

રૉયલ ગ્રીનિચ વેધશાળાના કહેવા મુજબ આ સિગ ઍક્સ-૧ એ કોઈ વિરાટ તારા (Giant Star)ની આસપાસ ઘૂમતો 'બ્લૅક હોલ' (શ્યામ છિદ્ર) હોવો જોઈએ.

'શ્યામ છિદ્રો' (Black Holes) એ કાંઈ નવી વાત નથી. એમના અંગેની સૈદ્ધાંતિક કલ્પના તો આજથી ૩૫ વર્ષ પહેલાં કરવામાં આવેલી. 'નાસા'ના ગૉડાર્ડ ઇન્સ્ટિટ્યૂટ ફૉર સ્પેસ સ્ટડિઝ (ન્યૂ યૉર્ક)ના ડૉ. કૅમેરૉને (A.G.W. Cameron) આ 'બ્લૅક હોલ' માટે તાજેતરમાં એક નવો શબ્દ-પ્રયોગ સૂચવ્યો છે: 'કૉલૅપ્સર' (Collapsar).

આઈન્સ્ટાઈને ૧૯૧૫માં પ્રસિદ્ધ કરેલી પોતાની 'જનરલ થીઅરી ઑવ રીલેટીવિટી' નામની પરિકલ્પનામાં જણાવ્યું હતું કે ગુરુત્વાકર્ષણનું ક્ષેત્ર પ્રકાશનાં કિરણો ઉપર અસર કરે છે, અને પ્રકાશનાં કિરણોને વાળે છે. ચાર વર્ષ પછી સૌના આશ્ચર્ય વચ્ચે આઈન્સ્ટાઈનના આ તર્કને પ્રાયોગિક સાબિતી સાંપડી.

આપણે જાણીએ છીએ તે મુજબ, ધારો કે કોઈ અતિશય મોટા એવા દ્રવ્યમાન (માસ) ધરાવતા અવકાશી પિંડનું સંકોચન એટલી બધી હદે કરવામાં આવે કે એની ત્રિજ્યા ઘટવા સાથે એમાંના દ્રવ્યનું ઘનત્વ અત્યંત વધી જાય, તો આવા કિસ્સામાં એ પિંડના ગુરુત્વાકર્ષણ બળમાં પણ ખૂબ જ વધારો થઈ જાય. આઇન્સ્ટાઈનના મતે આવા પિંડના ગુરુત્વાકર્ષણની અસર એટલી હદે પ્રબળ થઈ જશે કે એના કદમાં અમુક નિર્ધારિત ત્રિજ્યાથી ઘટાડો થતાં, એ પિંડ દ્વારા ઉત્સર્જિત થતું દરેક પ્રકારનું વિકરણ—પ્રકાશ સુધ્ધાં—એની અસરમાંથી છટકી નહિ શકે!

દરેક પિંડના દ્રવ્યમાન મુજબ એની ત્રિજ્યાની એક નિર્ધારિત હદ હોય છે. ત્રિજ્યાની આ મર્યાદાને જર્મન ખગોળજ્ઞ કાર્લ શ્વાર્ઝચિલ્ડ (Schwarzschild, ૧૮૭૩–૧૯૧૬) ઉપરથી 'શ્વાર્ઝચિલ્ડ ત્રિજ્યા' (Schwarzschild radius) કહે છે. આ ત્રિજ્યાથી નાના અવકાશી પિંડોને ખગોળશાસ્ત્રમાં 'બ્લૅક હોલ્સ' અથવા તો 'કૉલૅપ્સર કહે છે. જેમ કે સૂર્યની શ્વાર્ઝચિલ્ડ ત્રિજ્યા ૩ કિલોમીટર જેટલી છે. એનાથી ઘટાડો થતાં સૂર્ય અદૃશ્ય બની જાય, અને પછી એને કૉલૅપ્સર કહેવો પડે!

સામાન્ય ભાષામાં કહીએ તો આ પિંડો અત્યંત ઘનીભૂત થઈ ગએલા છે, જેને પરિણામે એમનું ગુરુત્વાકર્ષણબળ એટલું બધું પ્રબળ બની ગયું છે કે એમનો પોતાનો જ પ્રકાશ અવરોધાય છે, એટલું જ નહિ પણ અન્ય તારાના પ્રકાશનાં કિરણોને પણ એ શોષી લે છે!

અત્યારસુધી એમના અંગે કશી સાબિતી મળી ન હતી. પણ 'નાસા'-ના ડૉ. કૅમેરૉને ૧૫ જાન્યુઆરી '૭૧ના 'નેચર'માં લખેલા એક લેખમાં જણાવ્યું કે આવા પિંડનું અસ્તિત્વ હોવું જોઈએ. આપણા તારાવિશ્વમાં આવેલો એપ્સિલૉન ઑરિગી [Epsilon (e) Aurigae] નામના તારાની સાબતી તારો આવો જ 'બ્લૅક હોલ' (કૉલૅપ્સર) હોવો જોઈએ. અને એ માટેની એમણે સાબિતી પણ રજૂ કરી છે.

ઘણા સમયથી આ તારો જિજ્ઞાસાનું મૂળ રહ્યો છે. આ બે તારાઓ ખગોળશાસ્ત્રમાં યુગ્મ તારા (Binary Star) તરીકે ઓળખાતા તારાઓના પ્રકારના છે. એમાંનો મુખ્ય તારો મહાવિરાટ તારા (Surer Giant Star)માંનો એક છે, અને એનું દ્રવ્યમાન ૩૫ સૂર્ય જેટલું મનાય છે. એનો જોડીદાર બીજો તારો બહુ અસામાન્ય છે. એનું કદ તો ૨૩ સૂર્ય જેટલું છે, પણ એ દેખાતો નથી. છતાં એ મુખ્ય તારાની આગળ આવી જાય છે ત્યારે એના આશરે અરધા જેટલા પ્રકાશને રોકે છે. ગૌણ તારા દ્વારા ગ્રસાતા મુખ્ય તારાની આ ક્રિયાને ગ્રહણ કહી શકાય. આવા ગ્રહણ દ્વારા જોડીદાર તારાની હાજરી જાણી શકાય છે.

ડૉ. કૅમેરૉને આ બીજો તારો (ગૌણ તારો) નાનો હોવાની અગાઉની કલ્પનાને નકારી કાઢી છે, અને જણાવ્યું છે કે પૂર્વે એ તારો મુખ્ય તારા કરતાં પણ કદમાં ઘણો મોટો હોવો જોઈએ, પણ હવે એ બ્લૅક હોલ યા કૉલૅપ્સર થઈ ગયો હોવો જોઈએ.

એ જ ઇન્સ્ટિટ્યૂટના ડૉ. સ્ટોથર્સ (R. Stothers) 'નેચર'ના એ જ અંકમાં ડૉ. કૅમેરૉનની વાતનું એક અન્ય રીતે સમર્થન કરે છે. એમણે

પણ એક અન્ય '૮૯ હર્ક્યુલિસ' (89 Hercules, શૌરી) નામના અતિ-વિરાટ (સુપર જાયન્ટ) તારાનો સાથીદાર બ્લૅક હોલ હોવાની કલ્પના કરી છે.

કૉલૅપ્સર્સ તો અવકાશમાં અનેક હોવા જોઈએ. એ માત્ર યુગ્મ તારાઓના પ્રકારમાં જ હોય એવું પણ નથી. એ અન્ય પ્રકારના તારાઓમાં પણ હોવાનું મનાય છે. અલબત્ત, સિગ-ઍક્સ-૧નાં લક્ષણ જોતાં એવું કહી શકાય કે એ યુગ્મ તારાનો જ કોઈ પ્રકાર હોવો જોઈએ, જેમાંનો એક તારો કૉલૅપ્સર હોવો જોઈ એ.

વૈજ્ઞાનિકોએ બ્લૅક હોલ્સના બે પ્રકાર પાડ્યા છે: ચક્રાકાર ઘૂમતા ને ચક્રાકાર ન ઘૂમતા. બ્લૅક હોલમાં જો બહારની કોઈ પણ વસ્તુ આવી પડે તો એ અદૃશ્ય બની જાય છે. આમાં તો માત્ર એક જ શ્વાર્ઝચિલ્ડ ત્રિજ્યા હોય છે. પણ ચક્રાકાર ઘૂમતા બ્લૅક હોલમાં તો પ્રકાશ અને પદાર્થને હડપતી બે શ્વાર્ઝચિલ્ડ ત્રિજ્યાઓ હોય છે.



ચક્રાકાર ઘૂમતા બ્લૅક હોલની રચના. એના અર્ગોસ્ફીઅરમાં જ્યારે બાહ્ય વસ્તુ પ્રવેશે છે ત્યારે તે બે ટુકડાઓમાં વહેંચાઈ જાય છે.

આમાંની બહારની સપાટી વર્ણપટમાં વિકરણનું બેશુમારપણે (અસીમ) લાલ-સંસરણ કરે છે. તેનું કારણ, આઇન્સ્ટાઈનના મતે, એ પિંડનું પ્રચંડ ગુરુત્વાકર્ષણક્ષેત્ર છે. જ્યારે અંદરની સપાટી 'એકમાર્ગી ત્વચા' (oneway membrane) તરીકે ઓળખાય છે. આ સપાટીમાંથી કોઈ પણ પદાર્થ છટકી શકતો નથી. આ બંને સપાટી વચ્ચેના પ્રદેશને અર્ગોસ્ફીઅર (ergosphere) કહે છે. (જુઓ આકૃતિ) આ પ્રદેશમાં બહારની વસ્તુ હરહમેશ ઝડપાય જ એવું નથી. પણ એવું મનાય છે કે જ્યારે કોઈ વસ્તુ અર્ગોસ્ફીઅરમાં બહારથી પ્રવેશે છે, ત્યારે એ બે કટકાઓમાં વહેંચાઈ જાય છે. આ પૈકીનો એક કટકો બ્લૅક હોલમાં પડે છે, જ્યારે બીજો એમાંથી ભાગી છૂટે છે. આ ક્રિયા દરમિયાન બ્લૅક હોલ પોતામાંની કેટલીક શક્તિ પેલા ભાગી છૂટેલા પિંડને ભેટ આપે છે. પરિણામે એ પિંડની શક્તિમાં અગાઉ કરતાં ઘણો બધો વધારો થઈ જાય છે. કેટલાક ખગોળશાસ્ત્રીઓ એવું માનવા લાગ્યા છે કે આવી આંતરિક પ્રક્રિયા દ્વારા જ અત્યંત પ્રબળ એવું ગુરુત્વાકર્ષણ-વિકિરણ ઉદ્ભવતું હોવું જોઈએ.

તારાની ઉત્ક્રાંતિના ક્રમ અનુસાર, સૌ પ્રથમ શ્વેત વામન, પછી ન્યૂટ્રૉન તારાઓ ને એ પછી છેલ્લે કૉલૅપ્સર્સ એમ ત્રણ અવસ્થાઓ (એના ક્રમિક સ્વરૂપે) માનવામાં આવે છે. એટલે કે શ્વેત વામનમાંથી ન્યૂટ્રૉન અને ન્યૂટ્રૉન તારામાંથી આખરે એની અંતિમ અવસ્થા બ્લૅક હોલ પરિણમે છે.

મરતો તારો ન્યૂટ્રૉન બનશે કે બ્લૅક હૉલમાં પરિણમશે એ માટે ભારતના ને હવે અમેરિકામાં સ્થાયી થએલા પ્રખ્યાત ખગોળશાસ્ત્રી ડૉ. સુબ્રહ્મણ્યમ ચંદ્રશેખરે સૂચવેલી ધારણા આજે બધા જ ખગોળશાસ્ત્રીઓ સ્વીકારે છે. એ કહે છે કે આ પ્રશ્નનો ઉત્તર મરતા તારાના દ્રવ્યમાન (mass) ઉપર અવલંબે છે. એમના મતે, કોઈ પણ તારાનું દ્રવ્યમાન આપણા સૂરજ કરતાં આશરે બે ગણું વધારે હોય ને જ્યારે એનું બધું જ નાભિકીય બળતણ ખલાસ થઈ જાય ત્યારે એ બ્લૅક હોલમાં પરિણમશે.

પાછળથી આ માટે તારાનાં દ્રવ્યમાન ઉપરાંત એનું પરિભ્રમણ પણ એક અગત્યનું કારણ જણાયું. યુનિ૰ ઑવ સાઉથ ફ્લૉરિડા (અમેરિકા)-નાં ડૉ. સોફિયા (Sabation Sofia) નામનાં ખગોળશાસ્ત્રીએ તાજેતરમાં 'નેચર ફિઝિકલ સાયન્સ' નામની એક વૈજ્ઞાનિક પત્રિકામાં ગણતરી દ્વારા દર્શાવ્યું છે કે તારાનું પરિભ્રમણ (rotation) કેવી રીતે એની છેલ્લી અવસ્થામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

એમના કહેવાઅનુસાર કોઈ પણ તારાનું ભાવિ એના ગુરુત્વાકર્ષણના બળ અને પરિભ્રમણ-બળ વચ્ચેના સંતુલન ઉપર આધાર રાખે છે. આ પૈકી ગુરુત્વાકર્ષણ-બળ તારાના દ્રવ્યમાનને અંદરની તરફ ખેંચે છે, જ્યારે પરિભ્રમણ–બળ એને બહારની તરફ હડસેલે છે.

જો તારાનું પરિભ્રમણ–બળ (યા પરિભ્રમણ-વેગ) વધારે હશે તો એવો તારો આખરે ન્યૂટ્રૉન તારો બનશે; ને એથી ઊલટું, જો તારાનો પરિભ્રમણ-વેગ ઓછો હશે તો એ બ્લૅક હોલમાં પરિણમશે.

ઍપ્સિલૉન-ઑરિગી યુગ્મતારા ઉપરાંત બીટા-લાઈરા (β Lyrae)-ને પણ હવે ખગોળશાસ્ત્રીઓએ બ્લૅક હોલ તરીકે પિછાણ્યો છે, જે ઑરિગીની માફક યુગ્મતંત્ર (Binary System) રચી રહે છે.

પ્રિન્સ્ટન યુનિ૰ના જૉન વ્હીલર (John Wheeler) તથા રેમો રફિનિ (Remo Ruffini) વૈજ્ઞાનિકો તેમજ કેમ્બ્રિજના પેનરોઝ (Roger Penrose) તથા અન્ય વૈજ્ઞાનિકો એવું માને છે કે બ્લૅક હોલને દ્રવ્યમાન, કોણીય વેગમાન (angular momentum) અને વીજભાર (charge) એમ સ્પષ્ટપણે ત્રણે લાક્ષણિકતાઓથી અલગ તારવી શકાય. આ વૈજ્ઞાનિકોના મતે ચાર પ્રકારના બ્લૅક હોલ હોવા જોઈએ.

કેટલાક વૈજ્ઞાનિકોના મતે ન્યૂટ્રૉન તારાઓ બ્લૅક હોલની અવસ્થાએ પહોંચે એ અગાઉ કદાચ ક્ષ-કિરણોનું ઉત્સર્જન કરતા હોવા જોઈએ. તો પછી 'ઉહુરુ' ઉપગ્રહ સિગ-ઍક્સ-૧થી આવતાં ક્ષ-કિરણો ગ્રહણ કર્યાં છે, એ શું સાચે જ કોઈ મૃત્યુ પામી રહેલા તારાની આખરી ચીસો છે?

આપણે જાણીએ છીએ કે પ્રકૃતિમાં કોઈ વસ્તુનો સંપૂર્ણપણે નાશ થતો જ નથી; એનું માત્ર રૂપાંતર જ થતું હોય છે. બ્લૅક હોલ (કૉલૅપ્સર) માંથી ઉત્સર્જિત થતી શક્તિ વિકરણદ્વારા જો બહાર ન નીકળી શકતી હોય તો આખરે એ જતી ક્યાં હશે? સિગ-ઍક્સ-૧ યુગ્મ-તંત્ર રચતો હશે? યુગ્મતારા જ બ્લૅક હોલ ધરાવતા હશે? કદાચ આ બધા પ્રશ્નોના અત્યારે તો આપણી પાસે ઉત્તરો નથી; પણ એવું લાગે છે કે પ્રકૃતિની સતત ક્રિયાશીલ સર્જન, વિનાશ ને વળી પાછું સર્જન, એવા ક્રમનું આ તો માત્ર જાણે એક સોપાન જ હશે!

ફોરમ ઑવ ફ્રી એન્ટરપ્રાઈઝ

તરફથી 'કુગાવો' એ વિષય ઉપર રખાએલી નિબંધ-હરીફાઈ માટેનું રૂ. ૧૦૦૦નું પ્રથમ ઈનામ પ્રો. એલ. જી. બાપટ (શોલાપુર)ને અને રૂ. ૫૦૦-નું બીજું ઈનામ ભોપાલના ડૉ. પી. ડી. મહેશ્વરીને મળે છે. નિર્ણાયકો તરીકે તાતા ઈકૉનૉમિક કન્સલ્ટન્સી સર્વિસિઝના અધ્યક્ષ ડૉ. હોનાન ઇઝેકિયેલ, જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. ગંગાધર ગાડગીલ અને પ્રસિદ્ધ નાણાંકીય સલાહકાર શ્રી એમ. આર. શ્રૉફ હતા. □



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ

૩] ગતાંકથી ચાલુ

લેખક: કનુભાઈ જાની

ગાંધીજીના ભારતમાંના આગમન પહેલાંની વાત છે. આખા યે મુંબાઇ ઇલાકામાં કૉલેજો અલ્પસંખ્ય—માંડ દસેક, ને તેમાં ભણનારા ય અલ્પસંખ્ય, એ ખયાલમાં રાખીએ તો કૉલેજ સુધી એ જમાનામાં પહોંચેલા તો અત્યંત ઉદારમતવાદી હોય એવી અપેક્ષા સ્વાભાવિક ગણાય. છતાં ત્યારે ય અંત્યજ ને તો સૌકોઈ અંત્યજ જ ગણતા, એટલાં ઊંડાં ને દૃઢ આ બાબતમાં એ રૂઢિનાં મૂળ હતાં. એવા એ કાળમાં ગાયકવાડની શિષ્યવૃત્તિથી ઇંગ્લૅન્ડ જઇ આવેલા, ઠક્કરબાપા જેવા આજીવન સેવાવ્રતીએ જેને પોતાના ચારમાંના એક ગુરુ ગણ્યા હતા તે, કાળી દાઢી ને કફનીવાળા, ત્યાગી-સંન્યાસી જેવા, વિઠ્ઠલ રામજી શિન્દેએ 'અખિલ હિન્દ અંત્યજ-ઉદ્ધારક મંડળ' ('ડિપ્રેસ્ડ ક્લાસિઝ મિશન-સોસાએટી ફૉર ઇન્ડિયા') સ્થાપેલું. ઈ. ૧૯૧૦માં એ પોતે ભાવનગર આવી અંત્યજો માટે એક શાળા સ્થાપી ગયા હતા. એનું મકાન રૂવાપરીને રસ્તે નાગર જિમખાનાની સામે આવેલું હતું. ઝવેરચંદ પહેલા વર્ષમાં હતો એ જ વર્ષે—૧૯૧૩માં કપિલભાઈ એના સેક્રેટરી બન્યા. કૉલેજના અભ્યાસ સાથે એ સંસ્થાની દેખરેખ પણ એ રાખતા. એ નિશાળમાં ને અંત્યજવાસમાં એ વારંવાર જતા. ઝવેરચંદ પણ આ જાણતો.

એક તહેવારને દિવસે રાતને વખતે એ શાળાનાં બાળકોનો એક કાર્યક્રમ કપિલભાઈ એ ગોઠવ્યો. જશોનાથ હૉસ્ટેલના કૉલેજિયનોને પણ ઝવેરચંદ દ્વારા નિમંત્રણ મોકલ્યું. લગભગ આખા સમૂહે આમંત્રણ સ્વીકાર્યું. બે માઈલ ચાલીને એ અંત્યજશાળામાં સૌ પહોંચી ગયા. એ દિવસોમાં આવી શાળાઓ તો ઘણી ગરીબ, એટલે કાર્યક્રમ પણ શક્તિ અનુસાર ઘણો જ સાદો હતો. મૅજિક લૅન્ટર્નથી થોડાંક ચિત્રો બતાવાયાં. બાળકોએ કાંઈક ગીતો ગાયાં. કૉલેજિયનોએ એમની સાથે વાર્તાલાપ કર્યો. છેલ્લો કાર્યક્રમ હતો એ બાળકોને હાથે મહેમાનોને પાનબીડાં આપવાનો. એ પણ થયો. સૌએ એકબીજાની સામે જોતાં બીડાં ચૂપચાપ લીધાં તો ખરાં; પણ એ ખવાય તો કેમ જ? એ સમૂહમાંથી સૌના દેખતાં એ પાનબીડાં ખાવાની ધૃષ્ટતા કરી બે જણે—ઝવેરચંદ મેઘાણીએ ને પરમાનંદ પુરુષોત્તમ જોષીએ. (મેઘાણીના એ મિત્ર એમ. એ. થઇને પહેલાં એલ્ફિન્સ્ટન સ્કૂલમાં શિક્ષક ને પછી બગસરાની શાળામાં આચાર્ય હતા; જેતપુરની નદીમાં નાહતાં એ ડૂબી ગયા.)

કપિલભાઈ લખે છે: 'હૉસ્ટેલમાં કોલાહલ જાગ્યો. કોઇ નાતનો ગુનો કરનારનો ઇન્સાફ કરવા માટે નાતના પંચાતિયા મળે ને જે ઘોંઘાટ ઉત્પન્ન થાય એવો ખળભળાટ એ રાતે જશોનાથ રેસિડેન્સીમાં થયો. ઉગ્ર શબ્દો બોલાયા, કડક ભાષણો થયાં અને આખરે ફેંસલો અપાયો કે એ બે ગુનેગારોના પાટલા બીજી સવારથી બીજા વિદ્યાર્થીઓથી અલગ કરી નાખવા, અને મહારાજે એમને ઊંચેથી પીરસવું.

કોઇ પણ પ્રકારના પ્રતિકાર વગર, ફેંસલો ફેરવવા માટે કોઈ દલીલ કે આજીજી કર્યા વગર બંને દોસ્તોએ સજા સ્વીકારી લીધી. બીજી સવારથી આ સામાજિક બહિષ્કારનો અમલ થયો. બીજી કશી કડવાશ એ બન્ને જણા અને બાકીના સમૂહ વચ્ચે પેદા થઈ ન હતી. ભોજનક્રમ હમેશના નિયમ મુજબ આનંદથી ચાલતો. ફક્ત જમવાટાણે બે થાળીઓ દૂર મુકાતી, અને એના અધિકારીઓ સીધા ત્યાં આવીને બેસી જતા. ને તે ય અડોઅડ નહિ; કારણ કે એક વાણિયો હતો, બીજો બ્રાહ્મણ!

આમ ક્યાં સુધી ચાલ્યું? આ કાંઇ નાનોસૂનો ગુનો નહોતો કે છ-આઠ મહિનામાં, કે બે-ત્રણ વરસમાં, કે સજા કરનાર જૂથ જતું રહેતાં ભુલાઈ જાય ને પૂર્વવત્ સહભોજન શરૂ થઇ જાય. એક વાર ભ્રષ્ટ થયો, વટલાયો, તે વળી પાછો 'શુદ્ધ' થઈ શકે જ કેવી રીતે? પછીનાં વર્ષોમાં આવનાર એક સહાધ્યાયી ચુનીલાલ ના. શાહ લખે છે: 'ક્લબમાં બ્રાહ્મણ અને વાણિયા જુદા બેસતા હતા; પરંતુ હવેથી વાણિયામાં પણ બે ભાગ પડ્યા. મેઘાણીભાઈને સહુથી જુદા પડી એકલા જમવાનું હતું. ત્યારે હું કૉલેજમાં ન હતો. પરંતુ હું જ્યારે કૉલેજમાં દાખલ થયો ત્યારે મેં એમને અમારાથી જુદા બેસતા જોયા. તે સ્વસ્થતાપૂર્વક સહુથી જુદા બેસતા હતા. તેમને જુદા બેસવાનું દુ:ખ હોય એમ લાગતું નહિ. તેમના પ્રત્યે અમને સહુને માન હતું. તેમના મધુર કંઠનો ક્લબમાં અને ક્લબબહાર અમે આસ્વાદ કરતા હતા અને એ માટે અમે અમારી જાતને ભાગ્યશાળી માનતા. છતાં ય સમયનું બળ એવું હતું કે અમારી સાથે એમને બેસાડવાનું મન અમને ન થયું, કે અમારામાંથી કોઈને પણ એમની સાથે બેસવાનો વિચાર પણ આવ્યો નહિ. આજે આટલાં બધાં વર્ષના અંતરે ભારે નવાઈ લાગે છે. આ કિસ્સામાં જેમ અમારી સ્થિતિચુસ્તતા, સંકુચિતતા પ્રગટ થાય છે તેમ એમની નૈતિક હિમ્મત પણ પ્રગટ થાય છે. એવા જમાનામાં પણ તે પોતાને સાચું લાગતું પગલું અડગતાપૂર્વક ભરતા હતા. સહુ સહાધ્યાયીઓથી જુદા પડવામાં તેમણે અસાધારણ હિમ્મત દર્શાવી હતી.' ('સ્ત્રીજીવન', જૂન ૧૯૪૭, પૃ. ૧૧૩) અને તે ય કૉલેજના પહેલા જ વર્ષમાં, સોળ વર્ષની ઉમરે, અને કોઈ મોટું પરાક્રમ કર્યાનો કે સુધારો કર્યાનો ખોટો દેખાડો કર્યા વિના!

ઝવેરચંદ પ્રીવિયસ પાસ થયો ને કપિલભાઈ ઇન્ટરમાં નાપાસ થયા, એટલે ઈ.૧૯૧૪માં ઇન્ટરમાં તો બંને સહાધ્યાયીઓ બન્યા. એ વરસથી એમને પ્રિન્સિપલના બંગલાની બાજુમાં આવેલી નવી રેસિડેન્સીમાં જગ્યા મળી. એમના રૂમ-કમ્પૅનિયન તરીકે એમની સાથે બહિષ્કૃત થએલા પરમાનંદ જોષી મુકાયા. નીચેના માળે જમણે હાથે છેલ્લી ઓરડી એમને અપાઈ. નવી રેસિડેન્સીમાં પણ ભોજનટાણે બહિષ્કારની સજા ચાલુ હતી. લાહોરની દયાનંદ ઍંગ્લો વૈદિક કૉલેજમાંથી આગલે વર્ષે ભાવનગર આવેલા પ્રોફેસર તેજુમલ કરમચંદ શાહાણી એમની ઓરડીને માથે આવેલા ઓરડામાં રહેતા હતા. નવી હૉસ્ટેલની દેખરેખ એમને સોંપાઈ હતી. (એ એકલા રહેતા, કુટુમ્બ હૈદરાબાદ (સિંધ)માં રહેતું. લગભગ આખી જિંદગી એમણે ભાવનગરમાં આવી રીતે ગાળી. બેંતાળીસની લડત વખતે એ શામળદાસ કૉલેજના આચાર્ય. રાષ્ટ્રના એ મુક્તિસંગ્રામમાં જોડાવાની વિદ્યાર્થીઓને અનુકૂળતા મળે એ હેતુથી એ કૉલેજમાં રજા જાહેર કરતી નોટીસ મૂકવાની હિમ્મત તો એ સરકારી અમલદારે બતાવેલી જ; પણ ત્યાર બાદ ભાવનગરની મુલાકાતે આવેલા ગોરા ગવર્નરે એમનો ખાદીનો પોશાક ને કૉલેજમાં આમ રજા પાડેલી તે બધું મનમાં રાખીને, કૉલેજ બતાવવા સાથે પધારેલા મહારાજાસાહેબની હાજરીમાં જ્યારે કટાક્ષ કર્યો 'Well Mr. Principal, it seems there is all around you national colour' કે તરત જ હિંમતથી ફટકો લગાવ્યો: 'Yes, my Lord! Otherwise His-Highness's money for higher education would have been wasted.' આવી જ્વલંત પ્રતિભા!)

સામે જ હતી પિલ ગાર્ડન્સની વિશાળ પટે પથરાએલી, વૃક્ષરાજિથી સભર લીલોતરી. એથી આ નવી રેસિડેન્સીનું વાતાવરણ આહ્લાદક લાગતું હતું. અને એવી જ આહ્લાદક, ભૂરકી નાખતી પ્રતિભા હતી જુવાન, કોટ-પાટલૂન-ટાઇધારી સિન્ધી પ્રોફેસર શાહાણીની. વિષયમાં નિષ્ણાત, કુશળ શિક્ષક, તૈયારી કરીને જ વર્ગમાં જનાર, વહેલી પરોઢે પિલગાર્ડન્સનાં ચક્કરો પર નિયમિત દોડવા જનાર, ક્રિકેટ-ટેનિસમાં કાબેલ આ પ્રોફેસર વિદ્યાર્થીઓમાં એક પ્રકારના કુતૂહલવાળો આદર જગાવતા. અં-

ગ્રેજી સાહિત્યનું એમનું સારું પરિશીલન. રાજ્યશાસ્ત્રનાં એમનાં વ્યાખ્યાનોમાં ય કવિતાઓ આવે. મૅક્યાવેલીના તો એ ગાઢ અભ્યાસી. સિદ્ધાંતની ચર્ચામાં છેક છેલ્લાં સંશોધનો સુધી એ ઊંડા તો ઊતરે જ; પણ સાથે એ સિદ્ધાંત કાર્યાન્વિત થયા કે નહિ એની ચર્ચા અને સિદ્ધાંત રજૂ કરનારાનું બહુવિધ મૂલ્યાંકન કરવું યે ન ચૂકે. એમની અસ્ખલિત વાક્ધારા સાંભળ્યા જ કરીએ એવી. મૅક્યાવેલીનો આરંભ કરતાં એ જાણે બોલી ઊઠે: 'What the profound intellect and the sound heart of the man did actully achieve both as a philosopher and as a man of action, under no very rosy conditions...' 'રાજ્ય એ શક્તિ છે' એ મૅક્યાવેલીના મતની તો એ અત્યંત વિશદ ચર્ચા કરે, ને છેલ્લે એના કોઈ ચરિત્રકારને યાદ કરીને કહે: 'The flame of patriotism burnt more quickly and purely in him than in Guicciadini, and he was the greater writer because he was the better man, all calumnies of his detractors notwithstanding.' (જિજ્ઞાસુઓએ શાહાણી સાહેબના બે લેખો 'જર્નલ ઑવ ધ યુનિવર્સિટી ઑવ બૉમ્બે'ના દસમા-અગિયારમા ગ્રંથમાં જોવા જેવા છે.) આ સાંભળનાર ઊછરતા લેખકો પણ પેલા 'better man'નું મહત્ત્વ ન ભૂલી શકતા.

રેસિડેન્સીની પૂર્ણિમા-મિજલસોમાં અને આમંત્રણ મળે ત્યારે ભોજનમાં વિદ્યાર્થીઓ ભેગા એ ભળતા. ઝવેરચંદ ત્યારે નરસિંહરાવ, કલાપી, સાગર, લલિત, નાનાલાલનાં કાવ્યોની ચર્ચા પણ કરતો ને ગાતો. એને આ કવિઓનાં કાવ્યો આ સિંધી પ્રોફેસરને અંગ્રેજીમાં સમજાવવાં પડતાં; કવિઓનો પરિચય પણ અંગ્રેજીમાં કરાવવો પડતો. એ વખતે કપિલભાઈ જેવા એના સાથીદારો એનો અભ્યાસ જોઈ આશ્ચર્ય અનુભવતા. ઝવેરચંદને શાહાણી સાહેબ 'મેન્ધાણી' કહેતા.

ક્યારેક કપિલભાઇને ત્યાં ઝવેરચંદ ને પરમાનંદ બન્નેને જમવાનું નોતરું મળતું. પરમાનંદ જોષી મૂળ જેતપુરના વતની, પણ એમના પિતા બગસરામાં ઘણાં વરસ ગુજરાતી શાળાના મુખ્ય શિક્ષક હતા, એટલે એ બન્નેને જૂનો પરિચય પણ હતો. કપિલભાઈ ઠક્કરબાપાના ભત્રીજા. એમનું આખું કુટુમ્બ થીઑસોફિસ્ટ. એ કાળ ઍની બિસન્ટનો. એટલે એમને ઘેર જમતાં જમતાં ને તે પછી એની ચર્ચા થતી. બિસન્ટનું 'ન્યૂ ઇન્ડિયા' પત્ર ત્યાં આવતું. એ પણ ક્યારેક આ બન્ને વાંચતા. એ જ અરસામાં શ્રી જિનરાજદાસ ભાવનગરની મુલાકાતે આવેલા. એમને ઝવેરચંદે રસપૂર્વક સાંભળેલા. એનું વાચન પણ વિસ્તર્યું હતું. આગલે વર્ષે સ્કૉટ વાંચેલો. આ વર્ષે પર્સીનું લોકસાહિત્ય વિષેનું પુસ્તક લઇને એ વાંચતો એક મિત્રે જોયો. એને ઝવેરચંદે કહેલું: 'આવું ગુજરાતીમાં લખાવું જોઇએ.'

વર્ષાંતે સોશિયલ ગૅધરિંગ વખતે, હમેશનાં સ્વચ્છ ધવલ વસ્ત્રોમાં, બગસરાના ચોકડીવાળા ફેંટા સાથે મંચ પર આવી કશો સભાક્ષોભ અનુભવ્યા વિના, મહારાજા ભાવસિંહજી ને અન્ય નગરજનોના મોટા સમુદાય આગળ ઝવેરચંદે ખબરદારનું 'ગુણવન્તી ગૂજરાત' એવી ભાવવાહી રીતે ગાયું કે સભા મુગ્ધ બની ગઈ. એ એનો પ્રથમ જાહેર ગાન-પ્રયોગ.

પરીક્ષા આપી દીધી હતી ને બી. એ. જૂનાગઢ કરવાનો પોતાનો ઈરાદો મિત્રોને જણાવ્યો હતો. ઐચ્છિક વિષય તરીકે અંગ્રેજી ને સંસ્કૃત રાખવાનું નક્કી કરેલું. બહાઉદ્દીન કૉલેજમાં સંસ્કૃત સારું શીખવાય છે એવી એની છાપ; પ્રો૦ મહાદેવ મલ્હાર જોષીનું મોટું આકર્ષણ; એટલે ત્યાં જવાનું નક્કી કરેલું. ગૅધરિંગને બીજે જ દિવસે નીકળવાનો હતો એટલે જેવો કાર્યક્રમ પૂરો થયો કે કપિલભાઈ એમને મળવા ગયા, ભેટ્યા. મન ભારે હતું. હવે કોણ જાણે ક્યારે મળાશે!

ઇન્ટર આર્ટ્સ બીજા વર્ગમાં પાસ કરીને એ, નિરધાર્યા મુજબ, જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં જુનિયર બી.એ.માં દાખલ થઈ ગયો. ધૂમકેતુ લખે છે: 'એ વખતે હું પ્રીવિયસમાં આવેલો, ને નવો નવો હોવાથી કૉલેજના વાતાવરણ સાથે કોઈ રીતે મેળમાં આવી શકતો ન હતો. મારી પાઘડી તે જાણે ચાલે તેવી હતી, પણ બીલખાના ઓખાઈ જોડા સેન્ટ્રલ હૉલમાં ભયંકર ગણાતા. એ દેશી ચામડાના, એટલે એને તેલ લગાવવું પડે; ને ગમે તેટલું કરો પણ એને ધૂળ તો ચોંટે ચોંટે ને ચોંટે!...ઘણા છોકરા એ જોડાને હસતા... એક વખત તો પ્રિન્સિપલ સ્કૉટ સેન્ટ્રલ હૉલમાં ભેટી ગયા. એ ખુશનુમા સ્વભાવના ભારે વિનોદી સ્કૉટ્સમૅન-આડા ફંટાઇને મારી પાસે આવી ચડ્યા. કાંઇક એવા નૈસર્ગિક અભિનયથી એમણે આ જોડા તરફ દૃષ્ટિ કરી કે ત્યાં પાસે ઊભેલા માણાવદરના એક ફટાયા કુમાર અને બીજા ક્રિકેટ પારંગતો, જે અદ્યતન નેકટાઇ-બૂટ-શૂઝમાં અપ-ટુ-ડેઇટ લાગતા હતા, તે સૌ હસી પડ્યા. અને એ હસવું પણ કૉલેજના ઘુમ્મટમાંથી પડઘા પાડતું વધારે મોટું તો ત્યારે બન્યું કે જ્યારે પ્રિન્સિપલે કાંઇક વિનોદી, મીઠી મશ્કરીભરેલું વાક્ય-'આફ્રિકન રાજકુમારની ભેટ?' કે એવું કાંઇક કહ્યું ને જેનો તત્કાલ યથોચિત પ્રત્યુત્તર આપવાનું મારાથી ન બની શક્યું!

મેઘાણીભાઈ એ વખતે મને મળેલા... આવા સુંદર ઓખાઈ મેં ક્યાંથી મેળવ્યા એની પૃચ્છા કરેલી. ઓખાઈ ઘણે ઠેકાણે થતા હશે, પણ બીલખાના ઓખાઈ એ જુદી જ કરામત હતી: એવા પાતળા ઘાટીલા ને મજબૂત. એ વખતે પણ એમને લોકજીવનમાં રસ હતો એનો આ પુરાવો છે.

એ વાતો કરતા હોય ત્યારે પણ સ્કૉટલૅન્ડના ડુંગરા, સરોવરો, સ્કૉટ અને એની નવલકથાઓ, એમાં ઘૂમતા હોય. બી. એ.ના મોટા લાગતા વિદ્યાર્થીઓની એવી વાતો સાંભળતો હું એમની પાછળ પાછળ ધીમે ધીમે કૉલેજમાં જવા નીકળતો ત્યારે મેઘાણી પોતાની એ લાક્ષણિક શૈલીમાં વિદ્યાર્થી-મિત્રો સાથે આવી વાતોએ ચડ્યા હોય...એ પોતે સૌમાં પ્રિય હતા. એમના સ્વભાવની કુમાશ એ વખતે પણ પ્રસિદ્ધ હતી. મેઘાણીને ત્યાર પછી મેં જોયા નહિ, કારણ કે બીજી ટર્મમાં એમણે ભાવનગર તરફ દૃષ્ટિ કરી.' ('ઊર્મિ'નો એપ્રિલ ૧૯૪૭નો સ્મૃતિ અંક, પૃ. ૪૮-૪૯.)

ઝવેરચંદને ઑનર્સ રાખવું હતું. એ વખતે શામળદાસ કૉલેજમાં અંગ્રેજીના વિષયમાં એની જોગવાઈ નહોતી. પ્રા. રતિલાલ જાની કહે છે: 'ઑનર્સના એ વર્ગો ખોલવાની ઝુંબેશ એણે ઉપાડેલી. એ માટે અરજી કરેલી. સહીઓ ઊઘરાવતા. આ માટે અમે કાન્ત પાસે પણ ગએલા. જો કે પછી એણે ઑનર્સ છોડી દીધેલું.' હવે ગમતા વિષયો જ આવ્યા. લૉજિક કે ગણિતની મગજમારી નહોતી. ઐચ્છિક વિષયોની સાથે ઐચ્છિક વાચનનું ક્ષેત્ર પણ વૈવિધ્યવાળું બન્યું. એનો એણે પૂરેપૂરો લાભ ઉઠાવ્યો.

શેક્સ્પીઅરનાં બે નાટકો ભણવાનાં આવ્યાં: 'મર્ચન્ટ ઑવ વેનીસ' અને 'મૅકબેથ'. કાવ્યોમાં શેલીનું 'ઍડોનેઇસ' ને બાયરનનું 'ચાઇલ્ડ હૅરોલ્ડ'. ગદ્યમાં કાર્લાઇલ ને બર્ક. બર્કના 'રિફ્લેક્શન્સ ઑન ધ રેવોલ્યુશન ઇન ફ્રાન્સ' અને બાયરન શાહાણી શીખવતા. શાહાણી બર્ક લે, એટલે અનેક કાવ્યો, પુસ્તકો, વિચારોનો ધોધ વહેવડાવે. ત્યારે ય એવા અધ્યાપકો તો ખરા જ, જે વર્ગમાં પુસ્તકોમાં લાલ-ભૂરી પેન્સિલોથી અગત્યનું નોંધાવડાવે ને 'આની બહાર જવાની જરૂર નથી' એવી વ્યવહારુ સલાહ આપે. પણ શાહાણી તો અગત્યની પંક્તિઓના ઊંડા રહસ્યઘટનમાં અભ્યાસીઓને લઈ જાય. ચર્ચા કરે. એક એવું વાતાવરણ ખડું કરે જેમાં અમુક પંક્તિઓ, અમુક વિચારો હૈયે કોતરાઈ જાય અથવા વિચારચક્રો ચાલુ થઇ જાય. ક્યારેક ચર્ચા પણ વર્ગમાં જામે. ખાસ કરીને બર્ક વખતે. બર્ક તો પરંપરાનો ચાહક, પૂજક. ઝવેરચંદને એ નાપસંદ, એટલે વારંવાર ચર્ચાઓ ઉઠાવ્યા કરે. એક વાર આ શિષ્ય-શિક્ષક વચ્ચે આવી ચર્ચા જામી પડી. તે જ વખતે લૉબીમાંથી પ્રિન્સિપલ સંજાણા એ સાંભળવા ઊભા રહ્યા. પાછળથી શાહાણીને બોલાવીને કહે: 'Here was a very critical student.'

પ્રોફેસર કણિયા મોટા વિદ્વાન. સંસ્કૃત શીખવે. વેદાન્ત ભણવાનું.

એમનું પોતાનું અધ્યયન તો ખૂબ ઊંડું, પણ વિદ્યાર્થીની કક્ષા ભૂલી જાય. ધીમું બોલે. કોઈ ભૂમિકા વિના એમણે તો વેદાન્ત પર વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આરંભી દીધાં. છોકરા મૂંઝાય. પણ બોલે કોણ? ઝવેર બોલ્ડ નીકળ્યો. એણે એક વાર ઊભા થઈને કહ્યું: 'પણ સાહેબ, આ વેદ શું છે એ તો સમજાવો. અમને તો કાંઇ ખબર નથી પડતી.'

જો કે સાવ ખબર જ ન પડે એવો એ વિદ્યાર્થી નહોતો. એ મહેનતુ હતો. બી.એ.ની પરીક્ષા અગાઉ શહેરમાં રહેનારા સાત-આઠ વિદ્યાર્થીઓ રેસિડેન્સીમાં વાંચવા આવતા. એ જમવા પૂરતા ઘેર જતા. ત્યારે વર્ગો બંધ પડી ગએલા, એટલે બહારગામના વિદ્યાર્થીઓમાંથી એકલો ઝવેરચંદ જ ત્યાં રહેલો. એ ઉપલે માળ રહેતો. રાતે બાર વાગે આ લોકો ચા કરે ત્યારે એને બોલાવતા. એ ચા તો નહોતો પીતો, પણ આવતો ખરો. એ વખતે એણે જે કાંઈ વાંચ્યું હોય તે, અરધા કલાકમાં સૌને કહી સંભળાવતો. ચા પીતાંપીતાં સહાધ્યાયીઓ એને સાંભળતા. સાંભળનારને થતું કે પોતે તો જાણે કંઈ વાંચ્યું જ નથી! કદાચ રહી જવાશે! બ્રૅડલીના 'શેક્સ્પીરીઅન ટ્રૅજેડી'નો તો એણે મનનપૂર્વક અભ્યાસ કરેલો. એ પોતાના વાચનનો લાભ સૌને આપે, છતાં પોતે આભાર કરે છે કે બીજા કરતાં વધુ જાણે છે એવું ન લાગે એની કાળજી રાખતો. પ્રદર્શન એની પ્રકૃતિમાં નહોતું.

એ વરસોમાં એનાં બહેન લાભુબહેનનાં લગ્ન લેવાયાં. એ પ્રસંગે બગસરા જવું જ જોઇએ. લગ્ન સંબંધે કાંઇક વાતો કરવા કાળિદાસભાઈ ભાવનગર આવીને એને મળી ગએલા પણ ખરા. એણે અમુક દિવસે બગસરા જવાનું નક્કી પણ કરેલું. પરંતુ બરાબર એ જ અરસામાં ટેનિસ રમતાં પગમાં એક કાંકરી ખૂંચી ગઈ. પગ પાક્યો. પથારીવશ થવું પડ્યું. લગ્નમાં ન જવાયું. છતાં મિત્રો પાસે એણે પોતાનું દુ:ખ ગાયું નહિ! 'જમજે અશ્રુની થાળ એકલો' એ કાવ્યપંક્તિ એણે ઉપદેશ માટે લખેલી નથી. એ એના સ્વભાવની વાત હતી.

એ જ વર્ષે યુનિવર્સિટીએ નવેમ્બરને બદલે પરીક્ષાઓ માર્ચમાં લેવાનું નક્કી કર્યું હતું. એટલે એ વખતના પરીક્ષાર્થીઓને બી. એ.ના અભ્યાસ માટે ત્રણેક માસ વધારે મળ્યા હતા. શામળદાસ કૉલેજના 'મૅગેઝીન'ની શરૂઆત પણ એ વર્ષે જ થઈ હતી. એના પ્રથમ અંકના ગુજરાતી વિભાગમાં એણે લખેલું. જિતુભાઈ મહેતાના લખવા મુજબ એ બે લેખો હતા: 'અધીરીના ઉમળકા' અને 'જગત બહાર ગમે ત્યાં'. કપિલભાઇએ લખ્યું છે કે એક જ લેખ હતો, પણ આખા યે અંકનો એ ઉત્તમ લેખ હતો. એ તો મળે ત્યારે! આપણી અત્યંત નજીકના ઇતિહાસ માટેની આપણી બેફિકરાઇની યે કોઈ હદ નથી!

ઇતિહાસ એ સીધુંસાદું ગણિત નથી કે તમે આંગળીને વેઢે ફટફટ હિસાબ તારવી લો. જેમ કે: મેઘાણી ૧૯૧૨ની સાલમાં મૅટ્રિક, '૧૩માં પ્રીવિયસ (ઍફ. વાય.), ચૌદમાં ઈન્ટર ને સોળમાં બી.એ.! પણ ના, માનવમન કાળ સાથે જે લીલા કરે છે તે અને કાળદેવ પોતે જે અકળ લીલા કરે છે તે બન્ને ભેળાં થઈને ઇતિહાસ રચે છે. એટલે ઇતિહાસનું ગણિત ગોથાં ખવડાવે એવું જ રહેવાનું.

ઈ.૧૯૧૩–'૧૪ની સાલમાં મુંબાઈ યુનિવર્સિટીના સંચાલકોને વિચાર આવ્યો કે કૉલેજનાં બે સત્રોનું બનેલું એક વિદ્યાપ્રવૃત્તિનું વર્ષ ઈસુના વર્ષની ફ્રેમમાં સજ્જડ ફિટ કરી દીધું છે તે બરાબર નથી! ઉનાળાની ને દિવાળીની રજાને ખયાલમાં રાખો; આપણા ઋતુમાનને ખયાલમાં રાખો; કાઢો એ જડબેસલાક ચિત્રને ચોકઠા-બારું! એટલે પહેલાં સત્રોની ને પરીક્ષાની વ્યવસ્થા, જે આ પ્રમાણે થતી—ત્રીજી જાન્યુઆરીથી પંદરમી એપ્રિલ પહેલું ને દસમી જૂનથી ત્રીસમી સપ્ટેમ્બર તે બીજું સત્ર, અને પરીક્ષા ઑક્ટોબર-નવેમ્બરમાં, પરિણામ ડિસેમ્બરમાં—એને બદલે ૧૯૧૫-૧૬થી વ્યવસ્થા બદલાઈ ને ૨૦ જૂનથી ૧૦ ઑક્ટોબર પહેલું, ને ૧૦ નવેમ્બરથી ૧૦ માર્ચ બીજું સત્ર, તથા માર્ચના ચોથા સોમવાર પછી જે સોમવાર આવે ત્યારે પરીક્ષા શરૂ થાય, એ વ્યવસ્થા આવી. જૂની વ્યવસ્થા ચાલુ રહી હોત તો મેઘાણી ૧૯૧૬ના ડિસેમ્બરમાં બી.એ. થઈ જાત; પણ વ્યવસ્થા બદલાઈ. એની સાથે સાલ પણ બદલાઈ. પરીક્ષા જ ૧૯૧૭ના માર્ચની આખરે કે એપ્રિલને આરંભે ગઈ.

દર વર્ષે તો ઑક્ટોબર આવે એટલે પરીક્ષાની ધમધોકાર તૈયારીના દિવસો હોય. સોળની સાલમાં એમ ન બન્યું. વળી, એ વર્ષે ઑગસ્ટમાં મુશ્કેલી આવેલી: પ્લેગ ફાટી નીકળેલો. લગભગ આખું ગામ ખાલી થએલું, ને વિદ્યાર્થીઓને તો રજા પડેલી. પણ સમજુ જુવાનો જ એમ ચાલ્યા જાય તો બીચારા ગરીબોનું કોણ? ઝવેરચંદ એ ખાતર જ નહોતો ગયો. એની શાખ પૂરે છે શ્રી ચૂનીલાલ ના. શાહ: 'જન્માષ્ટમીની રજાપ્રસંગે સહુ વિદ્યાર્થીઓ હોસ્ટેલ છોડીને પોતાને ગામ ગયા હતા; મેઘાણીભાઈ પોતાને વતન ન જતાં હોસ્ટેલમાં રહ્યા હતા. એ સમયે શહેરમાં પ્લેગનો ઉપદ્રવ ચાલતો હતો. મેઘાણીભાઈ સ્વયંસેવક બનીને એ સમયે દરદીઓના ઘરે દવા પહોંચાડવા જતા હતા. કોઈ પણ જાતનો દેખાવ કર્યા સિવાય તેઓ પોતાનું કર્તવ્ય બજાવતા હતા.' ('સ્ત્રીજીવન', જૂન-'૪૭, પૃ. ૫૧૩) પરીક્ષા કરતાં માનવસેવા વધારે અગત્યનું કામ હતું. પુસ્તક કરતાં માણસની કીમત વધારે.

પણ એ કારણે વાંચવાનું ચડ્યું. વળી પગ પાક્યો; લાભુબહેનનાં લગ્નમાં ન જવાયું એનું પણ થોડુંક ભારણ મન પર હતું. આ બધાં કારણોએ મન ઉદ્વિગ્ન રહેતું. જે સમયે વાચનની ગતિ વધુમાં વધુ રહેવી જોઈએ તે જ કાળે પરીક્ષા ઠેલાવાથી ઝોલો પડ્યો હતો. છતાં દિવાળી તો આવીને જતી પણ રહી, ને બેસતું વર્ષ ક્યારે આવીને ઊભું રહ્યું એની, આ કલાપીપ્રેમી 'વિલાપી'ને ખબરે ન રહી! લોકોને હોંશે હોંશે અહીંતહીં મળવા-હળવા નીકળેલા જોયા ત્યારે જ ખયાલ આવ્યો: 'અરે! આ તો બેસતું વર્ષ!' એ સાથે જ બીજો વિચાર આવ્યો: 'નવું વર્ષ બેઠું! શું મારાં વીસ વર્ષ આમ ને આમ હાથ-તાળી દઈને ચાલ્યાં ગયાં!' એમાં, સતત કામગરા છતાં રહી ગએલાં કામોનો જ હિસાબ રાખનારા જાગતા જીવનો નિ:સાસો છે. સમયના જવ પ્રતિ, પેલા પાંડુને પ્રગટેલું તેવું આશ્ચર્ય પણ છે:

'નિહાળું છું શું હું મનહર વસન્તપ્રસરને!'

આ વીસ વર્ષનો જુવાન પણ દુ:ખાશ્ચર્યના ઉદ્ગારોવાળું કાવ્ય રચે છે:

'નિહાળું છું આજે જગત રમતી મંગલ પ્રભા.'

અને પાંડુ પોતે એ 'વસન્તપ્રસર'ના અનુભવમાંથી જીવને બચાવવા મથે છે તેમ આ ઊગતો કવિ પોતાની જાતને ટપારે છે:

'છતાં મારાં નેત્રો કયમ નવ અરે જાગ્રત થયાં?'

એ બે કાવ્યોની તુલના કરવાનો આશય નથી. પરંતુ આ ઊગતા કવિની પ્રથમ રચનામાં પણ છંદ પરની એની હથોટી ચાડી ખાય છે કે આ 'વિલાપી'એ આ પહેલાં પદ્ય પર હાથ સારી પેઠે અજમાવ્યો છે. આખું કાવ્ય જુઓ:

નિહાળું છું આજે જગત-રમતી મંગલ પ્રભા,
હજારો વ્હાલાંનાં હૃદય પણ કલ્લોલ કરતાં;
હસી, ભેટી, ચુમ્બી, લઈ દઈ વિનોદો અવનવા,
સુખે કૈં મ્હાલે છે પ્રિયતમ, સખા ને પ્રિયતમા.

ઊભો છું હું જોતો ટગમગ બધું વિસ્મિત બની,
અને પૂછું: 'ભાઈ, શીદ અહીં હશે મેદની મળી?'
'અરે ઘેલા, ભોળા!' કહી સહુ જનો મશ્કરી કરે,
'નથી શું જાણ્યું કે નવવરસ આજે શરૂ થશે?'

પડ્યા શબ્દો કાને; 'અરર!' વદતાં કમ્પ વછૂટ્યો.
'ગયાં ચાલ્યાં રે શું મુજ જીવનનાં વીસ વરસો?
પ્રભાતો કૈં આવાં ઝળહળ પ્રકાશી વહી ગયાં,
છતાં મારાં નેત્રો કયમ નવ અરે જાગ્રત થયાં?'

'વિલાપી' 'મેઘાણીભાઈ' થઈ ચૂક્યો હતો એની આ સાબિતી. અલબત્ત, કોઈ મોટો વિચાર કે તેની આકર્ષક રજૂઆત અહીં નથી. ભાવની દષ્ટિએ વિચારીએ તો પ્રથમ રચનાની કચાશ આમાં છે. પણ પદ્યત્વ સધાયું છે. 'કલાપી'નો પ્રિય છંદ શિખરિણી સહજ રીતે ઊતરી આવ્યો છે.

એ વર્ષે સીનિયર બી.એ.માં એ કૉલેજમાંથી છત્રીસ જણ બેસવાના હતા. મેઘાણી, આમે ય, સામાન્ય તો ન ગણાતા. ઇન્ટરમાં હતા ત્યારે ય વર્ગના એકસઠ વિદ્યાર્થીઓમાંથી જુદી જુદી સ્કૉલરશિપો મેળવનાર સાત જણમાં એ હતા. એમને ઠીકઠીક રકમવાળી 'દરબારી સ્કૉલરશિપ' મળતી હતી. એવી 'કરીઅર' ખરી; પણ પરીક્ષામાં પરાક્રમ કરી બતાવવા માટે જરૂરી એવી ગણતરીપૂર્વકની મહેનત નહિ. એટલે વાંચવાનું જાણે બાકી ને બાકી જ લાગતું. એ વર્ષોમાં અભ્યાસક્રમ પણ ઓછો નહોતો. મેઘાણીને 'ઑનર્સ' તો નહોતું છતાં, 'પાસ'માં પણ ઇતિહાસ, ઇકૉનૉમિક્સ, મૅથમૅટિક્સ અને ફિલૉસોફી એના એકએક થઈને ચાર પ્રશ્નપત્રો ઉપરાંત બે મુખ્ય વિષયો અંગ્રેજી અને સંસ્કૃતમાં વાંચવાનું હતું. ફરજિયાત અંગ્રેજીમાં પદ્યમાં શેક્સ્પિયરનાં બે નાટકો ('મૅકબેથ' અને 'મર્ચન્ટ ઑવ વૅનીસ') તો તૈયાર હતાં. બાયરનના 'ચાઇલ્ડ હૅરૉલ્ડ'ના ચાર કૅન્ટોની તથા શેલી કૃત 'ઍડોનેઈસ્'ની તૈયારી પણ ઠીકઠીક હતી. ગદ્યમાં બર્ક કૃત 'રિફ્લેક્શન ઑન ધ ફ્રેન્ચ રેવોલ્યૂશન'માં તો ખરેખર રસ પડ્યો હતો. પણ કાર્લાઈલ કૃત 'એસેયૂઝ ઑન સાઈન્સ ઑવ ધ ટાઈમ્સ'ની તૈયારી બરાબર થઈ ન હતી. વૅાલન્ટરીના લિટરેચરના પ્રશ્નપત્રમાં ઈ. ૧૬૮૦ થી ૧૭૯૦ વચ્ચેના ક્લાસિકલ પીરિયડના ડ્રાયડન, પોપ, ટૉમ્સન, કાઉપર, વૉર્ડ, ગોલ્ડસ્મિથ, શેરિડન, પીકૉક્સ, જહૉન્સન, બૉઝવેલ–એટલા લેખકોની નિયત કૃતિઓને પહોંચી વળાયું નહોતું. પાઠ્યપુસ્તકોના પ્રશ્નપત્રમાં સ્પેન્સર કૃત 'ફેયૂરી ક્વીન'ના પ્રથમ પુસ્તકના સર્ગો પાંચથી બાર, ડ્રાયડનકૃત 'એબ્સેલમ ઍન્ડ એચિટોફેલ' (પાર્ટ વન), પોપ કૃત 'એસે ઑન ક્રિટિસિઝમ્', પાલગ્રેવની 'ગોલ્ડન ટ્રેશ્ઝરી'નો ચોથો ખંડ, જહૉનસન કૃત 'લાઈફ ઑવ ડ્રાયડન'—આમાંથી કશું છોડવાની વૃત્તિ મેઘાણીની નહોતી. સંસ્કૃતમાં કાલિદાસના 'રઘુવંશ'ના સર્ગો અગિયારથી પંદર, મમ્મટ કૃત 'કાવ્યપ્રકાશ'ના પહેલો બીજો ને દસમો ત્રણ ઉલ્લાસો, કેશવ મિશ્ર કૃત 'તર્કભાષા' અને ઋગ્વેદની ઋચાઓનો નિયત સંગ્રહ—એની તૈયારી પણ સંતોષજનક નહોતી. પણ મહેનત બરાબર કરી. પરીક્ષા આપી. વૅકેશન પડ્યું.

ત્યાં કપિલભાઇએ વાત કરી: 'હડાળામાં થિયૅાસોફીના વર્ગો ચાલવાના છે, જાણો છો ને?' 'કોણ ચલાવવાનું છે?' મેઘાણીએ પૂછ્યું

'દરબાર સાહેબ'. 'કોણ? વાજસૂર વાળા?' 'હા.'

'ક્યારથી ક્યાં સુધી?' 'આખો મે મહિનો ચાલશે.'

'તમે, કપિલભાઈ, જવાના?'

'હાસ્તો. આવો લાભ ક્યાંથી મળે? પણ કદાચ છેલ્લા પંદર દિવસ.'

'હું યે આવીશ—બગસરાથી.' મેઘાણીએ કહ્યું.

'તમારા મિત્ર પણ કદાચ આવશે.' 'કોણ?'

'ગુલાબચંદ.' કપિલભાઈએ જવાબ દીધો.

'હા, એ જરૂર વડિયાથી આવશે.' ત્યારે ગુલાબચંદ વડિયામાં. ઈ. ૧૯૧૪માં એજન્સીની નોકરીમાં જોડાઈ ગએલા. 'વડિયાના દરબાર બાવા વાળા તો જૂના થીઑસોફિસ્ટ.' કપિલભાઇએ માહિતી આપી. 'વાજસૂર વાળા નહિ?' મેઘાણીએ પૂછ્યું. 'ના. એ ૧૯૦૧માં જોડાયા. ત્યારથી હડાળામાં આ સંસ્થાની શાખા ચાલે છે. ઈ. ૧૯૧૩માં વાજસૂર વાળા પોરબંદર રાજ્યના સીનિયર ઍડ્મિનિસ્ટ્રેટરના પદેથી મુક્ત થઈને કાયમ માટે હડાળા આવી ગયા છે. બે સાલ પહેલાં હરજીવનભાઈ ત્યાં ગએલા. ત્યારે દરબારસાહેબે એમને કહેલું કે જો તમે આવતા હો તો અહીં હડાળામાં વર્ગો ખોલું. આ રીતે વર્ગો ગઈ સાલથી–૧૯૧૬થી–ખૂલ્યા છે.' વર્ગો ભરવાનું નક્કી કરીને મેઘાણી બગસરા ગયા.

ગ્રીષ્મ-વર્ગો, શિબિરો, સેમિનારોનો જમાનો શરૂ ય નહોતો થયો ત્યારે પ્રતિ વર્ષે ભરાતો આ શિબિર, વચમાં એક-બે વરસોને બાદ કરતાં, ઈ. ૧૯૧૬ થી ૧૯૪૮ સુધી સતત બત્રીસ વરસ ચાલેલો. એ દૃષ્ટિએ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની આ નાનકડી પણ મહત્ત્વની ઘટના છે. કોઈ કોઈ સાલ તો એ વરસમાં બે વખત ભરાતો. એક વરસ મહેમાનોની સંખ્યા એકસો પાંચ સુધી પહોંચેલી. સૌનું રહેવા-જમવાનું ખર્ચ દરબારસાહેબ ભોગવતા. આવનાર કઈ ગાડીમાં કુંકાવાવ ઊતરશે તે જણાવે એટલે દરબારસાહેબ ત્યાં ટપ્પો કે શિગરામ કે ગાડું મોકલતા. કુંકાવાવથી હડાળા ત્રણેક ગાઉ. અત્યારે કુંકાવાવથી બગસરાની રેલવે લાઈન છે, તેમાં હડાળાખારી સ્ટેશને ઊતરો કે પછી હડાળા એક જ માઈલ છેટે રહે. પણ ત્યારે રેલવે નહોતી. જાણીતા થીઑસોફિસ્ટ વિદ્વાન હરજીવન કાલિદાસ મહેતાએ ૧૯૧૫માં હડાળાના દરબારને આ વર્ગોની પ્રેરણા આપેલી. અને મોટે ભાગે વર્ગોનું સંચાલન કરવા પણ પોતે જ આવી પહોંચતા.

દરબાર વાજસૂર વાળા હડાળા કેમ ગયા તે પ્રસંગ પણ રસિક છે. મૂળ તો એ બગસરામાં રહેતા. એમનાં રાણી જ્વલંત. બાપુની યે હકૂમત પોતા પર ચાલે એ ન ખમી શકે. એમનું પ્રથમ સંતાન જન્મતાં જ ગુજરી ગએલું. તે પછી દહાડા રહ્યા ત્યારે હડાળા જવાની ઇચ્છા થઈ. ત્યાં ત્યારે એક ખેતરમાં ગારમાટીનાં બે ઓરડાવાળાં સામાન્ય ખોરડાં હતાં. એમાંથી એકમાં રાણીનો ઉતારો થયો. કોણ જાણે કેમ પણ એમને એ જગ્યા પસંદ પડી ગઈ, ને એમણે તો ત્યાં જ સુવાવડ થાય એવી હઠ લીધી. એટલે દરબારસાહેબે ત્યાં મકાન બંધાવ્યું. ત્યાં જ કુંવર (અમરા વાળા) અવતર્યા. પછી તો બાપુએ પણ બગસરા છોડીને ત્યાં જ રહેવાનું પસંદ કર્યું. વળી બગસરામાં ચાર પાટી, ખટપટનો પાર નહિ, પોતાની સ્વતંત્ર જ્યુડિશિયરી સત્તા પણ નહિ, એ કારણે પણ હડાળા ફાવ્યું.

મેઘાણીને થીઑસોફી માટે રસ ભાવનગરમાં જ જાગેલો–કપિલભાઈના કુટુંબ સાથેના પરિચયને કારણે. જગત્‌ગુરુનું આગમન, શ્રી કૃષ્ણમૂર્તિ. ડૉક્ટર ઍની બેસન્ટ અને એમનું રાજકારણ, શ્રી જિનરાજદાસની કલાસૌન્દર્યદૃષ્ટિ, બિશપ લેડરબીટરનો ગુપ્તવાદ, આ બધું જાણવાની ઇંતેજારી જાગેલી. કલાપીમાં નાનપણથી બે તત્ત્વો દેખાય છે: અજંપો અને રહસ્યખોજની તાલાવેલી. ઊગતાં જ એ ગાય છે:

'હવે દરખત પરે ચડવું, બુલબુલ મારું ઢૂંઢું હું.'

જીવનના દરખતમાં–વૃક્ષમાં જે પંખી છુપાયું છે એને મારે શોધી કાઢવું છે. કલાપીની કવિતાના નાદવાળા મેઘાણીમાં પણ આ બંને- અજંપો ને રહસ્યશોધનો નાદ–ખરાં. 'તકદીરને ત્રોફનારી'માં અંતરની વાત જાણે કહેવાઈ ગઈ છે:

કલેજા વચાળે એણે કોર્યો એક મોરલો,
બાઈ! મેં તો અધૂરો ત્રોફાવી દોટ મારી રે
કાળજડાં કોરાં રિયાં હો જી.
બાઈ! એક ત્રાજવડાં ત્રોફણહારી આવી રે,
ત્રોફાવો રૂડાં ત્રાજવાં હો જી!
ડેરે ને તંબૂડે ગોતું, ગોતું વાસે ઝૂંપડે;
બાઈ! મારા તકદીરની ત્રોફનારી રે
એટલામાં ચાલી ગઈ કિયાં હો જી!—બાઈ!૦

કલેજા વચાળે મોરલો કોતરાએલો હતો. એ ન હોત તો काव्यं न प्रसरेत् प्रस्तुतं वा उपहसनीयं स्यात्. 'અકલ સે શાયરી' ઓછી થવાની હતી? મેઘાણીની કવિતા, મમ્મટે દર્શાવેલા કાવ્યહેતુમાંથી लोकशास्त्राद्यवेक्षणात् –લોકશાસ્ત્ર વગેરેના અભ્યાસથી પ્રગટી એ ખરું, પણ હૈયામાં મોરલો જ ન કોતરાયો હોત તો?

હતું એનું હૈયું કુસુમ સરખું કોમલ અને
હતો એમાં દૈવી પ્રણયરસ મીઠો ધબકતો.

એ ય મેઘાણીને લાગુ નહિ પડે?

૧૯૩૦ની સાલમાં જેલમાં નિકટનો પરિચય થતાં ડૉ. હરિપ્રસાદ દેસાઈ લખે છે કે શૌર્યના આલેખક 'મેઘાણીમાં કરુણરસ અતિશય ભરેલો છે. મેઘાણી અમને નિરાશાવાદી ને દુઃખી લાગતા...એમણે તો મારા આગળ કબૂલ કર્યું હતું કે પોતાની જીવનદષ્ટિ નિરાશાવાદી રહી છે... એનું કારણ જણાવતાં એમણે કહ્યું હતું કે...'પિતાજી પોલીસખાતામાં હતા એટલે વારસામાં અધર્મ મૂકેલો. એ ધોતાં મારે બહુ સહન કરવું પડેલું.' ('સ્ત્રીજીવન', જૂન-'૪૭, ૨ પૃ. ૮૩)

મેઘાણીમાં ઊંડેઊંડે વહેતા કરુણરસ વિષે શ્રી પરમાનંદ કાપડિયાને તો એવી પ્રતીતિ હતી કે મેઘાણીનો કાવ્યસંગ્રહ બહાર પડચો ત્યારે એમણે નામ વાંચ્યું 'યુગવેદના'! ને એ નામ જ એમને બરાબર લાગ્યું. પછીથી નજર જતાં 'યુગવેદના' વંચાયું ત્યારે એ કઠચું! લખે છે: 'કોઈ એક વિશિષ્ટ લક્ષણથી મેઘાણીને ઓળખાવવા હોય તો હું એટલું જ કહું કે મેઘાણી એટલે વેદનામૂર્તિ. મેઘાણી હસે, બોલે, વાતો કરે, આનંદ-વિનોદમાં પૂરો ભાગ લે—એ બધું છતાં; અને એ બધાં પાછળ હતું એક ઊંડું વેદનાનું તત્ત્વ. એમના સર્વ સાહિત્યનિર્માણની જનની પણ આ વેદના જ હતી. આપણા ઊંચા સાહિત્યધન વિષે લોકોની ઉપેક્ષા, આપણી ગુલામી અને નિર્માલ્યતા, આપણી ગરીબી અને અજ્ઞાન, વિદેશી રાજસત્તાનું દમન અને પ્રજાની આઝાદીની તમન્ના, દલિત તેમ જ પતિત વર્ગોની પાર વિનાની દુર્દશા ને ધનવાનોના બેફામ ભોગવિલાસો, સ્ત્રીઓની પરાધીનતા અને જનસમાજની રૂઢિગ્રસ્તતા, આવી અનેક બાબતોનું દર્શન તેમ જ ચિંતન તેમની વેદનાનું મૂળ હતું, અને એ વેદના એમના સર્વ વિકાસ અને ઘડતરનો પાયો હતો.' ('સ્ત્રીજીવન', જૂન, ૪૭, પૃ. ૮૭) એટલે હૈયાને તળિયે હતો અજંપો. એથી આવતાં ઋજુતા, કુસુમતા, ચિન્તન ને મંથન. અને એમના દૈવી રસે એમને માનવતાના આરાધક બનાવ્યા. વિદ્વાનો ને રાજવીઓથી માંડીને 'કાંટિયા વરણ' સુધીના સૌ સાથે હૈયું મેળવવાની કળા, નહિ તો, ક્યાં કોઈને સાંપડે છે? અને, પાછલી જિંદગીમાં ભજન તરફ મેઘાણી વળ્યા એ ચમત્કાર નહોતો, કે નહોતું મોટું પરિવર્તન. વલણ પહેલેથી એ તરફ ખરું. એ રહસ્યપ્રેમ જેમ રવીન્દ્રનાથની કવિતાથી પોષાયો છે તેમ થીઑસોફીનો ય, આરંભે, એમાં ફાળો હતો.

પેલો વર્ગ બરાબર એક માસ ચાલ્યો. મેઘાણીભાઈ, ગુલાબચંદ વખારિયા, ગિરધરલાલ દેસાઈ અને પરમાનંદ જોષી બગસરાથી પાંચ માઈલ ચાલીને નિયમિત એ વર્ગ ભરવા જતા! ક્યારેક રાત્રે પણ રોકાઈ જતા. દરબારસાહેબ સાથે ત્યાં મેઘાણીને પ્રથમ પ્રત્યક્ષ પરિચય થયો-૧૯૧૭ના મે માસમાં; મેઘાણી પોતે કહે છે તેમ ૧૯૨૨માં નહિ. એમણે તો લખ્યું છે: પોતાનામાં પડેલ 'ભિન્નભિન્ન જાતના સાહિત્યસંસ્કાર-ઝરણાંને કળનાર પાણીકળો ૧૯૨૨માં ભેટચો.' એ બરાબર નથી. હા, મેઘાણીની સુષુપ્ત શક્તિઓને લોકસાહિત્યના સંપાદન પ્રતિ અને લેખન પ્રતિ કાર્યાન્વિત કરાવવા જેટલી નિકટતા એ બંને વચ્ચે ૧૯૨૧-૨૨માં સધાઈ એ ખરું; પણ પરોક્ષ પરિચય તો છેક ૧૯૧૨થી હતો. પ્રત્યક્ષ પરિચય આ વર્ગોથી થયો.

એ વર્ગમાં એ વર્ષે ત્રીસ-ચાલીસ અભ્યાસીઓ એકઠા થએલા. રાત્રે દરબારસાહેબ મહેમાનોને પોતાના આધ્યાત્મિક અનુભવો કહેતા. પોતે કુશળ વાર્તાકાર હતા—વાતડાહ્યા આદમી. સોરઠી લોકસાહિત્યની વાર્તાઓ પણ સંભળાવતા. માંગશિયા વાળો, રાડોડ ધાધલ, ભોળો કાત્યાળ વગેરે વાતો, વચમાં વચમાં દુહા સાથે મંડાતી. વળી દરબારસાહેબ હતા કલાપીના અત્યંત નિકટના મિત્ર. એટલે કલાપી વિષે પણ સ્મરણો રજૂ

'કુમાર'ના લેખકો માટે એક નવું

દીપ્તિ-સ્મૃતિ પારિતોષિક

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ નડિયાદ) તરફથી તેમની સ્વ. પુત્રી દીપ્તિના સ્મરણાર્થે આ પારિતોષિક અપાશે.

૧) દર સપ્ટેમ્બર માસમાં, તેની અગાઉના એક વર્ષ દરમિયાન 'કુમાર'માં આવેલા લેખો પૈકી ભારતીય સંસ્કાર-પરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને

રૂ. ૫૧)નું પારિતોષિક આપવામાં આવશે.

૨) તદનુસાર આ સપ્ટેમ્બરથી ઑગસ્ટ ૧૯૭૩ સુધીના અંકોમાં આવેલા લેખો માટેનું પારિતોષિક સપ્ટેમ્બર '૭૩માં જાહેર થશે.

૩) લેખની શ્રેષ્ઠતાનો નિર્ણય 'કુમાર'ના તંત્રી કરશે.

કરતા. કોઈ વાર રાત્રે રાસમંડળી આવતી. ક્યારેક દરબારસાહેબ પોતે સિતાર વગાડતા અને સંગીત વિષે કહેતા. સંસ્કારોનો એક ભંડાર જાણે ખૂલી ગયો હતો. લોકસાહિત્યના પ્રદેશમાં જરા ડોકિયું પણ થઈ ગયું. ત્યાં મેઘાણીને થોડુંક મહત્ત્વ પણ મળ્યું હતું. એમને સંસ્કૃત આવડે, ને બાપુએ ત્યારે રામાનુજ ભાષ્ય વિષે પણ વ્યાખ્યાનો આપેલાં. એમાં એમણે મેઘાણીની સહાય લીધી.

પરીક્ષાના પરિણામની જાણ પત્રથી કરવાનું કપિલભાઈને કહેલું. પણ એમણે તો તાર કર્યો: 'જોષીભાઈ, તમે ને હું પાસ થઈએ છીએ. મુબારકબાદી.' એની પહોંચમાં એક લાંબો પત્ર અંગ્રેજીમાં કપિલભાઈને લખ્યો. એનું પહેલું વાક્ય હતું: 'You have earned the blessings of my parents.' એટલે ત્યારે માતાપિતા પણ હયાત. આ તાર આવ્યો ત્યારે થીઑસોફીનો વર્ગ ચાલુ. દરબારસાહેબ લખે છે: 'શ્રી પરમાનંદ જોષી, શ્રી કપિલભાઈ ઠક્કર ને એ (મેઘાણી) ત્રણે ય દોસ્તો. કૉલેજની બધી જ પ્રવૃત્તિઓમાં સાથે. વૅકેશન પડે એટલે તેઓ બધા હડાળા આવે અને અહીં કંઈક અધ્યયનપ્રવૃત્તિ ચાલતી હોય તો તેમાં ભાગ લે. એટલું યાદ છે કે બી. એ. પાસ થયાના એ ત્રણેય મિત્રોના સમાચાર અહીં હડાળા તારથી મળેલા. એ વખતે હડાળામાં થીઑસોફીનો અધ્યયન-કલાસ ચાલતો હતો. તાર આવ્યો એ દિવસોમાં મારા રામાનુજ સંપ્રદાય અંગે પ્રવચનો ચાલતાં હતાં, એમાં ઝવેરભાઈ મને ખૂબ ઉપયોગી બનેલા...ઝવેરભાઈએ સંસ્કૃત લીધેલું, એટલે સંસ્કૃતજ્ઞાનની રીતે પણ ઉપયોગી થવા પ્રયત્નો કરતા. આમ અમારી વચ્ચે ધીમે ધીમે સંબંધ વધતો ચાલ્યો.' ('ઝ. મે.-સ્મરણાંજલિ', સં. વર્મા-પરમાર; પૃ.૭૫)

મેઘાણીનું બી. એ.નું પરિણામ ૧૯૧૭ના મે માસમાં આવ્યું છે. ઈ. ૧૯૧૯-૨૦ના મુંબાઈ-યુનિ.ના કૅલૅન્ડર (વૉ. ૧, પૃ. ૨૩૦)માં એ છપાયું છે. પાસ થનારનાં નામોની એ યાદી ૨૧ ઑગસ્ટ ૧૯૧૭ને રોજ તૈયાર થઈ છે. આટલી ચોખવટ એ માટે કે અત્યાર સુધીના ચરિત્ર-લેખોમાં છે તેમ ૧૯૧૬માં નહિ પણ '૧૭માં મેઘાણી બી. એ. થયા. '૧૬માં નહિ પણ '૧૭ના ઉનાળામાં હડાળાના થીઑસોફીના વર્ગો ભર્યા. પ્રિન્સિપલ જેવાને મુખેથી 'a very critical student' એવી પ્રશસ્તિ પામનાર મેઘાણીને પરીક્ષામાં તો 'પાસ કલાસ' જ મળ્યો. વિષયો હતા અંગ્રેજી ને સંસ્કૃત; પણ ઑનર્સ નહોતું. એમના અભ્યાસક્રમોની વધુ વિગતોમાં રસ ધરાવનારાઓએ '૧૩ થી '૨૦ સુધીનાં મું. યુનિ.નાં કૅલૅન્ડર્સ જોવાં.)

મૅટ્રિક અને બી. એ. બન્ને અગત્યની પરીક્ષાઓનાં પરિણામોની ઉજવણીમાં દરબાર સાહેબ વાજસૂર વાળા પ્રત્યક્ષ હાજર હોય, એને



સાહિત્યરસિક ત્રિપુટી : (ડાબી બાજુથી) લાઠીના ઠાકોરસાહેબ 'કલાપી', ભડિયાદના બાવા વાળા સાહેબ અને હડાળા-બગસરાના વિદ્વાન રાજવી વાજસુર વાળા સાહેબ

કાળનો અકસ્માત કહીશું કે ઋણાનુબંધ? એક કલાપ્રેમી સાહિત્યરસિક જુવાનને કલાપીના બાળસ્નેહી સાથે એક માસ સુધી રહેવાનો જોગ ખાય એ કેટલો સુખદ અકસ્માત! અને આ બાળસ્નેહીનાં ત્યાં કેવે રૂપે દર્શન થયાં? 'એ અને એમનો ઘનગંભીર ઉદ્‌ગાર, 'Well, ઝવેરભાઈ!': એ અને એમની યૌવનસંગિની સિતાર: એ અને એમનાં કલાપી-સ્મરણો: એ અને કેકારવની કઈ કૃતિ કયા પ્રસંગે રચાએલી તેની માહિતી: એ અને શોભનાને પોતે લાઠીના રાજગઢમાં પહેલી પ્રથમ બાનડીરૂપે ક્યારે જોએલી તે પ્રસંગ: એ અને કલાપીના શોભના સાથેના લગ્નવાળા ભેદક બનાવનો એમને પોતાને ઘરે જે કરુણ પડઘો પડેલો તેનો ચિતાર:... વાજસૂર વાળા એટલે તો જીવનસ્મૃતિઓના મહાનિધિ. રાજકોટની રાજકુમાર કૉલેજના દિવસો પરથી પાંસઠ વર્ષનો પડદો ઊંચકે અને આપણને દેખાય આઠ-દસ વર્ષનો એક કુંવરડો, જેને ઓચિંતા સુરસિંહજી (કલાપી) નામના કિશોર ત્યાં ભેટ્યા.' ('છેલ્લું પ્રયાણ'—મેઘાણી.) વળી ત્યાં દેખાય કાઠિયાવાડી રજવાડી પોશાકના ચાહક, ભૂલ બતાવતા શિષ્યની સાશ્રુ માફી માગતા અને અંગ્રેજી અનુકરણમાં સફેદ પૅન્ટશર્ટ પહેરીને ક્રિકેટ રમતા રાજકુમારોને જોઈને 'ધે લુક લાઈક બટલર્સ' એવો કટાક્ષ કરનાર મૅકનૉટનસાહેબ. વાજસૂર વાળા એટલે જૂના સોરઠના સંસ્કારોની સહસ્રશ: વાતોનો ખજાનો—પોણી સદીને કોઠામાં લઈ ને બેઠેલો. 'પોતે અમારું માન્યુ હોત તો સિત્તેર વર્ષના સૌરાષ્ટ્રને જવાબ દેતું એક 'બેસ્ટ સેલર' રચી શકત. એક નીરોગી માનસવાળા સંસ્કારવંત રાજવી.'

પોતાના જ કુટુમ્બી દરબાર હરસુર વાળાના અવસાન પછી એમની રાણીના બનાવટી પુત્ર સંબંધીનું એક કૌભાંડ પકડાયું. (પેટી એક ભરીને એના પુરાવાઓ લઈ જતા અધિકારીના ઉપલા વર્ગના રેલડબામાંથી એ પેટીને સ્થાને અસલોઅસલ એવી જ-પણ બનાવટી-પેટી મૂકીને પેલા બધા જ પુરાવાઓની ઉઠાંતરી એવી સિફતથી થએલી કે પેલા અધિકારીને તો પહોંચ્યા પછી છેક બીજે-ત્રીજે દિવસે ઑફિસમાં પેટી ખોલી ત્યારે જ એનો ખયાલ આવ્યો! યાદ આવ્યા વિના ન રહે એવી એ રસિક ઘટના તો પછી બનેલી; પણ એ જ પ્રસંગ. વાજસુર વાળા ત્યારે મુંબાઈમાં. કૌભાંડ પુરવાર થાય તો રાજ એમને મળે એ નક્કી. મેઘાણીભાઈ કહે છે: 'મુંબાઈમાં એમને (વાજસૂર વાળાને) તાર મળે છે: 'પ્રાંતસાહેબ સોનગઢ બોલાવે છે.' જાય છે. પ્રશ્નોત્તરી થાય છે:

'કુંવરકેસ વિષે તું જાણે છે?' 'જી હા'.

'કુંવર બનાવટી ઠરે તો એ સમસ્ત ના-વારસ ગરાસ તને જ મળે તે પણ જાણે છે ને?'

'તો તું પણ એ મામલામાં સાક્ષી પુરાવ.'

'એ હું નહિ પુરાવું.'

'આવડો મોટો તાલુકો ગુમાવીશ.'

'એવા તાલુકામાં મને રસ નથી. મારું છે તેટલું ઘણું છે.'

ઑલિવન્ટસાહેબ રોષે ભરાયા: 'યાદ રાખજે તને ગાદી સોંપાવા નહિ દઉં.' 'તો ઇચ્છા.' કહી દરબારસાહેબ ચાલ્યા ગયા. ઑલિવન્ટસાહેબે બોલ્યું કરી બતાવ્યું.' ('છેલ્લું પ્રયાણ')

આવા હતા, ઇહલોકના રાજ્યને વિષે 'न त्वहं कामये'ની કલાપીવૃત્તિ ધરાવતા દરબારસાહેબ વાજસૂર વાળા. 'સુદર્શન'માં 'સુમન' તખલ્લુસથી કાવ્યો લખનાર. (ઈ. ૧૯૫૬માં એ અવસાન પામ્યા.) એમનો ખાસ્સો એક માસનો નિકટ-સહવાસ થયો. બેસન્ટનું 'ધ ચેઇન્જિંગ વર્લ્ડ' અને લેડરબિટરનાં 'ઇનવિઝિબલ હેલ્પર્સ' તથા 'ડ્રીમ્સ' જેવાં પુસ્તકોનો પરિચય થયો. એ એક મોટો બનાવ હતો.

મનોસૃષ્ટિમાં તો વ્યક્તિઓ, પરિસ્થિતિ, વાતાવરણ, વાચન, વલણો, એની ચડઊતર વગેરે અનેક પ્રકારનાં સંચલનો, પ્રસંગો જેટલાં જ મહત્ત્વનાં, બની જતાં હોય છે. આ જ -૧૯૧૭ના-વર્ષના, કોઈને નાના લાગતા, એક પ્રસંગને પોતાના મૃત્યુને આગલે વર્ષે મેઘાણી સંભારે છે: '૧૯૧૭ની સાલ ઊગે છે. હિન્દના—અને એટલે ગુજરાતના પણ—રેનેસાં યુગના, પુનરુત્થાનના વાયરા જીવનને ક્ષેત્રેક્ષેત્રે હજુ વાતા થયા નથી. હજુ તો એ લહરો રાજકારણમાં જ વાય છે. તે કાળે એક નાનકડો બનાવ બને છે. ભાવનગરની શામળદાસ કૉલેજમાં વિદ્યાર્થીઓનું ત્રૈમાસિક નીકળવા લાગ્યું હતું. એના તંત્રી અધ્યાપક ભીડે-મહારાષ્ટ્રી, જેનો તો ખાસ વિષય પણ ઇતિહાસ અને અર્થશાસ્ત્રનો છે. એ-પોતાની પાસે બેઠેલ વિદ્યાર્થીઓને સૂચન કરે છે કે, 'તમારે કાઠિયાવાડમાં કોઈ લોકરંજક જૂની વાર્તાઓના ટુચકા હોય તો ગોતો ને! આપણે એને ત્રૈમાસિકમાં મૂકીએ.'

વિદ્યાર્થીઓને તો આ સૂચન માલ વગરનું લાગ્યું હશે. પણ કૉલેજમૅગેઝીનના એ પછીના અંકમાં એક ટુચકો દેખાય છે: 'દલા તરવાડીની વાત.' એના સંપાદક હતા, ગુજરાતના નૂતન બાળશિક્ષણના પિતા સ્વ. ગિજુભાઈ બધેકા. અત્યારે જે પાંચ ભાગોમાં બાળલોકવાર્તાઓ આપણને સાંપડી છે તેની પાછળ આ નજીવા પ્રસંગનો પ્રતાપ હતો.' (લોકસાહિત્યનું સમાલોચન', આવૃત્તિ પહેલી, પૃ. ૧૨૬.) ઓગણપચાસમે વર્ષેય પોતાના જીવનના વીસમા વર્ષના આ 'બનાવ'ને ન ભૂલનાર મેઘાણીના ચિત્તમાં પણ આવી વાર્તાઓ એકઠી કરવી જોઈએ એ અગત્યના કામની નોંધ લેવાએલી એની આ સાબિતી.

આ બધા 'નવા સંબંધોનો સમય રસભીનો વહી' નહોતો ગયો, પણ ચિત્તમાં હજી તાજો જ હતો ત્યારે, એમ. એ. કરવાને ઇરાદે મેઘાણી જૂનમાં તો પાછા ભાવનગર હાજર થઈ ગયા. (ચાલુ)

લેખકોને વિનંતી

પોતાની કૃતિ વિષેનો નિર્ણય જાણવા માટે સરનામું કરેલું ટિકિટવાળું પોસ્ટકાર્ડ મોકલવું. કૃતિ પાછી મેળવવા માટે પૂરતું પોસ્ટેજ ચોડેલું ને પૂરું સરનામું કરેલું કવર કૃતિની સાથે મોકલવું.

છૂટી ટિકિટ હરગીઝ મોકલવી નહિ, એ સલામત નથી.

ઉપર્યુક્ત વ્યવહાર કૃતિ મોકલવાની સાથે શરૂમાં જ કરવો જોઈએ. કૃતિની સાથે પોસ્ટેજ નહિ આવ્યું હોય તો અસ્વીકૃત કૃતિને તરત રદ કરવામાં આવશે, અને પાછળથી પોસ્ટેજ મોકલી મંગાવનારની માગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહિ.


આ અંકની કલાવાર્તામાં જેને વિષે નોંધ આપી છે એ ભારત કલાભવન (વારાણસી)ના બહુમૂલ્ય સંગ્રહમાંની બે સુંદર કલાકણિકા.(૧)પાકી માટીનો નાનકડો ઘૂઘરો. ઈ. સ. પૂર્વે બીજી સદીના શુંગકાલીન કારીગરે તેમાં ઘોડેસવાર ને કિન્નરીનું સુંદર અંકન કર્યું છે. (૨) આકાશમાં તારાઓનું સ્થાન નક્કી કરવાનું અરબી ખગોળપદ્ધતિનું એક યંત્ર–ઍસ્ટ્રૉલેબ. ગણતરી માટેનાં ચોક્સ અંકન સાથે એનું શોભનપણ પ્રશંસનીયછે.(ચિત્રો·'SPAN'ના સૌજન્યથી)







વનરાજનો દરબાર(ચિત્રકાર · ફારૂખ ચેલા) મુઘલ શૈલીનાં લઘુચિત્રોની લાક્ષણિકતાઓમાં રંગ અને રેખાની નજાકતની સાથે પ્રાણીઓનાં આલેખનોનું પણ એક અનોખું સ્થાન રહ્યું છે. પ્રાણીઓનાં ચિત્રો જેટલાં આ શૈલીમાં થયાં છે એટલા અન્ય ભારતીય ચિત્રશૈલીમાં જોવા મળતાં નથી. શાહી કુટુંબનાં પાત્રો, દરબારી વૈભવ ને વેલબુટ્ટીઓનાં સુંદર શોભનો ઉપરાંત તે કાળના ચિત્રકારોએ લોકજીવન ને પક્ષીપ્રાણીઓનાં પણ અત્યંત સુંદર ચિત્રો આપ્યાં છે. ચિત્રકારની વ્યાપક દૃષ્ટિ અને કલાકૌશલનાં એ દ્યોતક છે. સોળમી સદીનું આ ચિત્ર વારાણસીના 'ભારત કલાભવન'ના સંગ્રહમાંનું એક મહામૂલું રત્ન છે. વૃક્ષ છોડ ને ઘાસથી આચ્છાદિત ખડકાળ વનભૂમિમાં ભરાએલા પ્રાણીઓના દરબારની આ સુંદર રજૂઆત કલ્પના અને કલાકૌશલ માટે અત્યંત પ્રશંસનીય છે (બ્લૉક · 'SPAN'ના સૌજન્યથી)



રેગિસ્તાનનો રાહગીર : (ફોટો · એ. એલ. સૈયદ) જેસલમીરના વેરાન રણના ઢૂવા પર પવનથી પડેલી રેતીની લહરીઓ, જોનારના પગ પાસેથી નજરને છેક ક્ષિતિજ સુધી દોરી જતી ઢૂવાની કોર તથા તેને છેડે એક ઊંટસવારના સુયોગ્ય સંયોજનને તેજછાયાના પલટાથી સુંદર રીતે ઉપસાવતા ફોટોકસબનું એક દૃષ્ટાંત

ગ્રામ-ઉત્સવ

(ચિત્રકાર: વાસુદેવ સ્માર્ત)


ગામડામાં તો વારતહેવારે લોકહૈયાં હિલોળે ચડે. એની ઉજવણી યે નોખી-નોખી, પણ એમાં ઢોલ શરણાઈ ને ડફપખવાજ તો ગાજે જ. અને એના તાલેતાલે સરખેસરખા યુવાનોમાં પસરતા થનગનાટમાંથી રાસ ને ગરબા મંડાય. એમાં દાંડિયાની રમઝટ ને છડીના ઉલાળા, ફગફગતા ઘેર ને પાઘડીનાં ઊછળતાં છોગાં વાતાવરણ આખામાં તરવરાટ અને ધમધમાટ પસારી રહે. આપણી લોકકળાશૈલીને આત્મસાત કરી ચિત્રસર્જનો કરવામાં પ્રશસ્ય હથોટી ધરાવતા કલાકાર શ્રી વાસુદેવ સ્માર્ત, આવી જ કોઈ અસરમાં આલેખેલા આ ચિત્રમાં લોકહૈયાના આવેગને કંડાર્યો છે. નાચતા જુવાનોની સાથે એક ખૂણેથી આપણી નજરને અંદર ખેંચી લાવીને ચિત્રકારે આખા પટમાં ફેરવીને, છડીની દાંડીઓની ઊભી રેખાઓ દ્વારા વચ્ચોવચ્ચ ખોડી દીધી છે. જેમ પેલા જુવાનોને તેમ જોનારની નજરને યે એક ખૂણે ઊભેલો ડફવાળો બહાર જતી રોકી દઈને અંદર વાળે છે. એ વળેલી નજર જ્યાં જઈ અટકે છે ત્યાં જ તો આ સમગ્ર આવેગનું કેન્દ્ર – ઢોલ શરણાઈની રમઝટ ચાલે છે ને? ગામડાનો ઉત્સવ છે એટલે એમાં વિવિધ રંગોની ભભક નથી, ધૂળમાટીની સાદગી જ છે.

(બ્લૉક: ગુજરાત-રાજ્ય-માહિતી-ખાતાના સૌજન્યથી)



▷

સોહિણી-મહિવાલની પ્રેમકથા તો જાણીતી છે. વડીલોની પાબંદી છતાં રોજ ચોરીછૂપીથી ચિનાબ નદીનાં જળ પાર કરી મહિવાલને મળવા જતી સોહિણીનું, ઈ. ૧૭૭૫ના અરસાનું આ ચિત્ર ગુલેર શૈલીની મધુર રંગાવટ અને મુલાયમ તથા વિગતપૂર્ણ બારીક રેખાંકનનું એક ઉત્તમ દૃષ્ટાંત છે. પહાડીઓ વચ્ચે વહેતી નદીના વિસ્તારમાં, જમણી તરફનાં ભેખડ અને વૃક્ષોથી શરૂ થઈ, અવળા ઘડિયાળ-ક્રમે ડાબી બાજુની ભેખડ અને નાયિકાના કેશ દ્વારા તેના દેહ પર થઈ પગ આગળ અટકતી આયોજન-રેખા ચિત્રમાં આહ્લાદક ભારસામ્ય રચી રહે છે. જળની અંદર દેખાતા નાયિકાદેહ વડે એની નિર્મલ પારદર્શકતા દર્શાવી છે. ચોપાસના મુંજડા રંગો વચ્ચે સોહિણીના ગૌર દેહને ઉઠાવ આપી રૂઢિગ્રસ્ત સમાજ વચ્ચે સોહિણીના અનોખા પ્રેમનું પણ સૂચન ચિત્રકારે નહિ કર્યું હોય?



સોહિણી : ગુલેર શૈલીનું એક સુંદર કલારત્ન (બ્લૉક · SPANના સૌજન્યથી)





વારાણસીના ભારત કલાભવનનાં ત્રણ કલારત્નો.

ઉપર: સોહિણી.

ડાબી તરફ છેડે:
શુંગ કાળની એક ખંડિત સુવર્ણપ્રતિમા.

બાજુમાં:
કાશીની બાજુમાંથી મળેલું પાકા માટીનું ગુપ્તકાલીન શિવમસ્તક.

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો

કુદરતનું નિરીક્ષણ

મનોમંથન-૨૮

કુદરતની ઉપાસના એ તો મારો આખા જન્મારાનો છંદ છે. વ્યસન કહું તો પણ ચાલે. પણ ઈશ્વરની કૃપા કે એ જ કુદરતના આકર્ષણે મારી આધ્યાત્મિક જીવન-સાધના પણ ઘડી કાઢી. પરિણામે બાહ્ય પ્રકૃતિ, માણસની આંતરપ્રકૃતિ અને એ બંનેના સહયોગમાંથી ખીલતું માનવી જીવન, એ બધું મારા મનમાં ને ચિંતનમાં એકરૂપ થવા લાગ્યું.

ઈશ્વરની કૃપાથી, કુદરતની ઉપાસનાની તકો પણ મને આખો જન્મારો અને દુનિયાવ્યાપી મળી ગઈ છે. એમાંથી કૉલેજ-જીવનનાં ચાર વર્ષોની કુદરતની ઉપાસનાને અલગ પાડવી એ સહેલું કામ નથી.

આ 'મનોમંથન'માં 'કુદરતની ઉપાસના' એ વિષય પર ન જ લખું તો શું ખોટું?—એવો પણ વિચાર કર્યો. પણ નાનપણનો સૃષ્ટિ-નિરીક્ષણનો આનંદ નોખો અને તત્ત્વજ્ઞાનના ચિંતનને પરિણામે અને રીતસરની સાધના શરૂ થયા પછીનો અનુભવ નોખો. એનું ઊંડાણ પણ અનેરું. આ બે ભિન્ન સ્વરૂપ વચ્ચેના અંકોડા રૂપ જે કુદરતની ઉપાસના ચાર વર્ષ દરમિયાન થઈ તેની એક રીતે ગંભીરતા અને બીજી રીતે કચાશ એનો સ્વતંત્ર વિચાર તટસ્થપણે કરી શકું છું એવો આત્મવિશ્વાસ જાગ્યો, એટલે થયું ચાલો પ્રયત્ન તો કરી જોઈએ.

અને તેથી જ એ ચાર વર્ષનું જીવન મેં સ્મરણની કલ્પનાથી નજર આગળ ફેરવ્યું. અને આમાં એ વિશેષ આપી શકાશે એ વિશ્વાસે એ જીવનકાળની કુદરતની ઉપાસનાને રજૂ કરવા માગું છું.

સૌ પ્રથમ આકાશના તારાઓને લઉં. છેક નાનપણમાં મુસાફરી કરતાં ખુલ્લી બળદગાડીમાં પથારી પર સૂતો હોઉં ને બળદના ગળાની ઘંટડીના અવાજના તાલમાં આકાશના તારાઓની આકૃતિઓ નિહાળતો હોઉં એ દૃશ્ય શરૂમાં આવે છે. એ વખતે આકાશના ઊંડાણનો કશો ખયાલ ન હતો. ફક્ત મોટામોટા તારાઓના જાતજાતના ત્રિકોણો કેવા સરસ બનતા હતા એ તરફ જ ધ્યાન જતું હતું. પણ એમાં મને ખૂબ મઝા પડતી.

ત્યાર પછી મૅટ્રિક ક્લાસના અભ્યાસમાં અમારે થોડું સરખું પશ્ચિમનું જ્યોતિષશાસ્ત્ર શીખવાનું હતું. એ અંગ્રેજી ચોપડી મેં રસપૂર્વક વાંચી ને તેમાંથી ખગોળ-જ્યોતિષનો રસ જાગ્યો. મારે કહેવું જોઈએ કે કૉલેજનાં ચાર વર્ષના મનોમંથનકાળમાં ઘણા વિષયોનો રસ મેં સેવ્યો, પણ જ્યોતિષને ભાગે વિશેષ રસ પહોંચ્યો નહિ. ફક્ત એ જ એક અપવાદ હતો.

મૅટ્રિકના ક્લાસમાં ખગોળ-જ્યોતિષ પ્રત્યેનો મારો રસ જોઈ અમારા એક શિક્ષકે હાઈસ્કૂલનું મોટું દૂરબીન જાણે મને સોંપી જ દીધું. ગમે ત્યારે રાત્રે હાઈસ્કૂલમાં સૂવાની તૈયારી કરું. એક બે સાથીઓનો ઉત્સાહ જગાડી એમને પણ રાત્રે બોલાવું. અને અમે દૂરબીનમાંથી આકાશના ગ્રહો જોઈએ.

મને ફોટોગ્રાફીનો કૅમેરા કેમ વપરાય એની કળા પિતાશ્રી પાસેથી મળી હતી. એટલે હાઈસ્કૂલવાળું દૂરબીન ત્રણપગા આસન ઉપર બેસાડી વ્યૂ ફાઈન્ડરમાં જોઈતા તારાને કે ગ્રહને મેળવી નિરીક્ષણ કરવાનું મને સહેજે ફાવી ગયું હતું. એ જ કળા મેં મારા સાથીઓને પણ શીખવી. વ્યૂ ફાઈન્ડરમાં ઊભા-આડા બે તાર હોય છે. એના કેન્દ્રમાં ગુરુનો તારો આણી પછી દૂરબીનમાં ગુરુને જોઉં. ગુરુ કાંઈ બહુ મોટો થતો ન હતો. પણ એની આસપાસના એના ચાર ચંદ્રો જોવાની ખૂબ મઝા આવતી.

આ આનંદ મનમાં માય નહિ, એટલે બપોરે વર્ગના શિક્ષકને ઉત્સાહપૂર્વક ઉતાવળે ઉતાવળે બધું કહી દેતો. (બેલગામની સરદાર્સ હાઈસ્કૂલની આ વાત.) શિક્ષક પોતે અંગ્રેજી ચોપડી અમને બરાબર ભણાવે ખરા, પણ એમને તારા અને ચંદ્ર જોવાનો ઉત્સાહ નહિ. મને કહે 'હું નથી માનતો કે તારા જેટલી સહેલાઈથી હું એ દૂરબીન ગોઠવી શકું.' આ વાત સાંભળતાં વેંત ક્લાસના વિદ્યાર્થીઓ મારા તરફ માનથી જુએ. હું ફુલાઈ જાઉં. પણ શિક્ષક આગળ એ શોભે નહિ—કરીને અભિમાન દબાવી દઉં.

ત્યાર પછી ગુરુના ચાર ચંદ્રોને છોડી દીધા અને આપણી પૃથ્વીના ચિર-પરિચિત ચંદ્રને દૂરબીનથી ઘાયલ કરવાનું વિચાર્યું. આખો ચંદ્ર દૂરબીનમાં માય નહિ એ એક લાભ જ હતો. વારાફરતી ચંદ્રનો એક એક ભાગ દૂરબીનથી જોયા કરીએ અને ચંદ્ર પરના સુકાઈ ગએલા સાગરો ને ડોકિયું ઊંચું કરતા પહાડો ધરાઈને જોઈએ. પછી ક્લાસના સાથીઓને કહું: 'આપણે પણ જો ચંદ્ર ઉપર હોત તો ત્યાંના દૂરબીનથી આપણે હિમાલયના પહાડો, વિંધ્યાદ્રિ અને સહ્યાદ્રિ એકસામટા જોઈ શકત. શું કરીએ પૃથ્વી પર છીએ, એટલે આ પહાડો એકસામટા માત્ર નકશામાં જ જોવા મળે છે. ખરેખરા પહાડો એક નજરમાં ક્યાંથી આવી શકે?' દૂરબીનને લીધે મારી વૈજ્ઞાનિક કલ્પનાશક્તિ ઠીકઠીક વધી એ મોટો લાભ હતો.

કૉલેજમાં ગયો ત્યાં હું કાંઈ સાયન્સનો વિદ્યાર્થી નહિ; પણ પ્રો. કાનેટકર ઈન્ટરમાં સાયન્સ ભણાવતા એમની આગળ મેં દૂરબીનની વાત કરી. એમણે મને કહ્યું: 'હાઈસ્કૂલમાં જે દૂરબીન તેં વાપર્યું એ તો જૂના વખતનું દૂરબીન. આજકાલ એવડું મોટું દૂરબીન વાપરવું નથી પડતું. અમારી પાસે એક સરસ દૂરબીન છે. એમાંથી સૂરજ પણ જોઈ શકાય. પણ યાદ રાખજે કે જો એમને'મ દૂરબીનમાંથી સૂરજ જોઈશ તો સૂરજનાં કિરણો એક ફોકસમાં આવી તારી આંખને બાળી નાખશે અને તારી એ આંખ કાયમને માટે આંધળી થઈ જશે. એ દૂરબીનમાંથી સૂરજ જોવો હોય તો આંખ પાસે દૂરબીનમાં એક જાડો કાળો કાચ બેસાડવાનો હોય છે. એમાંથી સૂરજ જોવામાં જોખમ નથી.' મેં ઉત્સાહપૂર્વક કહ્યું: 'સર, ત્યારે તો દૂરબીનમાંથી મારે સૂરજ જોવો જ જોઈએ.' પણ મારો ઉત્સાહ જોઈ પ્રોફેસર જરા યે ઉત્સાહિત ન થયા. એમણે કહ્યું: 'તું સાયન્સનો વિદ્યાર્થી નથી. દૂરબીન તારા હાથમાં સોંપવાનું જોખમ નહિ ખેડું. પણ અનુકૂળતાએ હું તને દૂરબીન ગોઠવી આપીશ. મારા દેખતાં એ વાપરજે. પછી સૂરજને ધરાઈને જોજે.' હું ફોટોગ્રાફી જાણું છું, ને મેં દૂરબીન વાપર્યું છે, એ દલીલ મદદે ન આવી, છતાં વખત નક્કી કરી કાનેટકર સરની મદદથી સૂરજનાં દર્શન તો ધરાઈને કર્યાં.

પછી એ ચાર વર્ષમાં જ્યોતિષ વિષેની કોઈ ચોપડી હાથમાં આવે તો જોઈ જોઉં. પણ બીજા વિષયોના રસ એટલા જાગ્યા હતા કે ગ્રહ, નક્ષત્ર, તારા વગેરેનો રસ ઠંડો પડ્યો હતો. એ રસ પછી જબરદસ્ત જાગ્યો જ્યારે કૉલેજની કેળવણી પૂરી કરી, રાષ્ટ્રમતના દિવસો પૂરા કરી, ગંગનાથ વિદ્યાલયમાં રાષ્ટ્રીય કેળવણીનું કામ કરવા હું વડોદરા પહોંચ્યો અને નવસારીમાં મને મંગળૂરવાળા એમ. ગોવિંદ પૈનો ભેટો થયો ત્યારે.

મારા ભાગ્યના સ્વામી એવા ગ્રહો, નક્ષત્રો અને તારાઓનું આટલું મંગલાચરણ કરી હવે મારી પાર્થિવ કુદરતની ઉપાસનાની વાત શરૂ કરું.

કુદરતનો આનંદ મેં કેવળ આંખો દ્વારા નહિ પણ પગ દ્વારા પણ મેળવ્યો છે. પહાડો ચડવાઊતરવા અને એમાં આવતા ઘાટોના વળાંકો જોઈને અને ચાલીને 'રસ્તા બનાવનાર કારીગર લોકોની કળાની કદર કરવી એ આનંદ નાનોસૂનો નથી. તેથી કહું છું કે કુદરતનો આનંદ એ કેવળ 'દર્શનાનંદ' નથી. પગ વતી ચાલતાં પગને થકાવવામાં જે આનંદ છે તે 'પાદાનંદ' અથવા 'યાત્રાનંદ' પણ જરા યે ઓછો નથી હોતો. અને (અત્યારે સાં-

ભળવાના મારા શક્તિ ક્ષીણ થઇ છે તેથી જેની વધારે કદર કરી શકું છું તે 'શ્રવણાનંદ' પણ હું ભૂલી ન શકું!) જંગલો વટાવતાં ઝાડો વચ્ચેથી પવન સૂસવાટા કરતો જાય એનું સંગીત પણ મેં ધરાઈને માણ્યું છે. ઝાડનાં પાંદડાં વરસાદનાં ટીપાં ઝીલે અને ધન્યતા બોલે એ એમના આનંદ સાથે મેં પણ મારે કાને એ આનંદ માણ્યો છે.

અને જ્યારે આકાશની લંબાઈ-ચોડાઈ અને ઘેરાઈ માપવા માટે વીજળી 'કડાક કડાક' બોલે અને અમાસની રાત્રે પણ એક ક્ષણને માટે ચમકારાની પૂર્ણિમા બનાવે ત્યારે કાન અને આંખ એક થઈને એ બેવડો આનંદ હૃદય સુધી પહોંચાડતાં હતાં એનું સ્મરણ તો મારે સૌથી પહેલવહેલું કરવું જોઈતું હતું.

મારી વૈજ્ઞાનિકતાએ શોધી કાઢ્યું કે આકાશમાં વીજળીનો ચમકાર થાય ત્યારે આંખમાં પ્રવેશ દ્વારા એનો ચમકાર હું પ્રથમ જોઈ લઉં, અને કાનને કહું : 'તૈયાર થજો. બેત્રણ સેકન્ડ પછી ગડગડાટ સાંભળવા મળશે.' એનું કારણ એ છે કે પ્રકાશ દર સેકન્ડે એક લાખ છયાશી હજાર ચારસો ને વીસ માઈલ દોડે છે. એટલે આકાશમાં ચમકાર થાય તે આપણે તરત જોઈ શકીએ છીએ; પણ અવાજની ગતિ પ્રમાણમાં બહુ ધીમી, એટલે આકાશમાં દૂર વીજળી થઈ હોય તો એના ગડગડાટનો અવાજ પહોંચતાં અમુક સેકન્ડનો વખત જવાનો જ. આટલું જાણ્યા પછી વીજળીનો ચમકાર જોતાંવેંત કાન ગડગડાટનું સ્વાગત કરવા તૈયાર થાય, ને ગણિત-બુદ્ધિ હિસાબ કરે કે પ્રકાશ અને ધ્વનિ વચ્ચે અંતરના હિસાબે આ ચમકાર કેટલા માઈલ દૂર થયો હશે? (આ હિસાબનો પ્રારંભ મેં એક ટેકરી પરથી દૂર ફૂટબૉલ મેચ ચાલતી હતી તે જોતી વખતે પહેલવહેલો કરેલો. ખેલાડી પોતાના પગ પાસે આવતા ફૂટબૉલને પગનો પ્રહાર કરે એ તરત જોઈ શકાતું હતું; અને એ પ્રહારનો 'ઠપ' જેવો અવાજ સહેજ મોડો સાંભળવા મળતો એ વાત મનમાં નોંધી રાખી હતી. તેથી ચમકાર અને ગડગડાટ વચ્ચેના સમય-અંતરની અપેક્ષા મનમાં રહેતી જ.

કૉલેજના દિવસોમાં મુસાફરી વધારે થઈ શકી નહિ. ચારે વર્ષ ફર્ગ્યુસન કૉલેજમાં જ ગાળ્યાં, એટલે પુના અને એની આસપાસના પ્રદેશમાં કુદરતનાં જે દર્શન થયાં તે ખરાં. રજાના દિવસોમાં મોટે ભાગે સાંગલી, બેલગામ અને મુંબાઈ એ જ પ્રદેશ જોવાને મળતો. પણ એટલામાં યે કુદરતના દર્શનની વિવિધતા ઓછી ન હતી. તેથી તારાઓ, ગ્રહો, નક્ષત્રો અને ચંદ્ર પછી, આકાશની વીજળીને આમ અર્ઘ્ય આપ્યા બાદ વાદળાંઓનું સ્મરણ કરી પછી હું જમીન ઉપર ઊતરીશ.

આટલું લખું છું ત્યાં ચંદ્ર કહે છે: 'નગુણા! મારે લીધે બે જાતનાં ગ્રહણો તને જોવાને મળતાં તે ભૂલી ગયો?'

ગ્રહણો મેં ક્યાં ક્યાં જોયાં એ આજે ક્યાંથી યાદ આવે? પણ ગ્રહણો કેમ બને છે એ જાણ્યા પછી સામાન્ય લોકોને રાહુ અને કેતુનો અર્થ સમજાવવામાં અને પૌરાણિક વાર્તાઓ કેવળ કલ્પના જ છે, એનું કાવ્ય માણી શકાય, પણ એ વાર્તાઓ સાચી માનીને રાહુ-કેતુની અસરમાંથી બચી જવા માટે દાન આપવા બેસીએ એ ખોટું છે, એમ ભોળા લોકોને સમજાવવામાં મને ઘણો આનંદ આવતો.

તેમાં વળી, હમેશાં દાન આપવું તે તો બ્રાહ્મણોને જ, અને એમાં યે દસ ગ્રંથો જેણે મોઢે કર્યા હોય એવા કોઈ દસગ્રંથી બ્રાહ્મણ મળે તો એને દાન આપવામાં પુણ્ય વધારે! પણ રાહુ-કેતુ જેવા પાપી ગ્રહોની અસરમાંથી બચી જવા માટે દાન આપવું હોય તો તે તો બ્રાહ્મણોને નહિ પણ 'નીચ જાતિ'ના હરિજનોને અપાય, એ કલ્પના જ મારે માટે અસહ્ય થતી. હું લોકોને વિજ્ઞાન સમજાવું અને હરિજનોને થતા અપમાનની વાત કરતો જાઉં; અને છતાં હરિજનોને દાન મળે નહિ તો એ ગરીબ લોકો મારા પર ચીડાય, મને શાપ આપે; એ બધી મૂંઝવણ દરમિયાન સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણનું નિરીક્ષણ કરવાનો આનંદ કોરે રહી જતો. છતાં ખગ્રાસ સૂર્યગ્રહણ અથવા ખગ્રાસ ચંદ્રગ્રહણ જોવાનો આનંદ નોખો અને સામાન્ય અલ્પગ્રહણનો આનંદ નોખો, એ વાત ગ્રહણનું નિરીક્ષણ કરતી વખતે ખૂબ ધ્યાનમાં આવતી.

ખગ્રાસ એટલે સૂરજના આખા બિંબ ઉપર ચંદ્રનું બિંબ ફેલાય અને સૂરજ દેખાતો બંધ થાય ત્યારે ગ્રહણ થતું. 'ખ' એટલે આકાશ. આકાશની જ્યોતિનો આખો ભાગ ખવાઈ જાય તેથી એ ખગ્રાસ. એવા ખગ્રાસ ગ્રહણ વખતે આકાશમાં મુખ્ય મુખ્ય તારાઓ અને ગ્રહો દેખાય છે એ જોવાનો આનંદ અનેરો. પંચાંગમાં દર પંદર દિવસનો આકાશનો નકશો આંકડાઓ દ્વારા બતાવેલો હોય છે, એ જોઈને પહેલાંથી હું જાણી લેતો કે આજે કયા કયા નક્ષત્રો અને કયા કયા ગ્રહો દેખાવાનો સંભવ છે. આ બધું ગણિત પાછળથી મેં ખીલવ્યું. કૉલેજના દિવસોમાં સહેજસાજ કલ્પના ચલાવીને, મંગળ કે ગુરુ ક્યાં દેખાય, શુક્ર કઈ બાજુ હશે, અને બુધ દેખાવાની સંભાવના છે કે નહિ, એટલી જ જરાજરા કલ્પના કરી શકતો હતો. પણ એટલાથી યે મારો આનંદ બમણો-ચારગણો થતો હતો.

સૂરજનું ગ્રહણ ધામેધીમે થતું જાય ને પછી એ જ ક્રમે ધામેધીમે ગ્રાસમાંથી સૂરજ મુક્ત થતો જાય એ જોવાની મઝા આવતી. પણ એથી યે વધારે આનંદ એ રહેતો કે 'સમાજનાં બધાં જ સ્ત્રી-પુરુષો સૂર્યગ્રહણ જોવા બહાર નીકળ્યાં છે અને જોએલી વસ્તુની ચર્ચા કલાકો સુધી કરે છે.

ચંદ્રગ્રહણ નિહાળવાનો આનંદ નોખો. સૂર્યગ્રહણના ગ્રાસની કિનારી બિલકુલ સ્વચ્છ, અણીદાર; જ્યારે ચંદ્રના ગ્રાસની કિનારી એવી ધારદાર નહિ. ને ખગ્રાસ ચંદ્રગ્રહણ વખતે પૃથ્વીની છાયાને કારણે ચંદ્ર અપ્રકાશિત ભલે થાય પણ ચંદ્ર અલોપ થતો નથી. એનું કાંઈક તો લાલાશ-પડતું દર્શન થાય જ છે. એ આનંદ જે દિવસે મળે તે દિવસે એની ચર્ચા વધારે કરીએ. કૉલેજનાં ચાર વર્ષમાં આવાં સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ એકે હું દૂરબીનમાંથી જોઈ ન શક્યો એનું દુઃખ હજી યાદ આવે છે.

કૉલેજના દિવસોમાં એક વાર સૂર્યગ્રહણ આવેલું. એને માટે ધાર્મિક દૃષ્ટિએ રજા મળવી જોઈએ, અને પ્રિન્સિપલ તે આપતા ન હતા તે માટે પ્રિન્સિપલ પરાંજપે સામે વિદ્યાર્થીઓએ આંદોલન ચલાવેલું. મેં પ્રિન્સિપલનો પક્ષ લીધેલો અને વિદ્યાર્થીઓ સામે એટલા જ જોરથી આંદોલન ચલાવેલું. જો કે રાજનીતિમાં હું તિલક પક્ષનો હતો, ને તિલક પક્ષના છાપા 'કેસરી'એ વિદ્યાર્થીઓનો પક્ષ તાણ્યો હતો. એ બધી વાત મેં ક્યારની અન્યત્ર આપી દીધી હોઈ એનો કેવળ ઉલ્લેખ જ અહીં બસ છે.

સૂર્યોદય અને સૂર્યાસ્ત, અમાસ અને પૂર્ણિમા, ભરતી અને ઓટ, આ કુદરતી બનાવો માણસના મન ઉપર ભારે અસર કરે એવા છે. આદિમ-કાળના માણસના મન ઉપર આ બનાવોની જે અસર થઈ તેનું કાવ્ય પ્રાચીન ગ્રંથોમાં મળે છે. પછી તો આ બનાવો નિત્યના થયા, એટલે એનું નાવીન્ય ઓસરી ગયું. એમનું કાવ્ય જીવન-સંસ્કૃતિએ હજમ કર્યું એટલે એ તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર ન રહી. પણ સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ એ તો જાણે અમાસ ને પૂર્ણિમા ઉપર આવી પડેલો એક અત્યાચાર. એટલે એમને જોઈને માણસ હેબતાઈ જ જાય. અને તેથી રોજનું બધું કામ છોડી દઇ આખો સમાજ એ અસાધારણ બનાવને નિહાળતો જાય. સંસ્કારી ભાષામાં આવા બનાવો નિહાળવાની ક્રિયાને 'વેધ' કહે છે. આગળ જતાં માણસ બધાં ગ્રહણો નોંધવા લાગ્યો. નોંધતાં નોંધતાં માણસે જોયું કે ગ્રહણો અકસ્માત નથી પણ એમનું 'સ્માત્' (ક્યાંથી); એટલે કે કારણ જાણી શકાય છે અને એનું ગણિત પણ કરી શકાય છે. એ જ ગ્રહણો અઢાર કે વીસ વર્ષ પછી ફરી ફરી આવે છે. એમ એના ચક્રક્રમની જાણ થયા પછી માણસ આવાં ગ્રહણોની અપેક્ષા કરવા લાગ્યો, અને ગ્રહણ શરૂ થાય તે પહેલાં આખો સમાજ બધું કામ છોડી દઈ, અપેક્ષાએ ગ્રહણના વખત પહેલાં સૂર્ય ને ચંદ્રનું નિરીક્ષણ કરવા લાગ્યો. આને કહે છે 'વેધ લાગ્યા.' આવા અસાધારણ (અનુ. પૃ. ૪૦૭)

સુનીલ કોઠારી લિખિત
ભરતનાટ્યમ્-૫

નૃત્ત-વિચાર

કેટલાક અડવુની સાભિપ્રયોગ સમજૂતી તથા સોલ્લકટ્ટુ, જતિ, તીરમાનમ્ની સમજણ

નૃત્તમાં આકર્ષક ગતિવિધિ, પદચલન, હસ્તપ્રક્ષેપ, ડોકનાં ચલનો, અને આ બધાંનાં કલ્પનોત્થ પણ પ્રશિષ્ટ સંકલન દ્વારા રચાતાં નૃત્ત-આયોજનોનો સમાવેશ થાય છે. નર્તકે તે વારંવાર અભ્યાસ કરી સિદ્ધ કરવાનાં રહે છે ને અડવુના અભ્યાસ દ્વારા નૃત્ત પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું રહે છે. જેટલે અંશે 'શુદ્ધ' પ્રયોગ કરી શકાય તેટલી નૃત્તની કમનીયતા જળવાય. રેખાનું લાવણ્ય – એટલે કે બે ગતિ વચ્ચેનું સંતુલન, રૂપ (form) વિષેની સભાનતા અને સમ પર આવી ગતિને આવર્તનોમાં લયબદ્ધ કરી મનોહારી સ્વરૂપ આપવાની નૃત્તમાં વિવક્ષા રહે છે.

બધાં અડવુને સરળતા ખાતર, તે તે અડવુના પ્રાથમિક બોલના આધારે વર્ગીકરણ કરતાં નામ આપવામાં આવ્યાં છે. જેમ કે 'નટ્ટ' અડવું: એમાં 'તૈયુમ્ દત્તા તૈયુમ્ તા' જેવા બોલને આધારે પદચલન, હાથની ગતિ ને શરીરની સમગ્રસ્થિતિ લક્ષમાં લઈ નૃત્તસંકલના કરવામાં આવે છે.

તટ્ટ અડવુ

પ્રારંભમાં નર્તકી આયતમંડલમાં ઊભી રહે અને તાલબદ્ધ 'તૈહા તૈ' બોલને આધારે તટ્ટ અડવુનો અભ્યાસ કરે (ચિત્ર ૧). 'તટ્ટ'નો અર્થ 'જમીન પર પગ વડે સપાટ આઘાત કરવો' એવો થાય છે. આ અડવુમાં માત્ર શરીરનું સંતુલન, પ્રારંભિક સ્થિતિ (pose), અને લય (rhythm) પર પ્રભુત્વ મેળવવાનું રહે છે. શરીર ટટ્ટાર, પગ ઘૂંટણથી વળેલા, ૧૨૦ અંશના કોણ પર, ઘૂંટણો બંને બાજુ શરીરને સમાંતર એક સીધી લીટીમાં, આગળ કે પાછળ વાંકાચૂંકા નહિ પણ સૌષ્ઠવપૂર્ણ, અને બે એડી વચ્ચે ચારેક આંગળનું અંતર. આ સ્થિતિમાં તાલબદ્ધ પ્રથમ અડવુનો અભ્યાસ આવશ્યક હોય છે. પછીનાં બધાં અડવુમાં આ મૂળ અંગસ્થિતિ (basic pose) જાળવીને જ વિવિધ આવર્તનો-વિવર્તનો કરવાનાં હોવાથી સૌષ્ઠવનો આગ્રહ આ પ્રારંભથી જ રાખવામાં આવે છે.

નર્તકી કમ્મરે ટેકવેલા હાથ હવે વક્ષઃસ્થળ આગળથી ફેલાવી, જમીનને સમાંતર બંને બાજુ ગોઠવી, પતાકાહસ્તમાં રાખી, પાદાઘાત શરૂ કરે છે. માથું ટટ્ટાર રાખી, સામે જોઈ, જમણો પગ ઊંચકી, 'તૈહા' શબ્દ પર જમીન પર આઘાત કરે છે, ને પછી ડાબો પગ ઊંચકી 'તૈ' શબ્દ પર આઘાત કરે છે. શરૂમાં આ અભ્યાસ ઘણો અઘરો જણાય છે. શરીરનું સંતુલન જળવાય નહિ, હાથ સમાંતર રહે નહિ, ઘૂંટણ શરીરના રેખાપ્રમાણમાં ન રહેતાં આગળ વળી જાય, વગેરે મુસીબતોનો નર્તકીને સામનો કરવો પડે છે. પરંતુ એક વાર આ સરળ અડવુ પર પ્રભુત્વ મેળવ્યા પછી એક પછી એક અટપટાં અઘરાં અડવુનો અભ્યાસ સહેલો બને છે.




△ ચિત્ર ૧. આયતમણ્ડલ. તટ્ટ અડવુના અભ્યાસ માટે 'તૈ હા તૈ'ની પ્રારંભિક અંગસ્થિતિ નૃત્યાંગના સુચેતા ભીડે (ફોટો: સુબોધચન્દ્ર)

નટ્ટ અડવુ

નટ્ટ અડવુના બોલ 'તૈયુમ દત્તા તૈયુમ તા' છે. તેમાં મૂળ સ્થિતિ તટ્ટ અડવુ જેમ જ, પણ હાથ પતાકામાં ન રાખતા ત્રિપતાકામાં રાખવાના રહે છે. 'તૈયુમ્' બોલ વખતે જમણો પગ જમણી દિશામાં એડી પર ટેકવી, જમણો ખભો ખચકા સાથે પાછળ લઈ જઈ, જમણી હથેળી ઉપર તરફ લાવી, જમણી દિશામાં જોવું; (ચિત્ર-૨) અને 'દત્તા' બોલ પર જમણો પગ મૂળ સ્થિતિમાં લાવી જમીન પર પાદાઘાત કરવો, ને સામે જોવું. (ચિત્ર-૩) હથેળી પૂર્વવત્ ત્રિપતાકામાં જમીન તરફ રાખવી. પછી આ જ પ્રમાણે 'તૈયુમ્ તા' બોલ વખતે ડાબી તરફ પાદાઘાત કરવો અને હાથની ગતિ, ડોકની ગતિ, દૃષ્ટિ અને ખભાની ગતિનો પ્રયોગ કરવો. આનાં વિવર્તનો ચિત્ર નં. ૪ અને ૫માં જોઈ શકાશે. કોઈ પણ ભરતનાટ્યમ્ વર્ગમાં ક્યારેક હાજરી આપવાથી આ અભ્યાસનો ખયાલ સહેજે આવી શકશે.


અન્ય ચિત્રોમાં અન્ય અડવુની અંગસ્થિતિ અને ભરતનાટ્યમ્ના પ્રયોગો અલ્લારીપુ, જતિસ્વરમ, તિલ્લાના ઉપરાંત વર્ણમ્માં આવતાં નૃત્ત વિભાગનાં અંગચલનોમાંની ગતિઓનાં ઉદાહરણો દર્શાવ્યાં છે.

પ્રેક્ષકોએ મુખ્યત્વે આ વિભાગ ખાસ સમજવો જરૂરી છે. અટપટી ગતિઓનાં મનોહારી ચિત્રો અવકાશમાં રચાતાં જે રૂપનિર્માણ થાય છે તે ભાવનિરપેક્ષ અને શુદ્ધ સ્વરૂપનું 'નૃત્ત' હોય છે. તેના પ્રયોગથી જન્મતો આનંદ તાલ, લય અને બોલનાં આવર્તન, શરીરનું સંતુલન, સમ પર આવવાની ક્રિયા, રેખાનું લાવણ્ય, અંગસૌષ્ઠવ, વગેરે તત્ત્વો પર આધારિત છે. હાથ પહોળા જમીનને સમાંતર રાખી અવકાશમાં



◁ નટ્ટ અડવું. ચિત્ર ૨: 'તૈયુમ'; ચિત્ર ૩: 'દત્તા'. નૃત્યાંગના: સુચેતા (ફોટો: સુબોધચંદ્ર)





ઉપર: ચિત્ર ૪ અને ૫. નટ્ટ અડવુમાં 'તંયુમ' અને 'દત્તા'. તે પછી ચિત્ર ૬ અને ૭. 'તત્તૈ તાહ્લ, ધિત્તૈતાહ્લ'અડવુમાં'તત્તૈ' અને'તાહ્લ'. ડાબી બાજુ: ચિત્ર ૮, ૯, ૧૦. 'તરી કિટ તોમ' અડવુમાં તરી, કિટ અને તોમ, એ બોલ સાથેની અંગ સ્થિતિ. 'તીરમાનમ્'માં પણ આનો પ્રયોગ થાય છે. બધાં ચિત્રોમાં નૃત્યાંગના: સુચેતા ભીડે; બધા ફોટો. સુબોધચન્દ્ર

આવર્તન લેતાં, ટટ્ટાર શરીર જાળવતાં, જમણી બાજુ, ડાબી બાજુ કે સંમુખ ઝૂકતાં, કમ્મરેથી વળતાં પણ શરીરની દણ્ડ જેવી ટટ્ટાર સ્થિતિ જાળવવાની હોય છે. તેમાં ત્રિભંગને અવકાશ નથી. શરીરને સરળ, સીધી, ટટ્ટાર સ્થિતિમાં રાખીને ગુરુઓએ એમાંથી અનેક ભૌમિતિક આકારોની સુગ્રથિત ગતિ-રચના કરી છે. ભરતનાટ્યમની આ સંકલના (choreography) કરતાં ગુરુઓએ જે કલ્પના વાપરી છે તે જોઈ દંગ થઈ જવાય છે, રૂપ (form)નું જે પ્રમાણ અહીં સચવાય છે, હાથ, હથેલી, આંગળાં, નેત્રચલન, ડોકનાં ચલન, પદાઘાત, કોણાકાર વળેલા ઘૂંટણ અને અટપટાં આવર્તન વગેરેની સંકલનામાં ગુરુઓએ અહીં સૌન્દર્યની જે સભાનતા જાળવી છે તે માન મુકાવે એવી છે. કોઈ પણ ખૂણેથી, કોઈ પણ દિશામાંથી ભરતનાટ્યમનાં આ ગતિચલનો જોતાં તેમાં સમમાણતાનું તત્ત્વ નજરે ચડયા વિના નહિ રહે.

હવે નૃત્તના કેટલાક સાંકેતિક શબ્દોનો પરિચય કરીએ. ખાસ કરીને સોલ્લકટ્ટુ, જતિ, તીરમાનમ્ વગેરેની સમજૂતી જરૂરી છે.

સોલ્લકટ્ટુ

સોલ્લકટ્ટુ તે અડવુના બોલ. જેમ કે 'તૈં હા તૈં', 'કિટતક તરી કીટ તોમ.' આ બોલનું અનુરણન અને મૃદંગ પર તેનો નાદ વગેરે ભરતનાટ્યમમાં નૃત્તને એક વિશેષ ઓપ આપે છે. તેને આધારે પદાઘાત, શરીરનું ચેતનશીલ ગતિમાં આંદોલિત થવું, હસ્તનું ફેલાવું વગેરે એક આકર્ષક ગતિચલનોની સૃષ્ટિ ખડી કરે છે. ઉપરાંત આ સોલ્લકટ્ટુ, સમય તાલ અને લયનો સમન્વય સાચવે છે. 'નૃત્તં તાલલયાશ્રયમ્' વ્યાખ્યા યાદ કરો. તેનો લક્ષ્યાર્થ નૃત્ત જોતાં સ્પષ્ટ થાય છે. તાલ અને સમયને આ સોલ્લકટ્ટુ જાણે એક બહિરસ્વરૂપ આપે છે. ઘૂઘરાનો નાદ, પદાઘાત અથવા તેવા અન્ય તત્ત્વ દ્વારા તાલનો ખયાલ આવે છે તેને આ સોલ્લકટ્ટુ એટલે કે અડવુ તૈંના, હા તૈં' કે 'કિટતક તરી કીટ તોમ' વગેરે જેવા બોલ દ્વારા સમજી શકાય છે.

જતિ

'જતિ'ને અડવુથી છૂટા પાડી વિચારી શકાય નહિ. અડવુમાં શરીરની ગતિવિધિ સમાવિષ્ટ છે. જતિ અડવુમાં રહેલી પગની ગતિ તરફ નિર્દેશ કરે છે. જમીન પર પગનાં તળિયાં વડે, અંગુઠા પર પગ ટેકવી પછી એડી વડે એમ આઘાત કરવાથી વગેરે જે વિવિધ રીતે પદાઘાત દ્વારા અવાજ ઉત્પન્ન થાય છે. એ પદાઘાતજનિત નાદ અને પગનાં ગતિચલનો ઇત્યાદિના સમન્વયથી નૃત્તનું નિર્માણ થાય છે. જતિ એ રીતે પગનાં ગતિ-ચલનો જોડે સવિશેષ સંકળાએલ છે. વાદકો મૃદંગ ઇત્યાદિ વાદિત્રોના નાદ દ્વારા જે તાલ-લયની રચના કરે છે તેને ઘૂઘરા અને પાદાઘાત દ્વારા નર્તકી અનુસરે છે-બલ્કે એને સમાંતર નર્તન કરે છે. તે જે બધી લયબદ્ધ રચનાઓ (rhythmic patterns) નિર્મિત થાય છે તેને 'જતિ' કહે છે. આ જતિ(rhythmic patterns) સોલ્લકટ્ટુ દ્વારા સૂચવાય છે. જતિ વખતે નટ્ટુવનાર સોલ્લકટ્ટુ-અડવુના બોલ બોલે છે તે દ્વારા આપણને જતિનો ખયાલ આવે છે.

છંદ, તાલ, લય વગેરેની ગાણિતિક અટપટી રચનાઓ (mathematical complexity), તેના સૂક્ષ્મ વિભાગો, પેટા વિભાગો આદિ નૃત્તમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રેક્ષકની તે વિષેની સમજ જેટલી વધુ તેટલો તેનો નૃત્તને માણવાનો આનંદ વધુ. આ સજ્જતા નૃત્તને માણવામાં, તેને જોવાની પ્રક્રિયામાં એક બૌદ્ધિક આનંદ પ્રગટાવે છે. જેને આપણે intellectual participation કહીએ છીએ તે આવી સજ્જતા ધરાવતા પ્રેક્ષકનો વિશેષાધિકાર બની રહે છે. જેમ ધ્વનિ, નાદ અને તેને લગતા વૈજ્ઞાનિક નિયમો જાણનાર સંગીતરસિકને તે જ્ઞાન સંગીત સાંભળવામાં કશો બાધ નથી કરતું તેમ તાલ, લય, છંદ વગેરે વિષેની સજ્જતા, તેના ગાણિતિક સ્વરૂપની માહિતી, ઊલટાની પ્રેક્ષકને નૃત્તનો આનંદ માણવામાં સહાયભૂત બની રહે છે.



ચિત્ર ૧૧-'તીરમાનમ': અનેક અડવુ મળી જે જતિ રચાય તેનાં એકમોની પૂર્ણાહુતિ દર્શાવતાં નૃત્તનાં આલંકારક આવર્તનો તે તીરમાનમ. આ ચિત્રમાં સૂચિ અને મુષ્ટિ મુદ્રામાં બે હાથ વડે વર્તુલ રચી જમણો પગ આગળ લાવી વિશિષ્ટ રીતે રજૂ કરેલી તીરમાનમની એક અંગસ્થિતિ દર્શાવી છે. નૃત્તમાં તરલ ગતિ આણતાં નૃત્ત-કલ્પનનાં બે ચિત્રો (વચ્ચે: ચિત્ર ૧૨ અને ૧૩). છેલ્લે ચિત્ર ૧૪. અડવુમાં રેખાનું સૌંદર્ય પ્રકટ કરતી એક ગતિ. અડવુના અભ્યાસમાં દેહના ત્રિભંગને સ્થાન નથી. બાજુમાં કે સંમુખ ઝૂકતાં પણ શરીરની દંડ જેવી ટટ્ટાર સ્થિતિ જાળવવાની હોય છે. કોઈ પણ ખૂણેથી કે કોઈ પણ દિશામાંથી આ ગતિચલનો જોતાં એમાં સપ્રમાણતા જ જોવા મળે છે.

ભરતનાટયમ્ ગાણિતિક ઢબે ઉત્તરોત્તર નૃત્તમાં વિકસે છે. ચોક્કસ, છંદોબદ્ધ, લયના ભાગ પ્રભાગ, અંશ, વિસ્તાર, માત્રાબદ્ધ, સપ્રમાણ અને ભૌમિતિક શ્રેણી (geometrical progression)માં તેની ગતિ રહે છે. જતિ ત્રણ લયમાં રચાય છે. પ્રારંભની ગતિ, પછી તેનાથી બમણી અને પછી ચારગણી. શરૂથી જ નર્તકી અથવા ગુરુ (મૃદંગવાદક ને સોલ્લકટ્ટુ બોલનાર નટ્ટુવનાર) ધારે તેટલી ઝડપવાળી ગતિ નક્કી કરી શકે. પણ એક વાર તે નિશ્ચિત થાય પછી તેનો ઉત્તરોત્તર વિકાસ ઉપર જણાવ્યું તેમ ત્રણ લયમાં જ કરી શકાય. એટલે જ અત્યંત વધુપડતી ઝડપમાં નૃત્ત રજૂ કરવાથી રેખાનું લાવણ્ય મનોહારીતા ને શરીરનાં સૌષ્ઠવ-સૌન્દર્યને વેઠવું પડે છે. જતિ અને સોલ્લકટ્ટુ જે રીતે રજૂ થાય છે અને બોલાય છે તે નૃત્તમાં રહેલ લયની એક સબળ બલિષ્ઠ ભૂમિકા રચે છે. નૃત્તનાં અનેક એકમોમાં આ એકમ ધ્યાન ખેંચનારું અને નૃત્તનું વ્યાવર્તક લક્ષણ બની રહે છે.

તીરમાનમ

ભરતનાટયમમાં નૃત્તના આ જીવાનુભૂત તત્ત્વસમા, જતિ લય આદિ તેની સાથે અવિનાભાવિ સંબંધે સંકળાએલા, અને અટપટા લયના એક વિશિષ્ટ નૃત્તવિભાગનો છેડો સૂચવતાં 'તીરમાનમ'માં, આપણે ઉત્તર હિંદુસ્તાની સંગીતમાં જેને 'તિહાઇ' કહીએ છીએ તેને મળતા, નૃત્તના અલંકારાત્મક અંશો છે. અનેક અડવુ મળી જે જતિ રચાય છે, ને તેનાં એકમો પૂરાં થાય ત્યારે તે સૂચવતાં જે નૃત્તચલનો યોજાય છે તે, પૂર્ણાહુતિ દર્શાવતાં આવર્તનો (concluding flourishes) એટલે તીરમાનમ. ઘણી વાર પ્રયોગની શરૂઆતમાં પણ તીરમાનમ જોવા મળે છે. કોઈ કોઈ 'જતિસ્વરમ' અથવા 'શબ્દમ'ની શરૂમાં તીરમાનમ અલંકારાત્મક ઢબે પ્રયોજાય છે. તેના બોલ કંઈક આવા હોય છે: 'તધિ ધક્ક ધિત્તામ્, કિટતક તરીકિટ તોમ'. નર્તકી ત્રણ વાર આ બોલ પર હાથથી અવકાશમાં વર્તુળો રચી વક્ષઃસંમુખ મસ્તક પરથી હાથ વીંઝી, ભૂમિ તરફ ગતિ કરે છે (ચિત્ર ૮, ૯, ૧૦). અથવા એક જ સ્થળે મસ્તક પર સૂચિ અને મુષ્ટિ હસ્તમુદ્રામાં અર્ધ-વર્તુળ રચી, એક પગ આગળ લંબાવી, ત્રણ વાર ત્યાં જ આવર્તનો પૂરાં કરે છે (ચિત્ર ૧૧). 'વર્ણમ'માં પાંચ અથવા ઘણી વાર નવ તીરમાનમના પ્રયોગ પણ થાય છે. તાલને અનુસરી, વિવિધ પ્રકારે આકર્ષક રીતે તીરમાનમ્ રચી, નર્તકી નૃત્તમાં લાવણ્ય પ્રગટ કરે છે. તે વિષે જરા વિસ્તારથી 'વર્ણમ' પ્રયોગની રચનામાં વિચારીશું. તીરમાનમ્ પતતાં નર્તકી કમ્મરે હાથ ટેકવી, ડગલાં પાછાં ભરી, પહેલાં જમણી તરફ અને પછી ડાબી તરફ જોતાંજોતાં મૂળ સ્થિતિ (basic stance)માં જઈ ઊભી રહે છે અને નૃત્તનાં બીજાં અડવુ, જતિ વગેરે શરૂ કરે છે.

નૃત્તના આ બધા ઘટકોની સમજ વારંવાર ભરતનાટયમના નૃત્તપ્રયોગો જોવાથી જ કેળવી શકાય છે. નૃત્તમાં આ બધા ઘટકો મૂળાક્ષરો અને બારાખડીની ગરજ સારે છે. તે બધાની ઉચિત મિલાવટથી, જેમ અક્ષરો મળી શબ્દો, શબ્દો મળી વાક્યો, વાક્યોની યોગ્ય ગોઠવણી મળી પરિચ્છેદ (paragraph) અને વ્યવસ્થિત પરિચ્છેદો મળી એક સુગ્રથિત ગદ્યખંડ રચાય છે તેવી રીતે અહીં અર્થનિરપેક્ષ ગતિચલનોની રચના દ્વારા નૃત્તના પ્રયોગો રચાય છે. નૃત્ત અલંકારાત્મક ને આકર્ષક હોય છે. તાલ ને લય પર આશ્રિત અને અનુવર્તી હોય છે. તેની રચનામાં ગુરુઓએ શરીરની ગતિવિધિ, પ્રમાણ, સંતુલન, અવકાશમાં તેની સ્થિતિ વગેરે તત્ત્વોનો વિચાર કરીને મનોહર રૂપ સર્જ્યું છે. એમાં પણ હસ્તમુદ્રાઓ પ્રયોજાય છે, પણ તેનો હેતુ કેવળ અલંકારાત્મક હોય છે.

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

જ્યૉફ્રે ચૉસર

પક્ષીઓની લોકસભા

ચૉસરની બીજી એક ગણનાપાત્ર કૃતિ 'પક્ષીઓની લોકસભા' (The Parliament of Fowls) પણ તેની અગાઉની કૃતિઓની જેમ સ્વપ્નપરંપરાને અનુસરે છે. બોકૅશિયોની ચિત્રાત્મકતા અને દાન્તેની ધીરગંભીર વાણીના અહીં પડઘા સંભળાય છે, તેમ છતાં ચૉસરની પોતાની મુદ્રા હવે ઊપસતી દેખાય છે. આ કૃતિ તેણે રિચર્ડ બીજાના દરબારમાં સંત વૅલેન્ટાઈન દિનની ઉજવણી માટે રચી હતી.

કૃતિનું વસ્તુ એવું છે કે કવિ (નાયક) પ્રેમનું રહસ્ય પામવા માટે એ વિષય પરનું સિસેરો (Cicero)નું એક પુસ્તક (Somnium Scipionis) વાંચતો હોય છે. (ચૉસર ગાંભીર્યથી છતાં અંદર હળવો કટાક્ષ ભેળવીને એકરાર કરે છે કે એ પોતે અનુભવમાંથી નહિ પણ પુસ્તકમાંથી 'પ્રેમ' શીખે છે!) સ્વપ્નનું વર્ણન વાંચતો એ સ્વપ્નમાં સરે છે, ને એક બગીચા પાસે આવે છે. ત્યાંની દીવાલ પર પ્રેમ વિષેના બે પ્રકારના અભિગમ કોતર્યા છે. (કેટલાક સાહિત્યવિવેચકોને અહીં 'ધ ડિવાઈન કૉમેડી'માં પરલોકના પ્રવેશદ્વાર પર આ જ પ્રકારે કોતરેલા લેખોનું સ્મરણ થયું છે—અલબત્ત, આ કૃતિમાં ધ્વનિ જુદો છે.)

કવિ ઉદ્યાનમાં પ્રવેશે છે. (એ ઉદ્યાનમાં 'રોઝ રોમાન્સ'માંનો ઉદ્યાન જ વિવેચકોએ નિહાળ્યો છે.) સ્વપ્નદ્રષ્ટા નાયક ઉદ્યાનમાં વિહરતો પિત્તળના એક મંદિર પાસે આવે છે. એ મંદિરના વાતાવરણમાં કંઈક વિચિત્રતાનો, અશુભત્વનો અણસાર વરતાય છે. ત્યાં વેદી પરની જ્વાલા પ્રેમીઓના નિશ્વાસથી પ્રદીપ્ત થાય છે. નાયક વળી પાછો ત્યાંથી બગીચામાં આવે છે. ત્યાં પ્રકૃતિદેવી વિરાજેલી છે. (એનું વર્ણન વિવેચકોના મતે એક લૅટિન પુસ્તક પરથી થએલું છે) ને પક્ષીઓની લોકસભા મળી છે—જીવનસાથીની પસંદગીના નિર્ણય અંગે. ત્રણ નર ગરુડો એક માદા ગરુડનો પ્રેમ પામવા સ્પર્ધામાં ઊતર્યા છે. તેઓ કુલીન પ્રેમીઓની જેમ પ્રિયતમા સમક્ષ સનાતન વફાદારી અને શાશ્વત પ્રેમના સોગંદ લીધા કરે છે. હંસ આ રૉમૅન્ટિક પ્રેમની હાંસી ઉડાવે છે: પ્રેમ અને તે :વળી શાશ્વત? હંસના ગ્રામ્ય વલણથી બાજ છંછેડાય છે: જુઓ તો ખરા હંસની તર્કશક્તિ!


Lo, here a parfit resoun of a goos!

બીજાં પણ વિવિધ પક્ષીઓ ચર્ચાને ચગડોળે ચડાવે છે. કેટલાંક પક્ષીઓને આ કુલીન પ્રેમના લાંબાલચ શિષ્ટ ઉદ્દગારો આડંબરી લાગે છે. એમને તો રોજિંદા પ્રેમ વહેવારની નિખાલસ સરળ વાણી ખપે છે, નાટકી પ્રેમાલાપ નહિ. પ્રકૃતિ બધા પ્રતિનિધિઓનાં મંતવ્ય સાંભળે છે અને માદા ગરુડ પોતે જ પોતાના જીવનસાથી તરીકે કોઈ ગરુડને પસંદ કરી લે તેવો નિર્ણય આપે છે. માદા ગરુડ આ પસંદગી માટે બે વર્ષની મહેતલ માગે છે, જે મંજૂર કરવામાં આવે છે. બીજાં પંખીઓને પ્રકૃતિ તેમને યોગ્ય જીવનસાથી પસંદ કરી આપે છે; અને સર્વ પંખીઓ ગ્રીષ્મના સ્વાગતનું ગીત ગાય છે તેના કલશોરથી નાયક સ્વપ્નભંગ થાય છે.

પક્ષીઓની લોકસભા કશો નિશ્ચિત નિર્ણય કરતી નથી. અહીં પણ અગાઉની જેમ તંતુ અધૂરો રહી જાય છે. તેમ છતાં કેટલાક સાહિત્યવિવેચકોએ આ સ્વપ્નદર્શનમાં પ્રેમની દેવી (Venus) અને પ્રકૃતિ (Nature) વચ્ચેનો વિરોધ નિહાળ્યો છે. ઉદ્યાનની ભીંત પર પ્રેમ વિષેના બે અભિગમ કોતરેલા છે તે આના સૂચક છે. પ્રેમની દેવીના–રતિમંદિરમાં નિશ્વાસ છે, બંધિયારપણું છે, અશુભત્વ છે. પ્રકૃતિ સ્વાતંત્ર્યની પ્રતીક છે. ત્યાં સ્વાતંત્ર્ય, નિખાલસતા અને વ્યવસ્થા છે. દરેકને પોતાનો અવાજ રજૂ કરવાનો અધિકાર છે.

બીજા કેટલાક વિદ્વાનોના મતે ગરુડના ઉદ્દગારો દ્વારા કુલીન પ્રેમ (court-love) પ્રગટ થયો છે. ત્રણ ગરુડો તે મધ્યયુગના સરદારોના પ્રતિનિધિઓ છે. તેમનો પ્રેમ પ્રત્યેનો દૃષ્ટિકોણ શિષ્ટ અને આત્યંતિક છે. પ્રિયતમાનો પ્રેમ સંપાદન કરવા લોહીના છેલ્લા ટીપા સુધી યુદ્ધ ખેલવાની અને પ્રેમ કાજે જિંદગી સમર્પિત કરી દેવાની તેમની તમન્ના છે. બીજાં પંખીઓ મધ્યમ સ્તરના સામાજિક વહેવારના પ્રતિનિધિ છે. પ્રેમ વિષેના રંગીન ખયાલો પ્રત્યે તેમને તિરસ્કાર છે.



△ ચૉસર અને એની સહી ▷ 

ટ્રૉઇલસ અને ક્રીસીડા

ચૉસરની રૂડીપેરે વિકસેલી પ્રતિભાનો ખુશનુમા પરિચય કરાવતી તેની સુદીર્ઘ કૃતિ 'ટ્રૉઈલસ અને ક્રીસીડા, (Troilus and Creseda) ઈ. ૧૩૮૦ના વરસમાં રચાઈ હોવાની વિદ્વાનોએ સંભાવના કલ્પી છે. કથનકલાનો તેમજ પાત્રની આંતરચેતનાનો પ્રવાહ નિરૂપવાનો સમર્થ પ્રયાસ અહીં પ્રથમ વાર દેખાય છે. કથાની નાયિકા ક્રીસીડાના ચિત્તનું ચાંચલ્ય અને તેની સૂક્ષ્મ વૃત્તિઓનું પૃથક્કરણ ચૉસરે અદ્ભુત કૌશલથી કર્યું છે–એ કલા પર વિવેચકો વારી ગયા છે. ડેવિડ ડેચીઝના અભિપ્રાયે માનસશાસ્ત્રની હેસિયતથી ચૉસરે આલેખેલી આ ક્રીસીડા, પછીના પેઢીના શિષ્ટ સાહિત્યની સંકુલ વ્યક્તિત્વ ધરાવતી પ્રથમ સાચી નાયિકા છે: She is the first truly complex heroine in post-classical literature. પહેલી વાસ્તવદર્શી નવલનો અણસારો પણ એ વિવેચકે આ કૃતિમાં જોયો છે. સાતસાત પંક્તિના ખંડવાળી aba bb ccના પ્રાસયુક્ત rhyme royal stanza તરીકે પંકાએલી રીતિનો ચૉસરે અહીં કરેલો ઉપયોગ કાવ્યવિવેચકોના અભિપ્રાયે કથાના ભાવપલટા સાથે સુસંગત બની રહે છે. તેનો આ કથા માટેનો મુખ્ય સ્રોત બૉકૅશિયો રચિત 'ઈલ ફિલોસ્ટ્રેટો' (Il Filostrato) છે; (એ કથા મૂળ તો મહાકવિ હોમરની) પરંતુ તેણે મૂળ લેખકની સીધી, ગતિશીલ, રંગીન પ્રેમ અને વિદ્રોહની ઇટાલિયન કથાના મુખ્ય કાર્યને કેન્દ્રમાં રાખીને આ અનેક પરિમાણો દાખવતી આંતરચેતનાનું નિરૂપણ પ્રગટ કરતી વિગતપ્રચુર કલાકૃતિ સર્જી છે.

કથાની પાર્શ્વભૂમિકામાં ટ્રોજનની લડાઈ છે. ટ્રૉયના રાજા પ્રાયમનો પુત્ર ટ્રૉઈલસ અપ્રતિમ યોદ્ધો છે. પ્રેમની વેવલાઈની તેને સૂગ છે. યુદ્ધ એ જ એનો જીવનરાહ છે. પરંતુ એક દિવસ ભવિષ્યવેત્તા કૅલ્કસ (Calchas)ની રૂપવતી વિધવા દીકરી ક્રીસીડા પર તેની દૃષ્ટિ પડે છે ને તેના અંતરમાં પ્રેમની જ્વાળા ભડભડી ઊઠે છે. ટ્રૉઇલસ એને નીરખતો પ્રેમના વિરોધાભાસી સ્વરૂપનું ચિંતન કરે છે. એ ખંડ ચૉસરે બોએથિયસની 'ધ કૉન્સોલેશન ઑવ ફિલૉસૉફી'માંથી રજૂ કર્યો છે. આ કૃતિમાં વારંવાર એ પુસ્તકના વિચારો ચૉસરે ઉતાર્યા છે. તે આ અગાઉ એ પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કરી ચૂક્યો હતો.

ભવિષ્યવેત્તા કૅલકસે ગ્રીક સૈન્યને હાથે ટ્રૅાયનું પતન થશે એવું ભાવિ દર્શન પ્રગટ કરેલું અને એ દર્શનથી પ્રેરાઈને પોતે ગ્રીક છાવણીમાં જોડાઈ ગએલો. એની પુત્રી ક્રીસીડા સાક્ષાત્ સૌંદર્યમૂર્તિ હતી. તેના પ્રથમ દર્શનથી જ ટ્રૉઈલસ વિહ્વળ બની રહ્યો. એના મિત્ર પાન્ડારે (Pandare) તેની વ્યાકુળતા નિહાળી. પાન્ડારનું વ્યક્તિત્વ ચૉસરે મનોરમ રીતે ઉપસાવ્યું છે. એ વિનોદી પ્રકૃતિનો વહેવારકુશળ માણસ છે. મિત્ર ટ્રૉઈલસની વ્યાકુળતાનું કારણ પામવા તે જે વાર્તાલાપ કરે છે તેને ચૉસરે પદ્યમાં પૂરી કુશળતાથી રજૂ કર્યો છે. પદ્ય-સંવાદનો એક સ્મરણીય નમૂનો આ વાર્તાલાપમાં મળે છે. પાન્ડારનું પાત્ર બોકૅશિયોનું મૌલિક સર્જન છે. એણે પાન્ડારને ક્રીસીડાનો પિતરાઈ કલ્પ્યો છે. પરંતુ એ પાત્રની રૂપરેખા તે ઉચિત રીતે ખીલવી શક્યો નથી. ચૉસરને હાથે એ પાત્ર સજીવન થઈ ઊઠયું છે. તેણે એની રજૂઆત ક્રીસીડાના કાકા તરીકે કરી છે. ટ્રૉઈલસના વિશ્વાસુ મિત્ર તરીકે, બે પ્રેમી વચ્ચેના દૂત તરીકે અને સાથે વાકૂપટુ વહેવારુ વકીલ તરીકે તે રસપ્રદ ભાગ ભજવે છે. વ્યથિત ટ્રૉઈલસને ઉશ્કેરીને તેની પાસેથી તે વેદનાનું કારણ સમજે છે. ટ્રૉઈલસ નિરાશાથી તેને ટકોરે છે: 'તું આમાં શી મદદ કરવાનો? તને વળી પ્રેમનો અનુભવ કેટલો?' પાન્ડાર હળવાશથી કહે છે: 'અરે બંધુ! મૂર્ખ પણ ક્યારેક ડાહ્યા માણસનો માર્ગદર્શક બની શકે છે.' A fool may ek a wis-man ofte gide. એને જીવનની ફિલસૂફી સમજાવે છે: 'મૂર્ખાની મદદથી ડાહ્યા માણસો કેટલીકવાર યુદ્ધ પણ જીતી જતા હોય છે.' Thus often wis men ven war by foolys. અને ઉમેરે છે: 'કડવી વસ્તુ ખાધા વિના મીઠાશની કિંમત કેમ સમજાય? દુ:ખ વેઠીએ ત્યારે સુખનું મૂલ્ય સમજાય.

પાન્ડારની નિષ્ઠા, એનું જીવનવિવેચન, એની સૂત્રાત્મક માર્મિક વાણી કથામાં અનેરી આકર્ષકતા આણે છે. ટ્રૉઈલસ પોતાની ભત્રીજી ક્રીસીડાના પ્રેમમાં છે એ જાણી પાન્ડાર ચકિત બની જાય છે, પરંતુ મિત્રને કાજે એ ક્રીસીડા સાથે તેની મુલાકાતનો પ્રપંચ ગોઠવવાનો વાયદો કરે છે. આ યોજના પાર પાડવી સહેલી નથી. ક્રીસીડા કુલવતી છે, વિધવા છે. એ કદાચ ટ્રૉઈલસનો પ્રેમ સ્વીકારે તો પણ તે ગુપ્ત અને લગ્નના સંબંધ વિનાનો રહેવો જોઈએ. કુલીન પ્રેમ (Courtly love)-નું ગૌરવ જળવાવું જોઈએ અને ક્રીસીડાને સમાજની ટીકા વેઠવાની ના આવે તેનું પણ પાન્ડારને ધ્યાન રાખવું પડે. તેમાં વળી ક્રીસીડાની પ્રકૃતિ સર્વથા ભીરુ. તદુપરાંત તેના પિતા વિદ્રોહી. જીવનના રાહ પર ક્રીસીડાને સાચવી સાચવીને ડગ ભરવાનાં હતાં. આવી ક્રીસીડા ટ્રૉઈલસનો પ્રેમ સ્વીકારવાનું સાહસ કરે ખરી! પાન્ડારનું દૂતકાર્ય કપરું હતું, પરંતુ તેની વહેવારકુશળતા અને વિચક્ષણતા અદ્ભુત હતી. તેણે ટ્રૉઈલસને વાયદો આપીને ઉત્સાહિત કર્યો. પાન્ડારની પ્રેરણાથી ટ્રૉઈલસે ગ્રીક સૈન્ય સામેના યુદ્ધમાં અપ્રતિમ સાહસો ખેલવા માંડ્યાં. અતુલ શૌર્ય દાખવીને પ્રિયતમાનું હૃદય જીતવાના તેના મનોરથ હતા.

બીજી તરફ પાન્ડારે યુદ્ધનાં વર્ણનોથી એની ભત્રીજી ક્રીસીડાનું ચિત્ત ચંચળ કરી મૂક્યું. યુદ્ધની રમ્ય કથા ક્રીસીડા મુગ્ધપણે સાંભળતી રહી. તક જોઈને પાન્ડારે ટ્રૉઈલસના અદ્ભુત શૌર્યની રોમાંચક વિગતો રજૂ કરવા માંડી. એના ઉચ્ચ ગુણો, એની કુલીનતા, સ્વાતંત્ર્ય ભાવના એના જેવો નરવીર બીજો કોણ હશે?! ક્રીસીડા ઉત્કંઠ બની ગઈ. એના અંતરમાં અજંપો જાગ્યો. પાન્ડારે એને સારી રીતે ઉત્તેજિત કરીને વાત મૂકી: 'એ જવાંમર્દ ટ્રૉઈલસ તારા પ્રેમ માટે તરફડે છે. તારા વિના એ જીવનનું બલિદાન આપી દેશે.' ક્રીસીડા ચમકી ઊઠી, મૂંઝવણ અનુભવી રહી. પાન્ડારે તેને કહ્યું: 'એનું જીવન-મરણ તારા હાથમાં છે: So what you lest, to make hym lyve or deye. ક્રીસીડાની આંખમાં ચમક જોઈ તે ઉમેરે છે: 'અને ટ્રૉઈલસ મૃત્યુ પામશે તો પાન્ડાર જીવશે કેમ?'

ભીરુ, વ્યાકુળ ક્રીસીડાનો પ્રથમ પ્રત્યાઘાત વિરોધનો છે. લોકનિંદાનો ખયાલ તેને ફફડાવી મૂકે છે. શાંત, સ્વસ્થ, એકાકી જીવનનો માર્ગ ત્યજીને વળી પ્રેમના માર્ગે સરવું, તણાવું, તરફડવું, તારાજ થવું? એ માર્ગનો અંજામ કેવો હોય, કોણ જાણે! પરંતુ પાન્ડાર તેની તમામ શંકાનું સમાધાન કરી તેનામાં વિશ્વાસ પ્રેરે છે, તેનામાં ટ્રૉઈલસ પ્રત્યેની પ્રેમોર્મિ પ્રગટાવે છે. ટ્રૉઈલસનું મનોહર કલ્પનાચિત્ર ક્રીસીડાના ચિત્તમાં અંકાવા માંડે છે અને પ્રેમિકાની જિજ્ઞાસાથી તે પાન્ડારને પ્રશ્ન કરે છે: 'Kan he wel speke of love? એ સુપાત્ર પ્રેમી બની રહેશે?'

પહેલો કોઠો જિતાયો અને પાન્ડારે તક સાધીને બંનેની દષ્ટાદષ્ટ સાધી આપી. મુગ્ધ નયને ક્રીસીડા એ નરવીરને નીરખી રહી. કવિ ચૉસરે એ સમયે એના ચિત્તની વિકળતા–ચંચળતાનું અને ધીરે ધીરે સરી જતી રૂઢ ગ્રંથિઓનું ઝીણવટભર્યું આલેખન કર્યું છે. આંતરચેતનાના પ્રવાહનું આવું કુશળ નિરૂપણ એ જમાનામાં વિરલ ગણાય. ચૉસરની એ સૂક્ષ્મ દૃષ્ટિ પર વિવેચકો મુગ્ધ થયા છે. પાન્ડાર યુક્તિપૂર્વક તેમની ટૂંકી મુલાકાત યોજે છે. ટ્રૉઈલસ પ્રેમયાચના કરે છે. અંતે ક્રીસીડા 'મારું ગૌરવ અક્ષત' રહે (Myn honour sauf) એવી સંદિગ્ધ શબ્દોમાં શરત મૂકી તેનો પ્રેમ સ્વીકારે છે.

એ પ્રેમ વિકસતો જાય છે. એક પ્રસંગે પાન્ડારના પ્રપંચ મુજબ એના જ નિવાસમાં ટ્રૉઈલસ-ક્રીસીડા ભેગાં થઈ જાય છે. વરસાદને કારણે તેમનો રાતવાસો ત્યાં જ થાય છે. આ પ્રસંગે ક્રીસીડા બીજા કોઈ સાથે પ્રેમમાં છે એવી શંકાથી ટ્રૉઇલસ બેચેન છે. ક્રીસીડા સમક્ષ તે આ શંકા પ્રગટ કરે છે, અને ક્રીસીડા તેની સખત ખબર લે છે. ટ્રૉઈલસ મૂર્છિત થઇ જાય છે. પાન્ડાર એની સેવામાં હાજર જ છે. ચૉસરે આ બધા પ્રસંગોમાં પાન્ડારનો 'રોલ' (કાર્યભાગ) કુશળતાથી અને રસપ્રદરીતે રજૂ કર્યો છે. ક્રીસીડા અને ટ્રૉઈલસને રિસામણાં-મનામણાં માટે અવકાશ આપીને Light is nought good for sike folkes you 'માંદા માણસ માટે પ્રકાશ સારો નહિ'—એમ કહી મીણબત્તી લઇને ચાલવા માંડે છે. ટ્રૉઇલસની ઇચ્છાને અધીન બની એના બાહુપાશમાં ઊર્મિલ બની ક્રીસીડા 'My sweet herte deere'નું ગુંજન કરે છે. એ પ્રેમભરી રાતનું ચૉસરે ક્યાંય અશ્લીલતા આણ્યા વિના મનહર ચિત્ર રજૂ કર્યું છે. બંનેના પ્રેમાલાપમાં પ્રગટ થતાં તેમનાં ઉન્માદ, જિજ્ઞાસા ને માધુર્યનું નિરૂપણ ચૉસરની કલમને યશ આપે તેવું નાટ્યક્ષમ છે.

મિત્ર પ્રત્યેના પાન્ડારના ભક્તિભાવની તો સીમા નથી. એમની દષ્ટાદષ્ટ મેળવ્યા પછી, પોતાને ત્યાં શયનખંડમાં મુલાકાત ગોઠવનાર, ક્રીસીડા સમક્ષ ટ્રૉઇલસ પ્રેમયાચના સુયોગ્ય રીતે કરી શકે, તે ઘૂંટણિયે પડી શકે તે સારુ ઓશીકું લેવા ઉત્સુકતાથી બહાર દોડી જનાર, ટ્રૉઇલસ ક્રીસીડાનાં વાગ્બાણે મૂર્છિત થયો ત્યારે ત્યાં ધસી આવી હળવે રહીને તેને ક્રીસીડાની શય્યામાં ધકેલી દેનાર, બંનેને એકાંત આપવા માટે 'માંદાને પ્રકાશ કામનો નહિ' એમ કહી સિફતથી મીણબત્તી લઇને સરકી જનાર પાન્ડાર, ચૉસરની કલાનો અદ્ભુત નમૂનો છે. એની મિત્રભક્તિ, એની દોડાદોડ, એનો રઘવાટ, એની હાસ્યપ્રેરક યોજનાઓ, બધું અત્યંત રસપ્રદ છે. વિવેચક લગવીએ પાન્ડારમાં સાન્કોપાંઝાને નિહાળ્યો છે.

ટ્રૉઈલસ અને ક્રીસીડાના વિકસતા વિલસતા પ્રેમમાં અચાનક વિઘ્ન આવે છે. એમનું ભાગ્યચક્ર ફરે છે. ગ્રીક અને ટ્રૉયના કેદીઓની અદલાબદલીમાં શરતના એક ભાગ રૂપે ક્રીસીડાને તેના પિતા પાસે ગ્રીક છાવણીમાં જવાનો નિર્ણય લેવાય છે. બંને પ્રેમીઓની વિયોગસમયની તીવ્ર વેદના, તેમનો તલસાટ, તેમનું અંતિમ રાત્રિમિલન, એકબીજાને સદૈવ વફાદાર રહેવાના પરસ્પરના સોગંદ, વિધાતાની નિષ્ઠુરતા વિષેના ટ્રૉઈલસના રોષભર્યા ઉદ્‌ગાર–આ સર્વનું નિરૂપણ અકૃત્રિમ, આસ્વાદ્ય બની શક્યું છે. કથાકાર ચૉસરની કલાના સમર્થ ઉદાહરણની પ્રતીતિ આવા પ્રસંગનિરૂપણમાં સહેજે થાય છે.

હતાશ ટ્રૉઈલસ ક્રીસીડા સમક્ષ દૂર દેશમાં નાસી જવાનો પ્રસ્તાવ મૂકે છે, પરંતુ લોકનિંદાના ખયાલમાત્રથી કંપી ઊઠનારી ક્રીસીડા એ પ્રસ્તાવને ખતરનાક ને અવહેવારુ ગણી તેનો અસ્વીકાર કરે છે. અધીરા, નિરાશ પ્રેમીને તે વિયોગ પછી દસમા જ દિવસે ટ્રૉયમાં તેના સાન્નિધ્યમાં પાછી આવી જવાનો વાયદો કરે છે, જે તે કદી પાળી શકતી નથી.

ક્રીસીડાના વિયોગ પછી ટ્રૉઇલસની તીવ્ર વ્યથા અને તેના મંથનનું સૂક્ષ્મ ચિત્રણ ચૉસરે માનસશાસ્ત્રીની હેસિયતથી કર્યું છે. ટ્રૉઇલસના ચિત્તની ભીતરમાં ચાલતી વૃત્તિઓનું આવું સમર્થ, કલાપૂર્ણ નિરૂપણ ચૉસરની સર્જક પ્રતિભાનું દ્યોતક બની રહે છે. પ્રેમ ને ભય વચ્ચે ઝોલાં ખાતી ક્રીસીડાનું ચિત્ર પણ એવું જ નાટ્યક્ષમ છે. ગ્રીક સરદાર ડાયોમેડ (Diomed) ક્રીસીડાને છાવણીમાં લઈ જાય છે. ડાયોમેડ આકર્ષક, પ્રગલ્ભ અને યુવતીવૃંદમાં સહેજે માનીતો થઈ શકે તેવું તેનું વ્યક્તિત્વ છે. ક્રીસીડાના ચિત્તમાં તેનું વ્યક્તિત્વ વ્યાપી વળે છે. અજાણ્યા મુલકમાં, વિચિત્ર વાતાવરણમાં ક્રીસીડા ભયભીત છે. કશાક આલંબનની તેને જરૂર છે. તેની ભીરુ પ્રકૃતિને કોઇનો સહારો જોઇએ છે. ટ્રૉય પાછા ફરવાનાં જોખમો તેને પ્રત્યક્ષ થાય છે. આત્મરક્ષા માટે ડાયોમેડને પ્રેમી તરીકે સ્વીકારી લેવો એ જ તેની ચંચળ, બીકણ પ્રકૃતિને અનુરૂપ છે. ક્રીસીડામાં સદ્‌ગુણની કમી નથી, નૈતિક હિંમતની ઊણપ છે. તેનામાં આત્મવિશ્વાસ નથી. નિર્ણયની બાબતમાં તેનું ચિત્ત સર્વથા ડામાડોળ રહે છે. ડાયોમેડના પ્રથમ પ્રેમપ્રસ્તાવને તે 'હમણાં નહિ' એમ કહીને નકારે છે, પણ ત્યાં જ તે બાજી હારી ગઈ છે એની પ્રતીતિ થઈ જાય છે. એના ચિત્તની તરલતાનો અને એની ભીરુ વૃત્તિનો યોગ્ય પરિચય, તે ડાયોમેડને અધીન થાય છે તે સમયના તેના ઉદ્‌ગારોમાં મળી રહે છે: 'હવે બીજો વધુ સારો કોઈ માર્ગ નથી. મારે માટે ઘણું મોડું થઈ ગયું છે. ડાયોમેડને સ્વીકાર્યા સિવાય કોઈ આરો–સહારો નથી.'

ભાવકને ક્રીસીડાના આવા ચાંચલ્ય પ્રત્યે તિરસ્કાર થાય, પરંતુ કવિની તે પાત્ર પ્રત્યે પૂરી સહાનુભૂતિ છે: 'એ મૂર્ખ બીચારીને ઉપાલંભ દેવાનો કશો અર્થ નથી. એના નામને જે કલંક લાગી ચૂક્યું છે એ સજા પૂરતી નથી? એને પોતાને બેવફાઈનું દુઃખ ક્યાં ઓછું હતું? એ લાચાર નારીની અસહાયતાને હું તો માફ કરીશ.'

For she so sory was for hire untrouthe,
I wis, I wolde excuse here yet for routhe.

ક્રીસીડાની વિદાય પછી મૃત્યુને ચિંતવતો, સૂના મહેલને નીરખી 'paleys, desolat'ના ઉદ્‌ગાર કરતો ટ્રૉઈલસ ચૉસરની વાગ્મિતાનો પ્રતિનિધિ બની રહે છે. પ્રિયતમાની પ્રતીક્ષા કરતાં એનાં નયન ઝૂરે છે. વખત વીતે છે, વાયદો વીતે છે. ક્રીસીડાને ઝંખતો નગરના દરવાજે લાંબી નજરે ગોરજ સમય સુધી તેની વાટ જોતો ટ્રૉઈલસ અનેક તર્કવિતર્કો કરી મન મનાવે છે. દૂરથી ક્રીસીડાની મૂર્તિ તરવરતી જણાય છે. એના અધીર હૈયામાં ઉત્પાત મચી રહે છે. દૃષ્ટિ ખેંચીખેંચીને એ દિશામાં તે મીટ માંડે છે. ક્રીસીડાને બદલે પ્રવાસનું ગાલ્લું જોઈ તે ઘોર નિરાશામાં ડૂબી જાય છે. અંગ્રેજી સાહિત્યમાં બહુ ઓછાં મળે તેવાં માર્મિક કલાત્મક ચિત્રોમાંનું આ એક છે એવું વિવેચક ડેવિડ ડેચીઝનું મંતવ્ય છે.

ટ્રૉઈલસના પત્રનો ક્રીસીડા પ્રત્યુત્તર પાઠવે છે–પ્રેમાળ પણ ઉડાઉ. એવામાં ડાયોમેડ સાથેના યુદ્ધમાં તેના ઝભ્ભા પર તેણે પોતે ક્રીસીડાને પ્રેમભેટ તરીકે આપેલો ચંદ્રક તેની નજરે ચડે છે. એને બધી વાતનો મર્મ પલકારામાં સમજાઈ જાય છે. જીવનનો આધાર ખસી જતાં, નિરાધાર ટ્રૉઈલસ મૃત્યુમાં જીવનવિસામો શોધે છે. શૂર અને ક્રૂર બની તે યુદ્ધમાં ઝંપલાવે છે. ઍકીલસને હાથે તે ખત્મ થઈ જાય છે. આકાશમાંથી ટ્રૉઈલસનો આત્મા તુચ્છ પૃથ્વીના બીચારા જીવો પર દૃષ્ટિપાત કરે છે, માનવજીવનની પામરતાનો તમાશો જોઈ તેને હસવું આવે છે. પાર્થિવ પ્રેમ દિવ્ય પ્રેમમાં પલટાય એવા પ્રગટ વક્તવ્યથી કાવ્ય વિરામ પામે છે.

આ સુદીર્ઘ કથાકાવ્યનું ઐતિહાસિક તેમ જ સાહિત્યિક મહત્ત્વ ચૉસરે તેને આપેલી માવજતમાંથી બરાબર પ્રગટે છે. એ યુગ સુધીની સર્વ અંગ્રેજી કૃતિઓ કરતાં આ કૃતિમાં સવિશેષ પરિમાણો પ્રગટ થયાં છે અને તે માટે ચૉસરને વિવેચકોએ સારી રીતે બિરદાવ્યો છે.

લીજન્ડ ઑવ ગુડ વૂમન

ચૉસરની અગાઉની કેટલીક કૃતિઓની જેમ 'લીજન્ડ ઑવ ગુડ વૂમન' (Legend of Good Women) પણ સ્વપ્ન-પરંપરાને અનુસરે છે. પુસ્તકવાચન કરતાં નિદ્રાવશ બનેલો કવિ સ્વપ્નમાં પ્રેમદેવને નિહાળે છે. એની રાણી તે એલ્કેસ્ટિસ (Alcestis). પ્રેમદેવતા કવિ પર કોપાયમાન છે, કારણ તેણે 'રોઝ રોમાન્સ' અને 'ટ્રૉઈલસ અને ક્રીસીડા' જેવી કૃતિઓમાં નારીની ચંચળતા અને બેવફાઈનું નિરૂપણ કર્યું છે. રાણી એલ્કેસ્ટિસ પતિને ઉપાલંભ આપે છે. તેને સીતમગર સુલતાનની જેમ નહિ પરંતુ ન્યાયી રાજવી તરીકે વર્તવાનું સૂચન કરે છે. ચૉસરનો પક્ષ લઇને પતિને સમજાવે છે: 'એ બીચારો ભોળો કવિ! અનુવાદમાં એણે લખ્યું એની તેને ય પૂરી સમજણ નહિ હોય. એનો કોઈ દુષ્ટ હેતુ આ કૃતિઓ પાછળ નહિ હોય.' વળી એનું સમર્થન કરતાં કહે છે: 'એણે પ્રેમની સચ્ચાઈની પણ વાર્તાઓ રચી છે.' પત્નીના મૃદુ ઉપાલંભથી પ્રેમદેવતાનો ગુસ્સો શમે છે. કવિ રાણીનો એ મુદ્દો પકડીને એકરાર કરે છે: 'હા, હા; હું પ્રેમનું સ્વરૂપ સમજેલો જ નહિ; એમાં જ બધી ગરબડ થઈ ગઈ!'

પ્રેમની સામે આવા ગુના કરવા બદલ રાણી કવિને પ્રેમમાં સુશીલ, સન્નિષ્ઠ, પ્રેમને કાજે જીવન સમર્પણ કરવા સજ્જ થએલી નારીઓની શ્રેણિ રચવાનો આદેશ કરે છે. કવિ, ક્લીઓપેટ્રાથી આરંભ કરે છે. ચૉસરને પ્રેમનો વિષય સર્વથા અનુકૂળ નીવડેલો; પરંતુ એને પ્રેમની સંકુલતા, પ્રેમવ્યવહારમાં પ્રગટતી વિધિ-વક્રતા આલેખવાનું સવિશેષ ભાવેફાવે. સુશીલ નારીના માત્ર સદ્‌ગુણો દર્શાવનારી કથામાળા તેને માફક આવી નહિ; એટલે ઓવિડ (Ovid)માંથી ઉતારા કરેલી કથાઓના શુષ્ક નિરૂપણમાં તે અટવાઈ ગયો, અને આ પ્રયોગ પણ તેણે અધૂરો જ મેલ્યો. કથાશ્રેણિ રચવાનો ચૉસરનો આ પ્રથમ પ્રયાસ. પણ એનું કલાત્મક રૂપ 'કૅન્ટરબરી કથાઓ'મા સિદ્ધ થયું. (ચાલુ)

દક્ષિણ ભારતની રંગોળી કોળમ્

સ્વાતંત્ર્ય પછી ભારતમાં કેટલાંક કારણોસર એકબીજાથી અલગ પડી જતાં રાજ્યો અસલ તો સદીઓથી એક તાંતણે બંધાએલાં છે. આપણા રોજિંદા જીવનમાં વ્યાપ્ત કલા એ એક એવો તંતુ છે. એમાંની એક પરંપરા લગભગ એના ઊગમ-કાળથી છેક આજ સુધી બહુ ઓછા ફેરફાર સાથે એના અસલ સ્વરૂપમાં ઊતરતી આવી છે. એ છે રંગોળી. ગુજરાતના સાથિયા, પારસીઓના છાપા, વૈષ્ણવ મંદિરોની સાંઝી, રાજસ્થાની માંડણાં, મધ્ય પ્રદેશની સંજા, મલબારનું ઓનમ્, મહારાષ્ટ્રની રાંગોળી, બંગાળની અલ્પના વગેરે એનાં ભિન્નભિન્ન સ્વરૂપ છે. અલ્પના, રંગોળી, માંડણાં ને સાંઝીના પરિચય અગાઉ 'કુમાર'માં પ્રકટ થઈ ગયા છે. અહીં દક્ષિણ ભારતનું 'કોળમ્' જોઈએ.

કોળમ્ એ મલબાર સિવાય દક્ષિણ ભારતમાં લગભગ બધે જોવા મળતું રોજિંદી રંગોળીનું એક સ્વરૂપ છે. રોજ સવારે ઘરના પ્રવેશદ્વાર પાસે, વાળીચોળીને સ્વચ્છ કરેલા આંગણ પર પાણી-નો છંટકાવ કરી, એ ભીનીભીની ભોંય પર ચિરોડીના ભૂકાથી, ચૂનાથી કે ચોખાના લોટથી, ગૃહિણી કે ઘરની કામવાળી બાઈએ કરેલું કોળમનું દર્શન ત્યાં એટલું તો સ્વાભાવિક છે કે ત્યાંના લોકોને એમાં કંઈ જ વિશિષ્ટ લાગતું નથી. ગૃહિણીના પ્રાતઃકર્મનું એ એક અનિવાર્ય અંગ જ છે.

તમીળમાં 'કોળમ્' કે તેલુગુમાં 'મુગ્ગુ' નામે ઓળખાતાં આ આલેખનોની એક મુખ્ય લાક્ષણિકતા એ છે કે બહુધા એ એક સળંગ રેખાથી જ આલેખાય છે. સર્વ શુભનું એ સૂચક હોઈ લક્ષ્મી દેવીનું દ્યોતક છે. ઘર મોટું હોય તો દેવપૂજાની ઓરડીના ઉંબર પાસે પણ કોળમ્ કરાય છે. કોળમ્ કરવા ચોખાનો લોટ જ જોઈએ. ચોંટી રહે એટલા સારુ તો એ ભીની ભોંય પર કરાય છે. આજકાલ ચોખા મોઘા પડે એટલે ચિરોડીનો ભૂકો કે ચૂનો વપરાય છે. છતાં વાર-તહેવારે તો ચોખા જ વપરાય. ત્યારે વળી ચોખાને પલાળી, એને બારીક પીસી, પાણી નાખી બનાવેલા એના શ્વેત પ્રવાહીમાં કપડાનો કકડો બોળી, હથેળીમાં લઈ અંગૂઠાથી દબાવીને ધાર પાડીને કોળમની રેખા દોરવામાં આવે છે.

કોળમમાં મુખ્ય સૂચન છે કમળ-આકારનું. આપણા જાણીતા આકારથી એ ભિન્ન લાગે છે. કમળ-પદ્મ—એ પદ્મજા લક્ષ્મીનું જ સૂચક છે, ને એ રીતે જ એનો મહિમા. આ ઉપરાંત લક્ષ્મીપતિ વિષ્ણુનું સૂચન પણ કેટલીક વાર મુકાય છે જેને 'વિષ્ણુપદમ્' કહે છે. કૃષ્ણ એ વિષ્ણુનો જ અવતાર મનાય છે એટલે જન્માષ્ટમીના રોજ તો વિષ્ણુપંથી ઘરમાં આંગણથી માંડી ઘરની અંદર છેક સુધી વિષ્ણુપદમ્ પાડે-- જાણે કે નટખટ બાલકૃષ્ણે બહારથી ઘર-માં આવીને પગલીઓ પાડી ન હોય! એ માટે ચોખાના ભીંજવેલા લોટમાં, હાથની વાળેલી મુઠ્ઠી બોળીને પગલાંની છાપ પાડે, ને પછી આંગળી વડે ટપકાં મૂકી પગનાં આંગળાં સૂચવે. ડાબી-જમણી મુઠ્ઠીથી પાડેલી એ છાપ બાલગોપાલનાં પગલાં જેવી જ લાગે!


પણ કોળમ્ એ શોભન માત્ર નથી. આંગણમાં જ કરેલું શુભ-નું એ સૂચન ઘરમાં પ્રવેશતાં અશુભને અંદર પ્રવેશતું પણ રોકે છે એવી એમાં એક ભાવના છે. દેવદેવીનું એ દ્યોતક હોઈ અશુભ તત્ત્વોથી ઘરની રક્ષા કરે છે એમ મનાય છે. એ જ રીતે એ ઘરના શુભનું પણ સૂચક છે. કોળમ્ વિનાનું ઘર અપશુકનિયાળ લેખાય.

આમ, કોળમ્ ઘરની સ્વચ્છતાને સુખાકારીની સંજ્ઞા છે, તેમ એની ગેરહાજરી ઘર પર આવી પડેલા અશુભનું સૂચન પણ કરે છે. ઘરમાં કોઈનું મરણ થયું હોય ત્યારે એનું આલેખન નથી કરાતું. માંદાની ખબર પૂછવા આવનાર સગાંસ્નેહી આંગણમાં કોળમ્ ન જુએ તો તુરત સમજી જાય કે પોતે મોડા પડ્યા છે. બાર દિવસ સુધી આવો શોક પળાય. એવું મનાય છે કે બાર દિવસ સુધી તો મરનારનો આત્મા ઘરની આસપાસ જ ઘુમરાયા કરે છે. એની શાંતિ માટે એ દરમિયાન અમુક વિધિઓ કરાય છે. તેરમા દિવસે એ ઘર છોડી ચિર શાંતિમાં ચાલ્યો જાય છે ત્યારે એને વિદાય આપવા કોળમ્ કરાય, અને પછી ઘરનો રોજિંદો વ્યવહાર સ્વાભાવિક બને. પરંતુ નિયમિત કોળમ્ તો મરનારની પહેલી પુણ્યતિથિ પછી જ ફરી રોજ આલેખાય.


ઘરમાંથી કોઈ વહેલી સવારે યાત્રાએ જવાનું હોય તો જનાર વ્યક્તિ ઘર છોડે એ પહેલાં આંગણામાં કોળમ્ કરી લેવાય. એના ગયા પછી કોળમ્ કરવું એટલે મૃત્યુ પામેલાને તેરમે દિવસે જેમ વિદાય આપી તેમ વિદાય આપી ગણાય. આમ, કોળમ્ના શોભન સાથે, જેમ અન્યત્ર એમ અહીં પણ, અનેક માન્યતાઓ બંધા-એલી છે, પણ અસલ તો એ સ્વચ્છ, સુઘડ અને સ્વસ્થ ઘરને મળતા એક કલામય અને ભાવનાપૂર્ણ સુંદર ઓપનું જ સ્વરૂપ છે એમ સમજી શકાય છે. રોજિંદી કલાનું એ એક આગવું સ્વરૂપ છે.

કોળમ્ દેખાય છે એટલું એનું આલેખન સરળ નથી. વાર-તહેવારે થતાં મોટા કદનું કોળમ્, એક સળંગ રેખાની એની અટ-પટી રચનાને કારણે, અનેક શિખાઉ સ્ત્રીને અંત પહોંચતાં તો પરસેવો લાવી દે તેવું છે! એવે પ્રસંગે હળદરના પીળા અને કંકુ-ના લાલ રંગ પણ તેમાં ઉમેરાય. અમુક વનસ્પતિનાં પાનની સૂક-વણી કરી કરેલા ભૂકાનો લીલો રંગ પણ વપરાય. સફેદ માટે ચોખાનો લોટ તો ખરો જ; અને ઘેરા રંગ માટે બાળેલી સોપારી-નો ભૂકો લેવાય. અહીં માત્ર શોભનનો જ ખયાલ નથી, એટલે એમાં વપરાતા પદાર્થો પણ શુદ્ધ અને સાત્ત્વિક જોઈએ.


શહેરોમાં રંગોળી નામે આપણે જે શોભન-આલેખનોથી વધુ પરિચિત થયા છીએ એનો યશ કદાચ શાંતિનિકેતનને ઘટે છે. બંગાળી અલ્પનાના વિચારને ત્યાં કલામય સ્વરૂપ અપાયું અને ત્યાંથી એનો પ્રસાર થયો. આજે રંગોળી એટલે બહુધા શોભન જ. વારતહેવારે કે સમારંભોમાં આપણે એનો ઉપયોગ કરીએ છીએ. લક્ષ્મીનાં પગલાં કે શંખ, કમળ ને સાથિયા વગેરે જેવાં થોડાં શુભ ચિહ્નોના આલેખનથી માંડી મોટા ગાલીચાના પથારા જેવી ને જેવડી રંગોળી થાય છે. ખડીચૂનાની લીટીઓથી લઈને વિવિધ રંગની ભૂકી, રંગીન કાગળ, પ્લાસ્ટિકની ચબતરી, ભિન્ન-રંગી ધાન-કઠોળ, ઝીક સતારા ને ચમક વગેરેથી એને બહુ શણ-ગારીએ છીએ. તેલિયા રંગોથી યે એ ચીતરાય છે. પતરાનાં બીબાં-માં કાણાં પાડીને ભાત આળેખવાની રીત પણ જાણીતી છે. રંગોળીની સ્પર્ધાઓ પણ યોજાય છે. પણ મૂળ વિચાર જે રોજિંદા ગૃહશોભનનો છે તે, આમાં જળવાયો નથી. ભાવના મિશ્રિત એ ઓપ તો માંડણાં, સાંઝી, સંજા, અસલ સ્વરૂપની અલ્પના અને માત્ર દિવાળી-ટાણે પુરાતા સાથિયા કે રંગોળીમાં જ જોવા મળે છે.




← મથાળું




'રૂપસંહિતા'માં શ્રી વાસુદેવ સ્માર્તે ઉતારેલી કોળમની કેટલીક આકૃતિઓ
(તેમના તથા પ્રકાશક–'કલારવિ ટ્રસ્ટ'ના સૌજન્યથી)








'રૂપસંહિતા'માં શ્રી વાસુદેવ સ્માર્તે ઉતારેલી 'કોલમ્'ની આકૃતિઓ
(તેમના તથા પ્રકાશકના સૌજન્યથી)


એક જ રેખાથી કરેલી તમીળ કોળમ્-ની આ (ડાબી બાજુની) નવ આકૃતિ-ઓ સ્વ. સરોજ મોદીની નોંધ પરથી કરેલી છે. નીચે: કચ્છપ (કાચબા)ના આકાર પર આધારિત કોળમ્-આકૃતિ. વચ્ચેની ત્રણ આકૃતિઓ સામાન્યતઃ વધુ પ્રચલિત છે. છેક નીચે: કોળમ્‌ની એક અટપટી રચના અને લક્ષ્મીના પદ્માસનની કલ્પના.














ચંદ્રવદન મહેતા અને સુનીલ કોઠારીની જુગલબંધીની પ્રવાસમાળા

[૫]

ઘણી એવી એક વધુ વિદાય



▷ વીણાધારિણી અંગભંગિમાં મીનળ પટેલ

ગુડ બાઈ ટુ કૉપનહેગન! સુનીલ અને હું આ શહેર ને આ દેશની પ્રજાને આખરી સલામ કરવા નીકળ્યા. આલીશાન ટાઉન હૉલમાં અમારો સત્કારસમારંભ તો યોજાઈ ગયો હતો; એમ અમારું વિદાયભોજન પણ યુનિવર્સિટી હૉલમાં રખાઇ ગયું હતું. ત્યાં એકબીજાના સામસામી વખાણનાં વચનો ઉચ્ચારાઈ ગયે અમે છૂટા પડચા. તે પહેલાં જેમને મળવાનું હતું એમને અમે નમીનમીને નમસ્તે કરી લીધું હતું, પણ અમારી યજમાન પ્રો. કેરન કૉગથી છૂટા પડતાં ભારે દુ:ખ થયું. સુનીલ પણ એ પચાસેકની આસપાસની પણ અત્યંત તાજગીદાર વિદ્વાન પ્રોફેસરની ધર્મપત્નીના ઘરમાં,—કૉગ કરતાં વધારે તો એ ઘરમાંનાં પુસ્તકો સાથે—પ્રેમમાં પડી ગયો હતો.

દરમ્યાન, મારા મનમાં તો શહેરના સ્ટેશનનો ભાગ, તથા એની અને બાજુના શહેર વચ્ચેના ટિવોલી ગાર્ડનના એક અલાયદા ભાગમાં ભજવાતા 'ટિવોલી પૅન્ટોમાઈમ'ને નામે જગપ્રસિદ્ધ થએલા પૅન્ટોમાઈમનાં દશ્યો ઘોળાયા કરતાં હતાં.

આપણે પૅન્ટોમાઈમનો એક જ અર્થ કરીએ છીએ, પણ યુરોપમાં એના ઘણા અને જુદા ખયાલો પ્રવર્તે છે. માઈમનો ચાળો છેક ગ્રીસમાં, અઢી હજાર વર્ષ પહેલાં નાટકનો ઉદ્ભવ થયો તે પહેલાંનો, જાણવા મળે છે. પરંતુ એમાં પછી નક્કર, મુલાયમ, મુદ્રિત, અતિશયોક્તિવાળી, ધ્વનિસૂચક એવી એવી વિવિધ શૈલીઓ ઉત્પન્ન થઈ. ગ્રીસથી ફંટાએલો એ ફાંટો રોમ જઈ, ત્યાંથી ચૌટે ચોકે નાટક કરનારાઓના હાથમાં ગયો; ને ત્યાંથી ફ્રાન્સમાં એક ચોક્કસ પ્રકારના ઘાટને પામ્યો. એ બે હજાર વર્ષનો લાંબો ઇતિહાસ અહીં અસ્થાને છે.


પરંતુ સોળમી સદીમાં ઈટાલીમાં જે અતિશય કોતરણીવાળી ઝીણી ઝીણી ખૂબીદાર નકશીકામવાળી કૃતિઓથી પંકાએલી 'બારૉક' શૈલી પ્રચલિત થઈ એમાંથી જે વેનીસના વેપારી, સિનૅાર પેન્ટાલૅાન નામે એક પાત્ર રૂઢ થતું ગયું હતું, અને લોકપ્રિય પણ થયું હતું. એની નોંધ લેવી જોઇએ. એમાંથી સહેજસાજ ફેરફાર સાથે નવું 'કાસાન્ડર' નામનું એક અતિ શ્રીમંત શેઠિયાનું પાત્ર પરિણમ્યું. એ પહેરે માથે વાળની અમુક જ પ્રકારની વિગ, ને ઉપર ત્રણ ખૂણાવાળી હૅટ. એમાંથી 'પિયેરો' ફળ્યો. ફ્રાન્સના સાહિત્યમાં મશહૂર થએલો 'હાર્લેકિવન' અઢારમી સદીમાં એક સામાજિક વ્યક્તિ તરીકે નીપજ્યો અને વળી પ્રેમી બન્યો. અહીં ટિવોલીના તખ્તા ઉપર 'પિયેરો'માંથી પ્રથમ તો 'પેડ્રોલિનો' પ્રગટ થયો, પરંતુ એનું ટિવોલીમાં આવવું ઇંગ્લૅંડ થઈને થયું. ઈંગ્લૅંડમાં એક જૉન રીચ નામના પ્રખ્યાત પૅન્ટોમાઇમના નટે એક સાદા ભોટ નોકરમાંથી પ્રેમી નાયકના પાઠમાં ભાગ લીધો. પોતે નજાકતથી ભરેલાં અંગવાળો, એટલે એને પાઠ કરતો જોઈ બીજા મશહૂર નટ ડેવિડ ગૅરિકે એની મૃત્યુ-નોંધમાં ઈ. ૧૭૬૧માં અંજલિ આપતાં એક નાનકડું કાવ્ય લખ્યું:

જ્યારે એ રંગભૂમિ પર પ્રવેશ કરે તત્વાર,
એના અંગેઅંગથી કરે શબ્દવ્યાપાર.
બુદ્ધિમહીં જે ચાલતાં, ભાવે ભાવનું રૂપ
પળેપળે વાંચી લિયો, અંગેઅંગ સ્વરૂપ.
જીભેથી ઉચરે નહિ, ચાપલ્યનો અવતાર,
અંગેઅંગ મરોડથી સમજાવી દે સાર.

ડાકટરના મદદનીશ તરીકેના એના છબરડા તો જગવિખ્યાત છે; એ કિસ્સાઓ પર મબલખ લખાયું છે. ડાકટર સાહેબ એદી એટલે આસિસ્ટંટને કામ સોંપ્યું કે બીજા દરદી એણે પતાવવા. એટલે એ, પૅન્ટોમાઈમના પિરોના પાઠમાં, પહેલા દરદીનો દુખતો દાંત ખેંચી કાઢવા દરદીને એક ખુરશી પર બેસાડી, એને દોરડાના લબાચાથી સજ્જડ ગાંઠો વાળી એવો તો બાંધી લે છે કે કોઈ માઈનો પૂત એ ગાંઠ છોડી ન શકે. પછી આપણા નાયક વિચાર કરે છે, અને તરત જ પોતાના ફળદ્રુપ ભેજામાં પ્રગટ થએલી યોજના અમલમાં મૂકે છે. દાંતને એક સખત દોરાથી બાંધી દોરાનો બીજો ભાગ એક મજબૂત ખીંટીએ બાંધે છે. હવે ટેબલ પર એક પિસ્તોલ છે, તે એ ઉપાડે છે અને ધડાક દઈને ફોડે છે, કે તરત જ ગાભરો દરદી ગુલાંટ ખાઈને ભોંય ઢળે છે! પિસ્તોલના અવાજથી આપણા નાયક પણ ભોંય ભેગા ઢળી પડે છે; અને જરીક વાર પછી બંને ખડા થાય છે ત્યારે બંને હસીમળી ભેટી રહે છે, કારણ પેલા દોરાને એક છેડે દરદીનો છૂટો પડેલો દાંત લટકતો ભાળવામાં આવે છે!

આનાતોલ ફ્રાન્સ, ગૅાર્ડન ક્રેગ, એવીએવી નાટકશાળાની કંઈક નામી વ્યક્તિઓએ ટીવોલી ગાર્ડનનાં પૅન્ટોમાઈમ પર રંદા ફેરવ્યા છે, સૂચનાઓ આપી છે, અને આખરે ૧૮૭૪માં આજે જે મોટા, મોરના ચીતરામણના પરદાવાળી રંગભૂમિ છે ને જે ચીના કલાકારોએ બાંધી આપેલી, તે હયાતીમાં આવી છે. ત્યાં પ્રેક્ષકો ખુલ્લા મેદાનમાં બેસે કે ઊભા રહે, આખો પ્રયોગ મફત જોવાનો મળે. અને એમાં, મફત હોય કે પૈસાથી, જે પ્રોગ્રામ રજૂ થાય એમાં પૂરેપૂરી તકેદારીથી કલાત્મક રીતે દિલચસ્પ અભિનય ચાલ્યા કરે; સાથે મંદ સંગીત વાગ્યા કરે ને એક પછી એક દશ્યો બદલાયા કરે—પરીભોમથી માંડી પૃથ્વી પટ ઉપર, ને ત્યાંથી પાછા ચન્દ્રલોક સુધી ઘટનાઓ ગોઠવાતી જાય; ને અંતે નિર્દોષ આનંદ લઈ પ્રેક્ષકો હસતા હસતા ઘેર જાય કે ખેલ પૂરો થતાં કલાકારો પાસે હસ્તાક્ષર લેવા ઊપડે.

આગલે દિવસે અમે પેડેસ્ટ્રીઆ સ્ટ્રીટ—પગે ચાલીને જ જવાના મહોલ્લામાં રખડચા હતા. પૂરો માઈલ પણ લાંબો આ મહોલ્લો નથી, પણ એના આ છેડેથી પેલે છેડે ચાલીને જનારા દર સાલ એમ ચાલવાની જે શરતો બકે છે, એમાં ઝાં પેરે પહેલો આવ્યો હતો: નવ મિનિટ અને સવાચાર સેકન્ડ! એનો અચાનક ભેટો થઈ ગયો. અમે તો પૂછ્યું: અલ્યા ગાંગા! આ આમ નવ મિનિટ અને સવાચાર સેકન્ડમાં ચાલી નાખવામાં મદાર શો?' કહે છે કે એમ ચલાય જ નહિ; કારણ ત્યાં એટલી બધી દુકાનો છે, અને ત્યાં એવું એવું જોવાનું છે, ઉપરાંત એટલી સજ્જડ ભીડ થાય છે, કે કલાકેક વિના ત્યાંથી પસાર થવાય જ નહિ. અમે એને પકડી ખૂણામાં લઈ જઈ એકાદ પીણું પાઈ કહ્યું: 'અમારા દેશના યોગીઓ છે ને, તે આઠ મિનિટમાં પસાર કરી નાખે. અમે પણ જો શરત બકીએને, તો જીતીએ; કારણ અમે યોગી છીએ!' પેલો તો ખુશખુશ થઈ ગયો અને પેંધો પડચો. કહે: 'યોગ એટલે શું તે મને સમજાવો.' પાકો ગાંગો! અમે કહ્યુ યોગ એટલે 'વીતરાગ ભય ક્રોધ...' ટૂંકમાં દઢ નિશ્ચય કરવો કે અહીંથી કશું



ટિવોલી ગાર્ડન્સમાં પેન્ટોમાઈમ (ફોટો - સુનીલ કોઠારી)

ખરીદવું નથી, અહીં કશું જોવું જ નથી. આંખની ઇન્દ્રિય જીતી, એટલે કે ખરીદવાની લાલચ જીતી, એટલે કે લોભ જીત્યો, એટલે કે લાલસા જીતી અને સામે કોઈ પણ આસમાનની હૂરી કે પરી આવે તો એનું રૂપ જોવું નહિ એમ એટલો નજીવો મોહ જીત્યા કે પછી આ મહોલ્લો પસાર કરવો એ રમત વાત. ટૂંકમાં અમે એને ખભે હાથ મૂકી મંત્ર પઢાવી દીધો : આ બધો ખેલ જાહેરાતનો છે. માળા દુકાનદારોએ ઉપજાવી કાઢ્યું કે અહીંથી બારોબાર પસાર થવાય જ નહિ. અમારો માલ જોતા (અને બને તો ખરીદતા) જાઓ. અને આવી જાહેરાત કરે તો તે દિવસે એકના છ ગણા નવરા આ તમાશો જોવા હાજર થઈ જાય, એટલે ઘરાકીમાં પણ વધારો!' એ પાકો ગાંગો, એટલે તરત સમજ્યો, વધારે ખુશ થતો ઘેર ગયો.

તે રાત્રે, અમે સવારે કેમ નીકળવું એનો પાકો ઘાટ ઘડી છૂટા પડવા નક્કી કરીએ છીએ ત્યાં મૅડમ ક્રૉગ અને એના બીજા દાઢીવાળા મિત્ર પ્રોફેસર સાલૅાસ બાંય પકડી ઊભા રહ્યા. કહે કે હજી દિવસ તો હમણાં ઊગે છે, અને આ તમે શું માંડી બેઠા છો? સવારે સાડા નવ વાગે પ્લેન, એમાં સાંજે દસ વાગ્યે તે કોઈ ઊંઘવા જતું હશે! અને કોઈ પણ બૅચલર જો બૅગ ગોઠવવામાં દસ મિનિટથી વધારે વખત લે તો એ બૅચલર ખોટો!' ડેનમાર્કની આ કહેવતે અમારા અહંકારને પડકાર્યો, એટલે સુનીલ ભૈયા તો લાંબા ટાંટિયા કરી આરામ ખુરશી ઉપર ખોટકાયા. હું ઉપર જતો હતો તે અટક્યો, ને અમે ચારેએ પછી સંસ્કૃત, પરિણામે યોગ, નિવારણાર્થે ખાણીપીણી, એના ઉતાર તરીકે ચર્ચા,–ટૂંકસાર કહીએ તો ક્રૉગની આખી લાયબ્રેરીમાંનાં ઉત્તમમાં ઉત્તમ થોથાં ખંખેરી કાઢ્યાં, ઈશ્વરઉધરનાં ટાહ્યલાં માર્યાં, અને રાતે બહારના ટાવરમાંના બારના ટકોરા સાંભળી ફરી વળી હાહાઠીઠી બાદ દોઢને શુમારે છૂટા પડ્યા! સવારે અમે તો આઠમાં દસેક મિનિટે નીકળવાના હતા, એ પ્રભાતના પ્રથમ પહોરમાં ક્રૉગ કે સાલૅાસ, જે દસેકને શુમારે સૂર્યોદય જોનારા, તેનાં અત્યારે દર્શન તો કરવાનાં હતાં જ નહિ. એટલે અમે છએ ઊઠી, મંગાવેલી ટૅક્સીમાં પોણાનવે એરપોર્ટ ઉપર પહોંચ્યા.

આરો સ્વભાવ તો હવે કહેવત રૂપ થઈ ગયો છે કે જવાના નિશ્ચિત સમય પહેલાં અરધા કલાક આગળથી હાજર થઈ જવું, હાથ ઉપર ફાજલ વખત રાખવો, પછી ભલે રેલવે સ્ટેશન હોય, બસ-થોભ હોય કે એરપોર્ટ હોય. એમ ફાજલ સમય તો હતો, પણ સુનીલભાઈના પેટનું પાણી હાલે નહિ. છેવટની ઘડી સુધી એ તો અમને વળાવવા આવેલા અમદાવાદની નૅશનલ ડીઝાઈન ઇન્સ્ટિટ્યુટના કાર્યકર્તા નીલેન્દુ શાહ જોડે મુલકમુલકની નૃત્યકથાની કે નૃત્યકળાની ચર્ચામાં ચવ્વટ થઈને ચીટકી ગયા હતા. આખરે દોડતા અમે એસ. એ. એસ.ના પ્લેનમાં માંડમાંડ સંગાથે બેઠકો મેળવી ત્યારે 'હાઆશ'ની રાહત અનુભવી.

મેં કહ્યું : 'સુનીલ, હવે આપણે છૂટા પડવાના. હું તો આઠેક દિવસ લંડન, માન્ચેસ્ટર અને આસપાસમાં રહી યુનાઈટેડ સ્ટેટ્સ જવાનો, અને તું અહીંથી હિન્દ જવાનો.' તો સુનીલ કહે છે : 'હા–ડેનમાર્કમાં તો નહિ પણ કૉપનહેગનમાં આપણો દિગ્વિજય થઈ ગયો, હવે હું લંડનમાં લેક્ચર્સ પતાવી બ્રસેલ્સ, પારી(સ), ઍમ્સ્ટર્ડામમાં વ્યાખ્યાનો આપી પાછો વળીશ.'

'ના; બને તો સ્ટેટ્સ આવવા પેંતરા ગોઠવો.'

અમારા સુનીલભાઈ સ્વભાવે મારાથી તદ્દન જુદા. એટલે કે પાસપોર્ટ, વિસા વગેરેની બાબતમાં 'થઈ રહેશે, પડશે તેવા દેવાશે' એવા મતના. તે જ્યારે કૉપનહેગનમાં એને હું પૂછું છું કે ભાઈ ઇંગ્લૅંડ જવાનો વિસા લીધો છે? તો કહે, હું છેલ્લી ઘડીએ નીકળ્યો તે વિસા ક્યાંથી લઉં? લો સાંભળો વાત! એટલે ચાલુ કૉન્ફરન્સે સાડાઆઠે ટૅક્સી કરી બ્રિટિશ દફતરમાં જઈ વિસા લઈ નવ ને દસે પાછા અમારી કૉન્ફરન્સમાં હાજર! આવીને 'આ કંઈ હિન્દુસ્તાન છે? બે મિનિટમાં એક પણ સવાલ વિના, જુઓ, આ એ લોકોએ વિસા આપ્યો' એમ જ્યારે કહ્યું ત્યારે સવારનો નાસ્તો મારા પેટમાં ઠામ બેઠો. પણ હિન્દ ઉપર રાજ્ય કરી ગએલી એ પ્રજા આજે તો મુંબાઈમાં વિસા લેનારાઓને દફતરમાં બોલાવે, બેત્રણ પ્રકારનાં ફૉર્મ ભરાવે, એકથી વધારે દફતરદારો મૌખિક પરીક્ષા લે, નાણી લે કે આ દાગીના સધ્ધર છે, સાચા જ છે, અને લંડન જઈ 'અડે દ્વારિકા' કરે એવા નથી, ત્યારે, દોઢ બે કલાકને અંતે વિસાના સિક્કા પડે, અને પડે તે એવા સિક્કા મારે કે પાસપોર્ટનાં બે પાનાં બરાબર બગાડે!

રસ્તે કલાકેક મળ્યો એમાં અમે ઘણી વાતો કરી લીધી. લંડન એરપોર્ટ ઉપર પહોંચીને અમે અઠવાડિયામાં એક બે વાર મળવાનું નક્કી કરી છૂટા પડ્યા. ભાઈ સુનીલ તો મ્યૂઝિયમના રાજા. આટલી ઉમરમાં એમના ઓળખીતાઓ પણ ઘણા. એમના પ્રમાણમાં સારા કહીએ એવા સાચા. એટલે રહેવાની તકલીફ પડી નહિ. હું ત્રણ દિવસ ઉત્તરે માન્ચેસ્ટર અને હડસૅફીલ્ડ જઈ આવ્યો. ઇંગ્લૅંડમાં જેવા લંડનની દક્ષિણે અડ્ડાઓ છે તેવા, અને બીજે ઘણે સ્થળે છે તેવા, હડસૅફીલ્ડમાં પાકિસ્તાની પાનવાળાઓની દુકાનો, અડ્ડાઓ અને સિનેમાઘરો ઉપરાંત કેટલીક જગ્યાઓ જોઈ વળ્યો. ત્યાંથી વળી પૂર્વમાં જઈ એક મહિના સુધી દરિયાકિનારે ચાલતો મેળો જોયો. મારા પિતરાઈ ભાઈના ચિરંજીવી રાજેશ મહેતાએ મને ચારે કોર ફેરવી પાછો ટ્રેઈન પર ચડાવ્યો. પાછા સુનીલભાઈ અને હું બૉન્ડ સ્ટ્રીટમાં, અને પછી મિસિસ ફ્રેઝરને ત્યાં મળ્યા. અને હું ન્યૂ યૉર્ક તરફ ઊપડવાની તૈયારી કરું છું, ત્યાં—

ઘટના કેમ બને છે : મારે મારાં જુદીજુદી યુનિવર્સિટીઓનાં ભાષણમાં સ્લાઇડો બતાવવાની, તે ભાઈ સુનીલ પસંદ કરી મને દાબડો બાંધી આપે છે. લોકનૃત્ય ઉપરની સ્લાઈડો મેં દિલ્હીથી મંગાવેલી તે મને કોઈની સાથે લંડન આવી મળે છે. કોણે આણી આપી? ઊભા રહો, કહું. હા, કૈલાસ પંડ્યાએ મને એ બંડલ આપ્યું. શ્રી મૃણાલિનીની ટોળીનું લંડનમાં ક્યાંક સ્વાગત, અને એક ઠેકાણે નૃત્યપ્રયોગ; ત્યાંથી ભારતના હાઈકમિશનર સાહેબને ત્યાં 'ઇંડિયા હાઉસ'માં ચાપાણીનો મેળાવડો; ત્યાં આમ તો હું જાઉં જ નહિ, પણ સુનીલ કહે કે ના, એવો મમત ન કરાય, ચલો; બધાને મળાશે. અને દફતર બહાર ફૂટપાથ પર અરધો કલાક વહેલા એકઠા થઈ અમે ગયા. દાખલ થઈ નીચે લાયબ્રેરીમાં જરા બેસી, રિસેપ્શન ટેબલ ઉપર પૂછતાછ કરી, તો ખબર મળ્યા કે એવો કાંઈ ચાપાણીનો તે દિવસે જલસો છે જ નહિ! અમારે રૂપાન્દે શાહ, મીનળ મહાદેવિયા, દર્શિની અને મૃણાલિની સારાભાઈને મળવું હતું તે હવે મળશે જ નહિ એમ જાણી નિરાશ થયો; પણ આમ 'ઇંડિયા હાઉસ'માં ઉપર જવાનું ટળ્યું, એથી મનમાં આનંદ પણ થયો. સારા નસીબે સુનીલના ગજવામાં નિમંત્રણનું કાર્ડ, જે વળી એણે પેલા હિંદી



લંડનમાં મિસિસ ફ્રેઝરને ત્યાં. પાછળ હૅટ પહેરી ઊભેલાં, બ્રિટિશ થીએ-ટરના who is whoનાં સંપાદિકા મિસ ફ્રિડા ગે, ચંદ્રવદન મહેતા, મિ-સિસ ફ્રેઝર. બેઠેલાં : શ્રીમતી વિશ્વનાથન્ નૃત્યાંગના લક્ષ્મી વિશ્વ-નાથન્ અને નૃત્યકાર કામદેવનાં માતા શ્રીમતી પિલ્લૈ (ફોટો : સુનીલ કોઠારી)

દફતરદારને બતાવ્યું. એટલે એણે ફરી ઉપર ટેલિફોન પર ટેલિફોન રણ-કાર્યા. ટેલિફોન એકથી બીજે એમ ખંડેખંડે ઉપર ફરતો હોય એવું અમને લાગ્યું. પરિણામે, નિમંત્રેલા મહેમાનો નીચે એકઠા થવા માંડ્યા ત્યારે, દસેક મિનિટ પહેલાં નીચે અમને ખબર આવ્યા કે મિલન-મજલિસ છે; એટલે અમને લિફ્ટમાં જવાનો અલભ્ય લાભ પ્રાપ્ત થયો! ત્યાં મને કૈલાસ પંડ્યાએ પેલું બંડલ આપ્યું.

અને ત્યાંથી છૂટા પડતાં સુનીલભાઈએ એક કાગળ ઉપર અમેરિકા-નાં દસબાર ટેલિફોન અને સરનામાંની મને યાદી આપીને કહ્યું કે આ યાદીમાં આ મિસિસ પટેલ છે તે સારું નૃત્ય જાણે છે. એની પાસેથી પણ થોડીક સ્લાઇડો મળશે, તે મંગાવી લેજો. વળી સંચારો આપવા સુનીલ-ભૈયા મને કહે છે કે તમને આ નૃત્યકાર જરૂર ઓળખતાં હશે—ઓળખે છે. પણ મને આટલે દૂર મગજમાં કંઈ જ કસમટે નહિ, અને બાધા જેવો સુનીલનાં ભાષણો સાંભળ્યા કરું...

આમ, ન્યૂ યૉર્ક જવાની તૈયારી કરી, હું એ બધાને મળી છૂટો પડયો.

ન્યૂ યૉર્ક : ત્યાં અમારા ચોધ કુટુંબનાં ફરજંદોને મળી, ક્લીવલૅન્ડ : ત્યાં અમારા ચોકસી કુટુંબનાં ફરજંદને મળી ઈસ્ટ લાન્સિંગ—આપણી જૂની ને જાણીતી મિશિગન સ્ટેઈટ યુનિવર્સિટીમાં ક્રમ પ્રમાણે પહેલું ભા-ષણ કરવા પહોંચ્યો. હોટેલમાં નહિ, પણ મારા ૧૯૬૬–'૬૭ના નિવાસ વેળા મારા ખાતાના વડા ડૉ. હર્બર્ટ ઓયરને ત્યાં જ ઉતારો હતો. ત્યાં રહી પેલાં મિસિસ પટેલને મેં થોડી વધારાની સ્લાઈડ માટે ફોન કર્યો. બહુ મીઠો અવાજ, પૂરા વિવેકથી એમણે વાત કરી,—થૅંક્સ ટુ સુનીલભૈયા— અને વાતવાતમાં એણે પૂછ્યું કે હું લાન્સિંગથી બે કલાકના મોટર-રસ્તા ઉપર છું, તો તમારા ભાષણમાં આવી શકું? અને મેં હા પાડી એટલે બીજે દિવસે એ બહેન ઈસ્ટ લાન્સિંગમાં...અને શું ઘટના બને છે?!

ચાર કે પાંચ વર્ષ પહેલાંની વાત. વડોદરા યુનિવર્સિટીમાં એક સુ-સન બ્લૅક ભણતી. એને વિષે આપણે ઘણી વાર છબીઓ સાથે લખાણ કરી ગયા છીએ. એ અને એની સાથે એક નાની મંડળી યુરોપના નૅાસી ફેસ્ટિવલમાં નાટક હરીફાઈમાં જવા તૈયારી કરે. એ મંડળીમાંની એક બાળા. જાણે નાનું લીરુ હરણું! છળીને નહિ પણ હેતથી ઊછળીને ગોદ-માં ભરાઈ જાય એટલા ઊમળકાથી, વડોદરા યુનિવર્સિટીની આ મીનળ શેઠ 'ચાંદામામા' 'ચાંદામામા' કરતી બાઝી પડી! 'અમને શી ખબર કે પ્રોફેસર સી. સી. મહેતા તે જ અમારા ચાંદામામા છે! લ્યો ખરા છો તમે!' અને તરત બાજુ ઉપર ઊભેલા સુરેન્દ્ર પટેલ સાથે ઓળખાણ કરાવી. એ એના ભરથાર. એ પણ વડોદરા યુનિવર્સિટીમાં ભણનાર, અમારા ઍલેમ્બિકનાં મિસિસ ધીરજબેન રમણભાઈ અમીનનાં બહેનના દીકરા. બંને મારાં વહાલાં મને ફક્ત ચાંદામામા નામથી જ ઓળખે;-ન ચન્દ્રવદન, ન સી. સી. મહેતા, એ તો હદ જ થઈ ગઈ ને? અને મારે સાંભળવાનું : 'લ્યો ખરા છો તમે!'

પછી તો ભાઈ વાત જામી. છોકરી કેટલી ડાહી, તે સાથે સ્લાઈડ તો લાવેલી, પણ સાથે વેશભૂષા ને ટેઈપ રેકોર્ડિંગ પણ લાવેલી, એટલે પછી વિવિધ નૃત્યોનાં દૃષ્ટાંતો એણે જ નૃત્યની મુદ્રાઓ સાથે તાદૃશ કરી રજૂ કર્યાં! એની પાસે સુંદર કંઠમાં મુદ્રિત 'ગીતગોવિંદ', અને પોતે મણિપુરી અને ઓરિસ્સી નૃત્યમાં પારંગત. એટલે એ કાર્યક્રમમાં તો ઓહો! ઓહો! થઈ ગયું. પરિણામે ત્યાંનો કાર્યક્રમ પૂરો થતાં એ બંને વરવહુ આગ્રહ કરી મને પોતાને ગામ સાઉથબેન્ડ લઈ ગયા. ત્યાં પણ પ્રોગ્રામ રજૂ થયો. અને પછી તો ટૉરંટો, ઓટાવા, હૅનોવર યુનિવર્સિટીના એક પછી એક કાર્યક્રમો આ સૌ. મીનળ પટેલે મારી સાથે આવી સાકાર કરી બતાવ્યા. ન મને સ્લાઈડની જરૂર પડી, ન મને બીજા કોઈના ટેઈપ રેકૉર્ડિંગની જરૂર પડી.

હૅનોવરના મારા મિત્ર પ્રો. એશેલ હિલે મને લખ્યું હતું કે તમે મૉન્ટ્રી-અલથી એરમાં ન આવતાં બસ રૂટથી જ આવશો. કારણ આ 'ફૉલ' કહેવાતી ઋતુ અહીં અટાણે ઉત્તમોત્તમ રંગબેરંગી ફૂલનાં પરિધાન વૃક્ષો ઉપર સજાવી ફરી વળી એ વસ્ત્રપરિધાનને ઉતાર્યા કરશે. એ જોવા તો પંથીજનો દેશદેશાવરથી અહીં ઊતરી પડે છે; તો તમને આ મોકો મળે છે તો તે શીદને જોવા જતો કરો? છતી ટિકિટે અમે મૉન્ટ્રીઅલથી બસ લીધી, અને એ ત્રણચાર કલાકની, ન્યૂ હૅમ્પશાયરની ચડઊતર ગિરિ-માળામાં, મોટા પડતા ઉતરાણને રસ્તે લાલ-પીળચટા, પીળા, લાલપીળા, ફિક્કા પીળા, રતુમડા, ચળકતા પીળા, છાંટભર્યા પીળાં ફૂલોનાં આચ્છાદન જોતાં, નીસરતા વેગે હૅનોવરની બજારના ત્રિવેણી સંગમના ચોતરા ઉપર-ના, બસના અડ્ડા ઉપર ઊતર્યાં.

દરમ્યાન મીનળ જોડે વડોદરાથી માંડી એ દિવસ સુધીની અઢળક વાતો કરી. સુંદર એવા હૅનોવર યુનિવર્સિટીના સ્થળમાં ત્રણ પ્રયોગાત્મક ભાષણો કરી, એક સાંજે નાટક જોઈ, અમે બ્રાઉન યુનિવર્સિટી ઊપડયાં. હોંડ્સ આઈલૅન્ડમાં પ્રોવીડેન્સમાં મારો છેવટનો કાર્યક્રમ. હૅનોવરથી અહીં પણ અમે બસમાં જ ગયાં. અને ત્યાં પહેલું ભાષણ પૂરું કર્યું. ત્યાં બીજે દિવસે બપોરે આપણા સુનીલ કોઠારી ન્યૂ યૉર્કથી અમારે ઉતારે ટપકી પડયા! શો અમારો આનંદ! મીનળ તો ઘેલી ઘેલી થઈ ગઈ! ઓછું આવતું હોય તો એટલું જ કે એ ઑક્ટોબર મહિનાના દિવાળીના દિવસો હતા, ને મીનળને કુદરતી રીતે એનો વર યાદ આવ્યા કરે. એટલે રોજ એક બે વાર સાઉથબેન્ડ ટેલિફોન કરી, અમે આ પ્રો-વિડેન્સ શહેરને ચારેકોરથી પગે ખૂંદવાનું કામ હિમ્મતભેર લઈ બેઠાં. અમારા યજમાન પ્રો. જિમ બાર્નહિલની અમારા ઉપર અપાર કૃપા, એટલે અમે ત્રણેએ આ ગામને ગજાવવામાં કશી બાકી ન રાખી. મારા પહેલા ભાષણ બાદ અમદાવાદ–વડોદરાના મેડિકલ આદિના વિદ્યાર્થીઓ અહીં ભણવા અને કામ કરવા આવી રહેલા, એ આખી ટોળી ભેગી થઈ અમને મળવા આવી. એમાં વડોદરાના ડૉ. પ્રમોદ ઠક્કર, બકુલ ત્રિપાઠીના ભાઈ હિમાંશુ ત્રિપાઠી, લીલી કોઠાવાળા, વડોદરાની મારી જૂની વિદ્યાર્થિની સુસાન બ્લૅક—તે વળી મીનળની બહેનપણી—આમ અમને પરદેશ-માં આપણો મુલક ઊભો કરતાં વાર ન લાગી. એટલું જ નહિ, ત્યાર પછી હું પણ જરા થાક્યો હતો એટલે ત્યાર પછીનાં મારાં ભાષણોની હાર-માળામાં સુનીલને ઊભો કરી અમે ફિફટી ફિફટીને હિસાબે વખત વહેંચવો શરૂ કરી દેતાં વળી ઓર આનંદ ને રાહત અનુભવ્યાં. (ચાલુ)

સંગીત-સમજ–૨૧

રાગ ભૈરવ

સાધુરામ ન્યા. ચોધ

પ્રાચીન મતાનુસારના છ મુખ્ય રાગોમાં ભૈરવ રાગ પ્રથમ છે. કર્ણાટકી સંગીતનો 'માલવ ગૌડ' રાગ પણ ભૈરવનું જ રૂપ ગણાય છે. સોમનાથ પાટણમાં ભગવાન લકુલેશે સોમ સંપ્રદાયની સ્થાપના કરી ત્યારે એમણે જે કેટલાક રાગ પ્રચારમાં આણ્યા તેમાં રુદ્રના એક ગણ કાલ-ભૈરવની આરાધના ભૈરવ રાગ વડે કરાતી હોવાનું કહેવાય છે.

ભૈરવ શાંત ને ગંભીર પ્રકૃતિના રાગ તરીકે પ્રાચીન કાળથી જાણીતો છે. એના ઋષભ ને ધૈવત એ બે કોમળ સ્વરો સાથે બાકીના બધા સ્વરો શુદ્ધ હોઈ ઉચિતરીતે જ એને પ્રાતર્ગેય સંધિપ્રકાશ—પરોઢમાં ગાવાનો રાગ ગણવામાં આવે છે. ઉત્તર હિંદુસ્તાની સંગીતપદ્ધતિમાં આ રાગને એ જ 'મેલ'માં મૂકી તેનો જનક રાગ ગણે છે.

રાગગાનમાં સ્વાભાવિક રીતે જ રસ ઓતપ્રોત હોય છે, પણ તાલબદ્ધ રાગગાનમાં વિવિધ તાલમાં ગવાતા ભૈરવની શાંત અને ગંભીર પ્રકૃતિ હમેશાં ન પણ દેખાય, પણ ધ્રુપદ-ધમારમાં એની સારી તાસીર અનુભવી શકાય છે; જ્યારે ખાંસાહેબ અબ્દુલકરીમખાંની ગાયકીમાં ગાનાર 'રંગીલે બાલસોં' જેવી જનાની ચીજ વડે ભૈરવમાં પણ મૃદુ ભાવો ઉતારી શકે છે, પણ ભૈરવના કોમલ ઋષભ અને ધૈવત વડે પ્રભુપ્રાર્થના જેવા ભક્તિ સભર ગાનમાં જે ગંભીર ભાવ વ્યક્ત થાય છે તેની તોલે એ ન આવી શકે. ભૈરવની જલદ લયની ચીજ કે તરાનામાં એવા ભાવ વ્યક્ત ન જ થઈ શકે.

ભૈરવમાં આવું અલંકરણ પાછળથી ઉમેરાયું છે એમ કહી શકાય. આપણા સંગીતને આજનું સ્વરૂપ અને નવો ઓપ બહુધા મુસલમાન ગાયકોએ આપ્યો છે. જેને તેઓ ગાયકીનું અંગ કહે છે એ બોલબાંટ, બોલતાન, તાન વગેરે અલંકારો પણ રાગગાનમાં હોવા જ જોઈએ એવી એક પરંપરાગત માન્યતા આથી ઊતરતી આવી છે. પોતાના આશ્રયદાતા પાદશાહોના મનરંજન માટે વિકસેલી એ દરબારી ગાયકીમાં દેવમંદિરો-માં ભગવાન સમક્ષ પોતાની ઉત્કૃષ્ટ કળા રજૂ કરીને કૃતાર્થ થવાની આપણી ભાવના નહોતી. જો કે એ અગાઉ પણ રાજ્યાશ્રયે સંગીતકારો પરંતુ એ રાજાથીયે ઊંચું સ્થાન ઈશ્વરનું લેખાતું મુસ્લિમ ધર્મસ્થાનો-માં તો સંગીત વર્જ્ય હોઈ સંગીતનો ઉપયોગ રાજા અને જનમનના રંજનાર્થે થતો રહેલો; અને તેથી તેમાં પોતપોતાના સંગીતકૌશલની લાક્ષણિકતાને વારસાગત પરંપરામાં જાળવી રાખવાની એક પ્રથા જ ઘડાઈ ગઈ, જેમાંથી આજની 'ઘરાણા' (કુળ)ની ગાયકી વિકાસ પામી.

આ રીતે રાજ-દરબારમાં પોતાની સંગીતશક્તિ દર્શાવવા માટે અલંકારો, તાલ અને તાનની રમઝટ વગેરે રજૂ કરવાની જે એક પ્રથા પડી તે શાંત ગંભીર રાગોમાં પણ ઊતરવા લાગી. આથી સ્વાભાવિક છે કે મધ્ય લયમાં ગવાતા 'જાગો મોહન પ્યારે', 'પ્રભુ દાતા સબન કે' અથવા 'પવન ચલત પુરવૈયા મેરા અંગવા જરાયે' જેવી રંગીલી ચીજોમાં ભૈરવની ખરી પ્રકૃતિ ન સચવાય. પણ શાંત ભાવે ગવાતી પ્રાર્થનામાં ભૈરવ રાગ અત્યંત ખીલે છે. ગાયકો પણ આ જાણે જ છે, અને એટલે પ્રાર્થના કે સ્તવનોની ચીજ બહુધા ભૈરવમાં સાંભળવા મળે છે.

ભૈરવ અત્યંત મધુર ને પ્રેરક રાગ છે. ષડજ પર સારીરીતે મુકામ કરી 'નિ સા ગ મ પ ગ મ રે સા' સ્વરો ખૂબ વિલંબિત લયમાં લેવાથી ભૈરવનો આભાસ મળે છે. પ્રાતર્ગેય રાગ હોઈ તેનું ઉત્તરાંગ વધુ પ્રબળ છે. ગાયક 'સા, ધ ધ પ, મ પ ધ પ, મપ, ગમ, રે સા' સ્વરો સુરમ્ય રીતે લેતાં જ ભૈરવનો પ્રાદુર્ભાવ થતો લાગે છે. વિલંબિત લયમાં ભૈરવની અસર વિલક્ષણ છે.

આ સંપૂર્ણ જાતિનો રાગ હોઈ ઉસ્તાદો શાગિર્દની તાલીમનો આરંભ મોટે ભાગે ભૈરવથી કરે છે. સાયંકાળે જેમ યમનનો, તેમ પ્રાતઃકાળે ભૈરવનો રિયાઝ મહત્ત્વનો છે. પ્રાતર્ગેય સંધિપ્રકાશ રાગ સૂર્યોદય સમયે ગાવા એવું એક વિધાન છે. કેટલાક સૂર્યોદય પૂર્વે ભૈરવ ગાવામાં માને માને છે. અહીં એક પ્રશ્ન સહેજે થાય છે કે, ભૈરવ ઉપરાંત રામકલી, બિભાસ વગેરે જેવા પ્રાતર્ગેય સંધિપ્રકાશ રાગ તો અનેક છે, તો એ બધા એક જ સમયે ગાવા કે એક પછી એક ? આ બધા રાગ એક જ સમયે ગાવા કે એક પછી એક ગાવા એવું નથી. એમાંનો કોઈ પણ એક રાગ એ સમય દરમિયાન ગવાય તો એ સુસંગત છે.

આપણી સંગીત-પદ્ધતિમાં મધ્ય રાત્રિ પછી તાર ષડ્જ અતિ મહત્ત્વનો સ્વર બની રહે છે. મોડી રાતના તમામ રાગગાનમાં એનો વારંવાર ઉપયોગ થાય છે. ત્યાર બાદ જેમજેમ પ્રાતઃકાળ નજીક આવતો જાય

રાગ ભૈરવ

ભૈરવ કોમલ રિમધ સૂર; તીખ ગંધાર નિખાદ,
ધૈવત વાદી સૂર રહ્યો, નાસું રિખવ સંવાદ.

બ્રાહ્મ મુહૂર્તે ગાતવ્યો ભૈરવો રાગસત્તમઃ
અરુણોદય વેલાયાં ગેયા રામકલી પુનઃ

ભૈરવ રાગ ભૈરવ થાટમાંથી ઉત્પન્ન થાય છે. સંપૂર્ણ જાતિના રાગમાં ઋષભ ને ધૈવત એ બે સ્વરો સિવાય બાકીના સ્વરો શુદ્ધ
વાદી સ્વરઃ ધૈવત; સંવાદી : ઋષભ; ગાવાનો સમય : પ્રાતઃક

આરોહાવરોહ સ્વરૂપ

સા રે ગમ, પ ધ, નિ સાં સાં નિ ધ, પ મગ, રે સા

પકડ : સા, ગ, મ પ, ધ, પ.

આ રાગની બધી જ ખૂબી તેના કોમળ ઋષભ-ધૈવત સ્વરો પર અવલંબે છે. આ સ્વરોને આંદોલિત રૂપમાં લેવાથી ભૈરવ ઘણો આહ્લાદક બને છે. કુશળ ગાયકો અવરોહમાં ક્યારેક અલ્પ પ્રમાણમાં કોમળ નિષાદ લઈને રાગને વધુ રંજક બનાવે છે. વળી, ભૈરવના આરોહમાં ઋષભનું પ્રમાણ અલ્પ છે, છતાં મધ્યમ પરથી મીંડમાં ઋષભ પર મુકામ કરતાં ભૈરવ અત્યંત સુંદર સુરેખ રૂપે તાદૃશ થાય છે.

ભૈરવ ત્રિતાલ : વિલંબિત લય

બાલમવા મોરે સૈયાં સદા રંગીલે રે
(અંતરો)
હું તો તુમ બિન તરસ ગઈ લી દરસ બેગ
બતાવો લૈં હોં બલૈયા

ભૈરવ-ત્રિતાલ : મધ્ય લય

પિય મિલન કી બારી, આજ મોહે
અરી એરી સખી કછુ સુઝત નાહી
મૈં તો પે બલિહારી
(અંતરો)
બહુત દિનન પાછે પિયા મોરે આયે
મોંગલ ગાયો સખિયાં સારી

વિવિધ ભૈરવની નીચેની કેટલીક રેકોર્ડ હાલ અપ્રાપ્ય છે, પણ મળે તો અવશ્ય સાંભળવા જેવી છે : ૧) 'બનતા બન આયા' (ભૈરવ) ગંગુબાઈ હંગલ; ૨) 'હમરે કુંજન બલમા' (ભૈરવ) ઉસ્તાદ આશિક અલી ખાં; ૩) 'આજ મૌજુદ ભયે' (શિવમત ભૈરવ) ઉસ્તાદ વિલાયતહુસેન ખાં; ૪) 'ડાર ડાર પાતન પર કોયલિયાં બોલે (ભૈ. બહાર) પં. રામકૃષ્ણ બુવા વઝે.



'માખણ ચોરી'. બીજી-ત્રીજી સદીના કુશાણ કાળની મથુરા શૈલીનું, ભવનના સંગ્રહનું એક સુંદર શિલ્પ. (ફોટો · જગન મહેતા)

અહીંનો અમૂલ્ય અને વૈવિધ્યપ્રચુર સંગ્રહ કુલ ૧૧ વિભાગોમાં વહેંચાએલો છે, જેમાં–

૧) પ્રાગૈતિહાસિક વિભાગ છેક તામ્રયુગના ને સરકારે ભેટ આપેલા મોહેં-જો-દડોના અવશેષોને કારણે નાનો હોવા છતાં મહત્ત્વપૂર્ણ છે.

૨) મૂર્તિવિભાગમાં મૌર્ય, શુંગ, ગુપ્ત, ગંધાર, પાલ વગેરે કાળના ચુનંદા ને દુર્લભ નમૂના છે. માટીની લઘુમૂર્તિઓ તો વિપુલ પ્રમાણમાં છે જેમાંનાં બે કલારત્નો આ અંકમાં જોશો.

૩) ચિત્રકલા વિભાગમાં તો ૧૧-૧૨મી સદીનાં પાલ શૈલીનાં તાડપત્ર પર અંકિત પોથી-ચિત્રોથી આરંભાઈ જૈન, મુઘલ, ઈરાની, પહાડી, રાજસ્થાની, બસૌલી વગેરે ભારતમાં વિકસેલી અનેક શૈલીઓ તેમજ ઉપશૈલીઓથી માંડી, કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરના નિદર્શનમાં પુનરુત્થાન પામેલી ભારતીય કલાશૈલી સુધીનાં આઠ હજાર જેટલાં ચિત્રો દ્વારા ભારતીય ચિત્રકળાનો સળંગ ઇતિહાસ જોવા મળે છે. આમાંની પણ બે પૂર્ણરંગી કૃતિઓ આ અંકમાં આપી છે.

ચિત્રોની સાથે અહીંનો સચિત્ર ગ્રંથોનો સંગ્રહ પણ એટલો જ બેનમૂન અને સમૃદ્ધ છે, જેમાંની અનેક કૃતિઓ અન્યત્ર કેવળ દુર્લભ છે.

૪) કારુકલા વિભાગમાં મૌર્ય તથા પછીના કાળના મણકા, ઉપરત્નોનાં બનેલાં પશુ, કીડા, પતંગ; ગાંધારની મણિ પર કોરેલી વિવિધ સુંદર આકૃતિઓ, તક્ષશિલાનાં સુવર્ણ આભૂષણો વગેરેથી માંડી સુંદર મીનાખચિત મુઘલ હુક્કા જેવી અસંખ્ય વિવિધ કલાકણિકાઓ સંઘરાઈ છે.



ભારતની નવી પૂર્ણરંગી ટિકિટો

આ વર્ષે ટપાલ-ટિકિટના બહુરંગી મુદ્રાણની સુવિધા પ્રાપ્ત થતાં પ્રાચીન વિવિધ ભારતીય ચિત્રશૈલીની કૃતિઓ રજૂ કરતી, આગામી ચાર બહુરંગી ટિકિટોની આ એકરંગી આગોતરી છાપ તેની સુંદરતા અંગે સારી આશા પ્રેરે છે. તેમાં ૨૦ પૈસાની ટિકિટ પર ૧૮મી સદીની કિશનગઢ શૈલીમાં ત્યારના ચિત્રકાર નિહાલચંદની એક વિખ્યાત કૃતિ 'રાધા'; ૫૦ પૈસાની ટિકિટ પર ઔરંગઝેબના કાળની મુઘલ શૈલીમાં 'નૃત્ય'; એક રૂપિયાની ટિકિટ પર ઢોલામારુ (?) અને બે રૂપિયાની ટિકિટ પર મુઘલ શૈલીમાં હાથીનું ચિત્ર છે. સ્વાતંત્ર્ય પછી અમુક શ્રેણી સિવાય અત્યાર સુધીની ખાસ ટિકિટોનાં આલેખનોમાં કલાની દૃષ્ટિએ નહિવત્ વૈવિધ્ય જ જોવા મળતું હતું તેમાં આ ટિકિટોએ વિષય અને બહુરંગી રજૂઆતને કારણે ટિકિટપ્રેમીઓમાં સારી એવી આતુરતા પ્રેરી છે. સ્પષ્ટતા ખાતર અહીં એ મોટા કદમાં દર્શાવી છે. ૨૦ પૈસાની ટિકિટ પર છે તેમ બાકીની ત્રણે ટિકિટો ઉપર પણ ચિત્રનો પરિચય અને શૈલી અંગે લખાણ મુકાયું હોત તો એ વધુ આવકાર્ય અને જ્ઞાનપ્રદ બની રહેત. છતાં આ નવો વળાંક પ્રશંસનીય તો છે જ. આવતા માસે એ બહાર પડશે.

ભારહુતની ગજલક્ષ્મી

લેખક
ડૉ. ગોપાલ
પુરુષોત્તમ બારોટ



લક્ષ્મીનાં નાનાવિધ સ્વરૂપોમાંના એક ગજ-લક્ષ્મીનાં અનેક શિલ્પાંકનો જોવા મળે છે. વિશ્વપદ્મ પર બેઠેલી અને ગજયુગ્મ દ્વારા જલાભિષેક પામતી સૌંદર્ય અને સમૃદ્ધિની આ દેવીના અંકનમાં હાથીની કલ્પનાનો ઊગમ કઈ રીતે અને ક્યારે થયો એ નિશ્ચિત નથી. શ્રી સૂક્તમાં 'હસ્તિનાદ પ્રબોધિનીમ્' (હાથીના નાદથી જાગૃત થએલી) એવું એનું એક વિશેષણ છે. સમુદ્રમંથનમાં લક્ષ્મી પ્રકટ થઈ ત્યારે દિગ્જજોએ સુવર્ણકલશથી તેનો જલાભિષેક કર્યો એવું વર્ણન વિષ્ણુપુરાણમાં છે. હાથી એ દિગ્જજનો પ્રતીક પણ મનાય છે. વળી લક્ષ્મી જેમ સમૃદ્ધિની દેવી છે તેમ હાથી વૈભવનો સૂચક છે. હાથી વર્ષાના દેવ ઈન્દ્રનું વાહન પણ મનાય છે, એ રીતે વર્ષા સાથેનો એનો પ્રતીકાત્મક સંબંધ પણ કલ્પી શકાય. કૃષિજન્ય સમૃદ્ધિ અને વર્ષાનો સંબંધ સાંકળીને વિશ્વપદ્મ પર આસનસ્થ લક્ષ્મી પર જલઅભિષેક કરતા હાથીની કલ્પનાનું અર્થઘટન થઈ શકે.

ગજલક્ષ્મીનાં શિલ્પાંકનો તો બહુ પ્રાચીન કાળથી થએલાં છે. અન્ય દેવતાઓનાં મંદિરોમાં દ્વાર પર અને સ્થળે એનું અંકન જોવા મળે છે પણ લક્ષ્મી એ હિંદુ દેવી ગણાય છે. બૌદ્ધ શિલ્પાંકનોમાં સૌ પ્રથમ એ ઈ. સ. પૂર્વેના સુમારે બીજા શતકના ભારહુતના સ્તૂપમાં જોવા મળે છે. ત્યાં સ્તૂપનાં દ્વાર તથા છતમાં ગજલક્ષ્મીનાં ત્રણ અંકનો છે જેમાંનું એક અહીં આપ્યું છે. પૂર્ણ ઘટમાંથી ઉદ્‌જનિત કમલ પર ઊભેલી લક્ષ્મીને તેમાં કમલગર્ભ પર ઊભેલા ગજયુગ્મ દ્વારા જલાભિષેક પામતી દર્શાવી છે. ઘટમાંથી નીકળતી બે કમળનાભ પર પદ્મપત્રનું અંકન પણ તેમાં છે.

ઉપરાંત વસ્ત્રવિભાગમાં જરી-કિનખાબના ભરતકામના ને રેશમી-સુતરાઉ છાપેલા કાપડના તથા શાલોના અનેકવિધ પ્રકારના સંખ્યાબંધ નમૂનાઓ; મુદ્રાવિભાગમાં વિવિધકાલીન સેંકડો સિક્કાઓ; હસ્તલિખિત ગ્રંથોમાં અનેક દુર્લભ ગ્રંથો; બૃહત્તર ભારતના વિભાગમાં ભારત બહાર વિસ્તરેલી આપણી વિવિધ કલાના ચુનંદા નમૂનાઓ; સાહિત્ય વિભાગમાં પ્રાચીન અલભ્ય ગ્રંથો સાથે દેશના નામી સાહિત્યસર્જકોની હસ્તલિખિત પ્રતો, અને બાપુ વિભાગમાં ગાંધીજીના પત્રો, એમની સામગ્રી, ચિત્રો ને એમના પરત્વેનું સાહિત્ય છે.


વિશેષમાં સંગ્રહસ્થાન સાથે સંલગ્ન પુસ્તકાલયમાં ભારતીય ઇતિહાસ અને કલાસંબંધી અનેક મૂલ્યવાન ગ્રંથો તથા ફોટોનો મોટો સંગ્રહ છે. વળી, કલાભવનની અમૂલ્ય સામગ્રી પ્રકાશમાં લાવવા પ્રકાશનવિભાગ પણ છે, જેના દ્વારા પ્રજામાં કલાચેતના ઉત્પન્ન કરવા 'કલા નિધિ' નામે એક ત્રિમાસિક પણ પ્રકટ થાય છે.

વળી, સંગ્રહાલયનું ઉષ્માભર્યું વાતાવરણ પણ એના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, સંશોધકો ને અભ્યાસીઓને અનેક રીતે સહાયભૂત બની રહે છે. અહીંની દુર્લભ કલાકૃતિઓનો ઝીણવટથી અભ્યાસ કરવાની અને તસવીરો લેવા માટેની સગવડ પણ મળેછે. અમેરિકાના 'સ્મિથ સોનિયન ઇન્સ્ટિટ્યૂટ'ની 'ફ્રીઅર ગૅલેરી ઑાવ આર્ટ'ના પૂર્વ-એશિયા કલા-વિભાગના ભૂતપૂર્વ ક્યુરેટર રિચર્ડ એટિંગહૉસનના શબ્દોમાં કહીએ તો 'ભારત કલાભવન, માત્ર ભારતમાં જ નહિ, પણ સમગ્ર દુનિયામાં ભારતીય કલાનું અનુપમ કેન્દ્ર છે. ગુણવત્તાની દૃષ્ટિએ પ્રથમ કોટિના એના વિશાળ સંગ્રહની પ્રત્યેક કૃતિ ઊંડી સાધના અને કલાપૂર્ણ અનુભૂતિ વ્યક્ત કરે છે.' 'યુનેસ્કો'ની 'સાઉથઇસ્ટ એશિયન એજન્સી ઑાવ ધી ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઑાવ મ્યૂઝિયમ્સ'ના ડિરેક્ટર ડૉ. ગ્રેઈસ મોર્લેના મત મુજબ 'આજે પણ ભારતીય કલાના દરેક પાસા વિષેનાં અજોડ જ્ઞાન ને અનુભવ ધરાવતા' ડૉ. રાય કૃષ્ણદાસ આ કલાભવનના સ્થાપક ને મુખ્ય દાતા હોવા ઉપરાંત તેના માનાર્હ ડિરેક્ટરની હેસિયતથી સંસ્થાના મુખ્ય સલાહકાર અને માર્ગદર્શક તરીકે કામ કરે છે એ એક દેશનું સદ્‌ભાગ્ય છે જ, પણ એથી યે વધુ એમની એ પ્રણાલિકાને એમના પુત્ર ડૉ. આનંદકૃષ્ણ સંસ્થાના ડેપ્યુટી ડિરેક્ટર તરીકે અને પૌત્ર સંસ્થાના એક કર્મચારી તરીકે જાળવી રહ્યા છે, એ છે.

કલામય અભિનંદન-પત્રો

'દીપાવલી શું? બધા ય દિવસ હો પર્વ જેવા'... 'સુરમ્ય મંગલ પ્રભાતે શરૂ થતું નૂતન વર્ષ'... 'પ્રભુની લીલાઓ વિલસતી બધી આ સૌંદર્યની સજાવટ'... 'શ્રી લક્ષ્મીદેવીની મહેર હો'... વગેરે વગેરે પંક્તિઓ સાથે ગણેશ, લક્ષ્મી, રાધા-કૃષ્ણ, ગુલબદન પરી, ફ્લાવર વાઝ કે પતંગિયાંની વાર્નિશ કરેલી રંગબેરંગીછાપ સાથેનાં નૂતન વર્ષાભિનંદનનાં કાર્ડ હવે જાણે ભૂતકાળની વસ્તુ બનતાં જાય છે. સુંદર સુરુચિપૂર્ણ અભિનંદનપત્રોની એક આગવી શાખા જ જાણે મુદ્રણક્ષેત્રે ઊગી નીકળી છે. ને દેશની લાક્ષણિક કલાના પ્રસારનું એ એક મનોહર માધ્યમ બની ગયું છે. પણ કલાને નામે અન્ય ક્ષેત્રોની પેઠે એમાં પણ ભેળસેળિયો માલ બને છે. ફાઈન આર્ટ, મૉડર્ન આર્ટ, ઇંડિયન આર્ટ કે ફોક આર્ટના નામનો અજબગજબનો નવો માલ હવે બજારમાં દિવાળી નજીક આવતાં ઊભરાવા લાગે છે.

પણ એની વચ્ચે ખરેખર જોવાં-સમજવાં ગમે એવાં જૂજ જ અભિનંદનપત્રો મળી રહે છે. એવી કૃતિઓ માટે કલાની સૂઝ-સમજ અને મુદ્રણનાં ઊંચા પ્રકારનાં સાધનો ખાસ જરૂરી બની રહે છે. એ એક સદ્‌ભાગ્ય છે કે કેટલાક મુદ્રકો ખરેખરી કલાસૂઝ ધરાવે છે અને પોતાનાં ઊંચાં સાધનસામગ્રીનો ઉપયોગ કરી કલાના પ્રસારમાં સહાયક બની રહે છે. એવી જે કેટલીક નામી સંસ્થાઓ છે તેમાં મુંબાઈના વકીલ ઍન્ડ સન્સનું નામ મોખરે છે. (વકીલ ઍન્ડ સન્સ પ્રા. લિ., સ્પ્રૉટ રોડ, બેલાર્ડ એસ્ટેટ, મુંબાઈ-૧) અનેક ઉત્તમ કલાકૃતિઓ એમના થકી સર્વસુલભ બની શકી છે. આ સાથે એમણે છાપેલાં સેંકડો અભિનંદનપત્રો પૈકી કેટલાંક આપ્યાં છે. એમના અસલ બહુરંગી મુદ્રણની ઝલક તો અહીં આપવી શક્ય નથી, પણ આ એકરંગી છાપ પરથી યે એમણે ચૂંટેલી કૃતિઓમાં શૈલી અને વસ્તુના વૈવિધ્ય સાથે એના અધિપતિ શ્રી ગુણવંત મહેતાની ઊંચી રસદૃષ્ટિ જોવા મળે છે.


उत्तिष्ठ वत्सेत्यमृतायमानं








△ વિશ્રાંતિની પળ (ચિત્રલેખા · બી. પ્રભા) સાદગીભરી છતાં પ્રભાવક આલેખના.

◁ પૂર્વજોના પ્રદેશમાં પુનર્ગમન (ચિત્રકાર: જે. સુખાવાળા) જેવો વિષય તેવી જ રજૂઆત—બંને



વકીલ ઍન્ડ સન્સનાં અભિનંદનપત્રો (જુઓ કલાવાર્તા) : ઉપર—અયોધ્યાગમન. (ચિત્રકાર · વાસુદેવ સ્માર્ત) લંકાવિજય પછી પુષ્પક વિમાનમાં સીતા સહ પાછા ફરતા રામના આ ચિત્રની ભારતીય આલેખનામાં વિહંગ દૃશ્યની શોભનમંડિત કલ્પના રજૂ થઈ છે. આકાશમાં ઊડતાં પક્ષીઓ અને વાદળો વચ્ચેથી પસાર થતા વિમાનની નીચે ઉછળતાં સાગરનાં મોજાં, ધરતી પરની પુલકિત હરિયાળી, અને વનવેલના નૃત્યાભિનય સમા વળાંકા વડે ચિત્રકારે પ્રસંગના ઉમંગને ઘણી સુંદર રીતે વ્યક્ત કર્યો છે. સામેના પાના પર (મથાળે)ના 'નંદિની'ના ચિત્રમાં પણ એ જ કલાકારે ગાયની પવિત્રતા સાથે સંકળાએલી માન્યતાઓને લોકશૈલી સમી, પણ સમભાર સ્પષ્ટસુંદર રેખાંકનવાળી ચિત્રણાથી નયન-રંજક રીતે અભિવ્યક્ત કરી છે. તેની નીચેનું ચિત્ર ઈ. ૧૬૫૦ના અરસાની રાજસ્થાની માળવા શૈલીનું છે. ગુજરાતી શૈલીની જેમ પાત્રનાં અણિયાળાં નાક અને વિસ્ફારિત આંખો એ આ શૈલીની લાક્ષણિકતા છે. અહીં પોતાના શૃંગારને આખરી ઓપ આપતી રાધા અને તેની સજાવટ કરતી-ચામર ઢાળતી, દર્પણ ધરતી આદિ પરિચારિકાઓ દર્શાવી છે. ◐ આ અંકના પૂઠા પરનું ચિત્ર 'શ્રી' પણ વાસુદેવ સ્માર્તની જ કૃતિ છે. લક્ષ્મી, મહાલક્ષ્મી અને શ્રીના શાસ્ત્રોક્ત વર્ણનને સાંકળી લઈ રથમધ્યે પદ્મસ્થિતા, પદ્મમાલિની, હેમમાલિની, હિરણ્યવર્ણી લક્ષ્મીના આ ચિત્રમાં ચારે ખૂણે જલવિચિ દ્વારા લક્ષ્મીના ઉદ્દ્ગમનો નિર્દેશ કરવા સાથે શ્રીયંત્ર, પદ્મ, હસ્તિ વગેરેનાં સૂચક આલેખનો વડે ચિત્રમાં સમભાર શોભનો રચીને (તથા મૂળ કૃતિમાં તો સુવર્ણ અને પદ્મરંગ વડે) લક્ષ્મીની કલ્પના તથા તેના દૈવતનો ખયાલ બહુ સુંદર રીતે વ્યક્ત કર્યો છે. ભારતીય ચિત્રવિષય અને કલાશૈલીની 'વકીલ્સ'ની પસંદગીનાં આ ચારે ય ઉત્તમ ઉદાહરણો છે.



અહીં જે સંજ્ઞાઓ દર્શાવી છે તે, દેશમાં જ્યાં જ્યાં તે પાક તથા ખનિજો થાય છે ત્યાં ત્યાં નકશામાં દર્શાવી છે. એકથી વધુ પાક તથા ખનિજો જ્યાં થતાં હોય ત્યાં તે ઉપરાઉપરી મૂકીને દર્શાવ્યાં છે. દા. ત. ગુજરાતમાં ઘઉં-બાજરી, કપાસ અને તમાકુની સંજ્ઞાઓ ઉપરાછાપરી આલેખી છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

ઑક્ટોબર ૧૯૪૭-સળંગ અંક ૨૮૬

છતી સમૃદ્ધિએ ગરીબી !

ભારતની ખેતી અને ખનિજની સમૃદ્ધિ બતાવતા પચ્ચીસ વર્ષ પહેલાંના આ નકશામાં આપણા દેશનાં ઘઉં, ચોખા, બાજરી વગેરે પોષક ધાન્ય તેમજ કપાસ, શણ, તમાકુ આદિ સમૃદ્ધ પાક કયા કયા પ્રાંતમાં થાય છે તે, તેમજ કોલસો સોનું મૅંગેનીઝ જેવાં ખનિજોથી આપણો દેશ કયાં કયાં સ્થાનોમાં સમૃદ્ધ છે તે દર્શાવ્યું છે.

હિંદ મુખ્યત્વે ખેતીપ્રધાન દેશ હોવા છતાં તેની સમગ્ર જનતાને પહોંચી રહે તેટલાં ધાન્ય તે પકવતું નહોતું એ હકીકત આશ્ચર્ય સાથે ખેદ જન્માવનારી છે. ત્યારે દર વર્ષે ૬૧૦ લાખ ટન અનાજ પાકતું જેમાંથી ૧૨ાા ટકા બગાડ તથા બીજ બાદ જતાં આપણી પાસે ૫૩૨ાા લાખ ટન રહેતું. પણ આપણી જરૂર હતી ૬૧૧ લાખ ટનની; એટલે કે ૭૮ાા લાખ ટન અનાજની ખોટ આપણને દર વર્ષે પડતી.

આ ખોટ પૂરી પાડવા આપણે પરદેશથી અનાજ આયાત કરવું પડતું. ઈ. ૧૯૪૬માં ૨૫ લાખ ટન અનાજ આપણે પરદેશમાંથી આયાત કરેલું. ઈ. ૧૯૪૭ના પહેલા છ મહિનામાં મળી ૧૧ાા લાખ ટન અનાજ આપણે લાવેલા. આની પાછળ આપણે ૭૭ કરોડ રૂપિયા ખર્ચેલા. આમ જો દર વર્ષે આપણે અનાજ લાવવા પાછળ પૈસાનો ધુમાડો કર્યા કરીએ તો જતે દહાડે દેશને દેવાળું કાઢ્યા સિવાય બીજો કોઈ રસ્તો ન રહે.

વિરાટ ભૂમિપ્રદેશ ધરાવતા દેશને સ્વાવલંબી બનાવવો એ કંઈ બહુ મુશ્કેલ વાત પણ નહોતી. ઉપરના નકશાને મથાળે ડાબે ખૂણે મૂકેલો આલેખ બતાવે છે તે મુજબ આપણી કુલ ૧ અબજ વીઘાં જમીનમાંથી ૩૬ કરોડ વીઘાં જમીન જ ત્યારે ખેડાતી. જ્યારે ૨૫ કરોડ વીઘાં જમીન એમ ને એમ પડી રહેલી. તેનો ઉપયોગ કરવો એ એક માર્ગ; બીજો રસ્તો અનાજનું ઉત્પાદન બમણું-ત્રણગણું કરવું. હિંદમાં દર એકરે ૮૦૦ રતલ ચોખા પાકતા, જ્યારે જાપાનમાં ૨૩૦૦ રતલ! હિંદમાં ઘઉં એકરે ૬૬૦ રતલ થતા જ્યારે ઇંગ્લૅંડમાં ૨૦૦૦ રતલ! એટલે અનાજનું ઉત્પાદન ઘણું વધારી શકાય તેમ હતું. આપણે એ માટે પ્રયત્નો કર્યા પણ ખરા; ને અઢી દાયકા પછી જે પરિણામ આવ્યું તેનો ખયાલ આ અંકની માધુકરીમાં આપ્યો છે.

સ્વાધીન જીવનના મહિના

—સવાઈલાલ ઈ. પંડ્યા

પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં મહિના, વાર અને તિથિઓનાં કાવ્યો લખવાની પરંપરા તો જાણીતી છે. આજથી પચ્ચીસ વર્ષ પહેલાં, આપણે સ્વતંત્ર થયા એ નિમિત્તે, એ પ્રાચીન ઢબે લખાએલા જોડેના કાવ્યમાં વિવિધ વૃત્તોમાં જુદાજુદા મહિનાઓનાં વર્ણન સાથે, સ્વાધીન ભારતની મંગલ કામનાઓ તથા સંદેશ ગૂંથ્યા છે અને એમાં સ્થળેસ્થળે મહિના તથા વૃત્તોનાં નામોના શ્લેષો દ્વારા કાવ્યચમત્કૃતિ પણ સાધી છે.

(સ્રગ્ધરા)

આનંદે છે મયૂરો જનગણમનના હિંદની કુંજકુંજે,
ગાજે ગંભીર મેઘો, રસભર વસુધા પાકની આશ દે છે;
ઊભા સ્વાધીન સંઘે રમણ હૃદયનો **શ્રાવણે** એમ જાણી,
હર્મ્યેહર્મ્યે હસે છે પ્રમુદિત પુરમાં સ્રગ્ધરા સુંદરીઓ.

(ઉપજાતિ)

પાકે લચ્યાં ખેતર પાકવાને
તાપો હવે **ભાદ્રપદે** બળેને,
પ્રતાપથી પૂર્ણ પ્રદેશ બ્હીશે
સંઘર્ષ પામી ઉપજાતિઓનો ?

(શિખરિણી)

શશીની શોભામાં પુલકિત નિશામાં જગતની
વિશાળી શેરીમાં રમત રમતી **આશ્વિન** તણી;
ભરીને ઉત્સાહે હૃદય દશમીએ ઉજવતી,
રમા, વિદ્યામાંથી પ્રકટિત દિવાળી શિખરિણી.

(અનુષ્ટુપ)

ધાન્યથી પૂર્ણ કોઠારો, જળે પૂર્ણ જળાશયો,
કાર્તિકેયે કરી લોકે તારકાસુર ડારવા.

(માલિની)

દુ:ખદ પવન સામે રક્ષવા સદ્મ સારું,
વસન અશન પામ્યાં બાળનું સ્વાસ્થ્ય ચારુ;
સ્મિતયુત પતિ સાંજે, સુંદરી તો સુખી છે,
સ્થિર રતિ ક્યમ પામે માલિની **માર્ગશીર્ષે** ?

(શાર્દૂલવિક્રીડિત)

છે સારી વસુધા સદા ધનગને ઉત્સાહથી એમની,
પોષે પૂર્ણ ઉમંગથી શરીરને પ્રત્યંગમાં પાથરી,
તાજા માણતણો પ્રસાર નીરખે સિદ્ધિ જિતાવા ઊભા
એકેક યુવાન હિંદભરમાં શાર્દૂલવિક્રીડિતે.

(શાલિની)

ઠંડા વાતે ધ્રૂજતા તાપવાની.
સામગ્રી ને દૂધ ઘી આપવાની.
શીરાવાને બાળકોને સવારે
માઘે શક્તિશાલિની હિંદ નારી.

(દ્રુતવિલંબિત)

લલિત કોમળ પત્ર ફૂલે લસે,
તરુવરો અલિગુંજન આદરે;
મુદભર્યાં નરનાર ગૃહેગૃહે
દ્રુતવિલંબિત ઉત્સવ **ફાલ્ગુને**.

(વસંતતિલકા)

સૌભાગ્યનો પરમ મંગલ સ્વાદ લેવા,
પીયૂષ શા અનુભવે જગ તૃપ્ત થાવા,
મીઠી સુગંધ નવ સંસ્કૃતિની વહાવો,
ચિત્રા વસંતતિલકા નવયૌવનશ્રી.

(હરિણી)

તરલ પગલે કૂદી, **વૈશાખ**તાપ નિવારવા,
સરસ વનના પ્રાંતે મધ્યાહ્ન શીતળ ગાળશે;
સબળ મૃગના સાચા નેતૃત્વમાં રહી સંઘમાં,
હરિણી જનતા પ્હોંચી ધાર્યાં સ્થળે સુખ પામશે.

(વંશસ્થ)

પ્રકાશના પુંજ વડે છવાય છે
લાંબા દિનો,છે રમણીય રાત્રિઓ;
સુપાક યત્ને મચતા કૃષીવલો
ન **જ્યેષ્ઠ** વંશસ્થ સમુન્નતિ ત્યજે.

(પૃથ્વી)

ધરી વીજળીસૂત્રને અજિન મેઘ **આષાઢમાં**,
અલંકૃત યુવાનને પરમ મંત્ર ઉચ્ચારવા;
સુસંસ્કૃત સમૃદ્ધ આ સબળ હિંદકેરી પ્રજા,
રમો થઈ ઋતંભરા સફળ પોષિણી પૃથ્વીમાં.

થોડાક વર્ષો પહેલાં અમેરિકન પ્રમુખ કેનેડીને મિ. ખ્રુશ્ચેફે આ વાત કહેલી : 'ખ્રુશ્ચેફ મૂર્ખ છે' એવી બૂમો પાડતો એક રશિયન ક્રેમલિનમાં દોડતો હતો. તેને પકડયો અને તેને ૨૩ વર્ષની સજા કરાઈ,—તેમાં પક્ષના મંત્રીનું અપમાન કરવા માટે ત્રણ વર્ષ અને રાજ્યનું રહસ્ય પ્રકટ કરી દેવા માટે વીસ વર્ષ !'

અ : તો તમે રવિવારે જવાના છો. ખરું ? વારુ, કાલે તમારો શો પ્રોગ્રામ છે ?

બ : કાલે, ગુરુવારે મારે ખાસ કંઈ કામ નથી.

અ : શુક્રવારે ?

બ : ત્યારે પણ નવરો જ છું.

અ : ને શનિવારે ?

બ : એક મિત્રને ત્યાં જમવા જવાનું છે.

અ : અરેરે, અમે તમને શનિવારે જ જમવા બોલાવવાનું વિચારતાં હતાં.

સરપંચ

· હઝલ ·

આ અમારા ગામના સરપંચ છે,
પોતે ચાલે છે હવાની જોઈ રૂખ;
એમનું વ્યક્તિત્વ પણ છે આગવું,
સૌ પ્રપંચોઓના છે પોતે પ્રમુખ.

ત્રાસ રૂપ જાણું છું આખા ગામ પર,
થઈ ગયું છે ગામનું જીવન કઠિન;
એ જશે તો એટલું નિશ્ચિત છે :
ગામ આખામાં પળાશે મુક્તિદિન.

મુલ્લાં 'રમૂજ'



'જનમન'માં 'શિવ'

આવકવેરો એ સરકારે નક્કી કરેલી કમાતા માણસની 'જનક' છે.

ભારત એટલો બધો તંદુરસ્ત થઈ ગયો છે કે દાક્તરો ગેરહાજર રહેવાની જાહેર ખબર છપાવે છે.

ઉદારતા, પોતાને મળતા ચન્દ્રકનું સોનું પોતે જ ખરીદી આપે છે.

(રતિલાલ 'અનિલ')

સાહિત્યસંપર્ક

મધ્યકાલીન સાહિત્યનાં બે સ્વરૂપો

મુક્તક અને પદ

ઈસુની બારમી સદીમાં આચાર્ય હેમચન્દ્રે 'સિદ્ધહૈમ'ની રચના કરી ત્યારથી માંડીને ઈ. સ. ૧૮૫૨માં દયારામનું અવસાન થયું ત્યાર સુધીનો સાહિત્ય સમય આપણા વિદ્વાનોએ 'મધ્યકાળ'નો ગણ્યો છે. એ દરમિયાન અનેક સાહિત્યસ્વરૂપો ઉદ્‌ભવ્યાં, વિકાસ પામ્યાં, એનું રૂપાંતર થયું અને કાળગ્રસ્ત પણ થયાં. મધ્યકાળનાં આ સાહિત્યસ્વરૂપોમાં સારી પેઠે વિવિધતા છે. બધાં સ્વરૂપોને કોઈ ને કોઈ રીતે ધર્મ જોડે સંબંધ છે. ગુજરાતી ભાષાની ફરમાં ફરની સીમા તે હેમચન્દ્રનું અપભ્રંશ વ્યાકરણ 'સિદ્ધહૈમ'. એમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં મુક્તકો હોવાથી મુક્તકથી જ શરૂઆત કરીએ.

મુક્તક

મુક્તક એ સંસ્કૃત કાવ્યસ્વરૂપ છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓએ "એક શ્લોક, ચમત્કૃતિ, ઘટ્ટ વિચાર કે ઊર્મિ, સ્વયંસંપૂર્ણતા અને મિતાક્ષરી શૈલી"—એટલાં એનાં લક્ષણો ગણાવ્યાં છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં મુક્તક સ્વતંત્ર રીતે, પ્રબંધોમાં, રાસાઓમાં, કથાઓમાં, લોકસાહિત્યની કંઠસ્થ દુહાબદ્ધ વાર્તાઓમાં, એમ વિવિધ રૂપે મળે છે. આ સ્વરૂપ ઉપર સંસ્કૃત મુક્તકોની ઊંડી અસર છે અને કેટલીક વાર તો સીધાં સંસ્કૃત મુક્તકો જ કથાઓમાં ઉતારેલાં હોય છે. ગુજરાતી મુક્તકો વિશેષ કરીને દુહામાં રચાતાં અને વાતવાતમાં દુહો બોલવો એ કુલિનતાની નિશાની ગણાતી.

મુક્તકો બે રીતે રચાતાં. કેટલાંક સુભાષિતો તરીકે રચાતાં, તો બીજાં પ્રબંધો, રાસાઓ અને કથાઓમાં મૂકવા માટે રચાતાં.

મુક્તકો હેમચન્દ્રથી દયારામ સુધીના કાળમાં પ્રત્યેક યુગમાં સારી સંખ્યામાં મળે છે ને લોકસાહિત્યમાં પણ મુક્તક ખૂબ લોકપ્રિય છે. એમાં વિશેષ કરીને શૃંગારરસનું નિરૂપણ થતું.

હેમચંદ્રે ઉતારેલો આ દુહો જુઓ:

વાયસુ ઉડ્ડાવન્તિઅ એ, પિઉ દિટ્ઠઉ સહસત્તિ;
અદ્ધા વલય મહિહિ ગય, અદ્ધા ફુટ્ટ તડત્તિ.

ગુજરાતી પદ્યાનુવાદ

એકાએક પિયુ દીઠો ઉડાડતાં ત્યાં કાગ,
અર્ધાં વલય સરી પડ્યાં, અર્ધાં તૂટ્યાં તડાક.

(કાગડાને ઉડાડતાં સ્ત્રીએ ઓચિંતા એના પિયુને દીઠો. તેની અરધી ચૂડીઓ જમીન પર પડી ગઈ ને અરધી તડાક દઈને તૂટી ગઈ.) વિરહિણી એટલી સુકાઈ ગઈ હતી કે બલોયાં હાથમાંથી નીકળી જતાં. પણ પિયુને જોતાં ઉમંગથી એ એકદમ એટલી પુષ્ટ થઈ ગઈ કે બલોયાં તૂટી ગયાં!

શૃંગારની જેમ દુન્યવી ડહાપણનાં, ઉપદેશનાં મુક્તકો પણ પુષ્કળ મળે છે:

કાપડ ફાટ્યું હોય તો તાણો લઈને તૂણિયે;
કાળજ ફાટ્યાં હોય, તે કોઈ કાળે સંધાય નહિ.

એમાં ઘણી વાર અલંકાર યોજી વક્તવ્યને રોચક બનાવાતું. જેમ કે:

પીપળ પાન ખરંતાં હસતી કુંપળિયાં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.

મુક્તકો માટે પ્રચલિત છંદ તો દુહો જ હતો. પણ માંડણ બંધારાએ ને તે પછી અખાએ ચોપાઈમાં મુક્તકો લખ્યાં છે. એ ચોપાઈઓ ચારને બદલે છ પંક્તિની હોઈ એને 'છપ્પા' નામ ખોટી રીતે અપાયું છે. એમાં અખાનાં મુક્તકો ખૂબ જ લોકપ્રિય બન્યાં છે. નમૂનો:

એક મૂરખને એવી ટેવ...

એકું પાત્ર ને અદકું ભણ્યો,
વઢકણી વહુએ દીકરો જણ્યો;
મારકણો સાંઢ ને ચોમાસું મહાલ્યો,
કરડકણી કૂતરીને હડકવા હાલ્યો;
મરકટ ને વળી મદિરા પીએ.
અખા એથી સહુ કો બીએ.

વત્સરાજ કૃત 'રસમંજરી'માં, શામળની વાર્તાઓમાં તથા નરભેરામમાં આપણને છપ્પામાં લખાએલાં મુક્તકો પણ મળે છે.

મુક્તકનો એક વિશિષ્ટ પ્રકાર ઉખાણાં, સમસ્યા કે પ્રહેલિકા હતો. નીચેનું ઉખાણું જુઓ:

પીળો પણ પોપટ નહિ, કાળો પણ નહિ કાગ;
પાંખા પણ પંખા નહિ, ડંસે પણ નહિ નાગ.

આમાં ભમરાનાં લક્ષણો આપ્યાં છે. ક્યારેક ગણિતના કોયડાઓ પણ પુછાતા. જૈન તેમ જ જૈનેતર કથાઓમાં નાયિકા નાયકને અથવા નાયક નાયિકાને એની બુદ્ધિની કસોટી કરવા, અથવા સમય વિતાવવા સમસ્યાઓ પૂછે છે.

પદ

મુક્તકમાં લાગણી પારાહાર હોય છે, જ્યારે પદમાં પ્રવાહી. શ્રી રામનારાયણ પાઠક 'પદ'નો અર્થ 'ગેય પદ્યરચના' એવો કરે છે, પણ પદને 'લાઘવયુક્ત ગેય પદ્યરચના' એમ કહીએ, તો તે બધાં પદોને લાગુ પડે એવી પદના સ્વરૂપની વ્યાખ્યા ગણાય. અર્વાચીન સંજ્ઞા આપવી હોય તો પદને ઊર્મિકાવ્ય (લિરિક) કહેવાય.

જૈન, શૈવ, શાક્ત, વૈષ્ણવ, વેદાંતી એમ સૌ સંપ્રદાયના કવિઓ પદ રચતા. એમાં, ભજનમાં હોય છે તેમ અગમનિગમની વાતો થતી. સંસારની ક્ષણભંગુરતા દર્શાવાતી ને પરમાત્માનું માહાત્મ્ય ગવાતું; હોળી ને વસંતનાં પદોમાં

શબ્દકથા: 'એકડો' - 'એક્કો'

આંકના પાડામાં વપરાતા 'એકું, ડ, ચોક, પંચું વગેરેનો આપણે વિચાર કર્યો; તો સાથે સંખ્યાવાચકો ઉપરથી બનેલાં બીજાં એકબે શબ્દજૂથનો વિચાર પણ કરી લઈએ.

પહેલાં આંકડાવાચક શબ્દો 'એકડો', 'બગડો' વગેરે તપાસીએ. જેમ નપુંસક લિંગનું રૂપ ('એકકમ્', 'દ્વિકમ્', 'પંચકમ્' વગેરે) સમૂહવાચક તરીકે 'એકું' વગેરેના મૂળમાં છે, તેમ પુંલ્લિંગનું રૂપ આંકડાવાચક શબ્દોના મૂળમાં છે: 'એકકઃ' એટલે 'એકલો' દ્વિકઃ' એટલે 'બે' વગેરે.' 'અંક' શબ્દ પુંલ્લિંગ છે, એટલે તે અનુસાર આ શબ્દોને લઘુતાવાચક 'ડો' પ્રત્યય લાગીને 'એકડો,' 'બગડો' (સં. 'દ્વિક'), 'તગડો' કે 'ત્રગડો' (સં. 'ત્રિક') વગેરે બન્યા છે. 'ચતુષ્ક' ઉપરથી 'ચઉક્ક' અને 'ચોક' થયું હોવાથી 'ચોકડો' એવું રૂપ બનવું જોઈએ; પણ 'બગડો' અને 'ત્રગડો'ના સાદૃશ્યે 'ચોગડો' એવું રૂપ થયું છે. તે જ પ્રમાણે 'છકડો'ને બદલે 'છગડો'. 'પાંચડો, 'સાતડો', 'આઠડો' અને 'નવડો' એ રૂપો પણ સંખ્યાવાચક રૂપને 'ડો' લગાડીને સધાયાં છે. વળી 'અંક' ઉપરથી 'આંક' ઉપરાંત 'આંકડો' પણ થયો જ છે ને?

આ ઉપરાંત ગંજીફાનાં પાનાંને ઓળખવા માટે તેમના ઉપરની ચોકડી, ફૂલી, બદામ વગેરે લઘુ આકૃતિઓની સંખ્યા અનુસાર બનેલા શબ્દો આપણે વાપરીએ છીએ: 'એક્કો', 'દૂડી', 'તીડી', 'ચોક્કો', 'પંચો', 'છક્કો', 'સત્તો', અઠ્ઠો', 'નવ્વો' અને 'દસ્સો'. આમાંથી 'દૂડી' અને 'તીડી' સિવાયના શબ્દો સંખ્યાવાચકને 'ક' પ્રત્યય લાગીને થએલા પુંલ્લિંગ રૂપ ઉપરથી ઊતરી આવ્યા છે. તેમના મૂળમાં 'એકકઃ' 'ચતુષ્કકઃ' 'પંચકઃ' 'ષટ્કકઃ' 'સપ્તકઃ', 'અષ્ટકઃ', નવક" અને 'દશકઃ' એવા શબ્દો છે. ભાર દર્શાવવા વ્યંજન બેવડાયો છે. 'દૂડી' અને 'તીડી' એ રૂપો 'દ્વિક' અને 'ત્રિક'ને લઘુતાવાચક 'ડી' પ્રત્યય (સ્ત્રીલિંગ) લાગીને થયાં છે.

જુદાજુદા પ્રત્યયો લાગીને એક જ શબ્દ ઉપરથી વિવિધ અર્થભેદ વ્યક્ત કરતા કેટલા વિવિધ શબ્દો જરૂર પ્રમાણે ભાષામાં બન્યા છે! 'એક' ઉપરથી 'એકલો' (અને 'એકલ', 'એકલવાયો'), 'એકડો', 'એક્કો' (અને 'એક્કો'), 'એકું', 'એકમ', 'એકાદ' (અને 'એકાદું') 'એકેકું', 'એકાએક', 'એકવડું', 'એકી', 'એકંદર' વગેરે.

હરિવલ્લભ ભાયાણી

હોય છે તેમ રાધા કે ગોપી, ને કૃષ્ણ, શિવ ને બાલડી, નેમિનાથ ને રાજેમતી વગેરેનાં હોળી ખેલવાના પ્રસંગોનું નિરૂપણ થતું. હોળી ઉત્સવના લોકસાહિત્યમાં પણ રાધા ને કૃષ્ણનો આધાર લઈને રચાએલાં હોળીનાં પદો મળે છે:

રાધા કસ્સન રમે હોળીએ રે લોલ,
ઊડે છે કાંઈ અબીલગુલાલ લાલ
કૃષ્ણવાડીમાં કમળ ઊગિયાં રે લોલ.
કૃષ્ણજીને ઉતારા ઓરડા રે લોલ.
રાધાજીને મેડીના મોલ લાલ—કૃષ્ણ૦

જેમ સંભોગશૃંગારનાં પદોમાં હોળી ને વસંતઋતુનું આલંબન લેવાતું તેમ વિપ્રલંભનાં કાવ્યોમાં મહિનાનાં પદોનું સ્થાન પ્રધાનપણે છે. એ પ્રકારનાં પદોમાં કાર્તિક. ચૈત્ર કે આષાઢથી, રાધા કે ગોપીની કૃષ્ણ માટેની, બાલડી કે પાર્વતીની શંકર માટેની, રાજેમતીની નેમિનાથ માટેની કે શક્તિભક્તની માતા માટેની વિરહવેદનાનો આરંભ થતો. દરેક મહિને વિરહ ઉત્તરોત્તર વધતો જતો ને બારમે મહિને પ્રિયજન કે ઇષ્ટદેવનું મિલન થતું. એમાં પ્રત્યેક મહિનાનું પ્રકૃતિચિત્ર નિરૂપાતું ને લોકના રિવાજનું પણ ચિત્રણ આવતું. આ સ્વરૂપ ધર્મભાવના સાથે એવું સંકળાએલું હતું કે સામાજિક બારમાસીનું પણ ધાર્મિક પરિભાષામાં આલેખન થતું. આવા એક પદમાં એક નાનીશી પરણેલી કિશોરીને સાસરેથી આણું આવતું નથી તેથી તે મૂંઝાય છે, તેનું આલેખન આ રીતે થયું છે:

કારતકે કૃષ્ણજી સિધાવિયા,
રાણી રૂખમણિ સજે શણગાર,
કોઈ કહે કૃષ્ણજી આવિયા,
એને આલું નવસર હાર,
કે આણાં મોકલને મોરાર.

પતિ શહેરમાં રહે છે અને પત્ની નાની છે તેથી આણાં આવતાં નથી. અગિયાર મહિનાના વિરહ પછી પતિ સંદેશો મોકલે છે કે:

આણાં આણાં શું કરો,
ને ગોરી આણાં જેવડાં થાવ.

ત્યારે એ સામેથી સંદેશો મોકલે છે કે:

આણાંનો નથી ઓરતો,
મારે નગર જોયાના લહાવ.

આમ. આ પદમાં તો રાધાકૃષ્ણનું નામ જ છે, બાકી પદ સામાજિક છે. વળી, પદોમાં શૃંગારરસનું પ્રાધાન્ય એટલું બધું હતું કે જૈન સાધુઓ અને સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ પણ જીવાત્મા–પરમાત્માનો સંબંધ શૃંગારરસની પરિભાષામાં નિરૂપતા. જેમ કે સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રેમાનંદ સ્વામીનું નીચેનું પદ:

સખી મને પ્રીત બંધાણી કોડીલા કાનમાં રે,
નેણામાં વાસ જ કીધો રે શામળિયા વાનમાં રે.
અધરરસ પાન જ કરયા રે, વશ થયા નાથને રે,
પ્રેમે ઉર પર ધરવા રે ભુજદંડ હાથને રે.

પદોની ઉત્પત્તિ અને વિકાસમાં મંદિરોનો પણ મહત્વનો ફાળો હતો. મંદિરોમાં મૂર્તિનાં ભિન્નભિન્ન સ્વરૂપે. ભિન્નભિન્ન સમયે દર્શન થતાં. ને દર વખતે એ દર્શનને અનુરૂપ પદો ગવાતાં. આરતીને સમયે આરતીનાં, રાજભોગ સમયે થાળનાં, શણગાર સમયે શણગારનાં, હોળીના સમયે વસંતનાં પદો ગવાતાં અને એ સમયની માગને પૂરવા પદો રચાતાં. આપણી ભજનસંસ્થાઓએ પણ પદની રચનામાં સારો એવો ફાળો આપ્યો છે. ભજનમાં આગમનિગમની વાતો થતી, ઈશ્વરનો મહિમા ગવાતો, જીવનું મિથ્યાત્વ સમજાવતું. દાખલા તરીકે:

જાગીને જોઉં તો જગત દીસે નહીં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે.
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

અથવા

જૂનું રે થયું રે દેવળ જૂનું રે થયું.
મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું.
આ રે કાયા રે હંસા. ડોલવાને લાગી રે;
ઊડી ગયો હંસ, પિંજર પડી રે રહ્યું.

પદ નાનું કાવ્યરૂપ હોવા છતાં એમાં કથાઓ પણ આવતી. જૈન સાહિત્યની સજ્ઝાય (સ્વાધ્યાય) માં 'ઈલાચીપુત્રની સજ્ઝાય' જેવી કથાઓ આવતી. રઘુનાથકૃત 'નરસિંહ મહેતાની હૂંડી' જેવાં કથાપ્રધાન પદો પણ મધ્યકાળમાં મળે છે. આ કથાઓ ક્યારેક નાટ્યાત્મક રીતે કહેવાતી. એમાં સંવાદનું પ્રાધાન્ય રહેતું. ભોજાનું 'કાચબાકાચબીનું ભજન', ધીરાનું 'કપોતકપોતી' વિષેનું પદ કે 'હોલાહોલીનું પદ' આ જાતનાં નાટ્યાત્મક પદો છે.

જૈન સાહિત્યનાં ચૈત્યવંદન કે સ્નાત્રપૂજા અથવા કળશનો પણ અહીં ઉલ્લેખ કરવો જોઈએ. ચૈત્યવંદન એટલે મંદિરસ્થ દેવનું સંકીર્તન અને સ્નાત્ર પૂજા તે એવા દેવને નવડાવતાં કે પુષ્પ ચડાવતાં ગવાતાં પદો.

પદનો પ્રવાહ નરસિંહથી માંડીને દયારામ સુધી અખંડ વહ્યો જાય છે. આ ગાળામાં અન્ય કાવ્યપ્રકારો ઉદ્ભવ્યા અને વિકસ્યા, પણ તેથી પદને કશી બાધા નડી નથી: કારણ કે હરેક પ્રકારની ઊર્મિને કે વિચારને વ્યક્ત કરવાનું એ પ્રકારમાં સુગમ થઈ પડતું.

(પરિચય પુસ્તિકા) —ચન્દ્રકાન્ત મહેતા

નવાં પ્રકાશનો

મનવાર: કવિશ્રી રામનાથ વ્યાસ 'પરિકર'ના રાજસ્થાની કાવ્યોનો સંગ્રહ. આકાર અને વસ્તુભાવજતની દૃષ્ટિએ આધુનિકતાવાદની છાયા પ્રગટ કરતી આ કૃતિઓ કવિના કાવ્યાભિગમ અને કલાસાધના પ્રગટ કરી રહે છે. રાજસ્થાની ભાષામાં પણ કાવ્યગંગોત્રી છે એની પ્રતીતિ આ સંગ્રહની કૃતિઓ સહેજે કરાવી આપે છે. રાજસ્થાન લેખક સહકારી સમિતિ લિ. જયપુર; પાકું પૂંઠું; પૃ. ૧૨૪; રૂ. ૪

લેનિન કાવ્ય-કુસુમાંજલી: લેનિનને એમની વિચારધારામાં વિશ્વાસ પ્રકટ કરતી રશિયન ભાષાના બાર કવિઓની કવિતાનો રામનાથ વ્યાસ 'પરિકરે' કરેલો રાજસ્થાની અનુવાદ સં.: રાવત સારસ્વત; પુસ્તિકાને અંતે તેના બારે કવિઓના મિતાક્ષરી પરિચય સાથે; પ્ર. રાજસ્થાન ભાષાપ્રચારસભા, ડી–૨૮૨, મીરાં માર્ગ, બની પાર્ક, જયપુર (રાજસ્થાન); પાકું, પૃ. ૭૦, રૂ. ૫.

ગીતસહકાર: નૂતન ભારતની ઊર્ધ્વયાત્રામાં સહકારના માહાત્મ્યને બિરદાવતી આ ગીતરચનાઓ કૃષિ, ઉદ્યોગ, ગ્રામવિકાસ આદિ વિષયોને આવરી લે છે. દેશપ્રેમ અને વિશ્વબંધુત્વથી આ રચનાઓ પરિપ્લાવિત છે. રાજસ્થાનની જનતા સમક્ષ રાજસ્થાની ભાષાનાં ગીતોમાં આ નવીન દૃષ્ટિસંપન્ન ગીતો પ્રથમ વાર જ રજૂ થાય છે. લે. રામનાથ વ્યાસ—'પરિકર': પ્ર. સંસ્કૃતિ સદન, રામપુરા બજાર, કોટા (રાજસ્થાન); કાચું પૂંઠું; પૃ. ૩૨; રૂ. ૨.

બંગભારતી: સાંપ્રત સમસ્યાઓ અને બનાવોથી સર્જક અલિપ્ત નથી રહી શકતો એની પ્રતીતિ કરાવતી. બંગલા દેશના મુક્તિસંગ્રામને સંદર્ભમાં રાખી લખાએલી સર્વશ્રી 'પરિકર' અને કૈલાસ જોશીની ૩૦ હિંદી કાવ્યકૃતિઓની પુસ્તિકા. પ્ર. સરોજારુણ પ્રકાશન. વિક્રમ ચોક, લાડપુરા, કોટા (રાજસ્થાન); કાચું પૂંઠું; પૃ. ૪૨; રૂ. ૪.

કેતકી: ગીત, ગઝલ, ભજન, મુક્તક અને હાઈકુ મળી લગભગ ૧૦૦ થી વધુ કૃતિઓનો આ પ્રથમ કાવ્યસંગ્રહ એના કર્તા શ્રી દાઉદ જરગેલા 'કંટક'ની મુગ્ધ કાવ્યસાધનાનો દ્યોતક છે. ગઝલમાં અને ભજનમાં કવિની શક્તિ અભિવ્યક્તિ જેટલાં પ્રગટ્યાં છે તેટલાં ગીત અને હાઈકુમાં જણાતાં નથી. આરંભમાં સાહજિક રીતે ઊપડતું ગીત સમાનતા પ્રવેશતાં જાણે અંત સુધી પહોંચતાં અળપાઈ જાય છે. પૃ. ૮ ઉપરનું ૧લું કે પૃ. ૫૭ ઉપરનું ૨જું હાઈકુ છે એવાં સફળ ઉદાહરણો ઓછાં. પરંતુ એમની રચનામાં, રચનાકૌશલની વાત બાજુએ મૂકીએ તો, લાગણીનો સહજ ધક્કો કળાયા વગર રહેતો નથી. કેટલીક રચનાઓમાં એમની પ્રયોગાત્મક દૃષ્ટિ પણ વરતાય છે. એમના આ પ્રથમ સંગ્રહમાં પ્રગટ થએલી શક્યતાઓ એમને ભવિષ્યમાં સફળ કાવ્યરચના તરફ દોરી જશે એની પ્ર

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં
જીવન તેમ જ કવનનો પરિચય

[૩૭] કરાવનાર · જલન માતરી



'ચંદ્ર' પરમાર

'અલ્લામા પરવેઝ'ના ઉપનામથી 'સંદેશ'ની સાંજની આવૃત્તિ 'સેવક'માં 'શએર-એ-શાયરી'ના દર સોમવારે પ્રગટ થતા 'મહેફિલ' વિભાગનું સંપાદન કરનારા. 'સંદેશ'માં વાર-તહેવાર, મેળા વગેરે પ્રાસંગિક ફોટા-ફીચર અને 'જનાબે આલી' નામક સ્તંભની સામાજિક લેખમાળાઓ લખીને નામના મેળવનારા શ્રી રામચન્દ્ર પગુભાઈ પરમારને ગુજરાતના સાહિત્યરસિકો 'ચંદ્ર પરમાર'ના નામે ઓળખે છે. આશરે ૧૯૪૯-'૫૦માં સ્થપાએલા 'અમદાવાદ ગઝલપ્રિય મંડળ'માં જોડાઈ, ખજાનચી, મંત્રી અને પ્રમુખના હોદ્દા સંભાળી ગઝલ–સાહિત્ય-સેવામાં સક્રિય ફાળો આપનારા ભાઈશ્રી 'ચન્દ્ર' અચ્છા શાયર છે.

જન્મ: તા. ૨૬ જૂન ઈ. ૧૯૨૦ (અષાઢ સુદ ૧૧ સં.૧૯૭૬) શનિવાર; જન્મસ્થળ: બાબી નવાબ બહાદુર સ્થાપિત રાધનપુર સંસ્થાનનું પ્રથમ રાજધાનીનું ગામ સમી. વઢિયાર પ્રદેશમાં એ ગામડાંઓનું મુખ્ય વેપારી મથક હોવાથી શહેર ગણાય છે. હાલમાં તે મહેસાણા જિલ્લામાં છે.

સામાન્ય સાત અંગ્રેજી ધોરણનો અભ્યાસ પામેલા ભાઈશ્રી ચન્દ્ર હિન્દી, ઉર્દૂ ને મરાઠી ભાષાઓનું સારું જ્ઞાન ધરાવે છે. વ્યવસાયે વૈદ્ય હોવા ઉપરાંત ઈ. ૧૯૫૦થી લેખન પ્રવૃત્તિ આરંભી આજ દિવસ સુધી સાહિત્યના ક્ષેત્રમાં ચમકતા રહ્યા છે.

દર રવિવારે 'જનસત્તા'ની સાપ્તાહિક પૂર્તિમાં છેલ્લાં પાંચ વર્ષથી 'અતીતે અમદાવાદ' સ્તંભ દ્વારા એકધારી માહિતી નિયમિત આપતા. જેમાં તેમણે અમદાવાદના ઇતિહાસ સંબંધી અનેક સંશોધનલેખો પ્રગટ કર્યા છે. એ જ વિભાગમાં પ્રગટ થએલી ગુજરાતના સંત-શિરોમણિ હઝરત શાહ વજીહુદ્દીન ગુજરાતી (રહ.)ની લેખમાળા પુસ્તક રૂપે પ્રગટ થઈ છે. એ ગુજરાતના અગ્રિમ કવિ અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ઉમાશંકર જોશીને અર્પણ કરવામાં આવ્યું છે.

રાધનપુરના વઢિયાર પ્રદેશની લોકબોલીમાં રચેલાં તેમનાં લોકગીતો ગુજરાતનાં લોકગીતોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. શ્રી ઉશનસ્ જણાવે છે કે ગુજરાતનાં લોકગીતોની વાત કરતા પ્રદ્યુમ્ન તન્ના ને ચન્દ્ર પરમાર એકદમ યાદ આવે છે. એમણે લખેલું બાળસાહિત્ય પણ વઢિયારી ગીતોની જેમ સારું સ્થાન મેળવી જશે. ઇતિહાસના વિષયમાં અભ્યાસી ઇતિહાસકાર, ગીતોના ક્ષેત્રમાં કુશળ ગીતકાર અને ગઝલના મેદાનમાં અચ્છા એ શાયરના શેરોનો આસ્વાદ લઇએ:

કરો છો પ્રહારો અમારા ઉપર પણ
તમારા પ્રહારો તમોને જ નડશે!
કે એવી અનોખી છે શક્તિ હીરામાં
હૃદય તેજ ફોલાદનું વીંધવાની.

✲

અમોએ જિંદગી જીવવા જરા યે ના કસર કીધી,
સમય આવ્યો કસરનો તો અમે જગથી સફર કીધી.
સફર કરનાર દરિયાની કદી દરિયો નહીં માપે,
બને કીધી મહોબ્બત પણ કશું જાણ્યા વગર કીધી.

✲

હાથ જ્યાં મૂક્યો અમે સુંદર તમારા હાથમાં,
ત્યાં જ બસ આવી ગઈ દુનિયા અમારા હાથમાં,
રંગ મેંદીના ચૂમું છું હાથમાંથી એમ તો
મેં મફત દીધું નથી આ શર તમારા હાથમાં.

✲

મઝાથી ડોલતો ગાતો પવનનો જાય છે દરિયો,
મને તો એક પારેવું ફક્ત દેખાય છે દરિયો;
ડુબાવી આભ નિજમાં આભ થઇ લે'રાય છે દરિયો
નયનના કોઈ ખૂણામાં લપાઈ જાય છે દરિયો.

✲

બધે અંધાર ભાસે છે સિતારા પણ હવે ડૂબ્યા,
ખબર પડતી નથી મુજને વધારે શું થવાનું છે.
ખીલેલો ચંદ્ર ડૂબ્યો ને ચમકતી રાત આ ચાલી.
ડરી જાશે દીપક ત્યારે પછી શું થવાનું છે?

✲

ગગન ફરતું ધરા ફરતી અખિલ બ્રહ્માંડ આ ફરતું,
છતાં શાને નથી ફરતી અમારી અવદશા આજે.
તમારી લાખ વાતોનો અમે ઈકરાર કીધો છે,
અમારી વાત એક જ છે કહો એકવાર 'હા' આજે!

✲

વદન પરથી પરદો તમે ના હટાવો,
નજર લાગશે ચંદ્રની ચાંદની પર.

✲

સૂર્યને પણ કેવી ઇર્ષ્યા થઈ ગજબની
કે મૂકાવ્યું ચંદ્રને પણ ઘર સવારે.

✲

નજર આવી રીતે ફેંકો નહીં આકાશમાં હરદમ
નહીંતર ચંદ્ર પણ બેહોશ થઈ પડશે ધરા ઉપર,
સિતારા છો ફરે નિશદિન જગતની ભાગ્યરેખા લઈ
કે મારું ભાગ્ય ઝળકે છે ફક્ત બે તારલા ઉપર.

✲

ધરા ઉપર કફન ઢાંક્યું, ગગન ઉપર કફન ઢાંક્યું;
નયન બીડી અમે ચૌદે ભુવન ઉપર કફન ઢાંક્યું.

✲

જીવનમાં એમ મૃત્યુની અમે ઊંડી અસર જોઈ,
ખીલેલી પાનરેખામાં ખીલેલી પાનખર જોઈ.

✲

સદા અવતાર લે છે જ્યાં સિતારા, ચંદ્ર ને સૂરજ
પ્રવાસી કેમ ના આવે નયન જેવું નગર જોઈ?
બલેને ભાગ્યવશ ઉન્નત બની હરખાય છે કોઈ;
શિખર પર જે હતી રજ એ રખડતી દરબદર જોઈ.

✲

ચહો છો ભૂલવા કિંતુ નહીં ભૂલી શકો અમને
અમે વિદ્યુત નથી કે તુર્ત અંતર્ધ્યાન થઈ જાશું.
સિતારો શુક્રનો ઝંખાય છે ક્યાં ચંદ્રની સામે!
અમે પણ આપના સાંનિધ્યની એ શાન થઈ જાશું.

✲

અમારા બેઉ હાથોમાં હિરાઓની કરામત છે,
અહીં જો સૂર્ય ડૂબે તો અહીં છે ચંદ્ર તારાઓ.
ફરે છે જિંદગી ચક્કર અરે એવી હિફાઝતથી;
પ્રિયાકરમાં ફરે છે જે રીતે નસ્બીના પારાઓ.

✲

તમારી સ્નેહદૃષ્ટિ તો અમારા દિલની રોનક છે,
અરીસાની ચમક જેવી રીતે નિર્ભર છે પારા પર.

✲

તમે જ્યાં નેણ ઢાળ્યાં ત્યાં મને ઊલટે નજર આવ્યું
ધરા પર ચાલનારો તે ગગનમાં ચાલતો'તો હું.
તમારો પત્ર મારાથી કહો વંચાય શી રીતે!
હતા તો શ્યામ અક્ષર પણ સિતાર દેખાતો'તો હું.

✲

કલા પણ શ્રેષ્ઠ સાધી છે તમે ગિરગિટના કરતાં.
કે જેનું ચિત્ર દોરે એ ચિતારા થઈ નથી શકતા.
તરંગોથી યે ચંચલ છું અને તેથી તમારા સમ,
મને જકડી શકે એવા કિનારા થઈ નથી શકતા.

તીતિ કોઈ પણ વાચકને આ સંગ્રહથી થયા વગર રહેશે નહિ. (પ્ર. ઈકબાલહુસેન દાઉદભાઈ જરગેલા, ૭, સ્ટાફ ક્વાર્ટર્સ, શૉરૉક મિલ, નડિયાદ, કાચું પૂઠું; પૃ. ૭૨; રૂ. ૩.)

નિસર્ગ: દાયકા ડોઢ દાયકાની પોતાની કાવ્યપ્રવૃત્તિમાંથી ચૂંટેલી ૬૪ જેટલી કાવ્યરચનાઓના આ પ્રથમ સંગ્રહમાં એના કવિ શ્રી અમૃતલાલ દવેએ સૉનેટ, ગીત, ભજન, મુક્તક આદિ વૈવિધ્ય સંગૃહીત કર્યું છે. સંગ્રહના નામ પ્રમાણે 'નિસર્ગ' આ કવિનો પ્રિય વિષય રહ્યો છે, તો માનવહૈયાના નિસર્ગવિશેષ જેવા પ્રણયને પણ એમણે નિરૂપ્યો છે. ગીતોના લય કરતાં સંસ્કૃત વૃત્તો ઉપર કવિની હથોટી વધુ સફળ થએલી જોવા મળે છે. આ પ્રથમ કાવ્યસંગ્રહ વધુ સારી રચનાઓવાળા બીજા સંગ્રહની અ-

પેક્ષા જગાડે તેવા છે. (પ્રકા. સા. સરસ્વતીબેન તુ. દવે, 'ગુરુનિવાસ', મુ. પો. વણાદરા, જિ. વડોદરા; કાચું પૂઠું; પૃ. ૬૯; રૂ. ૨-૫૦.)

સેલાબ: ૬૪ જેટલા કવિઓની કાવ્યરચનાઓ—ગીતો, ગઝલો, મુક્તક, છાંદસરચનાઓ, વગેરે—નો આ સંગ્રહ લગભગ સોએક જેટલી નવી-જૂની કાવ્યરચનાઓને રજૂ કરે છે. સંપાદનના કોઈ વિશેષ હેતુ વગરનો આ સંગ્રહ અનેક કવિઓને એકસાથે વાંચવાનો મોકો પૂરો પાડે છે. (સં. ફિગાર વસોવાળા, પ્રકા. કાન્તિ સૂતરિયા, નિર્મલા મૅકવાન; નૅશનલ પાર્ક સોસાએટી, બ્લૉક ૩ એ, મિશન રોડ, નડિયાદ; કાચું પૂઠું; પૃ. ૮૮; રૂ. ૨-૫૦.)

કવિકુલગુરુ મહાકવિ કાલિદાસ: અમર કવિ કાલિદાસના જીવનની ઝરમર, બાલભોગ્ય ભાષાશૈલીની આ સચિત્ર પુસ્તિકામાં શાસ્ત્રી ગોવર્ધનેશ વિઠ્ઠલજી જોશીએ રસાળ રીતે નિરૂપી છે. (પ્રકા. સુરેશ પુસ્તકાલય, ખપાટિયા ચકલા, સુરત; કાચું પૂઠું; પૃ. ૬૪; રૂ. ૧-૫૦.)

રણટંકાર: ભારત-પાકિસ્તાનના છેલ્લા ઐતિહાસિક યુદ્ધથી સ્ફુરેલાં ૩૨ ગીતોનો સંગ્રહ (લે. હિંમતલાલ ઉમિયાશંકર દવે; પ્ર. નિહારિકા પ્રકાશન: ૧, નીલમ સોસાએટી, અમદાવાદ-૬; કાચું પૂઠું; પૃ. ૩૫; રૂ. ૧)

શરણાગતિ: જીવનશાંતિનો પરમોપાય છે પ્રભુભક્તિ. એ ભક્તિથી અહંનાશ થાય છે અને જગત આત્મવત્ લાગે છે. આપણી ભક્તિપરંપરાને બિરદાવતા આ પુસ્તકમાં જુદાં જુદાં દૃષ્ટાંતો દ્વારા ઈશ્વર-શરણાગતિનું માહાત્મ્ય ગાવામાં આવ્યું છે. (લે. નટવરલાલ મહેતા; પાકું પૂઠું; પૃ. ૨૦૩: મૂલ્ય જણાવ્યું નથી.)

જ્ઞાનસંચય: જીવનને પરમતત્ત્વાભિમુખ કરે તેવી ૩૭ સંસ્કૃત સૂક્તિઓ અહીં સરળ ગુજરાતી અનુવાદ સાથે રજૂ થઈ છે. જ્ઞાન-ભક્તિ-કર્મ વગેરેની મહત્તા સમજાવતાં આ સૂત્રો સંગ્રહકર્તાને પથપ્રદર્શક નીવડ્યાં છે તેમ વાચકોને પણ નીવડશે જ, એ આ પુસ્તકના પ્રકાશન પાછળનો શુભાશય છે. (સં. હરિલાલ મા. ભટ્ટ; પ્ર. પોતે પ્રાણકુંજ સોસાએટી. અમદાવાદ ૨૨; કાચું પૂઠું; પૃ. ૨૩; કિં. જણાવી નથી.)

ગુજરાતમાં સર્વોદય આંદોલન: મહાત્મા ગાંધી પછી વિનોબાજીએ સર્વોદયનું જે આંદોલન ચલાવ્યું તેનો ગુજરાતમાં કઈ રીતે પ્રચાર પ્રસાર થયો તેનાં પરિણામો અને અપેક્ષાઓનો અહીં સંક્ષેપમાં નાગરી લિપિમાં ખયાલ આપ્યો છે. લે.-પ્રકા. કાંતિ શાહ, ગુજરાત સર્વોદય મંડળ, ગુજરાત પાગા, વડોદરા -૧; (કાચું પૂઠું; પૃ. ૪૪; કિંમત જણાવી નથી.)

ઉત્કર્ષ: સરદાર વલ્લભભાઈ સમાજસેવા ટ્રસ્ટસંચાલિત યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ (નડિયાદ)નું ઈ. ૧૯૭૦નું મુખપત્ર. વિદ્યાર્થિનીઓના લેખો, કાવ્યો ને વાર્તાઓ એમની પાંગરતી સર્જનશક્તિનાં દર્શન કરાવે છે.

સંસ્થાપરિચય: ઉપર્યુક્ત ટ્રસ્ટ સંચાલિત નડિયાદની શ્રી ધર્મસિંહ દેસાઈ ટેકનિકલ હાઈસ્કૂલનો સર્વાંગી પરિચય કરાવતી પુસ્તિકા.

બાલગોવિંદ પ્રકાશન

ગાંધી માર્ગ · અમદાવાદ-૧

ગીતાંજલિ અને બીજાં કાવ્યો: શ્રી નગીનદાસ પારેખ જેવા સિદ્ધ અનુવાદકે કરેલા કવિવર રવીન્દ્રનાથની યશસ્વી કૃતિ 'ગીતાંજલિ'ના સરસ અનુવાદ ઉપરાંત ટાગોરનાં કેટલાંક બીજાં કાવ્યોનો પણ એમણે અહીં સારો અનુવાદ આપ્યો છે. મૂળ બંગાળી અને અંગ્રેજી 'ગીતાંજલિ'માંથી ચૂંટેલાં એકસોઅગિયાર કાવ્યોની સાથે 'બીજાં કાવ્યો'માં ટાગોરનાં ભિન્નભિન્ન શૈલીમાં લખાએલાં સાત સુખ્યાત કાવ્યોનો સમાવેશ કરેલો છે. મુખ્યત્વે માત્રામેળ લય પર આધારિત ભજનોના ઢાળમાં આ અનુવાદો થએલા છે; તો કેટલાંક કાવ્યોનો અનુવાદ ગદ્યમાં પણ થયો છે. મૂળ કૃતિની અર્થવ્યંજના અનુવાદમાં બરાબર ઊતરે એની અનુવાદકે પૂરેપૂરી તકેદારી રાખી છે, અને તેથી જ એ આસ્વાદ્ય થઈ શક્યાં છે. (પાકું પૂઠું, પૃ. ૧૪૬, રૂ. ૬ ૫૦)

નૈવેદ્ય: રવીન્દ્રનાથના ઉક્ત સંગ્રહની કાવ્યકૃતિઓ 'ગીતાંજલિ'ની રચનાઓ કરતાં જુદી તરી આવે છે તેનું કારણ તેની અઘરી ભાષાશૈલી. ૧૯૦૦-૧૯૦૧ના ગાળામાં લખાએલાં 'નૈવેદ્ય'નાં કાવ્યોમાં સંસ્કૃતપ્રચુરતા છે. એક રીતે 'ગીતાંજલિ'ના કવિની પૂર્વભૂમિકા બની રહેલી આ કૃતિઓમાં ટાગોરનો પ્રભુપ્રેમ અને દેશપ્રેમ એકત્વ પામીને વ્યક્ત થયો છે. સાચો પ્રભુભક્ત માનવપ્રેમ અને વિશ્વપ્રેમથી વંચિત રહી જ ન શકે; એટલે અહીં માનવપ્રેમનાં અને વિશ્વપ્રેમનાં કાવ્યો પણ આસ્વાદી શકાશે. ઈ. ૧૯૬૪માં 'વૈષ્ણવજન'માં હપતે હપતે પ્રગટ થએલા શ્રી નગીનદાસ પારેખના આ અનુવાદોના આમ પુસ્તકાકારે પ્રકાશનથી ટાગોર ચાહકોને એમની મહત્ત્વની કાવ્યરચનાઓનો આસ્વાદ અહીં મળી રહે છે. (પાકું પૂઠું; પૃ. ૧૦૦; રૂ.૩-૫૦)

રસેલના વાર્તાલાપ: વીસમી સદીના વિશિષ્ટ અને વિવાદાસ્પદ વિચારક બર્ટ્રાન્ડ રસેલનાં ધર્મ, સમાજ, રાષ્ટ્ર, સામ્યવાદ, મૂડીવાદ, યુદ્ધ, તત્ત્વજ્ઞાન, સુખ આદિ વિષેનાં મંતવ્યોને પ્રગટ કરતા વાર્તાલાપોના મૃદુલા મહેતાએ કરેલા આ અનુવાદમાં નીડર ને નિખાલસ વિચારક તરીકેની રસેલની વ્યક્તિમુદ્રા ઊપસી તો આવે છે પણ એમાં ગુજરાતી વાક્ય લઢણોનો વધુ ખયાલ રખાયો હોત અનુવાદ વધુ રોચક થઈ શક્યો હોત. કુલ અગિયાર પ્રકરણમાં વહેંચાએલી આ પુસ્તિકા રસેલના જન્મ-શતાબ્દી વર્ષનું જેમ સમ્યક્ તર્પણ બની રહે છે, તેમ પુસ્તકને અંતે શ્રી 'દર્શક' રસેલને આપેલી ભાવાંજલિમાં પણ એ ઋષિ-વ્યક્તિત્વનો સારો પરિચય મળી રહે છે. (પાકું પૂ. પૃ. ૧૧૬; રૂ. ૩)

સંતોના અનુજ: સંતોના પ્રેરણાદાયી જીવન વિષે આપણે અહોભાવ રાખી કેવળ શુષ્ક પાઠ કરતા હોઈએ છીએ. પણ વ્યવહારજગતની સામાન્ય વ્યક્તિમાં જ્યારે આ સંતપણાનો આવિષ્કાર જોવા મળે છે ત્યારે માનવી મન વધુ પ્રેરિત બને છે. એમાં એમને વાસ્તવિકતાનો અંશ દેખાય છે. સંસારમાં રહીને ખરા હૃદયનું સંતત્વ પ્રગટ કરી જનાર તેર વ્યક્તિઓનાં આ સ્મૃતિચિત્રો સ્વામી આનંદ જેવા લેખકની રસળતી શૈલીએ વાચન મધુર બન્યાં છે. અગાઉ સામયિકોમાં પ્રગટ થએલા લેખો અહીં સુધારાવધારા સાથે ગ્રંથાકારે પ્રસિદ્ધ થયા છે ત્યારે સત્ત્વશીલ વાચનસામગ્રીમાં એક સારો ઉમેરો થાય છે. તાજગીભર્યાં આ સ્મૃતિચિત્રોમાંથી પ્રેરણા અને આનંદ બંને મળી રહે છે. (પાકું પૂઠું; પૃ. ૨૫૫; રૂ. ૧૦)

રાત પણ રડી પડી: સામાજિક અન્યાયો સામે પ્રતિકાર કરવાના ગાંધીજી-ચીંધ્યા અહિંસક વિચારને કેન્દ્રમાં રાખીને ગામડાનું ભાવજગત અને સામાજિક જીવન આલેખતી શ્રી નવલભાઈ શાહની રાજ્યપુરસ્કૃત લઘુનવલની બીજી આવૃત્તિ. અન્યાય સામે ન્યાયના ઘર્ષણથી જે જાગ્રતિ આવે છે તે અહીં અમથાભાભાના પાત્રમાં અને ગ્રામસમાજના આલેખનમાં જોઈ શકાય છે. વાર્તાની લખાવટ પણ એને આસ્વાદ્ય બનાવે છે. (પાકું; પૃ. ૧૯૯; રૂ. ૪-૫૦)

ખોવાએલા તારા: વિશ્વના નીવડેલા વિવિધ વાર્તાકારોની વીસ સફળ વાર્તાઓનો ઠાકુભાઈ રતનજી દેસાઈએ આપેલો આ સુંદર અનુવાદ લગભગ ૩૭ વર્ષ પહેલાં પ્રથમ પ્રગટ થયા પછીથી અલભ્ય બની ગયો હતો. ઘણા વાચકો અને વિવેચકોની ચાહના પ્રાપ્ત કરી ગએલી એ પુસ્તકની આ બીજી આવૃત્તિ, વંચિત રહી ગયેલા વાચકોને વિશ્વવાર્તાના પ્રદેશમાં આનંદપ્રવાસ કરાવશે. (પાકું પૂઠું; પૃ. ૧૯૫; રૂ; ૫-૫૦)

ટૅન્ક સામે લોક: તાજેતરમાં ચેક પ્રજા અને અમાનુષી સામ્યવાદી આક્રમકો વચ્ચે જે ઘર્ષણ થયું, અને શસ્ત્રસજ્જ સૈનિકો સામે નિઃશસ્ત્ર માનવોએ જે યુદ્ધ ખેલ્યું તેનો રોમાંચક અને પ્રેરણાદાયી અહેવાલ. માનવના દિલમાં પડેલી સ્વાતંત્ર્ય-ઝંખનાને ટૅન્ક પણ કચડી શક્તી નથી એ પ્રતીતિ આ પુસ્તક કરાવી આપે છે. ચેકોસ્લોવાકિયાની પ્રજાનું આ યુદ્ધ

હિંસા સામે અહિંસાના વિજયની ગાથા છે. મૂળ હિંદીમાં લખાયેલ શ્રી નારાયણ દેસાઈના પુસ્તકનો અમૃત મોદીએ કરેલો સુવાચ્ય સંક્ષેપ. (પાકું પૂઠું; પૃ. ૧૪૪; રૂ. ૩ ૫૦)

બાંગલાદેશ મુક્ત બને છે: તાજેતરના વિશ્વતખ્તા પર ભજવાએલા બંગલા દેશના મુક્તિસંગ્રામે સૌ કોઈનું ધ્યાન દોર્યું છે. સશસ્ત્ર હિંસક રાજસત્તા સામે નિઃશસ્ત્ર પ્રજાના પ્રતિકારની કરુણતાભરી આ વિજયગાથા વિશ્વના ઇતિહાસની અભૂતપૂર્વ ઘટના લેખાઈ છે. એ સંગ્રામનો કડીબદ્ધ ઇતિહાસ નરહરિ ભટ્ટે આ પુસ્તકમાં રજૂ કર્યો છે. (પાકું પૂઠું; પૃ. ૧૪૦; રૂ. ૩-૯૦)

અખબારી સ્વાતંત્ર્ય કાજે: આજે તો અખબારને જનતાજનાર્દનનું મુખ ગણવામાં આવે છે. પરંતુ વર્ષો પહેલાં અમેરિકામાં પણ અખબારને સ્વાતંત્ર્ય નહોતું ત્યારે પ્રજામતની મુક્ત અભિવ્યક્તિ માટે અખબારી સ્વાતંત્ર્યનો સંગ્રામ ખેલનાર પત્રકાર પીટર ઝેંગરનો અહીં સંક્ષિપ્ત અને રસિક વૃત્તાંત રજૂ કરવામાં આવ્યો છે. (લે. ઈશ્વરભાઈ પટેલ; કાચું પૂઠું; પૃ. ૬૮; રૂ. ૧-૫૦)

દાદાની વાણી: રવિશંકર મહારાજના વાર્તાલાપોમાંથી પ્રેરણાત્મક સૂક્તિઓનો શિવાભાઈ જે. પટેલ અને મુકુલ કલાર્થીએ કરેલો સંચય. (કાચું; ગુટકા કદનાં પૃ. ૧૦૫; ૭૫ પૈસા)

કારવર: ખ્યાતનામ હબસી વૈજ્ઞાનિક જ્યોર્જ વૉશિંગ્ટન કારવરની વીણા શાહે કરેલી સંક્ષિપ્ત જીવનઝાંખી. (કાચું પૂઠું; ગુટકા કદનાં પૃ. ૩૧; ૫૦ પૈસા).

શ્વાઈટ્ઝર: જર્મનીમાં જન્મી આફ્રિકાની અજ્ઞાન ને પીડિત પ્રજાને પોતાના તબીબી જ્ઞાનનો લાભ આપનાર નિઃસ્વાર્થી સેવાભાવી ડૉ. આલ્બર્ટ શ્વાઈટ્ઝરની, વીણા શાહે લખેલી સંક્ષિપ્ત ચરિત્રરેખા. (કાચું પૂઠું. ગુટકા કદનાં પૃ. ૩૧: ૦ ૫૦ પૈસા).

આપણાં બાળકોને ઓળખીએ: મા-બાપ જ સાચાં શિક્ષક છે એ ન્યાયે પ્રત્યેક મા બાપે પોતાના સંતાનને સાચી રીતે કેમ ઓળખવું ને એના વિકાસમાં કઈ રીતે સહાયભૂત થવું તેનું માર્ગદર્શન ચુનીભાઈ શાહે આ પુસ્તકનાં ૨૧ પ્રકરણોમાં આપ્યું છે. પ્રત્યેક મા-બાપે વાંચી જવા જેવું આ પુસ્તક બાળકેળવણીના ક્ષેત્રમાં ઉપયોગી અર્પણ છે. (પાકું પૂઠું: પૃ. ૧૭૨; રૂ. ૩ ૭૫.)

બાલવાડી: પૂર્વબુનિયાદી બાલશિક્ષણના નવાનવા અખતરા થઈ રહ્યા છે ત્યારે અનુભવી શિક્ષક જગતરામ દવેએ આ અનુભવજન્ય લખાણોમાં બાળકોને સર્જનરાહે વાળી, એમની બુદ્ધિમતિભાને ખીલવવા સાથે આનંદ પૂરો પાડવા કેવાકેવા બાલ ઉદ્યોગો અને બાલકાર્યક્રમો જરૂરી છે તેનું આલેખન કર્યું છે. પ્રત્યેક શિક્ષક અને મા-બાપે અવશ્ય વાંચી જવા જેવું બાલ કેળવણીનું મહત્ત્વનું પુસ્તક. (પાકું પૂઠું; પૃ. ૧૮૨; રૂ. ૪.)

મૂળાક્ષર શબ્દ અને અંક ઓળખ રચના સેટ: બાળકોને જ્ઞાન અને ગમ્મત પૂરાં પાડી, સર્જનને રાહે વાળી, એમની જિજ્ઞાસાવૃત્તિને સંતોષે એવા પ્રયોગો બાળ કેળવણીના ક્ષેત્રમાં થતા રહ્યા છે. આ સેટ પણ એવા જ એક પ્રયોગનું પરિણામ છે. કલાત્મક રીતે આલેખાએલી આ ત્રણ પુસ્તિકાઓ એનાં રૂપ અને રંગથી બાળકોને જચી જાય તેવી છે. તો એના આયોજન પાછળ રહેલી ચોક્સ દૃષ્ટિથી શિક્ષકો અને વાલીઓને પણ ગમી જાય તેવી છે. શબ્દરચના ને અંકરચના માટે જે કોતરેલાં પૂઠાં આપવામાં આવ્યાં છે તે શબ્દ અને આંકડાના સર્જનાત્મક આનંદ તરફ વાળવાનો નૂતન પ્રયોગ બાળકોને જરૂર ગમશે. (આયોજક અને આલેખક: ભાનુ શાહ; રૂ. ૩.)

પ્રકાશન વિભાગ

માહિતી અને પ્રસારણ ખાતુ, ભારત સરકાર, પતિયાલા હાઉસ, નવી દિલ્હી-૧

(હિન્દી પ્રકાશનો)

સંપૂર્ણ ગાંધી વાઙ્મય: ખંડ એકતાલીસ: ફક્ત 'ગાંધી વાઙ્મય શ્રેણી'ના આ ખંડમાં ૧લી જૂનથી ૧૫મી ઑક્ટોબર ઈ. ૧૯૨૯ સુધીના લગભગ સાડાચાર મહિનાના ગાંધીજીના પ્રવૃત્તિ-સાહિત્યનો સંગ્રહ કરવામાં આવ્યો છે. સ્વાતંત્ર્યસંગ્રામના આગામી સંઘર્ષ માટે મહાત્માજી જે રીતે જનસમુદાયને તૈયાર કરી રહ્યા હતા તેની રસપ્રદ માહિતી અહીં ઉપલબ્ધ છે. ખંડના આરંભમાં જ વિદેશી-વસ્ત્ર-બહિષ્કારની પ્રવૃત્તિનો ચિતાર આજના વાચકને એ દિવસોમાં ખેંચી જાય છે. ગાંધીજીની સંગઠન ને પ્રચારશક્તિનો અહીં ખયાલ આવી રહે છે. (કાચું પૂઠું: પૃ. ૫૭૫; રૂ. ૭-૫૦)

સંપૂર્ણ ગાંધીવાઙ્મય-ખંડ ૪૨ આગળના ખંડના અનુસંધાને આ ગ્રંથમાં ૧૬મી ઑક્ટોબરથી ૨૮મી ફેબ્રુઆરી ૧૯૩૦ સુધીના સાડા ચાર માસનો સમયગાળો આવરી લેવામાં આવ્યો છે. સ્વાતંત્ર્યસંગ્રામ માટે પ્રજાને બરાબર તૈયાર કર્યા પછી એ સંગ્રામ કેમ સક્રિય બન્યો અને ગાંધીજીએ કઈ રીતે એમાં કામગીરી બજાવી તેનો રસપ્રદ ઇતિહાસ અહીં રજૂ થયો છે. (કાચું પૂઠું: પૃ. ૫૬૫; રૂ. ૭ ૫૦)

ચોથી પંચવર્ષીય યોજના (સંક્ષેપ): ઈ. ૧૯૬૯ થી '૭૪ સુધીની ચોથી પંચવર્ષીય યોજનામાં કૃષિ. શિક્ષણ. આરોગ્ય અને સમાજના ક્ષેત્રમાં સરકાર કેવી પ્રગતિ કરવા માગે તેનો ખયાલ આપતી આ પુસ્તિકા. અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને વાચકોને સહાયભૂત થાય તેવી છે. (કાચું પૂઠું; પૃ. ૧૭૨; રૂ. ૨)

ભારત કે ગૌરવ: (આઠમો ભાગ) આ સદીના આરંભમાં આપણા દેશની પ્રગતિની દિશામાં આગવું પ્રદાન કર્યું હોય તેવી ૨૫ વ્યક્તિઓ- દા. ત. સંગીતના ક્ષેત્રમાં વિષ્ણુ દિગંબર પલુસ્કર, સાહિત્યના ક્ષેત્રમાં નાનાલાલ, રાજકીય ક્ષેત્રે વલ્લભભાઈ પટેલ ધર્મતત્ત્વજ્ઞાન ક્ષેત્રે રમણ મહર્ષિ આદિનો અહીં સરસ શૈલીમાં સંક્ષિપ્ત જીવનપરિચય આપવામાં આવ્યો છે. (કાચું પૂઠું; પૃ. ૧૮૨; રૂ. ૩.)

સ્વતંત્ર ભારત કે બઢતે કદમ: સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા પછી ભારતે વિવિધ ક્ષેત્રોમાં જે પ્રગતિ કરી છે તેનો સમ્યક્ ખયાલ નવ પ્રકરણોમાં આપતા આ પુસ્તકમાં પ્રથમ પ્રકરણમાં આપેલી આઝાદી પૂર્વેના ભારતની તસવીરને પડછે પછીનાં પ્રકરણમાંથી ઊઠતી સ્વતંત્ર ભારતની છબી સામાન્ય લોકોને એ વાતનો પૂરતો ખયાલ આપી રહેશે કે દેશે જે પ્રગતિ કરી તે નાનીસૂની નથી. (કાચું; પૃ. ૧૧૧; રૂ. ૨)

મહકતે ફૂલ: ભારતની જુદીજુદી ભાષાના સાહિત્ય અકાદમીનાં પારિતોષિકોના વિજેતા મૂર્ધન્ય સાહિત્યકારોની, એમણે પોતે જ પસંદ કરેલી એમની કૃતિઓનો આ હિંદી અનુવાદ આંતરભારતીય ક્ષેત્રે ભાવવિનિમયની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનો બની રહે છે. પ્રત્યેક કૃતિમાં ભારતીય તત્ત્વની અને સંસ્કૃતિની દીપ્તિ પ્રગટ થએલી છે. હિંદી, પંજાબી, ઉર્દૂ, મલયાલમ, તમિળ, બંગાળી, મરાઠી, તેલુગુ અને ગુજરાતી એમ કુલ નવ ભાષાના ૧૫ લેખકોની આ વૈવિધ્યપૂર્ણ રચનાઓમાં કાવ્ય, વાર્તા, નાટિકા, ગદ્યલેખ આદિ સ્વરૂપવૈવિધ્ય છે, તો રસવૈવિધ્ય પણ છે.

ચોથી પંચવર્ષીય યોજના પ્રશ્નોત્તર: આ નાની પુસ્તિકામાં પ્રશ્નોત્તર પદ્ધતિથી ચોથી પંચવર્ષીય યોજનાના માળખાને રજૂ કરવામાં આવ્યું છે. (કાચું પૂઠું; પૃ. ૫૭: રૂ. ૧)

ગુરુરામસિંહ ઔર કૂકા વિદ્રોહ: સ્વાતંત્ર્ય સંગ્રામના સર્વપ્રથમ વિદ્રોહી ગુરુ રામસિંહથી ઘણા અજાણ હશે. એ મહાન દેશભક્તના જીવન અને કાર્યની આ પુસ્તિકાનાં ૧૦ પ્રકરણોમાં સુપેરે ઝાંખી કરાવવામાં આવી છે. (લે. રામશરણ વિદ્યાર્થી; કાચું, પૃ. ૪૮; રૂ. ૧.)

બેતાલ કથાએં: વેતાળની અદ્ભુત રસભરી જાણીતી સંસ્કૃત કથાઓમાંથી અહીં ૧૭ કથાઓનું સચિત્ર હિંદી રૂપાંતર શ્રી વીરેશ્વર ભટ્ટાચાર્યે હૃદ્ય શૈલીમાં વાચકોને કરાવ્યું છે. (કાચું પૂઠું; પૃ. ૮૮: રૂ. ૨ ૬૦)

મારા માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો :
ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ફિરોઝ કા. દાવર

જન્મ : ૧૬મી નવેમ્બર, ૧૮૯૨ના રોજ અહમદનગરમાં. ઈ. ૧૯૧૨માં અંગ્રેજી ને ફારસી સાથે ગુજરાત કૉલેજમાંથી બી.એ. ને દક્ષિણા ફેલો. બીજે વર્ષે એમ.એ. અને ૧૯૧૬માં એલએલ.બી. થઈ 'નેટિવ ઇન્સ્ટિટ્યૂટ'માં હેડમાસ્તર બન્યા બાદ ૧૯૧૮માં પૂના કૉલેજમાં અધ્યાપક. બે વર્ષ પછી ગુજરાત કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે આવ્યા, જ્યાંની લાગટ ૨૭ વર્ષની એમની અતિ જ્વલંત કારકિર્દી ચિરસ્મરણીય છે. ઈ. ૧૯૪૭માં ત્યાંથી નિવૃત્ત થઈ શેઠ લાલભાઈ દલપતભાઈ આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજી વિભાગના વડા તરીકે તેર વર્ષ સેવા આપી. એમની ઉત્કટ જ્ઞાનોપાસના, પ્રગાઢ વિદ્વત્તા, નમ્રતા, સાદાઈ ને એમનું નિરભિમાની-નિરાડંબરીપણું એમના હજારો વિદ્યાર્થીઓમાં સદાય પ્રભાવક અને પ્રેરક રહ્યું છે. 'આર્ટ ઍન્ડ મૉરાલિટી ઍન્ડ અધર એસેઝ,' 'ઈરાન ઍન્ડ ઈટ્સ કલ્ચર' અને 'ઈરાન ઍન્ડ ઇંડિયા થ્રૂ એઇજિસ' તથા 'મોત પર મનન', 'જરથોસ્ત તથા બહાઈ ધર્મ' ને 'ઈરાનનો ચેરાગ' વગેરે ગ્રંથો. તેમજ અનેક વ્યાખ્યાનો તથા લેખો એમના ઊંડા જ્ઞાન અને વિદ્યાવ્યાસંગનાં દ્યોતક છે. ઈરાન સરકારના આમંત્રણથી ૧૯૫૬માં સાત અઠવાડિયાં તેમણે ત્યાં જઈ મનનીય વ્યાખ્યાનો આપેલાં. એમનાં બે નવાં પુસ્તકો 'સોક્રેટિસ ઍન્ડ ક્રાઈસ્ટ' (અંગ્રેજીમાં) તથા 'જરથુસ્ત દર્શન' (ગુજરાતી) પ્રકટ થવામાં છે.

૧ કવિ નાનાલાલના આપ ચાહક-મિત્ર. એમના વિષે કંઈ કહેશો?

ઉ. એમનું જીવન કાવ્ય જ હતું. કાવ્યમાં જ સમજવા-સમજાવવાની એમને ટેવ હતી. ધાર્મિક પણ ખરા. એમના કોઈ પણ કાવ્યમાં છેવટ ધાર્મિકતાનો સ્પર્શ અચૂક આવે જ. કવિતા નીતિ અને ધર્મમય હોવી જ જોઈએ એવો એમનો આગ્રહ રહેતો. કલ્પનાવિહારી પણ પૂરા. ઇતિહાસનું જ્ઞાન ઘણું ઊંડું. ગુજરાત આખું એમણે જોએલું. જ્યાં જાય ત્યાંના વિષે પૂરા માહિતગાર રહે. માત્ર કવિતા ખાતર કવિતામાં તેઓ માનતા નહિ.

૨ અંગ્રેજીમાં આપને કોનું ગદ્ય ગમે? અને પદ્યમાં કયો કવિ?

ઉ. ગદ્યમાં મૅકોલે. પદ્યમાં ટેનિસન. એની ગેય કવિતા સુંદરમાં સુંદર-કર્ણ અને હૃદયને સ્પર્શી જાય તેવી.

૩ શુદ્ધ સર્જનાત્મક સાહિત્ય આપ કોને કહો?

ઉ. સર્જનાત્મક સાહિત્ય માટે પ્રથમ તો ભાવ જોઈએ; પછી કલ્પના અને ઉચ્ચ પ્રકારની સૂક્ષ્મ બુદ્ધિ. આ બધું છતાં અભિવ્યક્તિ વિના સર્જન નિષ્ફળ છે. છેવટ એ સર્જન વિકાસલક્ષી પણ જોઈએ જ.

૪ ઈરાની સાહિત્યમાં આપને ઘણો રસ છે. એના વિષે કહેશો?

ઉ. ઈરાની સાહિત્યના મુખ્ય બે ભાગ પાડી શકાય : એક ઈ. ૧૫૦૦ પહેલાંનો ક્લાસિકલ વિભાગ. પછી તેમાં થોડી મંદતા આવી. ત્યાર બાદ ૧૯મી સદીના અંતથી થએલા સર્જનને એનો 'મૉડર્ન યુગ' કહી શકાય. ફારસી ભાષા જ કવિતા છે. ગદ્ય પણ પદ્યમય જ લખાય. વિવેચન, નાટકો ને નવલકથા તેમાં પાછળથી આવ્યાં. ફારસી કવિતામાં સૂફીઈઝમ ઘણું જ હતું, પણ ૧૫૦૦ પછી તેમાં સ્વદેશાભિમાનનું તત્ત્વ વધ્યું.

૫ સાચી કલા જીવનમાં વ્યાપક કઈ રીતે બને?

ઉ. કલામાં નીતિમત્તા આવે તો સારું. એ વિના કલા શક્ય ખરી. પણ અપનાવવા યોગ્ય ખરી કે નહિ તે ચર્ચાસ્પદ છે. હું એનો હિમાયતી નથી. કલા ખાતર 'કલા'માં કલા ખરી, પણ એ શ્રેષ્ઠ નહિ. એમાં ઉત્તમની સાથે અધમ પણ આવે જ, પણ તેને પુરસ્કારાય નહિ.

૬ જીવન વિકાસમાં નીતિ કેટલા પ્રમાણમાં આવશ્યક છે?

ઉ. નવદશાંશ. પ્રામાણિકતાથી જીવનવ્યવહાર ચલાવી શકાય જ છે.

૭ વિદ્યાનો રસ ક્યારથી લાગ્યો? ગુજરાતીઓમાં જ્ઞાનપિપાસાનું પ્રમાણ ઓછું છે એમ કહી શકાય?

ઉ. કૉલેજમાં જોડાયા પછી, મારા વિષયમાં સજ્જ થવાની ઇચ્છામાંથી વિદ્યાનો રસ દૃઢ થયો. બીજા વિધાન સાથે હું સંમત નથી. જ્ઞાનનાં બધાં જ ક્ષેત્રમાં આપણે ગૌરવ લઈ શકીએ. એવા વિદ્યાવ્યાસંગીઓ ગુજરાતમાં છે.

૮ કૉલેજના આચાર્ય થવાની કે એથી યે વધુ ઊંચા પદની તકો આપે કેમ ન સ્વીકારી?

ઉ. હું એ માટે લાયક હોઉં એમ મને નથી લાગ્યું. વહીવટી કામગીરી એ મારું ક્ષેત્ર જ નથી.

૯ કોના વ્યક્તિત્વ તરફ આપ વધુ આકર્ષાયા? અને શાથી?

ઉ. ડૉ. આનંદશંકર ધ્રુવની પ્રતિભાથી હું ઘણો પ્રભાવિત છું. મીઠામાં મીઠો સ્વભાવ. એમનાં ઊંડાં જ્ઞાન, ધર્મ-નીતિનો આગ્રહ, સુંદર સંસ્કારી ભાષા, સંસ્કૃત પરનું પ્રભુત્વ વગેરેનો મારા પર ઘણો પ્રભાવ પડ્યો છે. બે વિરોધાભાસી બાબતોનો પણ સમન્વય કરી બતાવવાની એમની શક્તિ અજબ હતી. સાહિત્યમાં પણ એમનું તુલનાત્મક જ્ઞાન ઊંડું. વાચન વિશાળ. આજે એવા ગુરુ મળવા દુર્લભ છે.

૧૦ આપનો ખાસ શોખ? **ઉ.** વાચનનો. જો કે હવે વાંચી શકાતું નથી તેનો ઘણો રંજ છે.

૧૧ વર્તમાન ગુજરાતી સાહિત્ય સંબંધી આપનો શો અભિપ્રાય છે?

ઉ. આપણે શરમાવું પડે એવું તો નથી જ. આજે તો હળવા-ગંભીર એમ દરેક વિષયનાં સામયિકો પ્રાપ્ય છે. હમણાં કોઈ મોટા કવિ દેખાતા નથી. હશે ખરા, પણ એમને મહાન કહેવા માટે તો સમય જોઈશે.

૧૨ આપના જીવનનો કોઈ યાદગાર અનુભવ?

ઉ. ખાસ તો નહિ, પણ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન મને ટાઇફૉઈડ થએલો. સામાન્યતઃ પટે એથી એની વધુ ઊંડી અસર મારા પર પડી. તે પહેલાંના મારા આનંદી સ્વભાવમાં ફેર પડી ગયો. જીવન પ્રત્યે હું વધુ ગંભીર બની ગયો. 'મોત પર મનન' એ પછી લખાએલું.

૧૩ આપને મન જિંદગી એટલે? **ઉ.** જિંદગી એ એક તક છે, કસોટી પણ છે. એમાં બને તેટલી વધુ ભલાઈ કરવી, નેકી આચરવી, પ્રામાણિકપણે મળે એટલા જ પૈસા લેવા અને બધાં સનાતન તત્ત્વોને જીવનમાં ઉતારવાં.


૧૪ ઈશ્વર સંબંધી આપનું કહેવું શું છે? **ઉ.** એના અસ્તિત્વને હું પૂર્ણતઃ સ્વીકારું છું. મારું જીવન જ એના પર આધારિત છે. એનાં નામરૂપ જૂજવાં ભલે હોય, પણ ઈશ્વર એટલે જ ભલાઈ. આપણું એ સદા ભલું ચાહનાર પ્રેમાળ સાથી છે. એના પ્રતિ આપણી પણ એ જ ફરજ છે.

વૃક્ષ-વેલ-પરિચય–૨

આસોપાલવ

ઘણા લોકો ભૂલથી જેને 'અશોક' તરીકે ગણે છે એ આસોપાલવ હકીકતે તેનાથી ભિન્ન વૃક્ષ છે. અશોક શિંબી–શીંગવાળા–વર્ગનું વૃક્ષ છે, જ્યારે આસોપાલવ સીતાફળ–રામફળ આદિ વર્ગનું છે. એનું શાસ્ત્રીય નામ 'પોલીઍલ્થિયા લૉંગીફૉલિયા', એ એના અનેક ઔષધીય ગુણો તથા લાંબાં પાનની લાક્ષણિકતાનું સૂચક છે.

આસોપાલવ એનાં પાનનાં તોરણથી માંડી, પાનખરના થોડા સમય સિવાય એની સદા ય હરિયાળી છાયા અને શોભા માટે ભારતભરમાં જાણીતું છે; પણ મૂળ તો એ સીલોનનું વતની. લાંબા ઊંચા સીધા એના થડ પર લગભગ કાટ-ખૂણે ચોપાસ ફેલાતી એની ડાળ પર વેંત એક લાંબાં, સાંકડાં ને અણિયાળાં પાન તો સર્વત્ર જાણીતાં છે. આ પાનના આકારની જ છ પાંખડીઓવાળાં, પીળાશ પડતાં લીલાં જેવાં, ને લાંબી દાંડીવાળાં નાજુક ફૂલોનાં ઝૂમખાં વસંત-માં ખીલે તે પછી ચોમાસામાં એ એકએક ફૂલને સ્થાને એક કરતાં વધુ ફળ આવે છે. ટૂંકી દાંડી-વાળાં એનાનકડાં અંડાકાર ફળમાં એકએક બીજ હોય છે. આ બીજ પાકયા પછી તુરત વાવવાથી ઊગે છે. જોકે આસોપાલવની વૃદ્ધિ ધીમી હોય છે પણ ઊગ્યા પછી તેનું સ્થળાંતર કરવું અનુકૂળ ન હોઈ જ્યાં વૃક્ષ ઉગાડવું હોય ત્યાં જ તે વવાય છે.



આસોપાલવની છાલના રેસાનાં દોરડાં ને ચટાઈ બને છે. અને એનું પીળચટ્ટું સફેદ લાકડું પીપ ને પેન્સિલ બનાવવામાં વપરાય છે. આસોપાલવનાં મૂળ, છાલ, પાન, ફૂલ ને ફળ વિવિધ ઔષધોમાં વપરાય છે. તેમાં એ, બી, સી અને ડી વિટામિનો પણ માલૂમ પડયાં છે.



હે તુંગ શૃંગ જ સુલક્ષ્ય બનાવનાર
યાત્રી! પળેપળ પદે તવ વેગ વાધો!
મુશ્કેલ માર્ગ પર વિઘ્ન વિખેરનારૂં
શ્રદ્ધાત્મનું સ્મિત મુખે તવ હો મઢેલું!
સોપાન ગાનમય આત્મ અભીપ્સુ તારો
આરોહતો સર કરો શિખરો સ્પૃહાનાં! -પૂજાલાલ

બંગબંધુ શેખ મુજિબુર રહમાન

જે નામ ભૂંસવાના પ્રયત્નોએ જ એને પ્રસિદ્ધિ આપી, જેના વ્યક્તિત્વને લાંછન લગાડ-નાર ખુદ બદનામ બની ગયા, જેના પ્રભાવને મિટાવવા મથનાર ખુદની હસ્તી જોખમાઈ ગઈ, જેણે પેટાવેલા આતશને બુઝાવવા જનાર ખુદ ભરખાઈ ગયા એ, બંગલા દેશની મુક્તિના પ્રણેતા અને ત્યાંની સાત કરોડ ઉપરની પ્રજાના લાડીલા નેતા શેખ મુજિબુર રહમાનનું નામ આજે જગ-જાહેર બની એમના નેતૃત્વને એક અનોખી જેબ આપી રહ્યું છે.

શેખ મુજિબનું એ નેતૃત્વ રાજકારણના કોઈ જુવાળમાં અકસ્માત ઊભરી આવેલું નહોતું. છેક વિદ્યાર્થી અવસ્થાથી એનું સંગોપન થતું રહ્યું હતું. પિતાના મિત્ર અને કિશોરાવસ્થાના એમના એક ગુરુ રસરંજન સેનના કહેવા પ્રમાણે બચપણથી જ શેખ મુજિબ ધીર, ગંભીર, પ્રામાણિક અને નીડર હતા. પોતાની પ્રવૃત્તિઓ અને પ્રસિદ્ધિની ટોચે પહોંચ્યા પછી યે મુજિબ એમને મળતા ત્યારે પગે પડતા અને પાકિસ્તાન છોડી ભારત ન ચાલ્યા જવા વીનવતા. એ વીનવણી પાછળ ગુરુભક્તિ અને પશ્ચિમ પાકિસ્તાનની પકડમાંથી દેશને મુક્ત કરવાના પોતાના પ્રયત્નો પ્રત્યેની અચલ શ્રદ્ધા સાથે એમના નેતૃત્વને યોગ્ય નમ્રતા વ્યક્ત થાય છે.

ગોપાલગંજના એક સાધારણ સ્થિતિના શિરસ્તેદારના એ પુત્ર. ફરીદપુર જિલ્લાના તાંગા-પાડા ગામમાં ઈ. ૧૯૨૨ની ૨૨મી માર્ચે એમનો જન્મ. કલકત્તાની ઈસ્લામિયા કૉલેજ હાલની મૌલાના આઝાદ કૉલેજ—માંથી તે કાયદાના સ્નાતક થએલા. પણ આ દરમિયાન જ એમની પાંગરતી શક્તિઓને પારખી જઈ બંગાળના મુસ્લિમ નેતા સુહરાવર્દીએ એમને મુસ્લિમ લીગમાં જોડાવા પ્રેર્યા. રાજકારણમાં એમનો પ્રવેશ આમ ૧૭ વર્ષની વયથી આરંભાયો હતો, અને કૉલેજમાં હતા એ દરમિયાન જ બંગાલ મુસ્લિમ લીગના તેઓ કાઉન્સિલર બની ચૂકેલા. પેલી ઇતિહાસપ્રસિદ્ધ કલકત્તાની કલ્પિત કાળી કોટડીના અંગ્રેજોએ રચેલા સ્મારકને ખસેડી લેવા ૧૯૪૧માં જાગેલી ચળવળમાં પણ એમણે ભાગ લીધેલો. ઈ. ૧૯૪૬માં મુસ્લિમ લીગના એ એક સમર્થ પ્રચારક બની રહેલા; ૧૯૪૭માં સિલ્હટ-ની પ્રજાને પાકિસ્તાનની તરફેણમાં મત આપવા એમણે જ તૈયાર કરેલી; પણ તે પછી લીગમાંથી એમની શ્રદ્ધા ડગવા માંડી હતી.



દેશના ભાગલા પડયા પછી પૂર્વ પાકિસ્તાનની પ્રજાને ઉદ્દેશતાં ઢાકામાં ઈ. ૧૯૪૮ના માર્ચમાં મહમદઅલી ઝીણાએ ઉર્દૂને સમગ્ર પાકિસ્તાન-ની મુખ્ય ભાષા રાખવાનું અને એનો વિરોધ કરનારને દેશદ્રોહી ગણવાનું જાહેર કર્યું ત્યારે વિદ્યાર્થીઓના એક નાના જૂથસાથે એમણે એનો વિરોધ કરવાની હિંમત કરી અને તે બદલ એ-મને સાત દિવસની એકાંત કેદ મળી. પાકિસ્તાની જેલનો એમનો એ પહેલો અનુભવ. એમાંથી છૂટયા પછી યે એમણે એ જ પ્રવૃત્તિ જારી રાખવા સાથે પાકિસ્તાની સરકારની આ પૂર્વ

છાલો-પાલો-મરી-મસાલો] ૨ [મરચાં

આ પણા મસાલામાં મીઠા પછી મુખ્ય સ્થાન મરચાંનું છે. એના અનેકવિધ ઉપયોગ જાણીતા છે. ઉત્તર કરતાં દક્ષિણ ભારત તરફ તેનો વપરાશ વધુ છે. કોલ્હાપુરી, ગોમંતકી, લવંગ વગેરે એની મુખ્ય જાત છે. કોલ્હાપુરી પાતળાં ને વેંતભર લાંબાં હોય છે. ગોમંતકી મોટાં ગોળ અને જાડી છાલનાં તથા લવંગ ટચૂકડાં પણ ગજબનાં તીખાં ગણાય છે. આપણી તરફનાં પટણી મરચાં બહુ તીખાં હોય છે. ચટણી-મસાલામાં લીલાં ને સૂકાં બંને જાતનાં મરચાં વપરાય છે. મરચાંનાં ભજિયાં, રાઈતાં ને અથાણાં પણ બને છે. લીંબુ સાથેનું લીલાં મરચાંનું અથાણું તો બહુ જાણીતું છે. એમાં મરચાંની તીખાશ ઘટીને એ વધુ સ્વાદિષ્ટ બને છે.

દળાવેલાં મરચાં કરતાં રોજેરોજ એને બારીક લસોટીને વાપરવાં વધુ સારાં ગણાય છે. બી કાઢી, ઘીનો હાથ ફેરવી શેકેલાં મરચાં હિતકારી છે.

મરચાં તીખાં, ઉષ્ણ, દીપક, પાચક, પિત્તકર, રક્તવર્ધક, કૃમિનાશક ને રુચિકર છે. પાતળાં કરતાં જાડાં મરચાં ઓછાં તીખાં હોઈ બહુ નુકસાન કરતાં નથી. મરચાંનો વધુકો ઉપયોગ પિત્ત અને વાયુપ્રકોપમાં હાનિકારક છે. અતિશય મરચું ખાવાથી હોજરી આળી થાય છે અને મળત્યાગ વખતે બળતરા થાય છે. મરચાંવાળો હાથ ચામડી પર કે આંખને લાગી જતાં થતી બળતરાનો તો લગભગ સૌને અનુભવ છે; તો પછી એ જ મરચાંનો વધુકો ઉપયોગ પેટમાં શી દશા કરતો હશે તે સમજી શકાય તેમ છે.

મરચાંનાં બી ગરમ પાણી સાથે ગળવાથી શરદીથી થએલી પેટપીડ મટે છે; પણ જેને વધારેપડતી ગરમી હોય કે લોહી બગડેલું હોય તેણે આ પ્રયોગ કરવા જેવો નથી. શૂળ ઉપર મરચાંનો અર્ક પાણી સાથે અપાય છે. એક ચમચી મરચાની ભૂકી અને એક ચમચી મીઠું પાણીમાં ઉકાળીને, પી શકાય એટલું ગરમાગરમ પી જવાથી કૉલેરામાં ગુણ કરે છે. બી કાઢી નાખેલાં લાલ મરચાં અને ડુંગળીનો રસ ખૂબ ઘૂંટીને તેની ચણીબોર જેવડી બનાવેલી ગોળીઓ પણ કૉલેરામાં બે-ત્રણ લેવાથી ફાયદો થાય છે. રોગ તીવ્ર હોય તો ડુંગળીના રસ સાથે વારંવાર આપવી. ઊલટી થઈ જવાથી રોગીને તરસ વધારે લાગતી હોય તો દાડમના દાણાનો રસ, યા સૂકા દાણા હોય તો પાણીમાં પલાળીને કરેલો ઘોળ આપી શકાય. મરચાં, કપૂર અને હીંગને સરખે ભાગે લસોટીને કરેલી ગોળીઓ પણ કૉલેરામાં કલાકે કલાકે બબ્બેની સંખ્યામાં લેવાથી ફાયદો થાય છે.

હડકાયા કૂતરાએ બેસાડેલી દાઢ પર લાલ મરચું વાટીને તેના પર ભરવાથી ઝેર બળી જઈ ઘા પાકતો નથી ને જલદી રૂઝ આવે છે. અને મરચાંનો કાઢો રેડવાથી માકણ નાશ પામે છે ને ફરી થતા નથી એ તો કદાચ ઘણા જાણતા હશે. —માધવ મો. ચૌધરી

પાંખ પ્રત્યેની ભેદભાવભરી નીતિ, તથા કેવળ ધર્મને નામે ચલાવાતાં આંદોલનોના વિરોધ કરવા માંડતાં એમને ફરી અઢી વર્ષની જેલ મળી. એ જેલવાસ દરમિયાન જ, મુસ્લિમ લીગમાં અળખામણા થઈ પડેલા પૂર્વ પાકિસ્તાની નેતા એચ. એસ. સુહરાવર્દીના પક્ષ—પૂર્વ પાકિસ્તાન અવામી લીગ—માં જોડિયા મંત્રી તરીકે એમની નિમણૂક થઈ હતી. જેલમાંથી છૂટયા પછી ૧૯૫૨માં તેઓ એના મહામંત્રી બનેલા. ઈ. ૧૯૫૪માં અવામી લીગે ચૂંટણીમાં મુસ્લિમ લીગને શિકસ્ત આપીને સત્તાસ્થાનેથી ખસેડી ત્યારે તે પ્રાંતની વિધાન સભામાં ચૂંટાઈ આવવાથી ફઝલુલ હકે તેમને વાણિજ્ય મંત્રી બનાવેલા. પછી આત-ઉર-રહમાનના મંત્રીમંડળમાં પણ એમને લેવામાં આવેલા. આ દરમિયાન પાકિસ્તાની સંસદ સભ્યોના પ્રતિનિધિમંડળના અધ્યક્ષ તરીકે તેઓ પેકિંગ પણ જઈ આવેલા. કેન્દ્રીય મંત્રીમંડળમાં પણ એમની વરણી થએલી, પણ ખાતાંઓની વહેંચણીમાં મતભેદ પડતાં એમણે ઈન્કાર કરેલો.

૧૯૫૬માં પાકિસ્તાનનું નવું બંધારણ જાહેર થયું જેમાં પૂરી સ્વાયત્તતાના અભાવ હોવાને કારણે અવામી લીગે તેનો અસ્વીકાર કર્યો ને પશ્ચિમ પાકિસ્તાનના વલણ વિરુદ્ધ આંદોલનો જારી રાખ્યાં. પ૦ પાકિસ્તાન દ્વારા પૂર્વ પાકિસ્તાનનું શોષણ આ દરમિયાન અસહ્ય બની રહ્યું હતું. પરિણામે પ્રજાકીય આંદોલનો વધુ સંગઠિત ને ઉગ્ર બનવા લાગ્યાં હતાં.

પક્ષની અંદર શેખ મુજિબે મૌલાના ભાસાણીના ઉગ્ર ડાબેરી વલણ અને આત-ઉર-રહમાનના જમણેરી જૂથથી અળગા રહી પોતાનું આગવું સ્થાન ઊભું કર્યું હતું. પાકિસ્તાનની પૂર્વ અને પશ્ચિમ પાંખ વચ્ચેનું અંતર વધવા સાથે કેન્દ્રનું રાજતંત્ર ડામાડોળ થઈ ચૂક્યું હતું. તેનો લાભ લઈ લશ્કરે રાજસત્તા હાથ કરી અને '૫૬નું બંધારણ રદ કરી, પ્રમુખ અયુબખાને રાજકીય પક્ષો પર પ્રતિબંધ ફરમાવ્યો, તથા પૂર્વ પાકિસ્તાન સલામતી વટહુકમ દ્વારા શેખ મુજિબની ધરપકડ કરીને દોઢ વર્ષ સુધી એમના પર કામ ચલાવ્યા વિના જ જેલમાં ગોંધી રાખવામાં આવ્યા. દરમિયાન એમના વિરુદ્ધ બીજા પણ અનેક આરોપો મૂકવામાં આવ્યા જેમાંથી તેઓ નિર્દોષ છૂટયા.

પછી તો જનસંપર્કથી એમને વિખૂટા પાડવા લશ્કરી સત્તાએ એક યા બીજું બહાનું ઊભું કરી એમને વારંવાર જેલમાં ધકેલવા માંડયા. પણ પ્રમુખપદની ચૂંટણીમાં અયુબખાન સામે ફાતિમા ઝીણાને ઊભાં રાખવાના, કાશ્મીરના પ્રશ્નમાં વાટાઘાટોની તથા ભારત સાથે વ્યાપારી સંબંધોની હિમાયત કરવાના એમના વલણથી લશ્કરી તંત્ર વધુ ઉશ્કેરાયું. ભારત સાથે મળી જઈ દેશ વિરુદ્ધ કાવતરું કરવાનો 'અગરતલા ષડયંત્ર કેસ' તરીકે જાણીતો આરોપ મૂકીને પણ તેમના પર કામ ચલાવવામાં આવ્યું; પણ છેવટે વિરોધ પક્ષોના દબાણ તળે અયુબખાનને એક સર્વપક્ષી ગોળમેજી પરિષદ યોજવી પડી. ને એ માટે શેખ મુજિબને પણ જેલમાંથી છોડવા પડયા. આ પરિષદમાં તેઓએ વસતિના ધોરણે સંસદમાં પ્રતિનિધિત્વ મેળવવાનો પોતાનો મુદ્દો સફળતાથી રજૂ કર્યો. ત્યાર બાદ પ્રજાતંત્રની દિશામાં તેઓ આગળ વધી શકે તે પહેલાં તો અયૂબખાનને ઉથલાવીને યાહ્યાખાને સત્તા હાથ કરી લેતાં ફરી વાત વિફરી.

શેખ મુજિબે સત્તા મેળવવા નહિ પણ પૂર્વ પાકિસ્તાનના લોકોને થતા અન્યાયને દૂર કરવા અને તેના દ્વારા પાકિસ્તાનને સંગઠિત રાષ્ટ્ર બનાવવાની આશાથી જ પોતાની રાજકીય પ્રવૃત્તિઓ ચલાવી હતી. પાકિસ્તાનથી અલગ એવું રાષ્ટ્ર સ્થાપવાનો એમનો ખયાલ નહોતો જ. પાકિસ્તાનની બંને પાંખનાં અમુક સંપૂર્ણ સ્વાયત્ત એકમો રચાઈને સ્વતંત્ર વિકાસ સાધી સમગ્ર રાષ્ટ્રને ઉન્નત બનાવે એવી રાજ્યવ્યવસ્થા સ્થાપવાનું એમનું સ્વપ્ન હતું. આ બધા પર સંરક્ષણ, વિદેશનીતિ અને કદાચ ચલણ જેવી બાબતોની સત્તા સાથે એક કેન્દ્રીય વ્યવસ્થા એમણે કલ્પી હતી. વળી, રાષ્ટ્રના બધા જ મોટા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરી પશ્ચિમ પાકિસ્તાનના ગણ્યાગાંઠયા મૂડીપતિઓની રાષ્ટ્ર પરની પકડ અને પૂર્વ પાકિસ્તાનના ભોગે આચરાતી પશ્ચિમ પાકિસ્તાનની શોષણનીતિ દૂર કરી ન્યાય અને એકતાના આધારે સમગ્ર પાકિસ્તાનની પ્રગતિ સાધવાનો તેમનો ખયાલ હતો. એ ઉપરાંત બિનજોડાણ દ્વારા વિશ્વના બધા દેશો સાથે મૈત્રી સાધવાની તથા સઘળા ઝગડા શાંતિમય રીતે પતાવવાની નીતિમાં તેઓ માનતા. પાકિસ્તાન, તુર્કી અને ઈરાનના આર. સી. ડી. જૂથથી આગળ વધી અખિલ એશિયાના મુસ્લિમ દેશો સુધી એ સંગઠનને વિસ્તારવાનો પણ એમનો ખયાલ હતો.

પૂર્વ પાકિસ્તાનની શોષાતી પ્રજાના ન્યાયી અધિકાર માટે એમણે ચલાવેલી નિઃસ્વાર્થ લડતોમાં લોકોનું પણ નક્કર પીઠબળ હતું. પણ

છતાં હજી આપણે ગુલામ છીએ!...આજના યુગનો પડકાર

આપણા દેશની ખેતીજન્ય તથા ખનિજ સમૃદ્ધિનો ખયાલ આપતો પચ્ચીસ વર્ષ પહેલાંનો નકશો આ અંકમાં અન્યત્ર આપ્યો છે.

પણ દેશને અનાજની બાબતમાં સ્વાવલંબી બનાવવા તથા અન્ય પેદાશો વધારવા પ્રતિ આપણે જે પ્રયત્નો કર્યા ત્યાર બાદ આજે પરિસ્થિતિ ઘણી પલટાઈ ગઈ છે. ખેતીનો ફેલાવો, રાસાયણિક ખાતર, સિંચાઈ-યોજનાઓ અને ખેતીનાં આધુનિક સાધનોના ઉપયોગથી અઢી દાયકામાં આપણે ઘણો વધુ પાક લેતા થયા છીએ, પણ દેશની સતત વધતી જતી વસતિ એ વધેલી પેદાશને ફળાવા દેતી નથી, અને છેક હમણાં સુધી આપણે પરદેશી અનાજ મંગાવતા રહેવું પડ્યું હતું. દેશની આર્થિક સ્થિતિ પર એ પણ એક મોટો બોજ છે. હજી યે આપણી ખેતીમાં ઘણા સુધારાને અવકાશ છે. શહેરી જીવનનો મોહ છૂટે તો હજી યે આપણી પાસે ખેતી માટે ઘણી જમીન અને અસંખ્ય બેકાર યુવાનો છે. દેશના શરીર પર પસરી ગએલા પ્રાદેશિક સંકુચિતતાના રોગને દૂર કરી અરસપરસ સહાયરૂપ બની આપણે હજી ઘણું વધુ ઉત્પાદન મેળવી શકીએ તેમ છીએ; શક્ય છે ત્યાં સિંચાઈથી વર્ષમાં એકથી વધુ વાર પાક લઈ શકીએ તેમ છીએ. કપાસ તમાકુ ચા શણુ વગેરે સાથે મગફળીના પાકનું પણ આ અઢી દાયકામાં ઘણું મહત્ત્વ વધી ગયું છે. એ જ રીતે શેરડીનો પાક પણ ઘણો વધ્યો છે. પરિણામે સીંગતેલ અને ખાંડના ઉદ્યોગો પણ વિકસ્યા છે.

ખનિજ પેદાશોમાં નવા મળી આવેલા તેલને કારણે ઉદ્યોગોની એક નવી જ દિશા ખૂલી છે. અણુવિજ્ઞાનના વિકાસમાં જરૂરી એવાં ખનિજો પણ આપણે ત્યાં મળ્યાં છે. અને આ બંને ક્ષેત્રે આપણે પ્રગતિ પણ કરી છે. પણ આ તો હજી એ દિશામાં પ્રારંભરૂપ છે.

કુદરતે આપેલી આ સમૃદ્ધિને આજે આપણે આધુનિક સાધનો વડે ખોળીખોળીને બહાર આણી રહ્યા છીએ ત્યારે બીજી બાજુ અનેક રાજ્યોમાં વહેંચાએલા આપણે એનો લાભ ઉઠાવવા જે સંકુચિતતા પ્રદર્શિત કરીએ છીએ એ કેટલી ખેદજનક છે! શું આપણે માત્ર ગુજરાતી, મહારાષ્ટ્રી, પંજાબી, બંગાળી જ છીએ? દેશની આ સમૃદ્ધિને શું આપણે એકલા જ ભોગવવા ઇચ્છીએ છીએ? પ્રાંતીયતા ભૂલી, ખભેખભા મિલાવીને આપણે જે સ્વાતંત્ર્ય મેળવ્યું તે શું પ્રાદેશિક હિત માટે જ? જેમને બિરદાવીને આપણે પોરસાઇએ છીએ એ સૌ, સ્વાતંત્ર્યની લડતના વીરોએ આ માટે પોતાનાં બલિદાનો આપ્યાં હતાં?

આપણી સમક્ષ મોં વકાસી રહેલા અનેક પ્રશ્નોમાંનો આ યે એક પ્રશ્ન છે. એનો ઉત્તર—ઉપાય આપણા જ હાથમાં છે. સ્વાતંત્ર્ય પહેલાં આપણે પરાવલંબી હતા, આઝાદી પછી આજે યે એવી જ સ્થિતિ રહી છે—ભલે એનું સ્વરૂપ કદાચ બદલાયું હશે; ત્યારે આપણે બીજાના ગુલામ હતા, આજે આપણે આપણા પોતાના ગુલામ છીએ!—અનેક રીતે.

આપણી પાસે શું નથી? ધાન્યના બધા પ્રકારના પાક આપણે લઈ શકીએ તેમ છીએ. સિંચાઈને હજી વિસ્તારી શકાય એટલી જલસમૃદ્ધિ પણ છે. ઉદ્યોગો માટે એમાંથી વીજળી પણ પેદા કરી શકીએ તેમ છીએ. અદ્યતન સાધન-સામગ્રી પણ આપણે ઊભી કરી શકીએ. અનેકવિધ ખનિજોનો ભંડાર આપણી ભૂમિમાં પડ્યો છે. હજી ઘણા નવા ઉદ્યોગોનો વિકાસ શક્ય છે. આ બધા માટે આપણી પાસે બુદ્ધિશક્તિ પણ છે. અને માનવધનની તો આપણને જરા ય ખોટ નથી. જરૂર છે માત્ર નિઃસ્વાર્થ દાનતની, પ્રામાણિક શ્રમની અને અંદરોઅંદરના ઐક્યની; અંગત લોલુપતાના ત્યાગની અને બહુજનહિતાય પુરુષાર્થની. આજના યુગનો આ પડકાર છે. આપણી નજર સમક્ષ લગભગ આપણી જ સાથે સ્વતંત્ર થએલા અનેક દેશની પ્રજાએ આ પડકારને સફળતાથી ઝીલ્યો છે. આપણે જ ઊણા રહી જઈશું?

પશ્ચિમ પાકિસ્તાનની લશ્કરી સત્તાને એ રુચે તેવું ન હતું. વળી, પૂર્વની નરી ઉપેક્ષા કરતી એ સરકારે ત્યાંની ખરી શક્તિનો પૂરો ખયાલ પામવા જેટલી પણ દરકાર કરી ન હતી. એટલે ૧૯૭૦માં યાહ્યાખાને રચેલી ચૂંટણીમાં જ્યારે પશ્ચિમ પાકિસ્તાનમાં ૧૪૪માંથી ભુટ્ટોએ ૮૩ બેઠકો જીતવા જેટલો પ્રભાવ દર્શાવ્યો, ત્યારે એની સામે પૂર્વ પાકિસ્તાનની ૧૬૯માંથી ૧૬૭ જેટલી બેઠકો જિતાઈ જવા જેવી બહુમતિનો તો યાહ્યાખાનને સ્વપ્ને યે ખયાલ નહોતો. અને આ પરિણામનો સ્વીકાર એટલે લશ્કરી રાજતંત્રનો અંત જ નહિ, શેખ મુજિબની જ જીત હતી. એ પશ્ચિમ પાકિસ્તાનને ને તેના લશ્કરી તંત્રને સ્વીકાર્ય નહોતી જ.

એટલે ૧૯૭૧ની ૩જી માર્ચે વિધાનસભાની બોલાવવા ધારેલી બેઠક યાહ્યાખાને અટકાવી એની વિરુદ્ધમાં મુજિબે અસહકારના આંદોલનનું એલાન આપ્યું. તેથી ૨૫મી માર્ચે બેઠક બોલાવવા જાહેર કર્યું, જેની સામે શેખ મુજિબે શરતો મૂકી અને આ અંગે વાટાઘાટો કરવા યાહ્યાખાને ખુદ ઢાકા જઈ એમની સાથે ચર્ચા આદરી. પણ તે પછીના બનાવોએ સ્પષ્ટ કર્યું તેમ, એ ચર્ચા તો એક ક્રૂર રમત હતી. એક બાજુ વાટાઘાટો ને, બીજી બાજુ પશ્ચિમમાંથી સૈન્ય ઊતરી આવતું હતું. આમ પૂર્વ પાકિસ્તાનની પ્રજાને કચડી નાખવાની વેતરણ પૂરી કરી, એકાએક વાટાઘાટો અટકાવી યાહ્યાખાને એમને દેશદ્રોહી જાહેર કર્યા. અને પછી પશ્ચિમ પાકિસ્તાનના લશ્કરે પૂર્વ બંગાળમાં જે કતલ અને અત્યાચારો ગુજાર્યા, ત્યાંની પ્રજાએ લશ્કર સામે જે લડત આપી તથા ત્યાંના લાખો હિજરતીઓની લંગારોએ ભારતમાં ઊતરી આવવાથી આપણી અર્થ-વ્યવસ્થા પર જે ભીંસ ઊભી થઈ, અને પરિણામે ભારતને આ સમગ્ર પ્રશ્નમાં જે રીતે સંડોવાવું પડ્યું તેનો ઇતિહાસ તો હવે સૌને વિદિત છે. અંતે પાકિસ્તાનમાં જ રહીને ન્યાય માગતા મુજિબ પૂર્વ પાકિસ્તાનની પ્રજાનાં શોષણ, દમન તથા પૂરહોનારતમાં બતાવેલી તદ્દન ઉપેક્ષાથી વાજ આવી ગયા. એમણે પૂર્વ બંગાળને પશ્ચિમ પાકિસ્તાનથી અલગ પડી જવા માટે પ્રેરીને સ્વતંત્ર બાંગલા દેશનું જે એલાન આપ્યું એણે આખા પૂર્વ બંગાળને સળગાવી મૂક્યો. આખી પ્રજા ગેરિલા યુદ્ધે ચડી. યાહ્યાખાને દમનને ભીષણ બનાવી અમાનુષી અત્યાચારોથી પ્રજાને દબાવવા ચાહી, પણ તેમાં નિષ્ફળ ગયા. અકળાઈને તેણે ભારતને યુદ્ધમાં સંડોવ્યું, પણ એમાં તો સખત હાર અને નાલેશી જ મળી. પરિણામે ઈ. ૧૯૭૧ની ૨૦મી ડિસેમ્બરે ભુટ્ટોને પ્રમુખ બનાવી યાહ્યાખાનને સત્તા છોડવી પડી અને ભુટ્ટોએ મુજિબને મુક્ત કરી મનાવવા માંડ્યા.


પણ હવે શું એ મૃદુભાષી પણ મક્કમ શેખ મુજિબને મનાવી શકાય? માત્ર એક વીમા કંપનીના સલાહકાર તરીકે આજીવિકા ચલાવનાર, ત્રણ પુત્રો અને બે પુત્રીના પિતા, દેશબાંધવોના પરમ હિતૈષી ને નિસ્વાર્થ નેતા, ૯૯ ટકા જેટલું પ્રજાનું પ્રચંડ પીઠબળ ધરાવતા રાજપુરુષને, ઇતિહાસમાં કાળે અક્ષરે લખાશે તેવા ભયંકર અત્યાચારોનો અનુભવ કરાવ્યા પછી લલચાવી કે નમાવી શકાય? લગભગ એક કરોડ જેટલા એના નિરાશ્રિત દેશબંધુઓને સંઘરનાર અને એમને ખાતર યુદ્ધની જંગી ખુવારી વહોરનાર ભારત વિરુદ્ધ એ શેખ મુજિબને બહેકાવી શકાય!

એ પછીની હકીકત તો જગજાહેર છે. મુજિબ અણનમ રહ્યા, બાંગલા દેશ સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અડે સો થઇને રહ્યો; દુનિયાની મોટા ભાગની મહાસત્તાઓ અને અનેક નાનામોટા દેશોએ તેને માન્યતા આપી; અને આજે દમન, કતલ અને યુદ્ધકાળના ભયંકર વિનાશના ભંગારમાંથી એ દેશ પુનર્નિર્માણને પંથે પુરુષાર્થ ખેડી રહ્યો છે.

ગુજરાતમાં મોટાં ગણાતાં ઐતિહાસિક સ્થળોમાં ધૂમલીની ગણના થાય છે. ઇતિહાસ, પુરાતત્ત્વ અને ભાષાનો એવો કોઈ વિદ્વાન ભાગ્યે જ હશે કે જેણે ધૂમલી વિષે વિચાર ન કર્યો હોય. અનેક કલમોથી તેમજ ગુજરાતના તો પ્રથમ પંક્તિના વિદ્વાનોને હાથે ધૂમલી વિષે ઘણું લખાયું છે

ધૂમલી વિશેના પ્રાપ્ત પ્રાચીન વાઙ્મય—પુરાવાઓની તોલે આવે એવું, પુરાતત્ત્વ દૃષ્ટિએ ત્યાં અત્યાર સુધી ઘણું ઓછું પ્રાપ્ત થયું છે. છેલ્લાં ત્રણેક વર્ષના અમારા (પુરાતત્ત્વ સંશોધન મંડળ—પોરબંદરના) પ્રયત્ન પછી જાનુઝરની માનવસર્જિત ક્ષત્રપકાલીન ગુફાઓ અમે શોધી, પણ ધૂમલી અને તેની આજુબાજુમાંથી બહાર આવતાં ઝરણાંઓના પટમાંથી પ્રાપ્ત થતા ઈંટાના અવશેષો વિષે અત્યાર સુધી પ્રશ્ન હતો. અંતે આજુ-બાજુની, માઈલ–અર્ધો માઈલ ડુંગરમાં ઊંચે જતી, દીપડાઓના રહેઠાણથી જોખમી ગણાતી ઝરની બરાબર તપાસ થતી જતાં એવા નિર્ણય ઉપર અમે આવ્યા, અને છેલ્લા અઠવાડિયાની મહેનત પછી ભૃકુંડથી ઉપર જતી ઝરમાં લગભગ ૧૨૦ ફીટ લાંબું, ૭૦ ફીટ પહોળું અને ૧૫ ફીટ ઊંચું બાંધકામ હાથ લાગ્યું. ઝરણાને કિનારે ૧૫ ફીટની મોટા પથ્થરોની આડચ કરી ઉપર ઈંટાનું બાંધકામ થએલું છે. ઉત્તર-પૂર્વમાં થએલા આ બાંધકામની સામી દિશા દક્ષિણ-પશ્ચિમમાં વેણુ શિખરનો પગથાર આવેલો છે. ૧૬૦ ફીટની લંબાઈને વચ્ચેથી વરસાદના વહેણે તોડી નાખી છે. જે ભાગ તૂટ્યો છે ત્યાં ઈંટાનું બાંધકામ વધારે સ્પષ્ટ દેખાય છે. આ વિશાળ પ્લૅટફૉર્મની ઉપર કંઈક કોઠા જેવું ઈંટાનું ચણતર હશે એમ વચ્ચે થઈ રહેલા ઊંચાણ પરથી જણાય છે.

વરસાદથી તૂટેલો ભાગ ખોદતાં અંદરથી ૨૦" × ૧૨" × ૪" (ઈંચ)ની અતિ વિશાળ કહેવાય તેવી ઇંટ પ્રાપ્ત થઈ. આ ઇંટથી અમે એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે આ બે માળનો નક્કર બૌદ્ધ સ્તૂપ છે. ભારતભરમાં માત્ર સારનાથથી પ્રાપ્ત ઈંટાના માપની જ આ ઈંટો ગુજરાતમાં તો



(ફોટો · નરોત્તમ પલાણ)

પ્રથમ જ પ્રાપ્ત થાય છે. ઈંટાના માપ ઉપરથી કાળનિર્ણય કરતાં આ સ્થળ મૌર્યકાલીન—ઈ. સ. પૂર્વે ૩૨૨–૧૮૪ વચ્ચેનું—નક્કી થાય છે.

સૌથી વિશેષ મહત્ત્વનું તો એ છે કે આ બૌદ્ધ સ્થળથી ધૂમલી ઐતિહાસિક ચિત્ર બદલાય છે. ઈ. સ.ની અંદરના અવશેષો ધરાવ ધૂમલી હવે ઈ. સ. પૂર્વેનું સ્થળ સિદ્ધ થાય છે. આ સ્થળની પ્રાપ્તિ અમે એવા નિર્ણય ઉપર પણ આવીએ છીએ કે ભૃગુકુંડથી લઈને અંદર ઝ માં જે બે એક ફર્લાંગ સુધી બાંધકામના અવશેષો મળે છે તે આખો બૌ વિહાર છે. ખુદ ભૃગુકુંડ પણ સાતમી-આઠમી સદીમાં બૌદ્ધવિહાર ઉ વસેલું બ્રાહ્મણ સ્થળ છે. ઈ. પૂર્વના આ ઈંટેરી બૌદ્ધ વિહાર અને ચૈ ૭મી-૮મી સદીમાં બ્રાહ્મણ આક્રમણના ભોગ બન્યા અને હાલ સ્થિ ભૃગુકુંડનાં ૮મી સદીનાં હિન્દુ મંદિરો અસ્તિત્વમાં આવ્યાં. આ મંદિ નું પ્લૅટફૉર્મ જે ઇંટ તથા પથ્થરોનું બનેલું છે તે બૌદ્ધ છે, ઈ. સ. પૂર્વેનું

—નરોત્તમ પલાણ, ડૉ. નરેશ પંડ્યા, ગોસ્વામી મોહનપુ

બ્રિટિશ રાજવીના લગ્નની રજતજયંતી નિમિત્તે

આ વર્ષના નવેમ્બરની ૨૦મી તારીખે બ્રિટનનાં મહારાણી ઇલિઝા-બેથ બીજાં અને ડ્યૂક ઑવ એડિનબરૂ ફિલિપ માઉન્ટબૅટનના લગ્નની રજતજયંતી આવે છે. આ નિમિત્તે ઉપર મુજબની ૨૦ પેન્સ અને ૩પે.ની બે ખાસ ટપાલટિકિટો ત્યાં બહાર પડશે. ૧૯૭૩ની ૨૨ જાન્યુઆરી સુધી એ ટપાલ ઑફિસમાં વેચાશે. આ ટિકિટોની જ છાપની ૨૬·૨ ગ્રામ વજનની સોનારૂપાની બે ખાસ તકતીઓ પણ સંગ્રાહકો માટે તે દિવસે બહાર પડશે. એમાં ૨૦પે.ની છાપવાળી તકતી ટિકિટના જ કદની ૨૨ કૅરેટ શુદ્ધ સોનાની હશે અને ૩પે.ની છાપવાળી બ્રિટાનિયા ચાંદીની. બંને તકતીની કિંમત પા. ૮૭·૪૦ની છે. માત્ર ૨૦૦૦ જેટલી મર્યાદિત સંખ્યામાં જ એ બહાર પડનારી હોઈ સંગ્રાહકોમાં એ મેળવવા માટેની સારી એવી સ્પર્ધા રહેશે અને ભવિષ્યમાં એનું મૂલ્ય પણ વધી જશે.



હરેક તકતી પાછળ તેનો અનુક્રમ નંબર હશે. અને એની અધિકૃત અંગેનું પ્રમાણપત્ર પણ અપાશે. પહેલા નંબરનો સેટ શાહી કુટુંબ રહેશે. બીજો સેટ તેની અસલ બીબા સાથે પોસ્ટ ખાતાના સંગ્રહમાં રખા અને બાકીના સેટ મળેલા ઑર્ડરના ક્રમમાં વેચાતા અપાશે.

આ રજતજયંતી નિમિત્તે અતિ ઉત્કૃષ્ટ કાચનાં વાસણો બનાવન બ્રિટનની જગવિખ્યાત કંપની 'જોશિયા વેજવૂડ ઍન્ડ સન્સ લિમિ પણ જે અનેક સ્મારક ચીજો બનાવશે તેમાં માત્ર ૫૦૦ની જ સંખ્યા ૨૦ ચીજોનો, રાણી અને ડ્યૂકની છબિ સાથેનો જે એક અતિ ઉત્તમ સે બહાર પાડશે તેમાંની પાંચ ઇંચ ઊંચા પ્યાલીઓની એક જોડ ની આપી છે.

—રમણિકલાલ સોલંકી (લંડ




આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

૧ (૧૮૫૪) 'સિંધ ડાક'ની સફળતાથી પ્રેરાઈ તથા હિંદ પર પોતાની સત્તા હવે પાકી જામી



ગઈ હોઈ કંપની સરકારે ટપાલનો ખાસ કાયદો ઘડીને ખાનગી એપિયાઓની બધી વ્યવસ્થા બંધ કરાવી, હિંદ આખામાં કોઈ પણ સ્થળે અર્ધા આનામાં (આજના ત્રણ પૈસામાં) કાગળ મોકલી શકાય એવી વ્યવસ્થા કરી. ઇંગ્લૅંડમાં કંપનીના ડાયરેક્ટરોએ ત્યાંથી એ માટેની ટપાલ-ટિકિટો છાપી મોકલવાની ના પાડતાં સરકારી મોજણીખાતાના છાપખાનામાં લીથોગ્રાફીથી હિંદની એ પહેલી ટપાલટિકિટો છપાઈ હતી. ০। તોલા સુધીના વજન માટે ০॥ આનાની, ০॥ તોલા સુધીના માટે ૧ આનાની, ૧ થી ૨ તોલા માટે ૨ આનાની અને એથી વધુ કિંમતની ૪ આનાનીએ પ્રથમ હિંદી ટિકિટો (ફ્સ્ટર્સ) દુનિયાની પ્રાચીન ટિકિટોમાં બહુ જ મહત્ત્વની લેખાતી હોઈ એની કિંમત ઘણી ઊંચી અંકાય છે.

૮ (૧૮૫૩) ભારતીય ફિલસૂફીના તત્ત્વજ્ઞ યોગી તરીકે વિવેકાનંદ પછી એટલો જ આદર પામનાર સ્વામી રામતીર્થનો ગુજરાનવાલા (પંજાબ)ના એક ગોંસાઈ હીરાનંદજીને ત્યાં જન્મ. મૂળ નામ તીર્થરામ. અનેક મુશ્કેલીઓ ને ગરીબી વેઠી એમ.એ. થઈ તેઓ લાહોરમાં ગણિતના પ્રોફેસર બન્યા, પણ મન વૈરાગ્ય તરફ ઢળી જતાં ૨૨ વર્ષની વયે પત્ની તથા બાળકોને છોડી હિમાલયમાં ચાલ્યા ગયા. વચ્ચે ત્રણેક માસ 'અલેફ' નામે વેદાંતવિષયક માસિક ચલાવી ફરી હિમાલયમાં જઈ સંન્યાસ લઈ ને સ્વામી રામતીર્થ બન્યા. મથુરાના ધર્મોત્સવ પ્રસંગથી



એમનાં તેજ ને વ્યાખ્યાનનો પ્રભાવ પ્રસરવા લાગ્યો. એથી પ્રભાવિત થઈ તેહરીના રાજાએ એમને જાપાન અને અમેરિકા મોકલ્યા. ત્યાં પણ એમણે અઢી વર્ષ સુધી ભારતીય તત્ત્વજ્ઞાનના મહત્ત્વને પ્રસાર્યું. પાછા ફરતાં મિસરમાં પણ એમણે પોતાના ફારસીના જ્ઞાન વડે સૌને ચકિત કર્યા. ૧૯૦૫માં દેશમાં આવી તેઓ હરદ્વાર ગયા જ્યાં તબિયત બગડતાં પોતે વધુ નહિ જીવે એમ જાણી પોતાના જન્મ દિવસે ગંગામાં જળસમાધિ લીધી.

તા. ૭ (૧૮૬૫) મુંબાઈમાં ગૅસલાઈટના દીવાનો પ્રથમ ઉપયોગ શરૂ થયો.

તા. ૯ (૧૮૬૭) યુનાઈટેડ સ્ટેટ્સે ૭૨,૦૦,૦૦૦ ડૉલરની કિંમત આપી રશિયા પાસેથી આલાસ્કા ખરીદ્યું. ઈ. ૧૯૫૮માં એને અમેરિકાના ૪૯મા રાજ્યનો દરજ્જો પ્રાપ્ત થયો, પણ મૂળ જ્યારે રાજ્યમંત્રી વિલિયમ સીવર્ડ આ સોદો કર્યો ત્યારે કેવળ બરફ આચ્છાદિત અને તદ્દન નિરુપયોગી એવા આ પ્રદેશની ખરીદીને નરી મૂર્ખાઈ ગણવામાં આવી હતી. આજે ત્યાંથી મળતું સોનું, ફર, પ્લૅટિનમ, તાંબુ, લાકડું, વગેરેની સરખામણીમાં એને માટે આપેલી કિંમત તો તદ્દન નિર્માલ્ય ગણાય.

તા. ૧૪ (૧૯૨૦) ઑક્સફર્ડ યુનિવર્સિટીએ સ્ત્રી સ્નાતકોને પણ ઉપાધિ આપવાનો આરંભ કર્યો.

તા. ૨૫ (૧૪૦૦) 'કૅન્ટરબરી ટેઈલ્સ'ના સર્જક ને અંગ્રેજી જાણીતા કવિ ચૅાસરનું અવસાન.

૨૫ (૧૮૫૪) 'ચાર્જ ઑવ ધ લાઈટ બ્રિગેડ'. ઇંગ્લૅંડના ઇતિહાસને લાગેવળગે છે ત્યાં સુધી ક્રિમિયાનું યુદ્ધ, કદાચ, ખરાબમાં ખરાબ વ્યવસ્થા અને યુદ્ધમાં જુદાંજુદાં રાષ્ટ્રોના શંભુમેળાના ગેરલાભનો એક અચ્છો બોધપાઠ આપતું યુદ્ધ હતું. કેટલાક ગ્રીક પાદરીઓના ઝગડાનું બહાનું ઊભું કરીને, કૉન્સ્ટૅન્ટિનોપલ અને કાળા સમુદ્ર પર અધિકાર સ્થાપવા માટે આદરેલા એ યુદ્ધમાં તુર્કસ્તાનનો પક્ષ લઈ ને ઇંગ્લૅંડ અને ફ્રાંસ રશિયા સામે યુદ્ધમાં ઊતર્યાં અને આલ્મા તથા બાલાક્લાવા જીતી લીધાં. રશિયાએ આની સામે સેબાસ્ટોપોલમાં મોટું સૈન્ય ઉતારી 'સૅન્ડબૅગ બૅટરી'નું તોપખાનાનું એક મથક કબજે કર્યું. બ્રિટિશોએ તે પાછું જીતી લીધું, વધુ મદદ મેળવી રશિયાએ તે ફરી કબજે કર્યું. અંગ્રેજ સેનાપતિએ એ ફરી હાથ કરવા હુકમ આપ્યો. હુકમમાં ગફલત થઈ છે તેમ જાણવા છતાં અને પોતાનું સંખ્યાબળ તદ્દન નજીવું હોઈ હાર અને મોત નિશ્ચિત હોવા છતાં ઉપરીનો હુકમ માથે ચડાવી 'લાઈટ બ્રિગેડે' સાંકડી નેળમાં ચારે બાજુની રશિયન ગોલંદાજી સામે કેસરિયાં કર્યાં. વ્યૂહાત્મક રીતે આ હુમલો તદ્દન નિરર્થક હતો, પણ તેની મર્દાનગી અને આજ્ઞાંકિતતાને 'ચાર્જ ઑવ ધ લાઈટ બ્રિગેડ' કાવ્યમાં કવિ ટેનિસને બિરદાવી છે.

લાઈટ બ્રિગેડનાં એ કેસરિયાં, અને આ યુદ્ધમાં ઘાયલ સૈનિકોની સારવાર-સેવા કરવાની ફ્લૉરેન્સ નાઈટિંગલની આરંભ-પ્રવૃત્તિનો એ ક્રીમિયાના યુદ્ધનાં અંગ્રેજ પક્ષનાં બે સ્મરણીય પાસાં છે. બાકી પોતાના બહાદુર સૈનિકોના ભોગ સાથે ૩,૩૦,૦૦,૦૦૦ પાઉન્ડના જંગવર ખર્ચ પછી યે ઇંગ્લૅંડને એમાં કંઈ પણ દેખીતો લાભ થયો નહોતો.



થકન કૈસી, ઘુટન કૈસી, ચલ અપની ધૂન મેં દીવાને,
ખિલા લે ફૂલ કાંટોં મેં, સજા લે અપને વીરાને.

પૂનાની ફરગસ્સન કૉલેજનો એક તેજસ્વી વિદ્યાર્થી ગણિતમાં પ્રથમ કક્ષાએ ગ્રૅડ્યુએટ થતાં ભારત સરકારે એને કેમ્બ્રિજના આગળ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપી. મહામના ગોખલેજીએ પોતાના એ પટ્ટશિષ્યને, વિદ્યો-પાસના કરી પાછા આવ્યા બાદ ફરગસ્સન કૉલેજના આજીવન સ્વયંસેવક બની રહીને તેને જ સેવા આપવા મનાવી લીધા હતા.

ઇંગ્લૅંડથી ગણિતકેસરી (સીનિયર રૅંગ્લર) બનીને એ મેધાવી યુવક સ્વદેશ આવ્યો ત્યારે એની સામે હજારોના પગારવાળી નોકરીઓ ઝળકી રહી હતી. અને ખુદ ફરગસ્સન કૉલેજે એની મહત્ત્વાકાંક્ષાઓની આડે ન આવતાં એને સ્વાધીન રાખવા ઠરાવ કર્યો. પણ એ યુવકે તો મક્કમ જવાબ આપ્યો કે, 'મારા ગુરુ અને મારી માતૃસંસ્થાને હું જે વચન આપી ચૂક્યો છું તેને હું વફાદારીથી વળગી રહેવા માગું છું.' અને એણે વીસ વર્ષ સુધી એ સંસ્થાના આજીવન સભ્ય તરીકેનો માત્ર ૭૫ રૂપિયાનો પગાર લઈ પ્રિન્સિપલ તરીકે સુંદર સેવાઓ આપી. એ નિષ્ઠાવાન ભાવનાભક્ત યુવક તે સર રઘુનાથ પુરુષોત્તમ પરાંજપે.

કહેવતોના અર્થ : 'નવાબનું નગારું ને પૂંજિ-યાનું તગારું'—મોટા માણસોના અવગુણ પ્રત્યે આંગળી પણ ચીંધી ન શકાય—બલ્કે છતે અવગુણે પણ છાવરી લેવાય, અને નાના માણ-સોને છતે ગુણે અવગણાય કે તિરસ્કારાય એ સામાજિક અસમાનતા-અન્યાય-ને દર્શાવતી આ કહેવતનો શબ્દાર્થ એ છે કે 'ભલે બાદું બા-લતું હોય તોપણ નવાબ સાહેબનું તો 'નગારું' જ કહેવાય:...' વગેરે. આને કાંઈક મળતી બીજી કહેવતો : 'મિયાંની ભેંશને ડાબું ન કહે-વાય'; 'વાઘને કોણ કહે કે તારું મોં ગંધાય છે.'


ગણિતગમ્મત : ૩૪૦, ૨૩, ૩ અને ૩૪૫, ૧૭, ૪ એ ત્રણત્રણ સંખ્યાનાં એવા બે જૂથ છે કે, એ બંને જૂથમાંની ત્રણે સંખ્યાનો સર-વાળો સરખો થાય છે, તેમજ ગુણાકાર પણ એક-સરખો જ આવે છે. દા. ત.

$$(૩૪૦+૨૩+૩)=૩૬૬=(૩૪૫+૧૭+૪)$$

$$૩૪૦\times૨૩\times૩=૨૩૪૬૦=૩૪૫\times૧૭\times૪$$

—મ. ના. ખત્રી

સર્વ પ્રાણીઓમાં ઊંદરની સૂંઘવાની શક્તિ તીક્ષ્ણ હોય છે. પક્ષીઓમાં કાગડાની, કીટકો-માં કીડી ને મધમાખીની ને જલચર પ્રાણીઓ-માં મગરની સૂંઘવાની શક્તિ તીવ્ર હોય છે.



દક્ષિણ ધ્રુવ પર મધઉનાળે વધુમાં વધુ સૂર્ય-પ્રકાશ પડે છે. એ પ્રદેશ પર છવાએલા બરફના જબ્બર ભાર તળે એ ભૂમિખંડ દબાએલો હોવા છતાં સરાસરી એક માઈલથી વધુ ઊંચાઈ એ ધરાવે છે, જે દુનિયાભરમાં વધુમાં વધુ છે.

અનેકાર્થી શબ્દ : **રંગ** = લાલ, લીલો વગેરે જુદાજુદા વર્ણ; પટ અથવા અસર; આનંદ, મસ્તી, ગમ્મત, ઉત્સાહ; પ્રીત કે સ્નેહ; ક્રીડા કે વિલાસ; કેફ કે નશો; વટ કે આબરૂ; જાહો-જલાલી, આબાદી કે દબદબો; રંગભૂમિ; રણાં-ગણ; યુદ્ધ કે લડાઈ; કસૂંબા પીવા માટે અપાતી શાબાશી; તરંગ કે બુટ્ટો; ઢંગ અથવા ચાલ; મિષ કે નિમિત્ત; અલંકાર; ટંકણખાર; એ નામનો માત્રામેળ છંદ (પિંગળમાં).



કલાકણિકા: પૂનાના 'રાજા કેલકર મ્યૂઝિયમ'માં સંઘરા-એલી 'મયૂર સિતાર'. તુંબ-ડાને સ્થાને એમાં મૂકેલી મયૂરાકૃતિ બનાવનારની ઉ-ચ્ચ કલાભિરુચિ દર્શાવવા ઉપરાંત તે વિદ્યાની દેવી સરસ્વતીને પણ એક સુંદર અર્ઘ્ય રૂપ બની રહે છે.



પંદરમી સદીમાં દિલ્હીના છેલ્લા પઠાણ બાદ-શાહોની નબળાઇનો લાભ લઈ તેના સૂબાઓએ પોતપોતાના પ્રાંતોમાં જે સ્વતંત્ર રાજ્યો સ્થાપી દીધાં તેમાં તેમણે પોતાના સિક્કાઓ પણ પાડ્યા. તે પૈકી ગુજરાતના મહમુદશાહ ત્રીજા (મહમદ બેગડા)એ પાડેલો ૧૮૫ ગ્રેનનો સો-નાનો સિક્કો ઉપર આપ્યો છે. તેની એક તરફ 'નાસિરુદ્-દુનિયા વ-ઉદ્-દીન, અબુલ ફતહ અલ વાસિક બ ઈલાહી-એ-મન્નાન' એવું કોતરેલું છે, જેનો અર્થ 'દુનિયા અને દીન (ધર્મ)નો સહા-યક, વિજયનો પિતા, પરમ કૃપાળુ પરમાત્મામાં શ્રદ્ધાવાળો' એવો થાય છે. પાછલી બાજુએ ચોરસમાં 'મહમુદશાહ બિન લતીફ શાહ સુ-લતાન' ને નીચે ૯૪૬ (હીજરીસન) લખેલાં છે.

પાણી પીવાનો કાગળનો પડિયો



ચૂસણિયા (બ્લૉટિંગ) સિવાયના ગમે તે જાતના ચોખ્ખા કાગળનો સમચોરસ કટકો લઈ તેને કર્ણરેષા પર ખૂણાભર વચ્ચોવચથી વાળો; અને પછી, પહેલા ચિત્રમાં બતાવ્યા મુજબ બાકીના બે ખૂણા સામસામી બાજુએ વાળી દો. પછી બીજા ચિત્ર પ્રમાણે એક છેડાને પાછળ વાળીને અગાઉ વાળે-લા છેડા નીચે ભરાવી દો, ને એવી જ રીતે બીજા છેડાને પણ બીજી બાજુએ વાળી ભેરવો. એટલે ત્રીજા ચિત્રમાં બતાવ્યા મુજબનો પાણી પી-વાનો પડિયો બની જશે.

કડવી દવા પીતી વખતે તે કડવી ન લાગે તે માટે એક યુક્તિ એ છે કે દવા પીતાં પહેલાં જીભ પર બરફનો એક ટુકડો જોસથી ઘસી કાઢવો. આથી જીભ પરના સ્વાદના જ્ઞાનતંતુઓ તેમનું કામ કરતા બંધ પડી જશે ને તેથી દવાના સ્વાદની ખબર નહિ પડે.